# ગુજરાતની એક ચર્ચીત અનુસૂચિત જનજાતિ - હળપતિ, તલાવિયા


અહેવાલ લેખન

ચંદ્રકાન્ત એસ. પટેલ

સંપાદન

ડો. ચંદ્રકાન્ત ઉપાધ્યાય



**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર** ૪૦૫

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪

૨૦૦૫

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| ૧ | પ્રાસ્તાવિક | ૧ થી ૬ |
| ૨ | અભ્યાસમાં આવરેલ જિલ્લાઓ અને ગામોનો વિસ્તાર-સ્થાન અને વસતિ સંખ્યા અને તેમાં વસેલી જાતિઓ | ૭ થી ૨૪ |
| ૩ | વિસ્તાર,વસ્તી અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ | ૨૫ થી ૪૪ |
| ૪ | ઉત્પત્તિ ઈતિહાસ, મૂળ તેમનું સ્થાન અને ભૌતિક | ૪૫ થી ૫૭ |
| ૫ | તપાસના ગામોને આવરી લીધેલા કુટુંબોનો પરિચય (સામાજિક, આર્થિક, શૈક્ષણિક જીવન માળખું) | ૫૮ થી ૯૨ |
| ૬ | સામાજિક સંરચના અને રીતરિવાજો અને ધાર્મિક જીવન | ૯૩ થી ૧૧૩ |
| ૭ | તારણો, સમસ્યાઓ અને વિકાસલક્ષી સૂચનો | ૧૧૪ થી ૧૨૨ |
| | સંદર્ભસૂચિ | ૧૨૩ |

## આભાર દર્શન

ગુજરાત રાજ્યમાં આદિવાસીઓની ૨૫ જાતિઓ વધારે કે ઓછી વસતિ સંખ્યા સાથે વસે છે. તેમાં કેટલાક આદિવાસી સમુદાયો એક લાખથી વધુની સંખ્યામાં છે. ગુજરાતમાં આદિવાસી વસતિની દ્રષ્ટિએ વસતિ સંખયામાં બીજાક્રમે વસેલી હળપતિ જાતિ છે. જે ૧૯૯૧ની ગણતરીએ પાંચ લાખ કરતાં વધુ વસતિ ધરાવે છે. હળપતિ જાતિ મહદ્અંશે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ભરૂચ વિસ્તારોમાં અને કેટલીક વસતિ વડોદરા જિલ્લાના વિસ્તારોમાં વસે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારો અને નાના કસબાઓમાં તેમની વસતિ વિશેષ છે. આ એક એવી આદિવાસી જાતિ છે. જે જંગલના ડુંગરાળ પવર્તીય વિસ્તારને છોડીને સમૃદ્ધ આમ સમૂદાયો અને સપાટ રસાળ મેદાની જમીન વિસ્તારોમાં વસે છે. તેમ છતાં તેઓ કંગાળ (આર્થિક, સામાજિક, શેક્ષણિક) અવસ્થામાં શોષણના ભોગ થઈને જુદા જુદા પ્રકારની ખેતમજૂરીની શ્રમવ્યવસ્થા સાથે જીવનનિર્વાહ કરીને વસે છે. હા તેમની આર્થિક પરિસ્થિતિ (હાળીપ્રથા) ને કારણે તેઓ માટે ચર્ચાઓ થઈ છે. હળપતિ જાતિ વિશે થોડુ લેખિત સાહિત્ય છે. પરંતુ સંખ્યાના પ્રમાણમાં તેમના વિશે બહુ પ્રકાશ પડાયો નથી. હળપતિઓ ક્યા વંશ કે જાતિ સમૂદાયના છે. તેની દંતકથાઓ, માન્યતાઓ, કિવદંતિઓ છે, જે સાહિત્ય પરથી જાણવા મળે છે. બીજી જ્ઞાતિઓં, જાતિઓ સાથે વસવાટ હોઈ, તેમની સાથે નિકટના સંબંધો રહ્યા છે. તેમ છતાં પોતાની આગવી સાંસ્કૃતિક ભાત તેમની રહેણીકરણીમાં તો જોવા મળે જ છે.

આ અભ્યાસ દ્વારા તેમના સામાજિક, આર્થિક, ધાર્મિક પાસાંઓ ઉપરાંત તેમની સમાજવ્યવસ્થા, રચનાતંત્રને સમજવા પ્રયાસ કર્યો છે. ક્ષેત્રકાર્ય આધારિત માહિતી મેળવી તેને મૂકવાને પ્રયાસ કર્યો હોઈ તેમની સમગ્ર પરિસ્થિતિનો કદાચ ખ્યાલ આવશે.

ગૂજરાત વિદ્યાપીઠની સલાહકાર સમિતિએ આ અભ્યાસ માટેનું સૂચન કર્યું તેથી તેમનો પ્રથમ આભાર માનું છું. ક્ષેત્રકાર્ય દરમ્યાન હળપતિ કુટુંબોએ સમગ્ર વિસ્તારોમાંથી સહકાર આપીને માહિતી પૂરી પાડી, તેથી જ આ અભ્યાસ શક્ય બન્યો. તેથી આવરેલા અભ્યાસના ગામો કુટુંબોનો આભારી છું. હળપતિ જાતિના અભ્યાસમાં કેન્દ્રના નિયામક શ્રી ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાયનો અભ્યાસમાં ઊંડો રસ લઈને મને મદદ કરી તેમનો આભાર માનું છું. મારા સાથી કાર્યકર મિત્રોએ પ્રત્યક્ષ-પરોક્ષ રીતે મને પ્રોત્સાહિત કર્યો તેમનો હું આભારી છું.

મને આશા છે કે આ અભ્યાસ સમાજમાનવશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, સંશોધકો, વહીવટી ક્ષેત્રે કામ કરતા સૌને અને ખુદ હળપતિ જાતિ સમૂદાયને એક યા બીજી રીતે ઘણો જ ઉપયોગી થશે.

**શ્રી ચંદ્રકાન્ત પટેલ**

# પ્રકરણ-૧
# પ્રાસ્તાવિક

ભારતની વસતિના કેટલાંક જૂથો સામાજિક, આર્થિક, શૈક્ષણિક કે રાજકીય કારણોસર બાકીની પ્રજાની સરખામણીમાં ઘણાં પાછળ રહી જવા પામ્યાં છે. એનું સ્પષ્ટ દર્શન આઝાદી મળતાં અગાઉ જ આપણને થઈ ગયું હતું, અને તેથી દેશ સ્વતંત્ર થયા પછી રાજ્ય બંધારણની કલમ ૪૬ મુજબ આવા જૂથો-જેમાંના એક વર્ગને બંધારણમાં અનુસૂચિતજાતિ (શિડ્યુલ કાસ્ટસ) તરીકે અને બીજા વર્ગને અનુસૂચિત જનજાતિ (શિડ્યુલ ટ્રાઈબ્સ) તરીકે ઓળખવામાં આવેલ છે. તેમના કલ્યાણ અને ઝડપી વિકાસ માટે જરૂરી પગલાં લેવા માટે સરકારને જણાવાયું છે. તે રીતે આઝાદી બાદ સમાજના ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોનું જીવનધોરણ ઉંચુ લઈ જવા માટે અને આ રીત તેમની આર્થિક-સામાજિક પ્રગતિમાં ગતિ લાવવા માટે આયોજિત વિકાસના અભિગમનો સ્વીકાર  કરાયો અને ૧૯૫૨માં પ્રથમ પંચવર્ષીય યોજનાના મંડાણ દ્વારા ખાસ કરીને સમાજના અનુસૂચિત જનજાતિ, અનુસૂચિતજાતિ તથા અન્ય પછાત વર્ગો જેમનો વિશાળ જનસમૂદાય ગરીબીની રેખા નીચે જીવે છે. તેમના ઉત્કર્ષ માટે દરેક દરેક પંચવર્ષીય યોજના દરમ્યાન વિવિધ યોજનાઓ ઘડીને અમલી બનાવવામાં આવી હતી. આ સમૂદાયોના ઉત્કર્ષ માટે ખાસ કાર્યક્રમો અને યોજનાઓ અમલી બનાવાઈ હતી.

એ રીતે છેલ્લા વર્ષોમાં રાજયના આદિજાતિ વિકાસ વિભાગ - આદિજાતિ વિકાસ કમિશનર કચેરી તરફથી વિવિધ પાસાંઓ સંબંધી વ્યવહારિક અને આયોજનબધ્ધ કાર્યક્રમો મૂકાઈ રહ્યા છે. આદિવાસીઓના કલ્યાણ અને વિકાસની પ્રગતિમાં ગતિ લાવવા માટે અનેકવિધ આયોજિત કાર્યક્રમો સમયાન્તરે અપનાવવામાં આવ્યા, એ રીતે રાજ્ય સરકાર દ્વારા ઘણાં નાણાં ફાળવ્યા છતાં એકબીજા કારણોસર આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે અન્ય સમૂદાયોની સરખામણીમાં તેઓ પાછળ છે. તેમને માટે સારા જીવન સ્તરની પ્રાપ્તિનો હેતું જોઈએ તેવો બર આવ્યો નથી..

દેશની વસતિની ૭૦% વસતિ ૭.૫ લાખ ગામડાંઓમાં વસવાટ કરે છે. તેથી દેશના વિકાસનો આધાર ગ્રામ્ય સમાજનો વિકાસ છે. સમાજનો વિશાળ ગરીબ વર્ગ પણ મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમાં વસતો હોવાને કારણે પણ વિકાસ કાર્યક્રમોમાં ગ્રામ્ય સમાજના વિકાસના કાર્યક્રમો અને યોજનાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ભારતમાં વસતિની દૃષ્ટિએ આદિવાસીઓની સંખ્યા વિશેષ છે અને તે જુદા જુદા વિસ્તારોમાં ગ્રામ્ય વિસ્તારોમાં, જંગલો, પર્વતો, ખીણોમાં મહદ્અંશે વસે છે. ભારતની જેમ ગુજરાતમાં પણ આદિવાસીઓની વસતિ વિશેષ જોવા મળે છે. તે પણ ગ્રામ્ય વિસ્તારો, જંગલો, પર્વતો, ખીણોમાં વસવાટ કરે છે. ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજયમાં આદિવાસીઓની વસતિ ૬૧,૬૧,૭૭૫ની છે. જે ૨૦૦૧ની ગણતરી મુજબ ૭૪.૮૧ લાખની થવા જાય છે. મુખ્યત્વે વસતિ અગિયાર જિલ્લાઓમાં વપરાયેલી છે. ગુજરાતના ૪૪ તાલુકાઓ એવા છે. જેમાં આદિવાસીઓની

વસતિ કુલ વસતિના ૫૦ ટકા કરતાં વધુ છે. રાજયમાં કુલ ૨૫ આદિવાસી જાતિઓ વસે છે. જેમાં ૧૧ જાતઓ સંખ્યાની દૃષ્ટિએ લાખ અને લાખથી વધુની સંખ્યામાં છે. કેટલીક જાતિઓ એક હજારથી ઓછી અને હજારથી વધુ સંખ્યા ધરાવતી પણ જોવા મળે છે. આ બધી જાતિઓ પોતાની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવે છે. આમાંના કેટલાક આદિવાસી સમૂદાયોમાં ગરીબી એટલા નીચા સ્તર સુધી જોવા મળે છે કે તેના સભ્યો દિવસોના દિવસ સુધી એક ટંકનું ભોજન મેળવવા માટે ભારે મહેનત કરે છે. તેમને આ ગરીબાઈના સ્તરમાંથી ઉંચે લાવવા માટે બંધારણની ખાસ જોગવાઈઓ અનુસાર વિવિધ વિકાસ યોજનાઓ દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પરંતુ જે જૂથોમાં જાગ્રતતા (શૈક્ષણિક, રાજકીય) આવી છે ત્યાં વિકાસ યોજનાના લાભો પહોંચ્યા છે. જે જૂથોમાં જાગ્રતતા નથી ત્યાં લાભો પહોંચ્યા નથી. તેઓ હજુ પણ નિમ્ન કક્ષાનું જીવન વ્યતિત કરે છે. તેથી આદિવાસી સમાજોમાં પણ દિનપ્રતિદિન અંદરોઅંદર અંતર વધતુ જાય છે. એટલે પરિસ્થિતિ વધુ ગંભીર બનતી જાય છે.

આ ઉપરાંત આઝાદી પછીની ગ્રામ વિકાસ કાર્યક્રમની ચર્ચામાં નોંધાયું કે પ્રથમ ત્રણ પંચવર્ષિય યોજનામાં થયેલ કામગીરીથી જેમને માટે આ કાર્યક્રમો હતા એ ગરીબ સમૂદાયોની ગરીબીને નોંધપાત્ર રીતે દૂર કરી શક્યા નથી, તેમાં ગણનાપાત્ર સુધારો થયો નહોતો. આગળ જણાવ્યું તેમ એકબીજા કારણોસર વિકાસ યોજનાઓના લાભો આ વર્ગ સુધી પહોંચી શક્યા નહોતા. તેથી નવીન પ્રકારના અભિગમની જરૂર હતી. આ માટે વિકાસથી વંચિત રહી ગયેલા એવા કેટલાક આદિમજૂથો માટે કોટવાળિયા, કોલઘા, કાથોડી, સીદી અને પઢાર માટે તમામ ખર્ચ ભોગવી, ખાસ ધ્યાન આપી નવા વિકાસ કાર્યક્રમો ઘડ્યા. તેમને પ્રિમિટીવ ગૃપમાં મૂકીને અલગ વિકાસ યોજનાઓ મૂકી સઘન કાર્યક્રમો ઘડીને તેમને ગરીબી રેખા ઉપર લાવવા માટે યોજનાઓ ચાલુ કરી હતી. તેમાં તેમના વ્યવસાયને ખ્યાલમાં રાખીને કે રહેઠાણ, શિક્ષણ વગેરે જેવા તેમને સ્પર્શતા પાસાઓને ખ્યાલમાં રાખીને યોજનાઓનું અમલીકરણ કર્યું હતું. આમાંના મોટાભાગના આદિવાસી સમૂદાયો ગુજરાતની પૂર્વપટ્ટીમા ડુંગરાળ, જંગલ, ખીણ વિસ્તારમાં વસે છે. જયારે અહીયાં એક એવા આદિવાસી સમૂદાયનો હળપતિ તલાવિયા જાતિનો અભ્યાસ હાથ ધર્યો છે. જે મહદ્અંશે ગુજરાતની પૂર્વપટ્ટી સિવાય પશ્ચિમના સપાટ ગ્રામ્ય વિસ્તારો અને શહેરી પરાઓમાં વસે છે. જેનો નાતો જંગલ સાથે ન હોય જંગલના લાભો તેને લગભગ મળતા નથી. તેવોમાંના બહુજ ઓછા કુટુંબો નામના હોય તેવા જમીનના ટૂંકડા ધરાવે છે. તેવો જમીન વિહોણા મહદ્અંશે ખેતમજૂરો છે. એ સિવાય તેઓ પાસે રહેઠાણ માટે ઘર દુભાગ્યવંશ ઉપલબ્ધ હોતા નથી. તેઓની ગરીબી એટલી નિમ્ન કક્ષાની છે. તેથી તો મોટાભાગે તેમના કુટુંબો ગરીબીરેખા હેઠળ જીવન વ્યતિત કરે છે.

હળપતિ-તલાવિયા જાતિ બીજા આદિવાસી સમૂદાયો કરતાં મહદ્અંશે પશ્ચિમના સપાટ વિસ્તારમાં અને તે વળી સવર્ણ ગણાતી એવી અનાવિલ, કોળી-પટેલ, લેઉઆ પટેલ, પારસીઓ અને મુસ્લીમ જ્ઞાતિઓ સાથે પેઢીઓથી વસે છે. તેને લીધે બીજી બધી આદિવાસી જાતિઓ કરતાં પણ તેમણી પોતાની

આગવી ઢબની રહેણાંકની તેમજ વ્યવસાયિક વિશિષ્ટતા છે. તે પોતાની બીજા આદિવાસી સમૂદાયો કરતાં આગવી સાંસ્કૃતિક તેમજ ધાર્મિક ભિન્નતાની સંસ્કૃતિ ધરાવે છે. તેઓ બીજા આદિવાસી સમૂદાયોમાં જણાઈ આવતી પ્રાકૃતિક સામ્યતાથી જુદા પડી અલગ તરી આવે છે. તેઓ કલ્પી ન શકાય એટલે હદે નિમ્નસ્તરે જીવન વ્યતિત કરી જીવનનિર્વાહ ગોઠવે છે. તેઓ પાસે એ સિવાય બીજો કોઈ રસ્તો પણ નથી. તેઓ પરંપરાગત રીતે બીજા આધારિત થઈને દેવાદારની પરિસ્થિતિમાં ગરીબાઈ હેઠળ દબાઈને સતત જીવે છે. તેઓની નિમ્ન કક્ષાની જીવનપ્રણાલી, ખ્યાલમાં રાખીને તેમને આજે નહીં તો ભવિષ્યમાં પ્રિમિટીવ ગૃપ હેઠળ મૂકીને તેમનોવિકાસ કરે જ છૂટકો છે. તેવી દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં મહદ્અંશે વસેલી એક ચર્ચીત આદિવાસી હળપતિ, તલાવિયા જાતિ એ નામ આપી આ અભ્યાસ અહેવાલ મૂક્યો છે. હળપતિ-તલાવિયાઓ કોણ છે, તેમની સ્થિતિ શું છે, તેમણી કેવીક સમસ્યાઓ છે ? તેને જોવાનો ખાસ પ્રયાસ કર્યો છે.

**અભ્યાસનો વિષય હેતું અને મહત્વ :**

ગુજરાતની આદિવાસી જાતિઓમાં હળપતિ, તલાવિયા જાતિ જંગલના ડુંગરાળ પવર્તીય વિસ્તારને છોડીને સપાટ મહદ્અંશે મેદાની વિસ્તારોમાં આમપ્રજા વચ્ચે વસેલી એક માત્ર જાતિ છે. આ એક એવો આદિવાસી સમૂદાય છે, જે આમ સમૂદાય (સમૃધ્ધ સમાજો) વચ્ચે હોવા છતાં કંગાળ, આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે શોષણના ભોગ થઈને પોતાનો જીવનનિર્વાહ કરીને વસે છે. તેમની વસતિ ૧૯૯૧ની વસતિગણતરી પ્રમાણે ૫,૪૬,૫૬૭ કુલ આદિવાસી વસતિમાં ૮.૮૭ ટકાની છે. જે મહદ્અંશે દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારી અને ભરૂચ જિલ્લાઓમાં પથરાયેલી છે. આવી વિશાળ વસતિ સંખ્યા ધરાવતી આદિવાસી જાતિ હોવા છતાં, તેની માહિતી લેખિત સ્વરૂપે ખૂબ જ ઓછી છે. દક્ષિણ ગુજરાતની વસવાટી ઘણીવાર ચર્ચાયેલી, જાણીતી અને આગવી ભાત ધરાવતી હળપતિ-તલાવિયા જાતિની સામાજિક, આર્થિક તેમજ, તેના વિવિધ પાસાંઓ (શિક્ષણ, ધર્મ, રાજકીય (જાતિપંચ) આરોગ્ય)ની સ્થિતિ કેવી છે, તેનું સામાજિક આર્થિક માળખું કેવું ગોઠવાયેલું છે. તેની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ પરંપરા કેવી છે ? અનેકવિધ આયોજિત- બિનઆયોજિત પરિબળો દ્વારા તેમનામાં આંતરબાહ્ય પરિવર્તનનો કેવા છે ?

તેઓમાં વિકાસની પ્રક્રિયા સતત ચાલુ રહે તો જ અણવિકસીત જાતિ સમૂદાયોનો વિકાસ શક્ય બને, સાથે સાથે સામાજિક, આર્થિક, શૈક્ષણિક વિકાસ શક્ય બને. આ હકીકતને લક્ષમાં રાખીને સુરત, વલસાડ, નવસારી, ભરૂચ જિલ્લાઓના તાલુકાઓના ગામોમાં વસતિ હળપતિ-તલાવિયા જાતિની પસંદગી કરી છે.

(૧) સુરત, વલસાડ, નવસારી અને ભરૂચ વિસ્તારોના ગામોમાં વસતા હળપતિ, તલાવિયા કુટુંબોની સામાન્ય કૌટુંબિક માહિતી, સામાજિક, આર્થિક, ધાર્મિક અને રાજકીય (જાતિપંચ), આરોગ્ય વિષયક પાસાંઓની માહિતીથી આખાય વિસ્તારના આ જાતિના કુટુંબોના જીવનધોરણનો ખ્યાલ આવશે.

(૨) સમગ્ર વિસ્તારોમાં પ્રાયોજના વિસ્તારના અને બહારના માળખામાં, તેમજ તેમના માટે ઘડાયેલી આવાસ યોજના હેઠળ ફાયદા કેવા મળ્યા છે, નથી મળ્યા તો વિકાસથી વંચિત કેમ રહેવા પામયા છે.

(૩) હળપતિ-તલાવિયા જાતિની ઉત્પત્તિ વિશે શું માન્યતાઓ કે દંતકથાઓ છે. તેઓ પોતે શું પોતા વિશે માને છે તે જાણવા માટે.

(૪) આ જાતિનું આર્થિક જીવન માળખું શેને આધારે છે, આજે તેમાં શું પરિસ્થિતિ છે.

(૫) તલાવિયા કુટુંબો હજુ કેમ પરંપરાગત ઢબનું જીવન જીવે છે. કયા કારણોસર હજુ ગરીબી રેખા હેઠળ જીવીને દેવાદારની સ્થિતિમાં મોટાભાગના કુટુંબો જીવીને શોષણનો ભોગ બને છે.

(૬) આવી મોટી વસતિ ધરાવતી હળપતિ-તલાવિયા જાતિમાં જાગૃતિ કે વિકાસની પ્રક્રિયા ખૂબ જ મંદ ગતિએ જોવા મળે છે, તે ક્યા કારણોસર છે.

(૭) જાતિના વિકાસના પ્રશ્નો શું છે. વિકાસ માટે કેવું આયોજન બનાવી શકાય. તેમનામાંથી પ્રશ્નો જાણી, શક્ય હશે તો તેના ઉકેલો કેવા હોય.

(૮) આ અભ્યાસથી હળપતિ-તલાવિયાઓના વિકાસની આડે આવતા પરિબળો જાણી શકાશે અને તેના વિકાસની ગતિનો સાથો સાથ ખ્યાલ આવશે.

(૯) બીજા સંશોધકો, અભ્યાસીઓ અને જાતિ સાથે સંકળાયેલાઓને આ અભ્યાસથી જાતિ અંગેનો ખ્યાલ આવશે.

**તપાસ વિસ્તાર અને કુટુંબ પસંદગી :**

હળપતિ જાતિ દક્ષિણ ગુજરાતની મહત્વની વધુ વસ્તી સંખ્યા ધરાવતી અનુસૂચિત જનજાતિ છે. તેની મુખ્ય વસતિ સુરત જિલ્લાના ચોર્યાસી, બારડોલી, કામરેજ, પલસાણા, ઓલપાડ, વાલોડ, મહુવા, માંડવી વગેરે તાલુકાઓમાં વસેલી છે. ઉપરાંત વલસાડ જિલ્લાના વલસાડ, ચીખલી, પારડી, ઉંમરગામ તાલુકાઓમાં અને નવસારી જિલ્લાના નવસારી, ગણદેવી તાલુકાઓમાં અને ભરૂચ જિલ્લાના હાંસોટ, અંકલેશ્વર, જંબુસર, ભરૂચ, વાગરા, આમોદ તાલુકાઓમાં થોડી કે ઘણી વસે છે. વડોદરા જિલ્લાના કેટલાક તાલુકાઓમાં તેમની વસ્તી છે. સુરત જિલ્લામાં ૪૪.૭૨ ટકા અને વલસાડ જિલ્લામાં ૪૧.૧૦ ટકા સાથે હળપતિ -તલાવિયાઓની સૌથી વિશેષ વસતિ સંખ્યા ધરાવે છે.

તપાસ માટે નીચે દર્શાવેલ વિસ્તારના ગામો અને તેમાં વસતા કુટુંબોને આવરી લેવામાં આવ્યા હતા. ચાર જિલ્લાના, સોળ તાલુકાના, સત્તર ગામોમાંથી જેમને વસવાટી ઘરનો લાભ મળ્યો છે એવા કુલ ૫૩૭ લાભાર્થીઓમાંથી ૧૧૦ જેટલા લાભાર્થીઓને સંપર્ક કરીને આવરી લઈને તેમની પાસેથી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

આવરી લેવાયેલ વિસ્તારો, ગામો અને કુટુંબોની માહિતી નીચે મુજબ છે.

## હળપતિ જાતિના અભ્યાસમાં આવરેલ વિસ્તાર, ગામો, કુટુંબો અને જાતિવાર સભ્ય સંખ્યા

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ક્રમ | ગામ | કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | પુરૂષ | સ્ત્રી | |
| ૧. | સુરત | ૧. | માંડળ | ૧ | અરેઠ | ૫ | ૬ | ૯ | ૧૫ |
| | | ૨. | બારડોલી | ૨ | વાંકાનેર | ૧૦ | ૨૭ | ૨૪ | ૫૧ |
| | | ૩. | વાલોડ | ૩. | વાલોડ | ૧૦ | ૨૪ | ૧૯ | ૪૩ |
| | | ૪. | ઓલપાડ | ૪. | સાયણ | ૫ | ૧૨ | ૧૨ | ૨૪ |
| | | ૫. | ચોર્યાસી | ૫. | કોસાડ | ૧૦ | ૧૯ | ૧૯ | ૩૮ |
| | | ૬. | કામરેજ | ૬. | ઉભેળ | ૧૦ | ૨૦ | ૨૮ | ૪૮ |
| | | | | | કુલ | ૫૦ | ૧૦૮ (૪૯.૪૨) | ૧૧૧ (૫૦.૬૮) | ૨૧૯ (૧૦૦) |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | ૭. | વછનાદ | ૪ | ૭ | ૭ | ૧૪ |
| | | ૮ | આમોદ | ૮. | સરભાણ | ૨ | ૮ | ૩ | ૧૧ |
| | | ૯. | જંબુસર | ૯. | મગણાદ | ૪ | ૧૦ | ૭ | ૧૭ |
| | | ૧૦. | ભરૂચ | ૧૦. | ત્રાલસી | ૪ | ૧૧ | ૮ | ૧૯ |
| | | ૧૧. | અંકલેશ્વર | ૧૧. | સજોદ | ૨ | ૫ | ૫ | ૧૦ |
| | | ૧૨. | હાંસોટ | ૧૨. | શેરા | ૪ | ૧૦ | ૬ | ૧૬ |
| | | | | | કુલ | ૨૦ | ૫૧ (૫૮.૬૨) | ૩૬ (૪૧.૩૮) | ૮૭ ૧૦૦) |
| ૩. | વલસાડ | ૧૩. | વલસાડ | ૧૩. | ફણસવાડા | ૧૦ | ૨૦ | ૨૫ | ૪૫ |
| | | ૧૪. | ધરમપુર | ૧૪. | ધરમપુર | ૬ | ૧૦ | ૧૨ | ૨૨ |
| | | ૧૫. | ધરમપુર | ૧૫. | સેંગવા | ૪ | ૧૦ | ૯ | ૧૯ |
| | | | | | કુલ | ૨૦ | ૪૦ (૪૬.૫૧) | ૪૬ (૫૩.૪૯) | ૮૬ (૧૦૦) |
| ૪. | નવસારી | ૧૬. | ચીખલી | ૧૬. | ધેજ | ૧૦ | ૨૪ | ૧૩ | ૩૭ |
| | | ૧૭. | જલાલપોર | ૧૭. | મરોલી | ૧૦ | ૨૪ | ૧૬ | ૪૦ |
| | | | | | કુલ | ૨૦ | ૪૮ (૬૨.૩૪) | ૨૯ ૩૭.૬૬) | ૭૭ (૧૦૦) |
| ૫. | કુલ | - | | | બધાનું કુલ ટકા | ૧૧૦ | ૨૪૭ (૫૨.૬૭) | ૨૨૨ (૪૭.૩૩) | ૪૬૯ (૧૦૦) |

**સંશોધન પ્રવિધિઓ :**

વિષયને આનુંસાગિક માહિતીને એકત્ર કરવા માટે હળપતિ-તલાવિયા જાતિ જે જે વિસ્તારોમાં વસવાટ કરે છે. તે કુટુંબોની માહિતી મેળવવા માટે કુટુંબપત્રક તૈયાર કરવામાં આવ્યું હતું. સંશોધનમાં સંખ્યાધિક પાસાંઓની સાથે સાથે ગુણાત્મક પાસાંઓને મહત્વ આપવામાં આવ્યું હતું. તેની સાથે આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક માહિતી એકત્ર કરવા માટે જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં નિરીક્ષણ પ્રવિધિથી કેટલીક માહિતી એકત્રિત કરી હતી. આ જાતિની વ્યક્તિઓની મુલાકાત કરી કેટલીક માહિતી મુલાકાત પ્રવિધિથી લીધી હતી. ૧૫૦ જેટલા કુટુંબોની મુલાકાત લઈ કૌટુંબિક તેમજ તેમની ભૌતિક વિગતો એકત્રિત કરી હતી. પ્રાથમિક માહિતી માટે ક્ષેત્રકાર્ય અને દ્વૈતિયક માહિતી માટે ગ્રંથાલયનો ઉપયોગ કરાયો હતો. જેમાં જાતિ અંગે અને તેની આંકડાકીય માહિતી માટે કેટલાક પુસ્તકો અને સેન્સસનો ઉપયોગ કરાયો હતો. એ સિવાય દરેક આવરેલા ગામોમાં જઈને પસંદ કરેલ કુટુંબોની પાસેથી વિગતો પ્રાપ્ત કરી હતી. વિગતોમાં કુટુંબો પાસેથી સાંસ્કૃતિક, ધાર્મિક રીતરિવાજો અને આર્થિક પ્રવૃત્તિઓ વિશેના પાસાંઓ આવરી લીધા હતા. તેમની મુશ્કેલીઓ, તેના ઉપાયો અને વિકાસના સૂચનોની વિગતોની કેટલીક માહિતી હળપતિ-તલાવિયા સમાજના આગેવાનો, વૃધ્ધો અને શિક્ષિત અનુભવીઓ પાસેથી મેળવી હતી.

## પ્રકરણ-૨

## અભ્યાસમાં આવરેલ જિલ્લાઓ અને ગામોનો વિસ્તાર-સ્થાન અને વસતિ સંખ્યા અને તેમાં વસેલી જાતિઓ : સુરત જિલ્લો (વિસ્તાર-સ્થાન)

ગુજરાત રાજયના ૧૯ જિલ્લાઓમાં ૧૯૯૧ની ગણતરી પ્રમાણે દક્ષિણ ગુજરાતના વિસ્તારનો સુરત જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ ૧૩મું સ્થાન ધરાવે છે. આખોય જિલ્લો કુલ ૭,૬૫૭ ચો.કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલો છે. રાજયના વિસ્તારની સરખામણીમાં ૩.૯૧ ટકાનો જિલ્લાનો વિસ્તાર છે.

સુરત જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો જિલ્લો ૨૦°-૧૫' થી ૨૧°-૨૩' ઉત્તર સક્ષાંશ અને ૭૨°-૩૮' થી ૭૪°-૦૦' પૂર્વ રેખાંશ વચ્ચે રાજયના દક્ષિણ ભાગમાં આવેલો છે. જિલ્લાની ઉત્તરે ભરૂચ જિલ્લો, પૂર્વે મહારાષ્ટ્ર રાજયનો ધૂળિયા જિલ્લો અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે. દક્ષિણ પૂર્વે ડાંગ અને વલસાડ જિલ્લાથી ઘેરાયેલો છે. આખો જિલ્લો બે વિરોધાભાસી પરિસ્થિતિ વચ્ચે વહેંચાયેલો છે.

(૧) પૂર્વે તરફનો ડુંગરાળ વિભાગ જેની દક્ષિણે સહ્યાદ્રિ અને સાતપુડાની હારમાળાઓ આવેલી છે. જેમાં નિઝર, સોનગઢ, વ્યારા અને ઉચ્છલ તાલુકાઓ સમાવિષ્ટ છે. આ વિસ્તારની જમીનમાં ભેજ ટકાવી રાખવાની શક્તિ ઓછી છે. ખેતીની મુખ્ય પેદાશમાં જુવાર જોવા મળે છે. હાલમાં કેટલીક ઠેકાણે ડાંગર પાક થતો જોવા મળે છે. આ વિસ્તારનો કેટલોક ભાગ ગાઢ જંગલોથી છવાયેલો છે. આખાય આ વિસ્તારમાં મુખ્યત્વે અનુસૂચિતજનજાતિઓની વસતિ વિશેષ છે.

(૨) દક્ષિણ, ઉત્તર અને પૂર્વેનો સપાટ તાપી નદી પટનો ફળદ્રુપ વિસ્તાર જયાં ફળઝાડની વાડીઓ, ડાંગર, કેરીના મુખ્ય પાકો થાય છે. જિલ્લાની પૂર્વેમાં પહાડો અને નદીઓ વહે છે. જેમાં કીમ અને તાપી એ બે મહત્વની નદીઓ છે.

**વસતિ :**

ગુજરાત રાજયની ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણેના કુલ ૧૯ જિલ્લાઓમાંથી વસતિની દૃષ્ટિએ રાજયમાં ત્રીજા ક્રમે આવેલો છે. રાજયમાં આઠ જિલ્લાઓ આદિવાસી વસતિ સંખ્યામાં મુખ્ય છે. જેમાં વસતિ સંખ્યાની રીતે પંચમહાલ જિલ્લા પછી સુરત જિલ્લો બીજા ક્રમે ૩૬.૦૫ ટકાની આદિવાસી વસતી ધરાવે છે. ગુજરાત રાજયની ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ૪,૧૩,૦૯,૫૮૨ની કુલ વસતિ છે. જેમાં અનુસૂચિતજાતિની વસતિ ૭.૪૧ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૧૪.૯૨ ટકાની છે. સુરત જિલ્લાની કુલ વસતિ ૧૯૯૧ની ગણતરી પ્રમાણે ૩૩,૯૭,૯૦૦ની નોંધાયેલી છે. જેમાં અનુસૂચિત જાતિની ૩.૬૬ ટકા અને અનુસૂચિત જનજાતિની ૩૬.૦૫ ટકાની વસતિ નોંધાયેલી છે. જિલ્લામાં છેલ્લા કેટલાય વર્ષોથી ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા અને સિંચાઈ યોજનાઓને લઈને પણ વિકાસની પ્રક્રિયા ચાલુ છે. જે કારણે રાજયના વસતિ વધારો + ૨૧.૧૯ ટકાની સામે સુરત જિલ્લાનો

વસતિ વધારો દાયકાનો + ૩૬.૨૧ ટકાનો નોંધાયો છે. રાજયનો વસતિ ગીચતા દર, દર ચો.કિ.મીટરે ૨૧૧ વ્યક્તિનો નોંધાયો હતો, જે સુરત જિલ્લાનો વસતિ ગીચતા દર દર ચો.કિ.મી. ૪૪૪ વ્યક્તિનો નોંધાવા પામ્યો હતો. એટલે જિલ્લામાં અનેકવિધ ઉદ્યોગોને કારણે વસતિ ગીચતા ભારે જોવા મળે છે.

સુરત જિલ્લામાં મુખ્ય અનુસૂચિત જનજાતિઓમાં વસતિની રીતે ગામીત જાતિ પ્રથમ ક્રમે છે. એ પછી હળપતિ, ચોધરી, ભીલ, ધોડિયા વગેરે જાતિઓ પણ સારું એવું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત કોંકણા, નાયકાનાયકડા, કોટવાડિયા, કાથોડી, રાઠવા, વારલી, પોમલા, બાવચા, ધાનકા, ઢોરકોળી, પટેલીયા, રાજગોંડ જેવી આદિવાસી જાતિઓ ઓછી વસતિ ધરાવતી જાતિઓ પણ વસવાટ કરે છે.

**વલસાડ જિલ્લો (વિસ્તાર-સ્થાન) :**

ગુજરાત રાજયના ૧૯ જિલ્લાઓમાં દક્ષિણ ગુજરાતના છેડે આવેલા વલસાડ જિલ્લાને ૧૯૬૪થી ગુજરાત સરકારે સુરત જિલ્લાના બે ભાગ પાડીને અલગ જિલ્લો બનાવ્યો હતો. વલસાડ જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ ૧૯૯૧ની વસતિ ગણતરીએ ત્રીજુ સ્થાન ધરાવે છે. જિલ્લાના પૂર્વે દક્ષિણના પહાડી વિસ્તાર સિવાય મધ્ય, ઉત્તર અને પૂર્વેનો વલસાડ જિલ્લાનો વિસ્તાર રસાળ જમીનવાળો હોવાથી ખેતીવાડી ક્ષેત્રે અગ્રસ્થાને છે. કેટલાક ઔદ્યોગિક એકમો અતુલ, વાપી વગેરે થતાં જિલ્લાનો વિકાસ સતત થતો રહ્યો છે.

વલસાડ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો જિલ્લો કુલ ૫૪૪-૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. જિલ્લાની ઉત્તરથી દક્ષિણ લંબાઈ ૧૨૮ કિલોમીટર અને પૂર્વેથી પશ્ચિમની પહોળાઈ ૮૦ કિલોમીટર છે. આખો વિસ્તાર ૭૨°-૪૫' અને ૭૩° - ૩૦' ઉત્તર અક્ષાંશ અને ૨૦°-૫' અને ૨૧°-૦' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. સીમાની રીતે જોઈએ તો ઉત્તરે સુરત જિલ્લો, દક્ષિણે મહારાષ્ટ્રનો થાણા જિલ્લો અને દાદરાનગર હવેલીના વિસ્તારો, પૂર્વમાં મહારાષ્ટ્રનો નાસિક જિલ્લો તથા ગુજરાતનો ડાંગ જિલ્લો છે. જિલ્લાની પશ્ચિમે દરિયો આવેલો છે. આખાયો જિલ્લો બે વિરોધાભાસી પરિસ્થિતિ વચ્ચે વહેંચાયેલો છે.

(૧) પૂર્વમાં ચીખલી, વાંસદા અને દક્ષિણમાં ધરમપુર તાલુકાઓમાં ડુંગરાળ સહ્યાદ્રિ અને સાતપુડા પહાડની ટેકરીઓના જંગલ વિસ્તારો.

(૨) ઉત્તર, પશ્ચિમ,મધ્યના વલસાડ, ચીખલી ગણદેવી, નવસારી વગેરે સિંચાઈ હેઠળના રસાળ ફળદ્રુપ વિસ્તારો.

જિલ્લામાં વાંસદા, ધરમપુર, ચીખલી, ઉંમરગામ તાલુકાના વિસ્તારો ડુંગરાળ જંગલોવાળા છે. જિલ્લામાં અંબિકા, પૂર્ણા, પાર અને દમણગંગા જેવી નદીઓ વહે છે. વલસાડ, કોલક, કાર્લ, બીલીમોરા, ઉમરસાડી, ઉંમરગામ, મરોલી બંદરો આવેલા છે.

**વસતિ :**

ગુજરાત રાજયની ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે કુલ ૧૯ જિલ્લાઓમાંથી વસતિની દ્રષ્ટિએ પંચમહાલ અને સુરત જિલ્લાઓ પછી વલસાડ જિલ્લો ૧૧,૮૧,૪૦૪ની ૫૪.૩૫ ટકાની આદિવાસી સાથે ત્રીજા ક્રમે ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

૧૯૯૧ની વસતિ ગણતરીમાં રાજયની કુલ વસતિ સામે અનુસૂચિત જાતિની ૭.૪૧ની અને અનુસૂચિત જનજાતિની ૧૪.૯૨ ટકાની વસતિ નોંધાયેલી છે. વલસાડ જિલ્લાની કુલ વસતિ ૧૯૯૧ની ગણતરીએ ૨૧,૭૩,૬૭૨ની છે. જેમાં અનુસૂચિત જાતિની ૩.૦૩ ટકા અને અનુસૂચિત જનજાતિની ૫૪.૩૫ ટકાની વસતિ છે. જિલ્લામાં છેલ્લા દાયકાઓથી ઔદ્યોગિક રીતે ખૂબ જ સારો વિકાસ થવા પામ્યો છે. જેને લઈને વસતિમાં સતત વધારો થતો રહ્યો છે. આંકડાની રીતે જોઈએ તો રાજયનો દસકાનો વસતિ વધારો ૨૧.૧૯ ટકાનો નોંધાયો છે. જે વલસાડ જિલ્લાનો દસકાનો વસતિ વધારો ૨૨.૫૨ ટકાનો નોંધાયો છે. ગુજરાતનો વસતિ ગીચતા દર દર ચોરસ કિલોમીટરે ૨૧૧નો ૧૯૯૧ પ્રમાણે નોંધાયો છે. જે વલસાડ જિલ્લાનો દર ચો.કિલોમીટરે ૪૧૫નો એટલે ગુજરાત કરતાં બમણો નોંધાવા પામ્યો હતો, એટલે સમગ્ર જિલ્લો તેની આર્થિક સમુદ્ધિને કારણે આ વસતિ ભારણ હેઠળ છે.

વલસાડ જિલ્લામાં મુખ્ય અનુસૂચિત જનજાતિની વસતિમાં ધોડિયા જાતિ અગ્રસ્થાને છે. સાથે હળપતિ-તલાવિયા, કોંકણા, વારલી, નાયક-નાયકડા, કોલઘા, કોટવાળિયા, ગામીત, ચોધરી, ભીલ પણ વસવાટ કરે છે. આ અભ્યાસમાં લીધેલી હળપતિ-તલાવિયા જાતિ જિલ્લામાં બીજા નંબરે વસતિ સંખ્યામાં છે. એ સિવાય કોંકણા, વારલી પણ વસતિ સંખ્યામાં વિશેષ વસતિ ધરાવતી જાતિઓ છે.

**વડોદરા જિલ્લો (વિસ્તાર-સ્થાન) :**

ગુજરાત રાજયના ૧૯ જિલ્લાઓમાં ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે મધ્ય ગુજરાતના વિસ્તારનો વડોદરા જિલ્લો વિસ્તારની રીતે ૧૦મું સ્થાન ધરાવે છે. વડોદરા મધ્ય ગુજરાતમાં અનેક ઔદ્યોગિક એકમોથી સતત વિકાસ પામતો એક અગત્યનો જિલ્લો છે. આખોય જિલ્લો કુલ ૭૭૯૪ ચો.કિ.મીટરના વિસ્તારમાં પથરાયેલો છે.

વડોદરા જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો પુરો જિલ્લો ૭૭૯૪ ચો.કિ.મી.ના વિસ્તારમાં પથરાયેલો છે. આખા વિસ્તારમાં ૮૨૬.૭૮ ચો.કિ.મીટરના વિસ્તારમાં જંગલ નોંધાયેલા છે. વિસ્તાર ૨૧° - ૪૯° થી ૨૨° - ૪૯° ઉત્તર અક્ષાંશ અને ૭૨° - ૫૧° થી ૭૪° - ૧૭° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. સીમાની રીતે જોઈએ તો વડોદરા જિલ્લાની પૂર્વે મધ્ય પ્રદેશ રાજય, પશ્ચિમે અને દક્ષિણે ભરૂચ જિલ્લો અને ખેડા, પંચમહાલ ઉત્તરે દિશાએ આવેલા છે. આખોય વડોદરા જિલ્લો બે વિરોધાભાસી પરિસ્થિતિ વચ્ચે પૂર્વ-પશ્ચિમની લંબાઈએ ૧૨ તાલુકાઓમાં વહેંચાયેલો છે.

(૧) છોટાઉદેપુર, જાંબુગામ, પાવી-જેતપુર, નસવાડી તાલુકાઓને આવરી લેતો પૂર્વનો સાતપુડાનો ડુંગરાળ વિસ્તાર.

(૨) બાકીનો સંખેડા, ડભોઈ, તિલકવાડા, વડોદરા, કરજણ, પાદરા, વાઘોડિયા, સાવલી વગેરે તાલુકાઓનો સપાટ મેદાનનો ફળદ્રુપ વિસ્તાર.

આ જિલ્લામાં સાતપુડાની ડુંગરાળ વિસ્તારની ટેકરીઓ પૂર્વમાં આવેલી છે. નદીઓમાં નર્મદા, મહી, જાબુંઆ, સુઢિયા, વિશ્વામિત્રી, ઢાઢર, ઓરસંગ અને હેરણ છે. જિલ્લામાં આજવા, વઢવાણ, પ્રતાપપુરા જેવા સરોવર-તળાવો આવેલાં છે.

જમીન મુખ્યત્વે રેતાળ, માટીવાળી ચીકણી અને કાળી છે. જેમાં કપાસ, તમાકુ, મગફળી અને ઘાસ વગેરે પાકો થાય છે.

- **વસતિ :**

ગુજરાત રાજયની ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે કુલ ૧૯ જિલ્લાઓમાંથી વસતિની દ્રષ્ટિએ રાજયમાં ચોથા ક્રમે આવેલો છે. ગુજરાતના આઠ જિલ્લાઓમાં આદિવાસીઓની સંખ્યા સવિશેષ હોઈ, આદિવાસી વસતિની રીતે મુખ્ય છે. જેમાં આદિવાસીઓની વસતિ સંખ્યાની રીતે પંચમહાલ, સુરત, વલસાડ જિલ્લાઓ પછીના ચોથા ક્રમે ૧૩.૩૪ ટકાની આદિવાસી વસતિ સાથે વડોદરા જિલ્લો આવે છે. ગુજરાત રાજયની ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ૪,૧૩,૦૯,૫૮૨ની કુલ વસતિ છે. જેમાં અનુસૂચિત જાતિની વસતિ ૭.૪૧ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૧૪.૯૨ ટકાની નોંધાયેલી છે. વડોદરા જિલ્લાની કુલ વસતિ ૧૯૯૧ની ગણતરી પ્રમાણે ૩૦,૮૯,૬૧૦ની નોંધાયેલી છે. જેમાં અનુસૂચિત જાતિની ૬.૨૭ ટકાની અને અનુસૂચિત જનજાતિની ૨૬.૬૦ ટકાની વસતિ નોંધાયેલી છે. જિલ્લામાં બે દાયકાથી ઔદ્યોગિક વિકાસની ફાળે, જિલ્લાનો સારો એવો વિકાસ થવા પામ્યો છે. પરિણામે વસતિમાં સતત વધારો થતો રહ્યો છે. આંકડાની રીતે જોઈએ તો રાજયનો ૧૯૯૧નો દાયકાનો વધારો ૨૧.૧૯ ટકાનો નોંધાયો છે. જે વડોદરા જિલ્લાનો દાયકાનો વસતિ વધારો ૨૨.૨૧ ટકાનો નોંધાયો છે. રાજયમાં દર ચોરસ કિલોમીટરે ૨૧૧ વ્યક્તિ અને વડોદરા જિલ્લામાં દર ચોરસ કિલોમીટરે ૩૯૬ની વસતિ ગીચતા નોંધાઈ હતી, એટલે ૧૯૮૧ રતાં વસતિ ગીચતા દર વધવા પામ્યો હતો. એટલે સમગ્ર જિલ્લો તેની સમૃદ્ધિને કારણે આ વસતિ ભારણ હેઠળ છે.

વડોદરા જિલ્લામાં મુખ્ય અનુસૂચિત જનજાતિની વસતિમાં રાઠવા જાતિ અગ્રસ્થાને છે. આ રાઠવા જાતિ સિવાય જિલ્લાના પૂર્વના આ વિસ્તારોમાં મહદ્અંશે ધાનકા, તડવી, વસાવા ભીલ, નાયક-નાયકડા, હળપતિ-તલાવિયા, ગામીત, કોલઘા, ઢોરકોળી, બાવચા, ધોડિયા પણ વસવાટ કરે છે. જેમાં ધાનકા, નાયક-નાયકડા, ભીલ વગેરે ૫૦ હજારથી ઉપરની વસતિ સંખ્યા ધરાવતી જાતિઓ છે.

**ભરૂચ જિલ્લો (વિસ્તાર સ્થાન) :**

ગુજરાત રાજયના મધ્ય ભાગમાં આવેલો ભરૂચ જિલ્લો વિસ્તારની દ્રષ્ટિએ ખૂબ મોટો વિસ્તાર ધરાવે છે. જિલ્લાનો સમગ્ર વિસ્તાર ભૌગોલિક રીતે ૧૯૯૧ની ગણતરી પ્રમાણે કુલ ૯૦૪૫ ચો.કિ.મીટરના વિસ્તારમાં પથરાયેલો છે. વસતિ દ્રષ્ટિએ ૧૯ જિલ્લાઓમાં ૧૪મું સ્થાન ધરાવે છે. ૧૯૭૦ સુધી જિલ્લામાં કોઈ ઔદ્યોગિક ક્રાંતિ જોવા મળી નહોતી. ૧૯૭૮ પછી જિલ્લામાં ૧૩૧ ઔદ્યોગિક એકમો હતાં.

ભરૂચ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો જિલ્લો રાજયના કુલ ભૌગોલિક વિસ્તારનો ૪.૬૨ ટકામો ભાગ થાય છે. આખોય જિલ્લો ૨૧° - ૪૫' -૪૫" અને ૨૨° - ૧૫' - ૧૬" ઉત્તર અક્ષાંશ અને ૭૨° - ૩૪' - ૧૯" અને ૭૩° - ૧૨' - ૧૫" પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. તેની ઉત્તરે વડોદરા અને ખેડા જિલ્લો, દક્ષિણે સુરત જિલ્લો, પૂર્વે મહારાષ્ટ્રનો ધૂળિયા જિલ્લો અને પશ્ચિમે ખંભાતનો અખાત આવેલો છે. આ જિલ્લો ભૌગોલિક રીતે વિરોધાભાસવાળા બે વિભાગનો બનેલો છે.

(૧) પૂર્વના રાજપીપળા, સાગબારા, ડેડીયાપાડા, વાલિયા તાલુકાઓ ડુંગરાળ સહ્યાદ્રિ, સાતપુડાની ટેકરીઓના પહાડી ખીણનો જંગલ વિસ્તાર.

(૨) ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમનો જિલ્લાનો સપાટ ફળદ્રુપ જમીનનો વિસ્તાર જેમાં નર્મદા, ઢાઢર અને કીમ નદીઓના કાંપનો બનેલો ફળદ્રુપ મેદાની વિસ્તારો.

નદીઓમાં નર્મદા, કરજણ જિલ્લાની મધ્યની નદીઓ છે. ભરૂચ જિલ્લાનો કુલ ભૌગોલિક જમીન વિસ્તાર ૯,૦૩૮ ચો.કિ.મીટરનો ૧૯૯૫-૯૬ની ગણતરી વખતે હતો. જેમાં ૧,૪૧૮.૨૯ ચો.કિ.મીટરનો એટલે કે ૧૫.૩૯ ટકાનો વિસ્તાર વન વિસ્તાર અને ૪,૨૦૨નો વિસ્તાર ચોખ્ખા વાવેતર વિસ્તાર હેઠળ હતો. જિલ્લામાં ડાંગર, જુવાર, કપાસ, ઘઉં, શેરડી અને મગફળીના પાકો થાય છે. જિલ્લામાં છ જેટલી નાની અને ૩ મધ્ય કદની સિંચાઈ યોજનાઓ ચાલે છે. કરજણ જળાશય યોજનાથી જિલ્લાનો ઘણો ભાગ હળે હરિયાળો બની સારી ખેત પેદાશો મેળવે છે.

ગુજરાત રાજયના આદિવાસીની વધુ વસતિ ધરાવતા આઠ ૮ જિલ્લાઓમાં ભરૂચ આદિવાસી વસતિ સંખ્યાની રીતે પાંચમું સ્થાન ધરાવતો જિલ્લો છે. ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વસતિ ૪૫.૫૩ ટકાની અને અનુસૂચિત જાતિની વસતિ ૨.૧૬ ટકાની જોવા મળે છે. જિલ્લામાં વસાવા-ભીલ, હળપતિ-તલાવિયા, ગામીત, ધાનકા, ચોધરી વસતિ ઉપરાંત ધોડિયા , નાયક-નાયકડા, રાઠવા, કોટવાડિયા, કાથોડી, કોલઘા વગેરે આદિવાસી જાતિઓ વસે છે.

**અરેઠ :**

અરેઠ ગામ માંડવી તાલુકા મથકથી ૧૬ કિલોમીટરે પશ્ચિમે માંડવી કડોદરાને જોડતા પાકા ડામરના રોડ ઉપર આવેલુ મોટું ગામ છે. પાકો રોડ હોય બારેમાસ વાહનવ્યવહારની સુવિધા ગામ ઉપર જવા માટે મળી રહે છે.

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ૬૭૯.૦૦ હેકટર-ગૂંઠાનો નોંધાયેલો છે. કુલ નોંધાયેલા વિસ્તારમાંથી સૌથી વધુ બિનપિયત ખેતી વિસ્તાર ૩૦૦ હેકટરનો નોંધાયેલો છે. સરકારી નહેર દ્વારા ૧૭.૬૦ હેકટરનો વિસ્તાર સિંચાઈ હેઠળ હતો. ખેડાણ લાયક પડતર જમીન વિસ્તાર ૩૨.૭૪ હેકટર-ગૂંઠા, ખેડી ન શકાય તેવો ૩૫.૨૦ હેકટર ગૂંઠાનો ખરાબાનો વિસ્તાર નોંધાયેલો હતો. ગામની ફરતે જંગલ નથી.

ગામનો રોજબરોજનો જીવન જરૂરિયાતનો અને ખેતી કે બીજા પ્રસંગો માટેનો આર્થિક વ્યવહાર માંડવી, કડોદરાના નજીકના સેન્ટરે થતો હોય છે. ગામની સુવિધાઓમાં બે પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલ દ્વારા શિક્ષણ થાય છે. એ સિવાય આરોગ્યની સુવિધા માટે હોસ્પિટલ મેટરનરી હોમ, નર્સીંગહોમ, પ્રાઈવેટ ડૉક્ટર, કોમ્યુનીટી હેલ્થ સેન્ટર વર્કર જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. પાણી કૂવા, તળાવ, હેન્ડ પંપ, નદી વગેરેથી મેળવાય છે. ગામમાં પોષ્ટ અને ફોનની સુવિધા શક્ય બની છે. ગામમાં વિજળી ઉપલબ્ધ હોય ઘંટી અને બીજા લોખંડ કે ઓટો માટે જરૂરી સાધનો છે. ખેતીમાં વિજળી થોડી ઉપયોગી જોવા મળે છે.

ગામની ૧૯૯૧ની ગણતરી એ નોંધાયેલી કુલ ૩૫૮૯ની કુલ વસતિમાં ૧૯૦૫ પુરૂષો અને ૧૬૮૪ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. આ કુલ વસતિમાં અનુજાતિની ૪.૯૩ ટકાની વસતિ અને અનુસૂચિત જનજાતિની ૬૪.૭૮ ટકાની વસતિ ગામમાં વસે છે. ગામની સમગ્ર વસતિમાંથી અક્ષરજ્ઞાન પામેલા ૪૮.૮૭ ટકા નોંધાયેલા છે. મુખ્ય કામ કરનારા ૪૦.૦૩ ટકા, ખેડૂતો ૮.૩૯ ટકા, ખેતમજૂરો ૧૫.૩૬ ટકા અને કામ નહીં કરનાર પણ કામ કરનાર ઉપર આધારિત એવા ૪૯.૧૭ ટકા નોંધાયેલા જાણવા મળ્યા હતા. મુખ્ય કામ કરનારા કરતાં તેમની ઉપર નભનારાની ટકાવારી ઉંચી જોવા મળી હતી. કારણકે અહીં ખેતી વરસાદ આધારિત હોઈ, બીજો કોઈ નજીક વ્યવસાય ન હોય કામ ન કરનારની ટકાવારી સ્વભાવિક રીતે પ્રમાણમાં ઉંચી હોય તે શક્યતા હોઈ શકે.

**વાંકાનેર :**

વાંકાનેર ગામ બારડોલી તાલુકાના મથકથી ૯ કિલોમીટરને અંતરે દક્ષિણ પૂર્વે આવેલું પાંચ હજાર કરતાં વધુ વસતિ ધરાવતુ એક મોટું ગામ છે. ગામ તાલુકા મથક બારડોલી તેમજ વાલોડ સાથે પાકા રસ્તાથી જોડાયેલુ હોય, બારેમાસ વાહનવ્યવહારથી જોડાયેલુ રહે છે. મોટું અને આર્થિક રીતે વિકસીત હોવાથી સારી સુવિધાઓથી સંકળાયેલું જોઈ શકાય છે.

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૯૧ની વસતિ ગણતરીએ ૧૧૪૮.૫૨ હેકટર. ગૂંઠાનો નોંધાયેલો છે. તેમાં ખેતી હેઠળનો સિંચિત સરકારી નહેરોવાટેનો ૯૧૬.૩૪ હેકટર-ગૂંઠાનો, બિનસિંચિત ખેતી હેઠળનો ૩૩.૪૫ હેકટર-ગૂંઠાનો, ખેડાણ લાયક પડતર હેઠળનો ૨૨.૦૫ હેકટર-ગૂંઠાનો અને ખેડી ન

શકાય તેવો ખેતી ખરાબાનો ૧૭૬.૬૮ હેકટર ગૂંઠાનો વિસ્તાર નોંધાયેલો જોવા મળે છે. ગામની આસપાસ જંગલ વિસ્તાર નથી.

વાંકાનેર ગામનો રોજબરોજનો લેવડ દેવડનો આર્થિક રીતે સંકળાયેલો વ્યવહાર મહદ્અંશે બારડોલી નજીકના શહેર સાથે, ઉપરાંત વાલોડ અને ગામની ઘણી બધી નાની-મોટી દુકાનોએથી થતો જોવા મળે છે. ગામની સુવિધાઓમાં બે પ્રાથમિક મોટી શાળાઓ, હાઈસ્કૂલ અને આરોગ્યની હોસ્પિટલથી માંડીને મેટરનેટી હોમ, નર્સીંગ હોમ, ફેમીલી હેલ્થ સેન્ટર, પ્રાઈવેટ ડૉકટરો, કોમ્પ્યુટીની હેલ્થ સેન્ટર સહિત બધી સુવિધાઓ જોવા મળે છે. પાણીની સુવિધા માટે ગામમાં તળાવ, હેન્ડ પંપ ઘણી જગ્યાએ છે. ઉપરાંત પાંચ જેટલા કૂવાઓ, સિંચાઈનું , નહેરનું પાણી વગેરે છે. ફોન અને પોપટની સુવિધા પણ ચાલે છે. વિજળી સુવિધાથી ગામમાં વિજળીથી ચાલતી મોટરો, ઘંટી, હલર વગેરે જોવા મળે છે.

ગામની ૧૯૯૧ની નોંધાયેલી કુલ ૭,૧૯૪ની કુલ વસતિમાંથી ૩,૬૩૬ પુરૂષો અને ૩૫૫૮ સ્ત્રીઓ નોંધાઈ હતી. ગામની કુલ વસતિમાં અનુજાતિની ૨.૪૧ ટકાની વસતિ અને અનુસૂચિત જનજાતિની ૬૦.૦૭ ટકાની વસતિ જોવા મળે છે. સમગ્ર વસતિમાંથી ૩૯.૨૬ ટકા અક્ષરજ્ઞાન ધરાવનારની સંખ્યા જણાઈ હતી. વસતિમાં મુખ્ય કામ કરનારા ૪૮.૪૪ ટકા, ખેડૂતો ૫.૪૯ ટકા, ખેતમજૂરો ૩૪.૩૮ ટકા અને કામ નહીં કરનાર કામ કરનારા ઉપર આધારિત ૪૫.૩૪ ટકા નોંધાયેલા હતા. મહદ્અંશે કામ કરનારા જેટલી જ વસતિ નભનારાની જણાઈ હતી. એટલે બાળકો, વૃધ્ધો, બેકારો વગેરે અહીં નોંધાયેલા જોવા મળે છે.

વાલોડ :

વાલોડ ગામ ઉપરાંત તાલુકા મથક પણ છે. બારડોલીથી ૧૮ કિલોમીટરને અંતરે દક્ષિણ-પૂર્વમાં આવેલું છે. બારડોલી ડાંગ તરફ ભેંસકાતરી તરફ જતા રસ્તા ઉપર પાકી ડામરની સડકથી જોડાયેલું હોય, બારેમાસ વાહનવ્યવહારની સુવિધાથી સંકળાયેલું છે.

વાલોડ વિશાળ મોટું ગામ સાથે તાલુકા મથક છે. તેનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૯૧ની ગણતરીએ ૨૦૦૧.૯૫ હેકટર - ગૂંઠાનો નોંધાયેલો છે. કુલ વિસ્તારમાંથી સરકારી નહેર દ્વારા સિંચાઈ હેઠળ ૯૪.૧૨ હેકટર- ગૂંઠા જમીન વિસ્તાર હતો. કૂવા વગેરે દ્વારા ૬૨.૭૬ હેકટર-ગૂંઠા, ઈ.કૂવા મારફતે ૧૧૭.૦૯ હેકટર - ગૂંઠા અને નદી નજીક હોઈ તેના પાણીથી ૩૫.૨૩ હેકટર-ગૂંઠાનો જમીન વિસ્તાર સિંચાઈ હેઠળ નોંધાયેલો હતો. ઉપરાંત બિનપિયત જમીન વિસ્તાર ૭૮૮.૪૦ હેકટર-ગૂંઠા, ખેડી શકાય તેવો ૬૬.૪૪ હેકટર-ગૂંઠા અને ખેડાણ હેઠળ ન આવી શકે તેવો ૨૪૦.૯૧ હેકટર-ગૂંઠા જમીન વિસ્તાર નોંધાયો હતો. સિંચાઈને કારણે શેરડી, ડાંગરના પાકો પુષ્કળ પ્રમાણમાં આખાય વિસ્તારમાં થતા જોવા મળે છે. જેને કારણે સારી કહી શકાય તેવી સ્થિતિ વિસ્તરની જોવા મળે છે.

આખાય ગામનો રોજબરોજની જીવન જરૂરિયાતો વ્યવહાર વાલોડ મથક હોય ત્યાંથી જ મળી રહે છે. ખેતીની ઉપજો લેવડ-દેવડનો સારોય વ્યવહાર અહી થાય છે. ઘણા બારડોલી સાથે પણ કરતા જોવા મળે છે. એ સિવાય ગામની સુવિધામાં જોઈએ તો ૭ સાત જેટલી નાની મોટી પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલ અને હવે તો કૉલેજની સુવિધા પણ થઈ છે. આરોગ્ય માટેની હોસ્પીટલ ઉપરાંત મેટનરી હોમ, નર્સીંગ હોમ, પ્રાઈવેટ ડૉક્ટરો, કોમ્યુનીટી હેલ્થ વર્કર વગેરેની સુવિધાઓ ઉપલબ્ધ છે. ગામ કૂવા, તળાવ, નદી, હેન્ડપંપ ઉપરાંત ઈલેક્ટ્રીક મોટરથી ચાલતા કૂવા વગેરેથી પોતાની પાણીની જરૂરિયાત પૂરી કરે છે.

ગામની ૧૯૯૧ની કુલ વસતિ ૧૧૨૮૧ની નોંધાઈ હતી જેમાં ૫૮૫૮ પુરૂષો અને ૫૪૨૩ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. કુલ વસ્તીમાં અનુજાતિ ૨.૧૯ ટકા અને અનુસૂચિત જનજાતિ ૪૯.૩૦ ટકા નોંધાયેલી છે. અક્ષરજ્ઞાન ૫૩.૨૨ ટકા નોંધાયુ છે. મુખ્ય કામ કરનારાની ૪૨.૧૫ ટકાની, ખેડૂતો ૩.૪૭ ટકા, ખેતમજૂરો ૧૭.૦૫ ટકા અને કામ નહીં કરનારા પણ માત્ર નભનારાની ૫૩.૭૫ ટકા સંખ્યા નોંધાઈ હતી.

**સાયણ :**

સાયણ ગામ ઓલપાડ તાલુકા મથકથી ૧૫ કિલોમીટરને અંતરે સુરતથી નજીકનું રેલ્વે સ્ટેશન છે. ગામ કઠોરથી ઓલપાડ જતા ડામર રોડ સાથે જોડાયેલું છે. બારેમાસ રેલ્વે તેમજ એસ.ટી. બસ વ્યવહારની સુવિધા ધરાવે છે.

ગામ સિંચાઈને કારણે સારી ખેત પેદાશોને કારણે આર્થિક રીતે સારી સ્થિતિમાં છે. ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૩૧૩.૦૦ હેકટરનો ૧૯૯૧ની ગણતરીએ નોંધયેલો છે. તેમાં સરકારી નહેર દ્વારા ૨૪૮.૦૬ હેકટર-ગૂંઠાનો જમીન વિસ્તાર સિંચાઈ હેઠળ છે. માત્ર ૨.૪૮ હેકટર-ગૂંઠાનો જમીન વિસ્તાર કૂવા દ્વારા સિંચાઈ હેઠળ નોંધાયેલો છે. સિંચાઈ વિનાનો ખેતી હેઠળનો ૧૯.૯૨ હેકટર-ગૂંઠાનો, ખેડી શકાય તેવો ૪૧.૨૨ હેકટર-ગૂંઠાનો અને ૧.૩૨ હેકટરનો વિસ્તાર ગૌચરનો ખરાબો નોંધાયો હતો.

ગામનો રોજબરોજનો જીવન જરૂરિયાતોનો વ્યવહાર સાયણ ખાતેના બજાર સાથે સંકળાયેલી નાની-મોટી દુકાનોએથી થતો જોવા મળે છે. એ સિવાય ઓલપાડ તાલુકા મથકેથી અને સુરત શહેરથી અવાર-નવાર ચીજવસ્તુઓની આપ લે થતી જાણવા મળે છે. ગામમાં પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ વગેરે શિક્ષણની સુવિધાઓ છે. ખાનગી ડૉક્ટર અને હેલ્થ સેન્ટરની સુવિધા આરોગ્ય માટે છે. તળાવ, કૂવા, નહેરથી પાણી ગામને પુરું પાડે છે. પોષ્ટ, ફોન વગેરેની સંદેશા વ્યવહારની સેવાઓ ઉપલબ્ધ છે.

ગામની ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ ૧૪૨૧ની કુલ વસતિમાં ૭૪૩ પુરૂષો અને ૬૭૮ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. આ કુલ વસતિમાં અનુસૂચિત જાતિની ૦.૦૩ ટકાની માત્ર વસતિ

નોંધાઈ હતી. અનુસૂચિત જનજાતિની ૫૬.૫૦ ટકા જેટલી વસતિ નોંધાઈ હતી. એ ઉપરાંત કોળી પટેલ માછી, વોરા, પટેલ, વાણિયા વગેરેની ગામમાં વસતિ છે. ગામમાં ૪૪.૮૨ ટકા અક્ષરજ્ઞાન નોંધાવા પામેલું જોવા મળે છે. ૩.૮૭ ટકા જેટલા માત્ર ખેડૂતો, ૩૫.૬૮ ટકા જેટલા ખેતમજૂરો, ૪૮.૭૦ ટકા જેટલા મુખ્ય કામ કરનારા અને ૪૦.૪૬ ટકા જેટલા કામ નહીં કરનારાઓની વસતિ નોધાયેલી હતી.

**કોસાડ :**

કોસાડ ગામ ચોર્યાસી તાલુકાનું સુરત શહેર નજકનું શહેરથી ૮ કલિોમીટરને આવેલું ગામ છે. પાકા રસ્તાથી અને અંકલેશ્વર - સુરત જતી મોટી રેલ્વે ટ્રેક ઉપરનું રેલ્વે સ્ટેશન હોઈ વાહન વ્યવહારની બસની તેમજ રેલ્વેની સારી સુવિધા ધરાવતું ગામ છે. પાકા ડામરના રસ્તાથી પણ સજ્જ ગામ છે.

કોસાડ ગામ સુરત શહેરથી આમરોલી થઈને પાંચ કિલોમીટરે આવેલું છે. સિંચાઈની સારી સુવિધા હોવાથી આર્થિક રીતે સમૃદ્ધિ છે. ગામની કુલ ૯૫૩.૨૬ હેકટર-ગૂંઠા જમીન વિસ્તાર છે. જેમાંથી ખેતી હેઠળનો સિંચાઈ હેઠળનો ૨૦૦.૫૦ હેકટર-ગૂંઠા જમીન વિસ્તાર સરકારી નહેરથી, સામાન્ય કૂવાથી ૫૦.૧૫ હેકટર-ગૂંઠા જમીન વિસ્તાર, ટયુબવેલની સિંચાઈથી ૨૫૦.૩૫ હેકટર-ગૂંઠા જમીન વિસ્તાર, જયારે ખેતી હેઠળનો બિનસિંચીત ૪૦૦.૨૪ હેકટર ગૂંઠા, ખેડાણ લાયક પડતર હેઠળ ૯૦.૪૩ હેકટર-ગૂંઠા અને ખેડી ન શકાય તેવો ખરાબાનો ૨૧૧.૯૪ હેકટરનો જમીન વિસ્તાર ૧૯૯૧ની ગણતરીએ નોંધાયેલો હતો.

ગામની રોજબરોજની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મહદ્અંશે સુરત શહેરથી ખરીદ-વેચાણ થતી જાણવા મળે છે. એ રીતે શહેરનો ગામને લાભ મળી રહે છે. ગામમાં ૧ થી ૫ ધોરણ સુધી પ્રાથમિક શાળા છે. એ સિવાય આગળના શિક્ષણ માટે આમરોલી અને સુરત શહેર નજીક હોઈ ત્યાં સગવડતા છે. ઉપરાંત આરોગ્યની સુવિધાઓમાં મેટનટી હોમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરેની સુવિધાઓ છે. પાણીની સુવિધા માટે તળાવ, કૂવા, હેન્ડપંપની સુવિધા ઉપલબ્ધ છે. પોષ્ટ, ટેલીફોન, વિજળી વગેરેની સુવિધા ગામે મળી રહે છે.

ગામની ૧૯૯૧ની કુલ ૮૦૦૪ની વસતિમાંથી ૪૧૫૧ પુરૂષો અને ૩૮૫૩ સ્ત્રીઓની વસતિ નોંધાઈ હતી. કુલ વસતિમાંથી અનુસૂચિજાતિની ૭.૭૨ ટકા વસતિ અને અનુસૂચિત જનજાતિની ૧૮.૦૧ ટકાની વસતિ નોંધાયેલી હતી. સમગ્ર વસતિમાંથી ૫૫.૫૭ ટકા અક્ષરજ્ઞાન ધરાવનારા હતા. ખેડૂતો માત્ર ૩.૯૮ ટકા અને ખેતમજૂરો ૮.૯૦ ટકા જ નોંધાયેલા જણાયા હતા. કુલ વસતિમાં કામ કરનારાની વસતિ ૩૪.૮૯ ટકા અને નહીં કામ કરનારા પરંતુ કમાનાર ઉપર આધારિત એવા બાળકો અને વૃધ્ધો-બેકારોની કુલ ૫૬.૦૬ ટકાની વસતિ નોંધાઈ હતી. જે પ્રમાણમાં વધુ કહી શકાય તેવી જણાઈ હતી.

**ઉભેળ :**

ઉભેળ ગામ તાલુકા મથક કામરેજથી ૭ કિલોમીટરે અને સુરત શહેરથી ૧૯ કિલોમીટરે કામરેજ-કડોદરા જતા મુખ્ય પાકા ડામરના રસ્તે આવેલું નાનું ગામ છે. બારેમાસ વાહન વ્યવહારની સુવિધાથી જોડાયેલુ ગામ છે.

ઉભેળ ગામ સિંચાઈને કારણે સારી ખેતીની પેદાશો શેરડી, કપાસ, કેળની મેળવે છે તેથી આર્થિક રીતે મહદ્અંશે સારી સ્થિતિમાં જોવા મળે છે. ગામના કુલ ૮૩૩.૭૪ હેકટર-ગૂંઠાની જમીન વિસ્તારમાં સરકારી નહેરથી સિંચાઈ હેઠળ ખેતીવાડીનો ૩૪૬.૮૪ હેકટર-ગૂંઠાનો, કૂવા દ્વારા ૭૯.૨૩ હેકટર-ગૂંઠાનો અને ટ્યુબવેલ ધરાવતા લોકો દ્વારા ૧૭૮.૪૪ હેકટર-ગૂંઠાનો જમીન વિસ્તાર નોંધાયેલો, એ સિવાય બિનસિંચાઈ ખેતી હેઠળનો ૧૩૫.૬૦ હેકટર-ગૂંઠાનો, ખેડાણ લાયક પડતર જમીન વિસ્તાર ૪૨.૭૯ હેકટર-ગૂંઠા, ખેડી ન શકાય તેવી જમીનનો ગૌચરનો ૫૦.૭૫ હેકટર-ગૂંઠાનો જમીન વિસ્તાર ૧૯૯૧ની ગણતરી વેળાએ નોંધાયેલો હતો. ગામની ફરતે જંગલ વિસ્તાર નોંધાયેલો નથી.

ગામની રોજબરોજની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનો વ્યવહાર કામરેજ-કડોદરા તેમજ સુરત શહેર સાથેનો રહેલો જોવા મળે છે. ઉભેળ ગામમાં ૧ થી ૫ ધોરણ સુધીના પ્રાથમિક શાળાની શિક્ષણ સુવિધા માત્ર જોવા મળે છે. આરોગ્યની સુવિધાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પ્રાઈવેટ ડૉકટરની સેવાઓ મળી રહે છે. પાણી માટે કૂવા, તળાવ, હેન્ડપંપની વ્યવસ્થા છે. સંદેશા વ્યવહારના સાધનોમાં ટપાલ અને ફોનની સુવિધા છે. ગામ વિજળીકરણથી સજ્જ હોઈ ઘંટીની દળાવવાની સુવિધા છે.

ગામની ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ કુલ ૪૨૮૭ની વસતિ હતી. તેમાં ૨૧૫૭ પુરૂષો અને ૨૧૩૦ સ્ત્રીઓની સંખ્યા હતી. આ કુલ વસતિમાં અનુસૂચિત જાતિની ૭.૨૫ ટકાની વસતિ અને અનુસૂચિત જનજાતિની ૪૯.૧૪ ટકાની વસતિ સમાયેલી હતી. આ બધી વસતિમાં ૪૫.૬૦ ટકાની વસતિ અક્ષરજ્ઞાન ધરાવતી હતી. આમાં મુખ્ય કામકરનારા ૪૯.૬૧ ટકા, ખેડૂતો ૪.૯૬ ટકા, ખેતમજૂરો ૩૧.૪૨ ટકા અને કામ નહીં કરનારા પણ કામ કરનારા ઉપર નભનારાની ૫૦.૩૩ ટકાની વસતિ નોંધાયેલી હતી. ખેડૂતોની વસતિ ખૂબ જ ઓછી નોંધાઈ હતી.

**વછનાદ :**

વછનાદ ગામ તાલુકા મથક વાગરાથી ૨ કિલોમીટર નજીકના આમોદથી ૧૫ કિલોમીટરને અંતરે જંબુસર ભરૂચને જોડતા મુખ્ય માર્ગથી ૨ કિ.મી.ને અંતરે આવેલું છે. ટંકારાના રેલ્વે માર્ગ ઉપર આવેલું નાનું ગામ છે.

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૯૧ની વસતિ ગણતરીએ ૫૯૫.૫૫ હેકટર-ગૂંઠાનો નોંધાયેલો છે. આ સમગ્ર વિસ્તારમાંથી બિનપિયત ખેતી હેઠળ ૫૩૫.૧૧ હેકટર-ગૂંઠા, ખેડાણ લાયક પડતર

૨૩.૪૨ હેકટર-ગૂંઠા અને ખેડાણમાં ના લઈ શકાય તેવો ૩૭.૦૨ ટકાનો વિસ્તાર નોંધાયેલો છે. ગામની ફરતે જંગલ વિસ્તાર નથી.

ગામનો આર્થિક ખરીદ, વેચાણનો વ્યવહાર આમોદથી થતો જોવા મળે છે. ખેતીવાડીની ઉપજોની પણ આમોદ મથકેથી, ખરીદ વેચાણની વ્યવસ્થા નજીકનું સ્થળ હોઈ થતી જોવા મળે છે. ગામ નાનું હોઈ અને પછાત, વેરાણ વિસ્તારમાં હોઈ બહું વિકસીત જોવા મળતું નથી. ગામે પ્રાથમિક શાળા ૧ થી ૫ ધોરણ સુધી છે. પ્રાઈવેટ ડૉકટરથી આરોગ્યની સુવિધા સચવાઈ છે. તળાવ, હેન્ડપંપ અને નળ દ્વારા ગામમાં પાણીની સુવિધા થયેલી છે. કાચા-પાકા રોડથી જોડાયેલુ હોય વાહનવ્યવહારની બારેમાસ સુવિધા મળી રહે છે. વિજળીથી જોડાયેલુ હોય અનાજ દળવા માટે ઘંટીની સુવિધા ખાનગી ધોરણે થયેલી છે. ખેતીવાડીને પણ વિજળીને કારણે સિંચાઈનો લાભ મળે છે. પરંતુ ખૂબ ઓછા પ્રમાણમાં લોકો સિંચાઈ કરે છે. વેરાણ વિસ્તાર હોઈ, જાગ્રૃતિના અભાવે ગામનો ઝાઝો વિકાસ થયો નથી.

વછનાદ ગામની ૧૯૯૧ની વસતિ ગણતરીએ નોંધાયેલી ૬૯૪ની કુલ વસતિમાં ૩૫૭ પુરૂષો અને ૩૩૭ સ્ત્રીઓ હતી. જે ૧૩૧ કુટુંબોમાં વસે છે. ગામમાં પટેલોની મુખ્ય વચર્સ્વી જ્ઞાતિ વસે છે. તેની આસપાસ વસેલી જાતિઓમાં અનુસૂચિત જાતિની ૩.૭૪ ટકાની વસતિ અને અનુસૂચિત જનજાતિની ૩૦.૪૦ ટકાની મહદ્અંશે હળપતિ-તલાવિયા જાતિની, જેને રાઠોડ-તલાવિયા તરીકે આ વિસ્તારમાં ઓળખવામાં આવે છે, તેની જોવા મળે છે. ગામની વસતિમાં ૬૩.૧૧ ટકાની અક્ષરજ્ઞાનની નોંધાયેલી વસતિ છે. કુલ વસતિમાં કામ કરનારા ૩૬.૮૮ ટકા, ખેડૂતો ૧૩.૧૧ ટકા, ખેતમજૂરો ૧૪.૪૦ ટકા અને કામ નહીં કરનારા (વૃધ્ધો-બાળકો) વગેરે ૬૨.૨૪ ટકા જેટલા ખૂબ જ મોટા પ્રમાણમાં નોંધાયેલા છે. જે કામ કરનાર ઉપર નિર્ભર હતા. ખેડૂતો - ખેતમજૂરોની સંખ્યા લગભગ સરખા જેટલી જણાઈ હતી. માત્ર ચોમાસુ ખેતી ઉપર આધાર હોઈ કામ કરનાર ખેડૂતો-ખેતમજૂરોનું ઓછું પ્રમાણ છે.

**સરભાણ :**

સરભાણ ગામ આમોદ તાલુકા મથકથી ૯ કિલોમીટરને અંતરે આમોદ-કરજણ જતા પાકા ડામર રોડ ઉપર આવેલુ મોટુ ગામ છે. પાકો રોડ હોય બારેમાસ વાહનવ્યવહારની સુવિધા મળી રહે છે.

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૯૧ની વસતિ ગણતરીએ ૧૭૯૦.૮૭ હેકટર-ગૂંઠાનો નોંધાયેલો છે. કુલ વિસ્તારમાંથી ખેતી હેઠળની પિયત, પાતાળ કૂવા વડે ૧૪૭૭.૯૧ હેકટર-ગૂંઠા, બિનપિયત ૮૧.૬૬ હેકટર-ગૂંઠા, ખેડાણ લાયક પડતર તેમાંથી ૭૨.૪૪ હેકટર-ગૂંઠા અને ખેડી ન શકાય તેવી ૧૫૮.૮૧ હેકટર-ગૂંઠાનો જમીન વિસ્તાર નોંધાયો છે.

ગામનો રોજનો આર્થિક લેવડ-દેવડનો વ્યવહાર આમોદ અને કરજણ નાના અર્ધ શહેરી વિસ્તારો સાથેનો પરંપરાથી રહેલો છે. આમોદ તાલુકાનું સરભાણ મોટુ ગામ હોઈ, જમીન અને સિંચાઈના

પાણીની સારી સુવિધા હોવાને કારણે વિસ્તારનું વિકસીત, પ્રખ્યાત ગામ છે. ગામમાં પ્રાથમિક શાળા ઉપરાંત માધ્યમિક હાઈસ્કૂલની સુવિધા શિક્ષણ માટેની સારી જોવા મળે છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કુટુંબનિયોજન કેન્દ્ર, પ્રાઈવેટ ડૉકટરોની સુવિધાઓ ઉપલબ્ધ છે. પાણીની સુવિધામાં નળ, કૂવા, નદી, હેન્ડપંપ વગેરે જોવા મળે છે. તાર, ટપાલ, ટેલિફોન અને વિજળીની સુવિધા હોઈ ઘંટી, હલર તેમજ ઘણે બધે ઠેકાણે કૂવા ઉપર ઈલેકટ્રિક મોટર સિંચાઈ માટેની જોવા મળે છે. ખેતીવાડીથી સમૃધ્ધિ હોવાને કારણે ગામની સમૃધ્ધિ સારી જોવા મળે છે.

સરભાણ ગામની ૧૯૯૧ની નોંધાયેલી કુલ ૪૮૪૯ની કુલ વસતિમાં ૨૫૨૫ પુરૂષો અને ૨૩૨૪ સ્ત્રીઓનો સમાવેશ થયેલો છે. તેમાં સવિશેષ વસતિ સંખ્યા વચર્સ્વી એવી પટેલોની છે. એ સિવાય અનુસૂચિત જાતિની ૭.૨૮ ટકાની વસતિ અને અનુસૂચિત જનજાતિની ૩૬.૬૫ ટકાની વસતિ વસે છે. આ અનુસૂચિત જનજાતિની વસતિમાં રાઠોડિયા જે હળપતિને અહીયાં રાઠોડથી ઓળખવામાં આવે છે, એની છે. એ સિવાય વસાવા આદિવાસી જાતિની વસતિ વસે છે. ગામની કુલ વસતિમાં ૫૫.૦૬ ટકા અક્ષરજ્ઞાન ધરાવનારોની સંખ્યા નોંધાઈ છે. મુખ્ય કામરનારા ૩૮.૭૦ ટકા, ૬.૩૩ ટકા ખેડૂતો, ૧૯.૫૫ ટકા ખેતમજૂરો અને કામનહીં કરીને નભનારની ૫૫.૩૫ ટકાની સંખ્યા નોંધાયેલી છે. ગામમાં વરસાદ વિના સિંચાઈથી ખેતીની સુવિધા હોઈ ખેતીને કારણે લોકો આર્થિક રીતે સધ્ધર જોવા મળે છે.

**મગણાદ :**

મગણાદ ગામ તાલુકા મથક જંબુસરથી ૩ કિલોમીટરને અંતરે જંબુસર-ભરૂચને જોડતા પાકા રસ્તા ઉપર આવેલું મોટુ ગામ છે. જંબુસર-ભરૂચને જોડતા રેલ્વે માર્ગનો પણ ગામને લાભ મળેલો છે.

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૯૧ની વસતિ પ્રમાણે ૧૪૭૧.૭૪ હેકટર-ગૂંઠાનો નોંધાયેલો છે. કુલ વિસ્તારમાંથી બિનપિયત ખેતી હેઠળનો ૧૨૨૬.૭૭ હેકટર-ગૂંઠાનો, ખેડાણ લાયક પડતર ૫૩.૪૮ હેકટર - ગૂંઠા, ખેડી ન શકાય તેવો ૧૭૮.૪૯નો હેકટર-ગૂંઠાનો વિસ્તાર નોંધાયેલો છે. કૂવાથી ૮ હેકટર અને નદી દ્વારા ૫ હેકટરનો વિસ્તાર સિંચાઈ હેઠળ નોંધાયેલો છે.

ગામનો રોજબરોજનો દેવડ-દેવડનો આર્થિક વ્યવહાર તાલુકાના મથક અને શહેર એવા જંબુસરથી થતો જાણવા મળે છે. મોટુ ગામ હોઈ પ્રાથમિક શાળાની, તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કુટુંબનિયોજન કેન્દ્ર, તાર, ટપાલ, ટેલિફોન વગેરે સુવિધાઓ સજ્જ જોવા મળે છે. પાકા રસ્તાને કારણે બારેમાસ એસટીના વ્યવહાર, તેમજ રેલ્વે સ્ટેશન હોઈ વાહન-વ્યવહારની સારી સુવિધા પ્રાપ્ય છે. પીવાના, વાપરવાના પાણી માટે કૂવા, હેન્ડપંપ, નદી વગેરેથી મેળવાય છે. ગામે વિજળીકરણ થયેલુ હોવા છતાં ખૂબ જ ઓછા પ્રમાણમાં વિજળીથી સિંચાઈ થાય છે.

મગણાદ ગામની ૧૯૯૧ની વસતિ ગણતરીએ નોંધાયેલી કુલ ૨૯૮૦ની વસતિમાં ૧૫૮૧

પુરૂષો અને ૧,૩૯૯ સ્ત્રીઓનો સમાવેશ થાય છે. ગામમાં મુખ્યત્વે પટેલોની વચસ્વી જ્ઞાતિ હોઈ સૌથી વધુ વસતિ તેમની છે. એ સિવાય અનુસૂચિત જાતિની ૧૦.૨૦ ટકા અને અનુસૂચિત જનજાતિની ૨૦.૬૭ ટકાની વસતિ નોંધાયેલી છે. જેમાં રોઠોડીયા હળપતિ જાતિની વસતિ અનુસૂચિત જનજાતિમાં અહીંયાં વસે છે. કુલ વસતિમાં ૪૪.૨૬ ટકા અક્ષરજ્ઞાન નોંધાયેલા હતા. આખીયે વસતિમાં મુખ્ય કામ કરનારા ૪૧.૪૪ ટકા, ૧૦.૪૭ ટકા ખેડૂતો, ૧૬.૦૭ ટકા ખેતમજૂરો અને ૩૮.૫૯ ટકા કામ નહીં કરનાર મહદ્‌અંશે કામ કરનાર ઉપર નભનાર નોંધાવા પામ્યા હતા. સિંચાઈની સુવિધા અને વરસાદની અનિયમિતતાને કારણે ખેડૂતો, ખેતમજૂરોની સ્થિતિ કઠિન જોવા મળે છે. તેનું પ્રમાણ પણ ઓછું જોવા મળ્યું છે. રોજગારીના પ્રશ્નો આને લઈને ગામમાં જોવા મળે છે.

**ત્રાલસી :**

ગામ ત્રાલસી તાલુકા મથક ભરૂચથી ૧૨ કિલોમીટરને અંતરે ઉત્તરમાં આવેલું છે. ગામે જવા માટે ભરૂચ તાલુકા મથકેથી એસ.ટી.બસની તેમજ ભરૂચ-જંબુસર જતા પાકા ડામરના મુખ્ય રસ્તા પરથી ત્રણ કિલોમીટરે આવેલું હોય પગપાળા જઈ શકાય છે. બારેમાસ વાહનવ્યવહારનો પાકો ડામર રોડ હોઈ ગામે જઈ શકાય છે.

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૯૧ની વસતિ ગણતરીએ ૩૬૧-૧૬ હેકટર-ગૂંઠાનો નોંધાયેલો છે. ગામ સપાટ, ઝાડી વિનાના વિસ્તારમાં વસેલું છે. જંગલ વિસ્તાર નોંધાયો નથી. ગામના કુલ ભૌગોલિક વિસ્તારમાંથી ૫૦.૮૨ હેકટર-ગૂંઠા કૂવાની સિંચાઈવાળો, પાતાળ કૂવાથી સિંચાઈ હેઠળ ૨૪.૦૬ હેકટર-ગૂંઠા મળીને ૭૪.૮૮ ટકા સિંચાઈ વિસ્તાર છે. બિનપિયત ૨૫૨.૪૭ હેકટર-ગૂંઠા ખેડાણલાયક પડતર ૬.૭૯ હેકટર-ગૂંઠા અને ખેડાણમાં લઈ ન શકાય તેવી ૨૭.૦૨ હેકટર-ગૂંઠા જમીન નોંધાઈ હતી.

ગામનો રોજબરોજનો ખરીદ-વેચાણનો વ્યવહાર ભરૂચ શહેર સાથે છે. સામાન્ય નાની ચીજવસ્તુઓની ખરીદી ગામની બે ત્રણ દુકાનેથી ગામ લોકો કરે છે. ખેત ઉત્પાદન વેચવાં માટે તેઓ ભરૂચ શહેરને પસંદ કરે છે. સુવિધાઓમાં ગામમાં પ્રાથમિક શાળા, ટપાલ કચેરીની વ્યવસ્થા, પ્રાથમિક આરોગ્ય માટે ખાનગી ડૉક્ટર છે. ગામમાં વિજળીની સુવિધા હોવાથી પાણીની સુવિધા નળ મારફતે થાય છે. ઘંટી ખાનગી ઘરે ચાલે છે. એ સિવાય ગામમાં અન્ય સુવિધાઓનો અભાવ છે.

ત્રાસલી ગામની ૧૯૯૧ની નોંધાયેલી ૬૭૨ની કુલ વસ્તીમાં ૩૫૪ પુરૂષો અને ૩૧૮ સ્ત્રીઓની વસતિ ૧૪૯ કુટુંબોમાં વસે છે. વસવાટી વસતિમાં ગામમાં પટેલોની વસતિ મુખ્યત્વે જોવા મળે છે. એ સિવાય અનુસૂચિત જાતિની ૯.૮૨ ટકાની વસતિ અને અનુસૂચિત જનજાતિની ૪૭.૯૦ ટકાની વસતિ નોંધાઈ છે. કુલ વસતિમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૫૬.૬૯ ટકા નોંધાયેલું હતું. કુલ વસતિમાં ૩૨.૮૯ ટકા મુખ્ય કામ કરનારા અને ૫૯.૦૭ ટકા કામ નહીં કરનારા હતા. જેઓ કામ કરનારાને આધિન જીવન

વિતાવે છે. ૮.૯૨ ટકા ગામમાં ખેડૂતો અને ૧૯.૦૪ ટકા ખેતમજૂરો નોંધાયેલા હતા. એટલે ખેડૂતો કરતાં ખેતમજૂરોની સંખ્યા સવિશેષ જોવા મળી હતી.

**સજોદ :**

સજોદ ગામ તાલુકા મથક અંકલેશ્વરથી ૧૧ કિલોમીટરને અંતરે પશ્ચિમ દિશામાં અંકલેશ્વર-હાંસોટના મુખ્ય ડામર રોડ પર આવેલું છે. બારેમાસ વાહનવ્યવહારથી જોડાયેલું ગામ વસતી સંખ્યાની રીતે મોટું ગામ છે. ગામ અંકલેશ્વર અને હાંસોટ બન્ને નાના શહેરો સાથે રોજબરોજના ખરીદ-વેચાણના તેના વ્યવહારથી જોડાયેલું છે.

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૯૧ની વસતિ ગણતરીએ ૧૬૩૧.૫૫ હેક્ટર-ગૂંઠાનો નોંધાયેલો છે. ગામની આસપાસ જંગલ વિસ્તાર નથી, પણ નર્મદા નદીની આબોહવા હોઈ, ગામમાં નીચાણવાળા વિસ્તારો જોઈ શકાય છે. સરકારી નહેરથી ૧૨૨.૪૭ હેક્ટર-ગૂંઠા અને તળાવ વગેરેથી ૧૦.૩૨ હેક્ટર-ગૂંઠા જમીન વિસ્તાર પિયત નોંધાયેલો છે. બિનપિયત ૭૫૦.૨૦ હેક્ટર-ગૂંઠા, ખેડાણ લાયક પડતર ૩૬.૩૦ હેક્ટર-ગૂંઠા અને ખેડાણમાં ન લઈ શકાય તેવો ૨૧૨.૧૬ હેક્ટર-ગૂંઠા જેટલો મોટો વિસ્તાર નોંધાયેલો છે.

ગામનો રોજબરોજનો સામાન્ય આર્થિક વ્યવહાર મોટું ગામ હોઈ દુકાનો જે ગામમાં છે, ત્યાંથી લોકો કરે છે. એ સિવાય હાંસોટ અને અંકલેશ્વરના બજારો સાથે ખેતીવાડીની ઉત્પાદનની ચીજવસ્તુઓ તેઓ વેચે છે. ગામમાં અન્ય સુવિધાઓમાં ૧ થી ૭ ધોરણ સુધી શાળા, માધ્યમિક શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કુટુંબ કેન્દ્રની આરોગ્યની સુવિધા, ખાનગી ડૉક્ટરના દવાખાના, તારટપાલ, ફેક્સ વગેરે જોવા મળે છે. પાણીની સુવિધામાં નળ, તળાવ, નદી, હેડપંપની સુવિધાઓ છે. બસની બારેમાસ પાકા ડામરના રોડને કારણે સુવિધા મળી રહે છે. વિજળી સુવિધા હોઈ ઘંટી, હલર અને બીજા ઈલેક્ટ્રીક સાધનોના નાના વ્યવસાયો ગામે ઉભા થયેલા છે.

સજોદ ગામની ૧૯૯૧ની વસતિ ગણતરીએ કુલ ૩૮૨૬ની કુલ વસતિમાં ૨૦૩૫ પુરૂષો અને ૧૭૯૧ સ્ત્રીઓ ૭૨૩ જેટલા કુટુંબોમાં વસે છે. ગામની કુલ વસતિમાં ૮.૮૬ ટકા જેટલી અનુસૂચિત જાતિની અને ૩૩.૯૦ ટકા જેટલી અનુસૂચિત જનજાતિની વસતિ વસે છે. કુલ વસતિમાં ૬૧.૫૦ ટકા અક્ષરજ્ઞાન નોંધાયું છે. આ વસતિમાં મુખ્ય કામ કરનારા ૩૭.૬૯ ટકા, ૬.૩૫ ટકા ખેડૂતો અને ૧૭.૪૯ ટકા ખેતમજૂરો નોંધાયેલા છે. ગામની વસતિમાં કામ નહીં કરનારાની ૬૦.૯૮ ટકા જેટલી સંખ્યા જોવા મળે છે. જે કામ કરવાવાળા ઉપર નભનાર તરીકે મોટેભાગે જીવન વિતાવતા જોવા મળે છે. ગામમાં પટેલ, બ્રાહ્મણ, વાણિયા, રાજપૂત, મુસલમાન, હળપતિ-તલાવિયા, હરિજન વગેરે જેવી અનેક વિધ જાતિઓનો વસવાટ છે.

**શેરા :**

શેરા ગામ હાંસોટ તાલુકા મથકથી ૩ કિ.મીટરને અંતરે પૂર્વમાં હાંસોટ-અંકલેશ્વરને જોડતા પાકા ડામર રોડ ઉપર આવેલું છે. શેરા જવા માટે હાંસોટથી એસ.ટી.બસની સુવિધા બારેમાસ મળી રહે છે. એ સિવાય પાકા રસ્તેથી ગામમાં જવા એક કિલોમીટર પગપાળા જઈ શકાય છે.

શેરા ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૯૧ની નોંધાયેલી વસ્તી મુજબ ૭૪૮.૫૧ હેક્ટર-ગૂઠાનો છે. ખેતી હેઠળના વિસ્તારમાંથી સરકારી નહેર દ્વારા ૨૮૨.૯૫ હેક્ટર-ગૂંઠાનો વિસ્તાર સિંચાઈ હેઠળ અને ૩૨૮.૩૩ હેક્ટર-ગૂઠાનો વિસ્તાર બિનપિયતનો છે. ખેડાણ લાયક પડતર વિસ્તાર ૫૯.૯૧ હેક્ટર-ગૂંઠા અને ખેડી ન શકાય તેવો ૭૭.૩૨ હેક્ટર-ગૂંઠાનો વિસ્તાર નોંધાયેલો હતો.

ગામનો આર્થિક-ખરીદ વેચાણનો વ્યવહાર મહદ્અંશે હાંસોટ સાથેનો જોવા મળે, પરંતુ કોઈ કોઈ અંકલેશ્વર પણ લે-વેચ કરતા હોય છે. ગામમાં પ્રાથમિક શાળા ૧ થી ૫ ધોરણની, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કુ.નિયોજન,તાર-ટપાલ અને ફોનની સુવિધા ઉપલબ્ધ છે. પાણી માટે નળ, કૂવા, તળાવ અને નહેરનું પાણી ગામને મળી રહે છે. ગામમાં વિજળીની સુવિધા છેલ્લા ઘણા વર્ષોથી ઉલપબ્ધ છે. કોઈ નવીન સુવિધા ઉભી થઈ નથી.

શેરા ગામની ૧૯૯૧ની જાણવા મળેલી કુલ ૧૨૧૧ની વસતિમાં ૬૧૨ પુરૂષો અને ૫૯૯ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. જેમાં અનુસૂચિત જાતિની ૧.૯૮ ટકાની માત્ર વસ્તી હતી. અનુસૂચિત જનજાતિની ૫૦.૨૯ ટકાની એટલે કે ૫૦ ટકાની વસતી ગામમાં જાણવા મળી હતી. કુલ વસતિમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૫૫.૦૮ ટકાનું જણાવ્યું હતું. કુલ વસતિએ મુખ્ય કામ કરનારા ૩૬.૫૮ ટકા, ખેડૂતો ૬.૨૮ ટકા, ખેતમજૂરો ૨૨.૭૦ ટકા નોંધાયેલા હતા. આખીયે વસતિમાં કામ નહીં કરનારા ૬૩.૪૨ ટકા નોંધાયા હતા. એટલે કામ કરનારા ઉપર નભનારાની સંખ્યા સવિશેષ જાણવા મળી હતી. ખેડૂતો કરતા ખેતમજૂરોની સંખ્યા પણ વધુ જાણવા મળી હતી.

**ફણસવાડા :**

ફણસવાડા ગામ વલસાડ તાલુકાનું વલસાડ શહેર નજીકનું શહેરથી ૧૦ કિલોમીટરને અંતરે આવેલું ગામ છે. પાકા રસ્તાથી વલસાડ,ધરમપુર અને ચીખલી તાલુકા મથકો સાથે જોડાયેલું ગામ છે.

ફણસવાડા ગામ વલસાડ શહેરથી પૂર્વમાં ૧૦ કિ.મીટરને અંતરે, સિંચાઈની સુવિધાઓથી, સારી આર્થિક સમૃધ્ધિ ધરાવતું ગામ છે. ગામની કુલ ૩૩૧.૪૯ હેક્ટર-ગૂંઠા જમીનમાં ૪૬.૦૦ હેક્ટરનો વિસ્તાર કુલ સિંચાઈ હેઠળ આવરેલો છે. જેમાં ૧૨.૦૨ હેક્ટર-ગૂઠાનો વિસ્તાર સરકારી નહેર, નદી દ્વારા ૯.૯૯ હેક્ટર-ગૂંઠાનો વિસ્તાર, કૂવા-અન્ય સિંચાઈ હેઠળ ૨૪.૦૦ હેક્ટર-ગૂઠા જમીન વિસ્તાર છે. ખેતી હેઠળનો બિનસિંચીત ૨૫૮.૪૪ હેક્ટર-ગૂંઠાનો જમીન વિસ્તાર, ખેડાણ લાયક પડતર ૧૬.૫૫ હેક્ટર-ગૂંઠાનો જમીન વિસ્તાર અને ૧૦.૪૯હેક્ટર-ગૂંઠાનો ખરાબાનો જમીન વિસ્તાર નોંધાયેલો હતો.

ગામના લોકો રોજબરોજની જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ મહદ્અંશે નજીકમાં આવેલા વલસાડ શહેરથી કરતા જાણવા મળે છે. ગામમાં શિક્ષણ માટે પ્રાથમિકથી માંડીને ધોરણ-૧૨ સુધીની હાઈસ્કૂલની સુવિધા છે. એ સિવાયના શિક્ષણ માટે કૉલેજ વગેરે વલસાડ જિલ્લા મથકે સગવડતા છે. ઉપરાંત આરોગ્યની સુવિધાઓમાં મેટનરી હોમ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરેની સુવિધા ઉપલબ્ધ છે. પાણીની સુવિધા માટે કૂવા, હેડપંપ, સરકારી કેનાલ વગેરે છે. ગામમાં પોસ્ટ, ટેલીફોન, વિજળી વગેરે ઉપલબ્ધ છે.

ગામની ૧૯૯૧ની કુલ ૧૧૪૭ની વસતિમાં ૫૮૮ પુરૂષો અને ૫૫૯ સ્ત્રીઓની વસતિ નોંધાઈ હતી. કુલ વસતિમાંથી અનુસૂચિજાતિની ૫.૨૩ ટકા વસતિ અને અનુસૂચિત જનજાતિની ૪૦.૭૧ ટકાની વસતિ નોંધાઈ હતી. સમગ્ર વસતિમાંથી ૫૯.૫૫ ટકા અક્ષરજ્ઞાન ધરાવનારાની સંખ્યા હતી. કામ કરનારાની ૪૬.૮૨ ટકાની વસતિ નોંધાઈ હતી. જેમાં ખેડૂતો માત્ર ૧૬.૫૬ ટકા અને ખેતમજૂરો ૨૧.૮૦ ટકા કુલ વસતિમાં નોંધાયેલા હતા.

**ધરમપુર:**

ધરમપુર તાલુકા મથક વલસાડ જિલ્લા મથકેથી ૨૯ કિલોમીટરને અંતરે આવેલું આદિવાસી વસતિ ધરાવતું, વલસાડ-નાસિક અને વાંસદા સાથે પાકા ડામરના રસ્તાથી જોડાયેલું અગત્યનું સ્થળ છે. પછાત તાલુકાનું સ્થળ હોય ધરમપુર તાલુકાના લોકો માટે મહત્વનું રોજબરોજની ચીજવસ્તુ તેમજ વ્યવહાર માટે જરૂરી સ્થળ બની રહ્યું છે. પાકા રસ્તાઓથી અનેક ગામો સાથે જોડાવાથી તેમજ અગત્યની કચેરીઓ, શિક્ષણની સુવિધાઓને લઈને પણ સ્થળનો વિકાસ દિનપ્રતિદિન થવા પામ્યો છે. ધરમપુરમાં આરોગ્ય વિષયક સુવિધાઓ, તેમજ બજારની સુવિધાઓ વધવાથી સ્થળની અગત્યતા રહેવા પામી છે. પોસ્ટ, ટેલીફોન વગેરેથી સ્થળ સજ્જ છે. આજુબાજુ બીજુ કોઈ વિકસીત સ્થળ વલસાડ સિવાય ન હોય, ધરમપુર વિશેષ ઉપયોગી લોકો માટે છે.

ધરમપુરનો ગામતળ હેઠળનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૫૫૦.૯૪ હેકટર-ગૂંઠાનો ૧૯૯૧ની ગણતરી મુજબ નોંધાયેલો છે. જેમાં જુદા જુદા વપરાશ હેઠળમાં, ખેતી હેઠળનો સિંચિત વિસ્તાર ૪૫.૫૧ હેકટર-ગૂંઠા, બિનસિંચિત ખેતી હેઠળ ૧૧૬૩.૩૬ હેકટર-ગૂંઠા, ૧૪.૬૪ હેકટર-ગૂંઠા ખરાબાની જમીનનો વિસ્તાર અને બિનખેતી હેઠળ ૩૨૭.૪૩ હેકટર-ગૂંઠાનો નોંધાયેલો છે.

ગામની ૧૯૯૧ની વસતિ ગણતરીએ કુલ ૧૬૫૮૮ની વસતિ નોંધાઈ હતી. જેમાં ૮૫૫૩ પુરૂષો અને ૮૦૩૫ સ્ત્રીઓ નોંધાઈ હતી. આ સમગ્ર વસતિમાં અનુસુચિત જાતિની વસતિ ૨.૩૯ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૫૧.૦૭ ટકાની નોંધાઈ હતી. કુલ વસતિમાં અક્ષરજ્ઞાન પામેલા ૬૧.૨૯ ટકા નોંધાયેલા હતા. કુલ કામ કરનારા ૩૪.૧૦ ટકા હતા. જેમાં ખેડૂતો માત્ર ૬.૧૯ ટકા અને ખેતમજૂરો ૭.૬૯ ટકા નોંધાયેલા હતા.

**સેંગવા :**

સેંગવા ગામ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાનું વલસાડ શહેરથી ૧૦ કિલોમીટરને અંતરે આવેલું નજીકનું ગામ છે. ગામ પાકા રસ્તાથી ધરમપુર-વલસાડ સાથે જોડાયેલું છે. સારી સિંચાઈ અને જમીન હોવાને કારણે આર્થિક રીતે સમૃધ્ધ ગામ છે.

સેંગવા ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૨૪૭.૧૧ હેકટર-ગૂંઠાના ગામતળ સાથે નોંધાયેલો છે. કુલ જમીન વિસ્તારમાંથી ૫૭.૫૯ હેકટર ગૂંઠા જેટલો ખેતી હેઠળનો સિંચિત વિસ્તાર, જયારે ૧૫૬.૩૫ હેકટર ગૂંઠા જેટલો ખેતી હેઠળનો બિનસિંચિત વિસ્તાર ગામ ધરાવે છે. ખરાબો-ગૌચર હેઠળનો વિસ્તાર ૨૬.૬૦ હેકટર-ગૂંઠા અને બિનખેતી હેઠળનો જમીન વિસ્તાર ૦.૪૮ ગૂંઠા અને ૬.૦૨ હેકટર-ગૂંઠાનો વિસ્તાર જંગલ હેઠળ નોંધાયેલો ૧૯૯૧ની ગણતરી મુજબ છે.

ગામમાં વસતા લોકો પોતાની જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ માટે વલસાડ નજીકનું શહેર હોઈ ત્યાંથી ખરીદે છે. ગામમાં ૧ થી ૭ ધોરણ સુધીની પ્રાથમિક શાળાની શિક્ષણની સુવિધા છે. આગળના શિક્ષણ માટે ફણસવાડા તેમજ વલસાડ સારી સુવિધા ધરાવતા સ્થળો છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ ખાનગી ડૉકટરની આરોગ્ય સુવિધાઓ છે. પાણી માટે કૂવા, નહેર, હેન્ડપંપ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. ગામમાં પોસ્ટ, ટેલીફોનની સુવિધા તેમજ વિજળી છે.

ગામની ૧૯૯૧ની કુલ ૧૨૬૬ની વસતિમાં ૬૩૨ પુરૂષો અને ૬૩૪ સ્ત્રીઓ નોંધાઈ હતી. કુલ વસતિમાં અનુસુચિત જાતિની ૩.૩૨ ટકા અને અનુસૂચિત જનજાતિની ૭૨.૭૫ ટકાની વસતિ નોંધાઈ હતી. સમગ્ર વસતિમાંથી ૬૧.૭૭ ટકા અક્ષરજ્ઞાન ધરાવનારી સંખ્યા હતી. કામ કરનારાની ૪૬.૨૯ ટકાની વસતિ નોંધાવા પામી હતી. જેમાં ખેડૂતો માત્ર ૧૮.૨૫ ટકા હતા. ખેતમજૂરો ૧૭.૮૫ ટકા કુલ વસતિમાં નોંધાયા હતા.

**ધેજ :**

ધેજ ગામ ચીખલી તાલુકા મથકેથી ૯ કિલોમીટરને અંતરે પાકા ડામર રસ્તાથી જોડાયેલું ગામ છે. ગામનો જમીન વિસ્તાર, તેમજ પાકો સારા હોઈ આર્થિક રીતે સમૃધ્ધ છે. રોજબરોજની ચીજવસ્તુઓ લેવા, વેચવા માટે ચીખલી સાથે જોડાયેલું છે. સારી સિંચાઈની સુવિધા અને રસ્તાઓને કારણે સારો માહોલ ગામનો જોવા મળે છે.

ગામમાં પ્રાથમિક, માધ્યમિક શાળા હોઈ સારી શિક્ષણની સુવિધા પ્રાપ્ય છે. એ સિવાય આરોગ્ય વિષયક સુવિધાઓમાં, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રહેઠાણ સાથેની આરોગ્ય સુવિધા, પ્રાઈવેટ પ્રેકટીશ કરતા બે દવાખાના છે. પોસ્ટ, ટેલિફોન, વિજળી વગેરેથી જોડાયેલું હોય સંદેશાવ્યવહાર પણ સારો થઈ શકે છે. પીવા-વાપરવાના પાણી માટે કૂવા, હેન્ડપંપ, સરકારી નહેર ઉપરાંત નદી હોઈ સરસ સુવિધા પ્રાપ્તી થાય છે.

ધેજ ગામનો ગામતળ સહિત કુલ ભૌગોલિક વિસ્તાર ૧૬૭૧-૬૭ હેકટર-ગૂંઠાનો ૧૯૯૧ની વસતિ ગણતરીએ નોંધાયેલો છે. જેમાં ૯૪.૭૯ હેકટર-ગૂંઠા સિંચાઈ હેઠળનો ખેતી વિસ્તાર, ૪૨૫.૯૪ હેકટર-ગૂંઠાનો બિનપિયત ખેતી વિસ્તાર નોંધાયો છે. ૯૩.૬૫ હેકટર-ગૂંઠા ખરાબાની જમીન અને બિનખેતી લાયક ૫૭.૨૮ હેકટર-ગૂંઠાની જમીન પણ તેમાં નોંધાઈ છે.

ગામની ૧૯૯૧ની વસતિ ગણતરીએ ૭૬૭૯ ની કુલ વસતિ નોંધાઈ હતી. જેમાં ૩૮૨૯ પુરૂષો અને ૩૮૫૦ સ્ત્રીઓ નોંધાઈ હતી. કુલ વસતિમાં અનુસૂચિત જાતિ ૧.૬૧ ટકા અને અનુસૂચિત જનજાતિ ૬૨.૬૦ ટકા નોંધાઈ હતી. કુલ વસતિમાં અક્ષરજ્ઞાન પામેલા ૫૬.૬૧ ટકા નોંધાયેલા મળ્યા હતા. આ વસતિમાં કામકરનારાની ટકાવારી ૪૧.૯૫ ટકાની હતી. જેમાં ખેડૂતો માત્ર ૨૧.૮૯ ટકા અને ખેતમજૂરો ૧૧.૮૪ ટકા નોંધાયેલા હતા.

**મરોલી :**

મરોલી ગામ નવસારી જિલ્લાનું, નવસારી શહેરથી ૧૫ કિલોમીટરને અંતરે, પાકા ડામર રોડથી જોડાયેલું, તેમજ મુંબઈ સુરત રેલ્વે લાઈન ઉપર આવેલું રેલ્વે સ્ટેશન પણ છે. તાલુકા મથક જલાલપોરથી ૧૦ કિલોમીટરને અંતરે આવેલું મોટું ગામ છે. પાકા રોડ, રેલ્વે ઉપરાંત સારા વાહન વ્યવહારની સુવિધાને લઈને સારો આર્થિક વિકાસ ધરાવે છે. રોજબરોજનો વ્યવહાર નવસારી નજીક હોઈ ત્યાંથી થતો જોવા મળે છે. ગામમાં પ્રાથમિક શિક્ષણ તેમજ માધ્યમિક, ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ છે. કૉલેજના શિક્ષણ માટે નવસારી નજીક હોય સરળતાથી મેળવી શકાય છે. ઉપરાંત આરોગ્ય સુવિધાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, મેટનરી નર્સિંગ હોમ અને ખાનગી ડૉક્ટરોના દવાખાનાની સુવિધાઓ ઉપલબ્ધ છે. ગામે ટેલીફોન, પોસ્ટ, બેંક વગેરે સુવિધા છે.

સમગ્ર મરોલી ગામ ૬૫૮.૩૦ હેકટર-ગૂંઠા જમીનના વિસ્તારમાં વસેલું છે. કુલ જમીન વિસ્તારમાંથી ૫૫.૨૯ હેકટર-ગૂંઠા જમીન વિસ્તાર સિંચાઈ હેઠળનો ખેતી વિસ્તાર છે. તેમજ ૫૬૧.૨૧ હેકટર-ગૂંઠાનો જમીન વિસ્તાર બિનપિયત ખેતીનો વિસ્તાર છે. જેમાં ૪.૨૭ હેકટર-ગૂંઠાનો ખરાબો અને ૩૭.૫૩ હેકટર-ગૂંઠા બિનખેતી લાયકનો જમીન વિસ્તાર ૯૯૧ની ગણતરીએ નોંધાયેલો હતો.

ગામની ૧૯૯૧ની કુલ ૨,૫૦૮ની વસતિમાં ૧,૨૭૮ પુરૂષો અને ૧,૨૩૦ સ્ત્રીઓ નોંધાઈ હતી. કુલ વસતિમાં અનુસૂચિત જાતિ વસતિ ૪.૫૮ ટકા અને અનુસૂચિત જનજાતિની ૨૭.૭૯ ટકાની વસતિ નોંધાઈ હતી. કુલ વસતિમાં અક્ષરજ્ઞાન ધરાવનારા ૬૬.૩૧ ટકા નોંધાયા હતા. કામકરનારાઓમાં ૪૩.૩૪ ટકા હતા. ૬.૯૪ ટકા જેટલા ખેડૂતો અને ૨૧.૬૯ ટકા જેટલા ખેતમજૂરો નોંધાયા હતા.

## પ્રકરણ - ૩

## વિસ્તાર, વસ્તી અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

ભારતની આશરે પાંચસો જેટલી આદિવાસી જાતિઓમાંથી હળપત-તલાવિયા જાતિની વસ્તી મુખ્યત્વે ગુજરાતમાં અને અલ્પ સંખ્યામાં મહારાષ્ટ્રમાં અને દાદરાનગર હવેલીમાં વસેલી જોવા મળે છે. ભારતની કુલ આદિવાસી વસ્તીની સરખામણીમાં ૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૩,૩૪,૧૮૪ જેટલી એટલે ૧.૧૧ ટકા અને ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૪,૦૮,૨૨૪ જેટલી એટલે કે ૧.૦૭ ટકા થાય. ભારતમાં આ જાતિની ૧૯૬૧ અને ૧૯૭૧ની ગણતરી પ્રમાણે રાજ્યવાર વસ્તી નીચે પ્રમાણે છે.

કોઠા નં.૩.૧

હળપતિ-તલાવિયા જાતિની ભારતમાં રાજ્યવાર વસ્તી

| ક્રમ | રાજ્ય | ૧૯૬૧ | ટકા | ૧૯૭૧ | ટકા |
|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત | ૩,૨૩,૬૪૪ | ૯૬.૮૫ | ૩,૮૮,૫૮૯ | ૯૫.૧૯ |
| ૨. | મહારાષ્ટ્ર | ૧૩,૬૩૦ | ૪.૦૬ | ૧૨,૪૭૪ | ૩.૦૫ |
| ૩ | દાદરાનગરહવેલી | ૧૦૯૪ | ૦.૦૮ | ૭૧૬૧ | ૦૧.૭૬ |
| | | ૩,૩૪,૧૮૪ | ૧૦૦.૦૦ | ૪,૦૮,૨૨૪ | ૧૦૦.૦૦ |

ઉપરના કોઠા પરથી જોતાં ખ્યાલ આવે છે કે દેશની કુલ હળપતિ-તલાવિયા વસ્તીમાંથી ૧૯૬૧ પ્રમાણે ૯૬.૮૫ ટકા અને ૧૯૭૧ પ્રમાણે ૯૫.૧૯ ટકા વસ્તી એકલા ગુજરાતમાં છે એટલે હળપતિ-તલાવિયા વિસ્તાર ગુજરાત રાજ્ય છે. ભારતમાં ૧૯૩૧થી ૧૯૭૧ સુધીની હળપતિ જાતિની વસ્તી નીચે મુજબ છે.

કોઠા નં.૩.૧

ભારતમાં હળપતિ-તલાવિયાઓની વસ્તી વર્ષવાર

| ક્રમ | વર્ષ | વસતિ | વૃદ્ધિ દર |
|---|---|---|---|
| ૧ | ૧૯૩૧ | ૨,૦૯,૭૮૭ | - |
| ૨ | ૧૯૪૧ | ૨,૦૦,૯૮૮ | ૪.૧૯ |
| ૩ | ૧૯૬૧ | ૩,૩૪,૧૮૪ | ૬૬.૨૭ |
| ૪ | ૧૯૭૧ | ૪,૦૮,૨૨૪ | ૨૨.૧૫ |

ગુજરાતમાં આ જાતિનો કોઠા નં.૩.૧નો ઉલ્લેખ છેક મુંબઈ રાજયના વખતથી જોવા મળે છે. આ જાતિના વસતિના આંકડા મુંબઈ રાજયમાં ૧૯૫૧માં થાણા જીલ્લાના વિસ્તારો (ભીંવડી, દહાણું, પાલઘર, થાણા, ઉંમરગામ) અને બૃહદ ગુજરાત સહિત ૨,૦૨,૨૧૮ની વસતિ પ્રાપ્ત છે. આમ ૧૯૫૧ને

**બાદ કરતાં ૧૯૬૧ થી ૧૯૭૧ના ગુજરાતના આંકડાઓ પ્રાપ્ત છે અને ૨૦૦૧ના અંદાજિત આંકડાઓ જે છે તે નીચે પ્રમાણે છે.**

કોઠા નં. ૩.૩

**હળપતિ (તલાવિયા) મુંબઈના વિસ્તાર સહિત અને ૧૯૬૧ પછી ગુજરાત રાજયની વર્ષવાર વસતિ અને વૃદ્ધિદર**

| ક્રમ | વર્ષ | વસતિ | વૃદ્ધિ દર |
|---|---|---|---|
| ૧ | ૧૯૫૧ | ૨,૦૨,૨૧૮ | - |
| ૨ | ૧૯૬૧ | ૩,૨૩,૬૪૪ | ૬૦.૬૪ |
| ૩ | ૧૯૭૧ | ૩,૮૮,૫૮૯ | ૨૦.૦૭ |
| ૪ | ૧૯૮૧ | ૪,૬૯,૮૫૫ | ૨૦.૯૧ |
| ૫ | ૧૯૯૧ | ૫,૪૬,૫૬૭ | ૧૬.૩૩ |
| ૬ | ૨૦૦૧ | ૭,૫૪,૮૩૨૨ | ૩૮.૧૦ (અંદાજિત) |

મુંબઈ રાજયના અને ગુજરાત રાજયના વિસ્તારો ૧૯૫૧માં અને પાછળથી ૧૯૬૧માં અલગ થયેલા ગુજરાત રાજયમાં આ જાતિની વસતિનાં આંકડાઓ વિશે વિચારીએ તો ૧૯૫૧ થી ૧૯૬૧ ના દાયકાનો વસતિ વૃદ્ધિ દર સૌથી વિશેષ નોંધાયેલો જોવા મળે છે. કારણ કે ૧૯૬૦ પછી અલગ ગુજરાત રાજય પડયા પછી સમગ્ર ગુજરાતના આ જાતિની વસતિના આંકડા સંભવ છે. વધુ ગણતરીમાં લેવાયા હોય અને ૧૯૫૧નો વસતિ આંકડા મર્યાદિત વિસ્તાર પૂરતો હોય ૧૯૬૧, ૧૯૭૧ વસતિ વૃદ્ધિ દર ૨૦ ટકાની આસપાસ નોંધાયો છે. જ્યારે ૧૯૬૧માં ૧૬.૩૩ ટકાનો એટલે કે ઘટવા પામેલો જોવા મળે છે. જ્યારે ૨૦૦૧માં અંદાજિત જોવા જઈએ તો ૩૩.૧૦ ટકાનો વૃદ્ધિ દર પાછળના દાયકાઓ કરતાં વિશેષ નોંધાયો તેમ જોવા મળે છે. આમ આ જાતિના વસતિ વૃદ્ધિ દરમાં વધારો કે ઘટાડાની સ્થિતિ જોવા મળે છે. તેમની વસતિ સંખ્યાની રીતે જોઈએ તો ભીલોની વસતિ સંખ્યા પછી તેમની તેમની વસતિ સૌથી વિશેષ નોંધાયેલી છે.

કોઠા નં.૩.૪

**ગુજરાતની કુલ આદિવાસી વસતિમાં વર્ષવાર હળપતિ-તલાવિયા જાતિની વસતિની ટકાવારી**

| ક્રમ | વર્ષ | વસતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧૯૫૧ | ૨,૦૨,૨૧૮ | ૭.૫ |
| ૨ | ૧૯૬૧ | ૩,૨૩,૨૪૪ | ૧૨.૧૧ |
| ૩ | ૧૯૭૧ | ૩,૮૮,૫૮૯ | ૧૦.૪૧ |
| ૪ | ૧૯૮૧ | ૪,૬૯,૮૫૫ | ૯.૬૯ |
| ૫ | ૧૯૯૧ | ૫,૪૬,૫૬૭ | ૮.૮૭ |
| ૬ | ૨૦૦૧ | ૭,૫૪,૮૩૨ | ૯.૯૫ (અંદાજિત) |

૧૯૫૧ ગણતરી પ્રમાણે હળપતિ- તલાવિયા જાતિની વસતિ મુંબઈ રાજયના થાણા જિલ્લાના વિસ્તારો અને ગુજરાતના સુરત, ભરૂચના વિસ્તાર મુજબ ૭.૫ ટકા નોંધાયેલી હતી. તે પછી ૧૯૬૧થી અલગ ગુજરાત રાજયના વિસ્તારોમાં ગુજરાતની કુલ આદિવાસી વસતિમાં તેમની વસતિ તેમની વસતિ ૧૨.૧૧ ટકા નોંધાયેલી હતી. જે ૧૯૭૧માં ૧૦.૪૧ ટકા, ૧૯૮૧ની ગણતરીમાં ૯.૬૯ ટકા અને ૧૯૯૧ની ગણતરીમાં ૮.૮૭ નોંધાઈ હતી. સતત ત્રણ દાયકામાં જાતિની વસતિ ઘટાડા સાથે નોંધાયેલી હતી. હવે ૨૦૦૧ની અંદાજિત ગણતરીએ તેમની વસ્તી ૯.૯૫ ટકા રાજ્યની કુલ આદિવાસી સંખ્યા-ની રીતે થવા અંદાજ છે.

હળપતિ-તલાવિયા જાતિમાં આગળ જોયું તેમ ૧૯૫૧ થી ૧૯૬૧ દરમ્યાન વસ્તી વૃદ્ધિ દરમાં ૬૦.૦૪ ટકા જેટલો ખાસ્સો એવો વધારો નોંધાયો હતો. શક્ય છે કે આ જાતિની વસ્તીમાં અન્ય જાતિનો સમાવેશ થયો હોય અથવા ૧૯૫૧ની વસતિ સંખ્યાની ગણતરી થોડા વિસ્તારની હોય કારણ કે તે પછી ૧૯૬૧ થી ૧૯૯૧ દરમ્યાન તેમની વસ્તીમાં વૃદ્ધિ દર જોઈએ તો ખાસ વધવા પામ્યો નથી. માત્ર ૨૦૦૧નો અંદાજિત વસ્તી વૃદ્ધિ વધવાની શક્યતા દર્શાવેલ છે. જે ૨૦૦૧ની હળપતિ-તલાવિયા જાતિની અંદાજિત ૭,૫૪,,૮૩૨ની વસ્તી સંખ્યાએ ૩૮.૧૦ ટકાનો વસ્તી વૃદ્ધિ દર હશે.

**કોઠા નં.૩.૫**

**વસતિ વૃદ્ધિ દર ૧૯૬૧ થી ૧૯૯૧**

| ક્રમ | વિગત | ૧૯૬૧થી ૧૯૭૧ | ૧૯૭૧થી ૧૯૮૧ | ૧૯૮૧થી ૧૯૯૧ |
|---|---|---|---|---|
| ૧ | ગુજરાતની કુલ વસતિનો | ૨૯.૩૯ | ૨૭.૬૭ | ૨૧.૧૯ |
| ૨ | સુરત જિલ્લાની કુલ વસતિનો | ૩૬.૦૧ | ૩૯.૫૨ | ૩૬.૨૯ |
| ૩ | વલસાડ જિલ્લાની કુલ વસતિનો | સુ.વ.ભેગો | ૨૪.૧૭ | ૨૨.૫૨ |
| ૪ | ભરૂચ જિલ્લાની કુલ વસતિનો | ૨૪.૪૦ | ૧૬.૮૪ | ૧૯.૨૬ |
| ૫ | વડોદરા જિલ્લાની કુલ વસતિનો | ૨૯.૬૪ | ૨૭.૬૮ | ૨૨.૨૧ |
| ૬ | ગુજરાતની કુલ આદિ.જાતિ | ૩૫.૫૭ | ૨૯.૮૩ | ૨૭.૦૭ |
| ૭ | સુરત જિલ્લાની કુલ આદિ.વસતિ | ૩૦.૯૩ | ૩૫.૨૪ | ૧૮.૦૦ |
| ૮ | વલસાડ જિલ્લાની આદિ.જાતિ | " | ૨૪.૭૭ | ૨૧.૯૮ |
| ૯ | ભરૂચ જિલ્લાની કુલ આદિ વસતિનો | ૩૧.૨૫ | ૧૮.૫૯ | ૨૧.૨૦ |
| ૧૦ | વડોદરા જિલ્લાની કુલ આદિ.વસતિનો | ૪૪.૨૪ | ૩૭.૦૪ | ૨૬.૭૩ |
| ૧૧ | હળપતિ-તલાવિયા જાતિનો | ૨૦.૦૭ | ૨૦.૯૧ | ૧૬.૬૩ |

એ જ રીતે હળપતિ-તલાવિયા વસ્તી વૃદ્ધિ દર સાથે ૧૯૬૧ થી ૧૯૯૧ સુધીમાં ગુજરાત રાજ્યની વસ્તીનો, અને અભ્યાસ માટે આવરેલા સુરત, વલસાડ, ભરૂચ, વડોદરા જિલ્લાઓની કુલ વસ્તીનો અને તે જિલ્લાઓની કુલ આદિવાસી વસતિનો વસ્તી વૃદ્ધિ દર સતત ત્રણ દાયકાઓમાં જે જોવા મળ્યો હતો તે જોઈએ તો હળપતિ-તલાવિયા જાતિનો વસ્તી વૃદ્ધિ દર ૧૯૬૧થી ૧૯૯૧ સુધીમાં


ગુજરાતની કુલ આદિવાસી વસ્તીના વસતિ વૃદ્ધિ દર કરતાં પણ ખૂબ ઘટેલો જોવા મળે છે. જે વસ્તી વૃદ્ધિ દરનો કોઠા ૩.૫ જોતાં વિગતે ખ્યાલ આવશે.

ગુજરાતની ૧૯૯૧ની વસ્તી ગણતરી અહેવાલ મુજબ ૪ કરોડ ૧૩ લાખની વસ્તીમાં ૬૧,૬૧,૭૭૫ લાખ જેટલી એટલે કે ૧૪.૯૨ ટકા વસ્તી આદિવાસી જાતિઓની છે. તેમાં મુખ્યત્વે ભીલ, હળપતિ, ધોડિયા, ગામીત, રાઠવા, ચોધરી, ધાનકા, કુંકણા, વારલી, કોટવાડિયા, વસાવા, કોલચા, નાયક-નાયકડા, પટેલીયા, કાથોડી વગેરે જેટલી આદિવાસી જાતિઓનો સમાવેશ થાય છે. ગુજરાતની કુલ આદિવાસી વસ્તીમાંથી હળપતિ-તલાવિયા જાતિની ૫,૪૬,૫૬૭ એટલે કે ૮.૮૭ ટકા જેટલી છે. ગુજરાતની અન્ય આદિવાસીઓની વસતિની સરખામણીમાં આ જાતિનો વિચાર કરીએ તો ૧૯૬૧ થી ૧૯૭૧, ૧૯૮૧ અને ૧૯૯૧માં વસ્તી સંખ્યામાં ભીલ જાતિ પછી બીજો ક્રમે જોવા મળે છે. આ જાતિ વસ્તી વધારાની દૃષ્ટિએ છેલ્લા ત્રણ દાયકાઓમાં સારી એવી વસ્તી ધરાવે છે. પણ પ્રમાણની રીતે જોઈએ તો તેમની વસ્તી વધવાના પ્રમાણમાં વૃદ્ધિ દરમાં ઘટાડો નોંધાયેલો જોઈ શકાય છે.

### કોઠા નં.૩.૬

### ૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧ની અને ૧૯૯૧ વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં જિલ્લાવાર (હળપતિ) જાતિની વસતિ

| ક્રમ | વિસ્તાર | ૧૯૬૧ | ટકા | ૧૯૭૧ | ટકા | ૧૯૮૧ | ટકા | ૧૯૯૧ | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત | ૨૬૭૪૧૩ | ૮૨.૬૩ | ૧૭૯૧૧૨ | ૪૬.૦૯ | ૨૧૩૭૦૬ | ૪૫.૪૮ | ૨૪૪૪૪૭ | ૪૪.૭૨ |
| ૨ | વલસાડ | - | - | ૧૫૩૪૭૯ | ૩૯.૫૦ | ૧૮૮૦૧૭ | ૪૦.૦૨ | ૨૨૪૬૪૮ | ૪૧.૧૦ |
| ૩ | ડાંગ | ૧૩૪ | ૦.૦૪ | ૧૫૩ | ૦.૦૪ | ૧૭૯ | ૦.૦૪ | ૧૬૧ | ૦.૦૩ |
| ૪ | ભરૂચ | ૩૩૭૧૬ | ૧૦.૪૨ | ૪૦૬૮૦ | ૧૦.૪૭ | ૪૫૬૭૧ | ૯.૭૨ | ૫૬૦૯૮ | ૧૦.૨૬ |
| ૫ | વડોદરા | ૨૦૮૬૧ | ૬.૪૫ | ૧૪૧૩૨ | ૩.૬૪ | ૧૯૭૯૨ | ૪.૨૧ | ૧૯૬૫૯ | ૩.૬૦ |
| ૬ | પંચમહાલ | ૩૪૧ | ૦.૧૦ | ૨૦૧ | ૦.૦૫ | ૩૪૦ | ૦.૦૭ | ૩૩૦ | ૦.૦૬ |
| ૭ | સાબરકાંઠા | ૨૫૪ | ૦.૦૮ | ૩૨૦ | ૦.૦૮ | ૨૩૫ | ૦.૦૫ | ૧૧૬ | ૦.૦૨ |
| ૮ | બનાસકાંઠા | - | - | - | - | ૩ | - | ૪ | - |
| ૯ | ખેડા | ૭૧૮ | ૦.૨૨ | ૩૮૩ | ૦.૧૦ | ૯૯૨ | ૦.૨૧ | ૪૭૫ | ૦.૦૯ |
| ૧૦ | ગાંધીનગર | - | - | ૧૩ | - | ૪૨ | ૦.૦૧ | ૧૦૫ | ૦.૦૨ |
| ૧૧ | અમરેલી | - | - | - | - | - | - | ૭ | - |
| ૧૨ | સુરેન્દ્રનગર | - | - | - | - | - | -૧૮ | - | |
| ૧૩ | જામનગર | - | - | - | - | ૪ | - | ૩ | - |
| ૧૪ | જૂનાગઢ | - | - | - | - | - | - | ૯ | - |
| ૧૫ | કચ્છ | - | - | - | - | ૨૦ | - | ૪૫ | ૦.૦૧ |
| ૧૬ | અમદાવાદ | ૨૦૭ | ૦.૦૬ | ૧૦૬ | - | ૭૭૧ | ૦.૧૬ | ૪૧૬ | ૦.૦૮ |
| ૧૭ | મહેસાણા | - | - | ૧૦ | - | ૪ | - | ૧૦ | - |
| ૧૮ | ભાવનગર | - | - | - | - | ૭૮ | ૦.૦૧ | ૯ | - |
| ૧૯ | રાજકોટ | - | - | - | - | - | - | ૭ | - |
| ૨૦ | કુલ | ૩૨૩૬૪૪ | ૧૦૦.૦૦ | ૩૮૮૫૮૯ | ૧૦૦.૦૦ | ૪૬૯.૮૫૫ | ૧૦૦.૦૦ | ૫૪૬૫૬૭ | ૧૦૦.૦૦ |
| | વસતિ વૃદ્ધિ | | | ૨૦.૦૬ | | ૨૦.૯૧ | | ૧૬.૩૩ | |




૧૯૯૨
કુલ વસતિ - ૨૪૬૨૯૭
વસતિ વૃદ્ધિ - ૧૬.૩૩
ગુજરાતમાં જિલ્લાવાર
અનુસૂચિત જાતિ વસતિ ટકામાં કૌંસમાં.

ગુજરાતમાં હળપતિ-તલાવિયાઓની વસ્તીનો મોટો સમૂદાય દક્ષિણ ગુજરાતમાં વસેલો જોવા મળે છે. તેમાંયે સુરત, વલસાડ જિલ્લાઓમાં અને થોડા સમય પહેલાં નવા અલગ પડેલા નવસારી જિલ્લામાં તેમની વસ્તી સવિશેષ વસવાટ કરે છે. એ સિવાય ભરૂચ, વડોદરા જિલ્લાઓ ઉપરાંત અન્ય જિલ્લાઓમાં ઓછા માત્રામાં પથરાયેલી જોવા મળે છે. એટલે ગુજરાતમાં સુરત, વલસાડ અને નવસારી જિલ્લાઓમા જ આ જાતિનો મુખ્ય વિસ્તાર ગણાવી શકાય.

આવરેલા ચારેય જિલ્લાઓમાં હળપતિ-તલાવિયા જાતિની વસ્તી સાથે ઓછી-વતી વસ્તી સંખ્યા ધરાવતી ૨૦ જેટલી આદિવાસી જાતિઓની સંખ્યા જોવા મળે છે. જેમાં સુરત જિલ્લામાં હળપતિ-તલાવિયા જાતિ સાથે ચાર જાતિઓ બાદ કરતાં વધુ વસતિ સંખ્યા ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે ધરાવતી જાણવા મળી છે. પાંચ જાતિઓ ૧૦ હજાર કરતા વધુ વસ્તી સંખ્યા ધરાવતી જોવા મળે છે. વધુ વસતિ સંખ્યા ધરાવતી હળપતિ, ચોધરી, ભીલ, ગામીત, ધોડિયા, કૂકણા, નાયક,નાયકડા, ધાનકા, કોટવાડિયા છે.

વલસાડ જિલ્લામાં હળપતિ-તલાવિયા.સાથે ધોડિયા, કૂકણા, વારલી સહિત ચાર જાતિઓની વસતિ સંખ્યા લાખ કરતાં વધુ વસતિ સંખ્યા ધરાવતી જાણવા મળી છે. ૧૯૯૧ની વસતિ ગણતરી પ્રમાણે છે. બે જાતિઓ દસ હજારની આસપાસની વસતિ ધરાવે છે. બાકીની ૧૫ જાતિઓ ઓછી વસતિ ધરાવે છે.

ભરૂચ જિલ્લામાં હળપતિ-તલાવિયા સાથે સૌથી વધુ વસતિ સંખ્યા ધરાવતી જાણવા મળી છે. માત્ર હળપતિ અને ધાનકાઓની વસતિ સખ્યા ૫૦ હજાર કરતાં વિશેષ ૧૯૯૧ની ગણતરી પ્રમાણે જાણવા મળી છે. બાકીની ૧૭ જેટલી જાતિઓ વસતિ સંખ્યાની રીતે ખૂબ ઓછી વસતિ ધરાવતી જાણવા મળી હતી.

વડોદરા જિલ્લામાં હળપતિ-તલાવિયા કરતાં ભીલ, ધાનકા-તડવી અને રાઠવા જાતિની વસતિ લાખ કરતાં વધુ વસતિ સંખ્યામાં, ૧૯૯૧ની ગણતરી પ્રમાણે જાણવા મળી હતી. બાકીની હળપતિ-તલાવિયા નાયક-નાયકડા, કોળી, ઢોર વગેરે ૧૦ હજાર કરતાં વધુ વસતિ સંખ્યા ધરાવતી જાતિઓ જાણવા મળી હતી અને એ સિવાયની ૧૪ જાતિઓ વસતિ સંખ્યા ઓછી ધરાવતી જાણવા મળી હતી.

## કોઠા નં.૩.૭

### જિલ્લાવાર, જાતિવાર ૧૯૯૧માં નોંધાયેલી વસતિ

| ક્રમ | જાતિ | સુરત | ટકા | વલસાડ | ટકા | ભરૂચ | ટકા | વડોદરા | ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | હળપતિ | ૨,૪૪,૪૪૭ | ૧૯.૯૫ | ૨૨૪૬૪૮ | ૧૯.૦૨ | ૫૬૦૯૮ | ૭.૯૭ | ૧૯૬૫૯ | ૨.૩૯ |
| ૨ | ઘોડિયા | ૯૧૮૬૦ | ૭.૫૦ | ૪૨૧૬૩૩ | ૩૫.૬૯ | ૪૫૫ | ૦.૦૬ | ૧૧૦૩ | ૦.૧૩ |
| ૩ | ચોધરી | ૨૪૯૨૯૪ | ૨૦.૩૫ | ૫૨૪૭ | ૦.૪૪ | ૮૩૯૫ | ૧.૧૯ | ૧૧૫૧ | ૦.૧૪ |
| ૪ | કુંકણા | ૩૫૮૮૬ | ૨.૯૩ | ૨૦૦૮૫૮ | ૧૭.૦૦ | ૧૬૨ | ૦.૦૨ | ૧૨૩ | ૦.૦૧ |
| ૫ | ભીલ | ૨૪૩૧૯૨ | ૧૯.૮૫ | ૧૦૦૭૯ | ૦.૮૫ | ૫૫૧૮૯૬ | ૭૮.૪૦ | ૨૨૮૦૧૦ | ૨૭.૭૫ |
| ૬ | નાયક-નાયકડા | ૨૭૨૮૫ | ૨.૨૩ | ૯૨૦૨૯ | ૭.૮૦ | ૧૬૦૦ | ૦.૨૩ | ૮૪૧૦૪ | ૧૦.૨૪ |
| ૭ | ગામીત | ૨૮૪૧૪ | ૨૩.૨૫ | ૯૮૪૬ | ૦.૮૩ | ૬૮૭૦ | ૦.૯૮ | ૪૮૫ | ૦.૦૫ |
| ૮ | વારલી | ૧૬૯૨ | ૦.૧૪ | ૧૭૬૮૧૦ | ૧૪.૯૭ | ૭૮ | ૦.૦૧ | ૯૪૯ | ૦.૧૨ |
| ૯ | ધાનકા,તડવી | ૧૮૪૭૯ | ૧.૫૧ | ૯૩૮ | ૦.૦૮ | ૭૩૬૦૯ | ૧૦.૪૬ | ૧૧૬૨૧૦ | ૧૪.૧૪ |
| ૧૦ | કોળીઢોર | ૭૫૬૪ | ૦.૬૨ | ૩૨૨૯૦ | ૨.૭૩ | ૭૩૮ | ૦.૧૦ | ૧૧૩૦૨ | ૧૪.૧૪ |
| ૧૧ | રાઠવા | ૩૮૬ | ૦.૦૩ | ૧૧૫ | ૦.૦૧ | ૬૫૪ | ૦.૦૯ | ૩૫૦૦૧૩ | ૪૨.૬૦ |
| ૧૨ | બરડા | ૩૮૭ | ૦.૦૩ | ૫૦૪ | ૦.૦૪ | ૧૩૨ | ૦.૦૧ | ૨૦૬ | ૦.૦૨ |
| ૧૩ | બાવચા | ૨૨૬ | ૦.૦૨ | ૧૫૭ | ૦.૦૧ | ૯૫ | ૦.૦૧ | ૧૬૩૨ | ૦.૨૦ |
| ૧૪ | ગોંડ | ૬૬૧ | ૦.૦૫ | ૪૪૮ | ૦.૦૪ | ૧૩ | - | ૪૨ | ૦.૦૧ |
| ૧૫ | કાથોડી | ૩૦૨૬ | ૦ ૨૫ | ૩૦૪ | ૦.૦૨ | ૨૨૦ | ૦.૦૩ | ૧૯ | - |
| ૧૬ | પઢાર | ૨૫૪ | ૦.૦૨ | ૩૭૧ | ૦.૦૩ | ૯ | - | ૧૪૮ | ૦.૦૨ |
| ૧૭ | પારધ | ૧૦૧૪ | ૦.૦૮ | ૨૦૧ | ૦.૦૨ | ૯૮ | ૦.૦૧ | ૮૯ | ૦.૦૧ |
| ૧૮ | પટેલીયા | ૬૨૦ | ૦.૦૫ | ૧૪૧ | ૦.૦૧ | ૯૫ | ૦.૦૧ | ૩૧૫ | ૦.૦૪ |
| ૧૯ | પોમલા | ૧૪૨ | ૦.૦૧ | ૩૬ | - | ૧૪૪ | ૦.૦૨ | ૯૧ | ૦.૦૧ |
| ૨૦ | સીદી | - | - | ૨૬ | - | - | - | - | |
| ૨૧ | કોટવાડિયા | ૧૨૮૫૩ | ૧.૦૫ | ૩૭૭૨ | ૦.૩૨ | ૧૫૫૪ | ૦.૨૨ | ૧૧૬ | ૦.૦૧ |
| ૨૨ | બીનવર્ગીકૃત | ૯૯૮ | ૦.૦૮ | ૯૩૭ | ૦.૦૮ | ૧૦૪૧ | ૦.૧૫ | ૫૮૮૦ | ૦.૭૨ |
| | કુલ | ૧૨૨૫૦૮૦ | ૧૦૦.૦૦ | ૧૧૮૧૪૦૪ | ૧૦૦.૦૦ | ૭૦૩૯૫૬ | ૧૦૦.૦૦ | ૮૨૧૬૯૭ | ૧૦૦.૦૦ |

હળપતિ-તલાવિયા જાતિની વસતિ સંખ્યા ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ સુરત, વલસાડ જિલ્લાઓમાં ૨ લાખની વસતિ સંખ્યા કરતાં વિશેષ જોઈ શકાય છે. જયારે ભરૂચ અને વડોદરા જિલ્લાઓમાં ભરૂચમાં ૫૦ હજાર વધુ અને વડોદરા જિલ્લામાં ૧૦ હજાર વધુ વસતિ જોઈ શકાય છે. સુરત જિલ્લામાં હળપતિ-તલાવિયા વસતિ સખ્યામાં ત્રીજા ક્રમે, વલસાડમાં વસતિ સંખ્યાની રીતે બીજા ક્રમે, ભરૂચમાં વસતિની સંખ્યાની રીતે ત્રીજા ક્રમે અને વડોદરા જિલ્લામાં વસતિ સંખ્યાની સાથે પાંચમા ક્રમે વસતિ ધરાવે છે.

## કોઠા નં.૩.૮

### ગુજરાત, સુરત, વલસાડ, ભરૂચ, વડોદરા જિલ્લાઓમાં હળપતિ-તલાવિયા જાતિની ગ્રામ્ય-શહેરી વસતિની ટકાવારી

| ક્રમ | વિસ્તાર-વિગત | ૧૯૬૧ | | ૧૯૭૧ | | ૧૯૮૧ | | ૧૯૯૧ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી | ગ્રામ્ય | શહેરી |
| ૧ | ગુજરાતની કુલ આદિવાસી વસતિ | ૯૪.૯૯ | ૫.૦૧ | ૯૩.૯૧ | ૬.૦૯ | ૯૨.૬૮ | ૭.૬૨ | ૯૧.૯૧ | ૮.૦૯ |
| ૨ | સુરત જિલ્લાની કુલ આદિવાસી વસતિ | ૯૪.૫૦ | ૫.૫૦ | ૯૨.૮૩ | ૭.૧૭ | ૯૧.૧૫ | ૮.૮૫ | ૯૦.૧૮ | ૯.૮૨ |
| ૩ | વલસાડ જિલ્લાની કુલ આદિવાસી વસતિ | ૯૨.૫૬ | ૭.૪૪ | ૯૧.૧૭ | ૮.૦૩ | ૯૦.૩૭ | ૯.૬૩ | ૯૦.૦૪ | ૯.૯૬ |
| ૪ | ભરૂચ જિલ્લાની કુલ આદિવાસી વસતિ | ૯૫.૪૮ | ૪.૫૨ | ૯૫.૦૮ | ૪.૯૨ | ૯૪.૩૮ | ૫.૬૨ | ૯૩.૬૨ | ૬.૩૮ |
| ૫ | વડોદરા જિલ્લાની કુલ આદિવાસી વસતિ | ૯૬.૬૮ | ૩.૩૨ | ૯૫.૯૫ | ૪.૦૫ | ૯૩.૯૩ | ૬.૦૭ | ૯૨.૧૮ | ૭.૮૨ |
| ૬ | હળપતિ-તલાવિયા | ૮૯.૦૩ | ૧૦.૯૭ | ૮૭.૩૪ | ૧૨.૬૬ | ૮૪.૨૭ | ૧૫.૭૩ | ૮૩.૦૬ | ૧૬.૯૪ |

હળપતિ-તલાવિયા જાતિના વસવાટ સંદર્ભમાં જોઈએ તો ગુજરાતની કુલ આદિવાસી વસતિ અને સુરત, વલસાડ, ભરૂચ અને વડોદરા જિલ્લાની આદિવાસી જાતિઓ કરતાં અર્ધ શહેરી અને શહેરી વિસ્તારોમાં આંકડાકીય ટકાવારી જોતાં વધુ પ્રમાણમાં વસેલી માલૂમ પડે છે. કારણ કે તે જંગલ સિવાયના સપાટ વિસ્તારોમાં હોઈ નજીકના નાના-મોટા શહેરોમાં તેમનો વસવાટ સવિશેષ હોય સ્વભાવિક જ છે. સળંગ ૧૯૬૧થી માંડીને ૧૯૭૧,૧૯૮૧ અને ૧૯૯૧ની ગણતરીમાં ત્રણે દાયકાઓમાં હળપતિ-તલાવિયાઓની શહેરી વસતિમાં વધારો નોંધાયેલો જોવા મળે છે. જે ગુજરાતની કુલ આદિવાસી વસતિમાં અને દર્શાવેલા જિલ્લાઓના આદિવાસી વસતિના ગ્રામ્ય-શહેરી આંકડાઓની સરખામણીમાં, તેમની વસતિ વધુ પ્રમાણમાં શહેરી વિસ્તારોમાં વસેલી માલૂમ પડે છે. તેમ છતાં હળપતિ-તલાવિયાઓની વસતિ બીજી જાતિઓમાં જોવા મળે છે. તેમ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ પ્રમાણમાં વસેલી તો છે જ. જે આપેલા આંકડાઓ ઉપરથી જોઈ શકાય છે.

### કોઠા નં.૩.૯
### હળપતિ - તલાવિયા ગ્રામ્ય શહેરી વસતિ જિલ્લાવાર, જિલ્લાની તેમની કુલ વસતિ અને આદિવાસી વસતિ સામે હળપતિ-તલાવિયા વસતિ

| | | ૧૯૬૧ | | | | | ૧૯૭૧ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | ગ્રામ્ય | શહેરી | કુલ વસતિ | જિલ્લાની કુલ વસતિ સામે હળપતિ | જિલ્લાની આદિવાસી વસતિ સામે હળપતિ | ગ્રામ્ય | શહેરી | કુલ | જિલ્લાની કુલ વસતિ સામે હળપતિ | જિલ્લાની આદિવાસી વસતિ સામે હળપતિ |
| ૧. | સુરત | ૨૩૩૮૨૨ | ૩૩૫૯૧ | ૨૬૭૪૧૩ | ૧૦.૯ | ૨૧.૮૩ | ૧૫૪૮૫૭ | ૨૪૨૫૫ | ૧૭૯૧૧૨ | ૧૦.૦૨ | ૨૧.૬૪ |
| ૨. | ભરૂચ | ૩૨૬૫૨ | ૧૦૬૪ | ૩૩૭૧૬ | ૩.૭૮ | ૯.૦૯ | ૩૮૩૯૯ | ૨૨૮૧ | ૪૦૬૮૦ | ૩.૬૭ | ૮.૩૫ |
| ૩. | ડાંગ | ૧૩૪ | - | ૧૩૪ | ૦.૧૯ | ૦.૨૦ | ૧૫૩ | - | ૧૫૩ | ૦.૧૬ | ૦.૧૭ |
| ૪. | વડોદરા | ૨૦૧૪૪ | ૭૧૭ | ૨૦૮૬૧ | ૧.૩૭ | ૬.૩૬ | ૧૩૨૫૪ | ૮૭૮ | ૧૪૧૩૨ | ૦.૭૧ | ૨.૯૯ |
| ૫. | પંચમહાલ | ૩૪૧ | - | ૩૪૧ | ૭.૦૨ | ૦.૦૭ | ૨૦૦ | ૨ | ૨૦૧ | ૦.૦૧ | ૦.૦૩ |
| ૬. | અમદાવાદ | ૯૨ | ૧૧૫ | ૨૦૭ | ૦.૦૧ | ૧.૬૯ | ૬૧ | ૪૫ | ૨૦૬ | - | ૦.૫૦ |
| ૭. | ખેડા | ૭૦૭ | ૧૧ | ૭૧૮ | ૦.૦૪ | ૪.૧૧ | ૩૮૨ | ૧ | ૩૮૩ | ૦.૦૨ | ૧.૫૧ |
| ૮. | સાબરકાંઠા | ૨૫૪ | - | ૨૫૪ | ૦.૦૩ | ૦.૨૦ | ૨૮૭ | ૩૩ | ૩૨૦ | ૦.૦૩ | ૧.૧૮ |
| ૯. | વલસાડ | - | - | - | - | - | ૦૩૧૭૮૨ | ૨૧૨૫૫ | ૧૫૩૪૭૯ | ૧૦.૭૨ | ૧૯.૭૭ |
| ૧૦. | મહેસાણા | - | - | - | - | - | - | ૧૦ | ૧૦ | - | ૦.૧૧ |
| ૧૧. | ગાંધીનગર | - | - | - | - | - | - | ૧૩ | ૧૩ | ૦.૦૧ | ૩.૨૦ |
| | કુલ | ૨૮૮૧૪૬ | ૩૫૪૯૮ | ૩૨૩૬૪૪ | ૧.૫૭ | ૧૧.૭૫ | ૩૩૯૩૭૫ | ૪૯૨૧૪ | ૩૮૮૫૮૯ | ૧.૮૮ | ૧૦.૪૧ |
| | ટકા | ૮૯.૦૩ | ૧૦.૯૭ | ૧૦૦.૦૦ | - | - | ૮૭.૩૪ | ૧૨.૬૬ | ૧૦૦.૦૦ | - | - |

હળપતિ-તલાવિયા જાતિની ૧૯૬૧ ની ગણતરી પ્રમાણે વસતિ જોઈએ તો ૮૯.૦૩ ટકા ગ્રામ્ય અને ૧૦.૯૭ ટકા શહેરી વસતિ સામે વસતિ સંખ્યા જોવા મળી હતી. જેમાં સૌથી વધુ સુરત જિલ્લામાં ૧૦.૯૨ ટકાની વસતિ જોવા મળે છે. બાકીના જિલ્લાઓમાં તેમની વસતિઓની જિલ્લાની વસતિ સામે છે. તે જ રીતે જિલ્લાની કુલ આદિવાસી વસતિ સામે હળપતિ-તલાવિયાઓની વસતિમાં પણ સુરત જિલ્લામાં સૌથી વધુ ૨૧.૮૩ ટકા વસતિ જાણવા મળે છે.

(હળપતિ) તલાસિયા જાતિની ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે વસતિ જોઈએ તો ૮૭.૩૪ ટકા ગ્રામ્ય અને ૧૨.૬૬ ટકા શહેરી વસતિ જોવા મળે છે. ૧૯૬૧ કરતાં શહેરી વસતિમાં બે ટકાનો વધારો નોંધાયેલો જોવા મળે છે. ૧૯૭૧ માં પણ જિલ્લાની કુલ આદિવાસી વસતિએ સુરતમાં ૧૦.૦૨ ટકા અને વલસાડ જિલ્લામાં ૧૦.૭૨ ટકા સાથે સૌથી વધુ તેમની વસતિ નોંધાયેલી છે. તેમાં પણ જિલ્લાની કુલ આદિવાસી વસતિએ સુરત જિલ્લામાં હળપતિ-તલાવિયાઓની ૨૧.૬૪ ટકાની વસતિ અને વલસાડ જિલ્લામાં ૧૯.૭૭ ટકાની વસતિ જાણવા મળી હતી. બાકીના જિલ્લાઓમાં જિલ્લાની કુલ વસતિ સામે અને કુલ આદિવાસી વસતિ સામે હળપતિ-તલાવિયા જાતિની વસતિનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

હળપતિ-તલાવિયા જાતિની વસતિ ૧૯૬૧ અને ૧૯૭૧ ની ગ્રામ્ય - શહેરી જિલ્લાવાર કોઠા ૩.૯ માં દર્શાવવામાં આવી છે. જે વિગતે જોતાં ખ્યાલ આવશે.

### કોઠા નં.૩.૧૦

### તાલુકાવાર હળપતિ-તલાવિયા ની વસતિ ગ્રામ્ય : ૧૯૬૧ : ૧૯૭૧

| | ક્રમ | જિલ્લો | તાલુકો | ૧૯૬૧ વસ્તી | ૧૯૭૧ વસ્તી | ૧૯૬૧ રાજ્યની કુલ હળપતિ વસ્તીના ટકા | ૧૯૭૧ રાજ્યની કુલ હળપતિ વસ્તીના ટકા |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૧. | સુરત | ઓલપાડ | ૧૫૦૮૧ | ૧૯૭૦૭ | ૫.૨૩ | ૫.૦૭ |
| | ૨. | " | કામરેજ | ૧૭૪૨૭ | ૨૩૦૩૨ | ૬.૦૫ | ૫.૯૨ |
| | ૩. | " | ચોર્યાશી | ૨૯૧૧૦ | ૪૬૦૩૧ | ૧૦.૧૦ | ૧૧.૮૫ |
| | ૪. | " | પલસાણા | ૧૬૦૨૨ | ૨૦૯૮૪ | ૫.૫૬ | ૫.૪૦ |
| | ૫. | " | માંડવી | ૫૪૭૭ | ૭૫૦૫ | ૧.૯૦ | ૧.૯૩ |
| | ૬. | " | વ્યારા | ૮૮૯ | ૧૭૯૯ | ૦.૬૨ | ૦.૪૬ |
| | ૭. | " | બારડોલી | ૨૮૦૮૧ | ૩૯૪૩૦ | ૯.૭૨ | ૧૦.૧૫ |
| | ૮. | " | વાલોડ | ૭૦૮૫ | ૮૫૧૬ | ૨.૪૬ | ૨.૧૯ |
| | ૯. | " | નવસારી | ૩૮૫૯૬ | ૫૫૯૬૫ | ૧૩.૩૯ | ૧૪.૪૦ |
| | ૧૦. | " | ગણદેવી | ૧૫૫૮૯ | ૨૪૦૮૬ | ૫.૪૧ | ૬.૨૦ |
| | ૧૧. | " | મહુવા | ૫૯૪૩ | ૭૭૮૯ | ૨.૦૬ | ૨.૦૦ |
| | ૧૨. | " | વાંસદા | ૯૧૯ | ૧૦૩૬ | ૦.૩૧ | ૦.૨૭ |
| | ૧૩. | " | વલસાડ | ૧૦૬૪૨ | ૧૮૮૪૪ | ૩.૬૯ | ૪.૮૫ |
| | ૧૪. | " | ચીખલી | ૧૨૫૯૯ | ૧૬૫૭૧ | ૪.૩૭ | ૪.૨૬ |
| | ૧૫. | " | ધરમપુર | ૫૬૭ | ૧૦૮૧ | ૦.૦૨ | ૦.૨૮ |
| | ૧૬. | " | પારડી | ૧૩૨૧૬ | ૧૯૦૮૮ | ૬.૬૨ | ૪.૯૧ |
| | ૧૭. | " | ઉમરગામ | ૧૨૮૫૧ | ૧૬૭૦૮ | ૪.૪૬ | ૪.૧૪ |
| | ૧૮. | " | ઉચ્છલ | ૧૩૭ | ૧૧૩ | ૦.૦૪ | ૦.૦૨ |
| | ૧૯. | " | માંગરોળ | ૩૪૬૫ | ૩૮૬૮ | ૧.૨૦ | ૧.૦૦ |
| | ૨૦ | " | નિઝર | - | ૪ | - | - |
| | | કુલ | - | ૨૩૩૮૨૨ | ૩૩૨૫૯૧ | ૮૧.૧૫ | ૮૫.૩૯ |
| (૨) | ૧. | ભરૂચ | ભરૂચ | ૩૭૫૨ | ૪૩૫૦ | ૧.૩૦ | ૧.૨૦ |
| | ૨. | " | વાગરા | ૭૭૯૩ | ૯૪૬૪ | ૨.૭૦ | ૨.૪૪ |
| | ૩. | " | જંબુસર | ૮૨૫૫ | ૧૧૦૭૨ | ૨.૮૬ | ૨.૮૫ |
| | ૪. | " | આમોદ | ૪૭૦૪ | ૬૬૫૧ | ૧.૬૩ | ૧.૭૧ |
| | ૫. | " | અંકલેશ્વર | ૨૭૭૦ | ૩૨૨૦ | ૦.૯૬ | ૦.૮૩ |
| | ૬. | " | હાંસોટ | ૪૭૯૯ | ૫૪૫૫ | ૧.૬૭ | ૧.૪૦ |

| ક્રમ | જિલ્લો | તાલુકો | ૧૯૬૧ વસ્તી | ૧૯૭૧ વસ્તી | ૧૯૬૧ રાજ્યની કુલ હળપતિ વસ્તીના ટકા | ૧૯૭૧ રાજ્યની કુલ હળપતિ વસ્તીના ટકા |
|---|---|---|---|---|---|---|
| ૭. | ” | ઝઘડીયા | ૨૭ | - | - | - |
| ૮. | ” | નાંદોદ | ૬ | ૩૯ | - | ૦.૦૧ |
| ૯. | ” | વાલિયા | ૫૦૭ | ૩૯૧ | ૦.૧૮ | ϲ.૧૦ |
| ૧૦. | ” | ડેડીયાપાડા | ૩૭ | ૨૫ | ૦.૦૧ | - |
| ૧૧. | ” | સાગબારા | ૨ | ૧૩ | - | - |
| | કુલ | - | ૩૨૬૫૨ | ૪૦૬૮૦ | ૧૧.૩૩ | ૨૦.૫૪ |
| (૩) | | | ૧૯૬૧ | ૧૯૭૧ | ૧૯૬૧ | ૧૯૭૧ |
| ક્રમ | જિલ્લો | તાલુકો | વસતિ | વસતિ | ટકા | ટકા |
| ૧. | વડોદરા | વડોદરા | ૪૨૩૨ | ૨૬૯૪ | ૧.૪૭ | ૦.૬૯ |
| ૨. | ” | સાવલી | ૨૧૨૧ | ૧૧૧૪ | ૦.૭૪ | ૦.૨૯ |
| ૩. | ” | વાઘોડિયા | ૫૬૯૯ | ૩૦૦૬ | ૧.૯૮ | ૦.૭૭ |
| ૪. | ” | પાદરા | ૧૫૪૬ | ૭૨૮ | ૦.૫૪ | ૦.૧૮ |
| ૫. | ” | કરજણ | ૨૭૪૯ | ૩૦૦૮ | ૦.૯૫ | ૦.૭૭ |
| ૬. | ” | શિનોર | ૨૫૫ | ૪૭ | ૦.૦૮ | ૦.૦૧ |
| ૭. | ” | ડભોઈ | ૩૫૩૮ | ૩૫૩૪ | ૧.૨૩ | ૦.૯૧ |
| ૮. | સંખેડા | ૧ | ૧ | - | - | |
| | કુલ | - | ૨૦૧૪૪ | ૧૪૧૩૨ | ૬.૯૯ | ૩.૭૨ |
| (૪) ૧. | અમદાવાદ | વિરમગામ | ૫ | - | - | - |
| ૨. | ” | દસક્રોઈ | ૫૭ | ૫૫ | ૦.૦૨ | ૦.૦૧ |
| ૩. | ” | ધોળકા | ૩૦ | ૬ | ૦.૦૧ | - |
| ૪. | ” | અમદાવાદ (સીટી) | - | ૪૫ | - | ૦.૦૧ |
| | કુલ | - | ૯૨ | ૧૦૬ | ૦.૦૩ | ૦.૦૨ |
| (૫) ૧. | ખેડા | નડિયાદ | ૬૭ | ૧૫ | ૦.૦૨ | - |
| ૨. | ” | કપડવંજ | ૬૮ | ૨૭ | ૦.૦૨ | ૦.૦૧ |
| ૩. | ” | મહેમદાવાદ | ૩૦ | ૪૮ | ૦.૦૧ | ૦.૦૧ |
| ૪. | ” | માતર | ૨૮ | ૧૦ | - | - |
| ૫. | ” | આણંદ | ૨ | - | - | - |
| ૬. | ” | ઠાસરા | ૪૩૨ | ૨૪૫ | ૦.૧૫ | ૦.૦૬ |
| ૭. | ” | પેટલાદ | ૩ | - | - | - |
| ૮. | ” | ખંભાત | ૭૭ | ૩૦ | ૦.૦૩ | ૦.૦૧ |
| ૯. | ” | બાલાસિનોર | - | ૮ | - | - |
| | કુલ | | ૭૦૭ | ૩૮૩ | ૦.૨૫ | ૦.૦૯ |

| ક્રમ | | જિલ્લો | તાલુકો | ૧૯૬૧ વસ્તી | ૧૯૭૧ વસ્તી | ૧૯૬૧ રાજયની કુલ હળપતિ વસ્તીના ટકા | ૧૯૭૧ રાજયની કુલ હળપતિ વસ્તીના ટકા |
|---|---|---|---|---|---|---|---|
| (૬) | ૧. | પંચમહાલ | દાહોદ | - | - | - | - |
| | ૨. | " | કાલોલ | ૧૦ | ૨ | - | - |
| | ૩. | " | હાલોલ | ૩૩૧ | ૧૯૮ | ૦.૧૧ | ૦.૦૫ |
| | ૪. | " | ગોધરા | - | ૧ | - | - |
| | | કુલ | - | ૩૪૧ | ૨૦૧ | ૦.૧૨ | ૦.૦૫ |
| (૭) | ૧. | સાબરકાંઠા | ઈડર | ૧૨ | ૧૦૬ | - | ૦.૦૩ |
| | ૨. | " | ખેડબ્રહ્મા | ૨૮ | ૫ | ૦.૦૧ | - |
| | ૩. | " | મોડાસા | ૨૧ | ૨૮ | ૦.૦૧ | - |
| | ૪. | " | બાયડ | ૧૯૩ | ૧૮૧ | ૦.૦૭ | ૦.૦૫ |
| | | કુલ | - | ૨૫૪ | ૩૨૦ | ૦.૦૯ | ૦.૦૮ |
| (૮) | ૧. | બનાસકાંઠા | દિયોદર | ૨ | - | - | |
| (૯) | | કુલ | - | ૨૮૮૧૪૬ | ૩૮૮૫૮૯ | - | - |

સુરત જિલ્લામાં ૧૯૬૧ ની વસતિ ગતતરી પ્રમાણે ૧૨ તાલુકાઓમાં અને ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૧૩ તાલુકાઓમાં હળપતિ-તલાવિયાઓની વસિત છે. વલસાડ જિલ્લામાં ૧૯૬૧ અને ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૮ (આઠ) તાલુકાઓમાં હળપતિ-તલાવિયાઓની વસતિ છે. હળપતિ તલાવિયાઓની વસતિ મહદ્અંશે આ બંને જિલ્લાના તાલુકાઓમાં મોટા પ્રમાણમાં વસેલી છે. સુરત જિલ્લાના ચોર્યાસી, બારડોલી, કામરેજ, પલસાણા, ઓલપાડ તાલુકાઓમાં અને વલસાડ જિલ્લામાં નવસારી, ગણદેવી, ચીખલી, તારડી, ઉંમરગામ, વલસાડ તાલુકાઓમાં સારી એવી સંખ્યામાં તેઓની વસતિ જોવા મળે છે. આ સિવાય હળપતિ-તલાવિયા જાતિની વસતિં ભરૂચ અને વડોદરા જિલ્લાના તાલુકાઓમાં વત્તે ઓછે અંશે વસેલી જોવા મળે છે. બાકીના તેમની ઓછી વસતિ ધરાવત ખેડા, અમદાવાદ, પંચમહાલ, સાબરકાંઠા વિસ્તારો છે, જયાં તેમની વસતિ ખૂબ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. સુરતના ચોર્યાસી તાલુકામાં તેમની વસતી ૧૦.૧૦ ટકા સાથે અને વલસાડ જિલ્લાના નવસારી તાલુકામાં તેમની વસ્તી ૧૩.૩૯ ટકા સાથે સૌથી વધુ વસતિ સંખ્યા ધરાવતો. ૧૯૬૧ની વસતિ ગણતરી એ જોવા મળે છે.

હળપતિ-તલાવિયા જાતિની વસતના આંકડા જિલ્લા પ્રમાણે તાલુકાવાર ૧૯૬૧ અને ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે, ટકાવારી મુજબ કોઠો ૩-૧૦ જોતાં વિગતે ખ્યાલ આવશે.

કોઠા નં.૩.૧૧

## હળપતિ વસતિ તાલુકાવાર - જિલ્લાવાર ૧૯૭૧

| | ક્રમ | તાલુકો | ગ્રામ્ય | શહેરી | કુલ | ટકા (રાજયની કુલ હળપતિ વસ્તીના ) |
|---|---|---|---|---|---|---|
| (૧) | ૧. | ચોર્યાસી | ૨૮૨૬૧ | ૧૭૭૭૦ | ૪૬૦૩૧ | ૧૧.૮૫ |
| | ૨. | ઓલપાડ | ૧૮૯૮૪ | ૭૨૩ | ૧૯૭૦૭ | ૫.૦૭ |
| | ૩. | કામરેજ | ૨૨૬૨૬ | ૪૦૬ | ૨૩૦૩૨ | ૫.૯૨ |
| | ૪. | માંગરોળ | ૩૬૫૭ | ૨૧૧ | ૩૮૬૮ | ૧.૦૦ |
| | ૫. | માંડવી | ૬૬૫૦ | ૮૫૫ | ૭૫૦૫ | ૧.૯૩ |
| | ૬. | સોનગઢ | ૧૦૧ | ૨૩૩ | ૩૩૪ | ૦.૦૯ |
| | ૭. | ઉચ્છલ | ૧૧૩ | - | ૧૧૩ | ૦.૦૨ |
| | ૮. | નિઝર | ૪ | - | ૪ | - |
| | ૯. | વ્યારા | ૧૧૧૨ | ૬૮૭ | ૧૭૯૯ | ૦.૪૬ |
| | ૧૦. | વાલો | ૮૫૧૬ | - | ૮૫૧૬ | ૨.૧૯ |
| | ૧૧. | બારડોલી | ૩૬૦૬૦ | ૩૩૭૦ | ૩૯૪૩૦ | ૧૦.૧૫ |
| | ૧૨. | મહુવા | ૭૭૮૯ | - | ૭૭૮૯ | ૨.૦૦ |
| | ૧૩. | પાલસાણા | ૨૦૯૮૪ | - | ૨૦૯૮૪ | ૫.૪૦ |
| | | કુલ | ૧૫૪ | ૮૫૭ | ૨૪૨૫૫ | ૧૭૯૧૧૨ |
| (૨) | ૧. | ભરૂચ | ૪૧૮૩ | ૧૬૭ | ૪૩૫૦ | ૧.૧૨ |
| | ૨. | અંક્લેશ્વર | ૩૧૬૮ | ૫૨ | ૩૨૨૦ | ૦.૮૩ |
| | ૩. | હાંસોટ | ૪૭૧૬ | ૭૩૯ | ૫૪૫૫ | ૧.૪૦ |
| | ૪. | વાગરા | ૯૪૬૪ | - | ૯૪૬૪ | ૨.૪૪ |
| | ૫. | જંબુસર | ૧૦૭૫૫ | ૩૧૭ | ૧૧૦૭૨ | ૨.૮૫ |
| | ૬. | આમોદ | ૫૬૮૨ | ૯૬૯ | ૬૬૫૧ | ૧.૭૧ |
| | ૭. | ઝઘડિયા | - | - | - | - |
| | ૮. | નાંદોદ | ૨ | ૩૭ | ૩૯ | ૦.૦૧ |
| | ૯. | ડેડીયાપાડા | ૨૫ | - | ૨૫ | - |
| | ૧૦. | સાગબારા | ૧૩ | - | ૧૩ | - |
| | ૧૧. | વાલિયા | ૩૯૧ | - | ૩૯૧ | ૦.૧૦ |
| | | કુલ | ૩૮૩૯૯ | ૨૨૮૧ | ૪૦૬૮૦ | ૧૦.૪૭ |
| (૩) | ૧. | ગોધરા | - | ૧ | ૧ | - |
| | ૨. | હાલોલ | ૧૯૮ | - | ૧૯૮ | ૦.૦૫ |
| | ૩. | દાહોદ | ૨ | - | ૨ | - |
| | | કુલ | ૨૦૦ | ૧ | ૨૦૧ | ૦.૦૫ |
| (૪) | ૧. | ઈડર | ૧૦૬ | - | ૧૦૬ | ૦.૦૩ |
| | ૨. | ખેડબ્રહ્મા | - | ૫ | ૫ | - |
| | ૩. | મોડાસા | - | ૨૮ | ૨૮ | - |
| | ૪. | બાયડ | ૧૮૧ | - | ૧૮૧ | ૦.૦૫ |
| | | કુલ | ૨૮૭ | ૩૩ | ૩૨૦ | ૦.૦૮ |

| | ક્રમ | તાલુકો | ગ્રામ્ય | શહેરી | કુલ | ટકા (રાજ્યની કુલ હળપતિ વસ્તીના ) |
|---|---|---|---|---|---|---|
| (૫) | ૧. | મહેમદાવાદ | ૪૮ | - | ૪૮ | ૦.૦૧ |
| | ૨. | નડિયાદ | ૧૪ | ૧ | ૧૫ | - |
| | ૩. | ખંભાત | ૩૦ | - | ૩૦ | ૦.૦૧ |
| | ૪. | કપડવંજ | ૨૭ | - | ૨૭ | ૦.૦૧ |
| | ૫. | બાલાસિનોર | ૮ | - | ૮ | - |
| | ૬. | ઠાસરા | ૨૪૫ | - | ૨૪૫ | ૦.૦૬ |
| | ૭. | માતર | ૧૦ | - | ૧૦ | - |
| | | કુલ | ૩૮૨ | ૧ | ૩૮૩ | ૦.૦૯ |
| (૬) | ૧. | અમદાવાદ(સીટી) | - | ૪૫ | ૪૫ | ૦.૦૧ |
| | ૨. | દસક્રોઈ | ૫૫ | - | ૫૫ | ૦.૦૧ |
| | ૩. | ધોળકા | ૬ | - | ૬ | - |
| | | કુલ | ૬૧ | ૪૫ | ૧૦૬ | ૦.૦૨ |
| (૭) | ૧. | ગાંધીનગર | - | ૧૩ | ૧૫૩ | - |
| (૮) | ૧. | ડાંગ | ૧૫૩ | - | ૧૫૩ | ૦.૦૪ |
| (૯) | ૧. | મહેસાણા | - | ૧૦ | ૧૦ | - |
| (૧૦) | ૧. | વલસાડ | ૧૨૮૫૧ | ૫૯૯૩ | ૧૮૮૪ | ૪.૮૫ |
| | ૨. | પારડી | ૧૫૮૩૪ | ૩૨૫૪ | ૧૯૦૮૮ | ૪.૯૧ |
| | ૩. | ઉંમરગામ | ૧૫૩૮૯ | ૧૩૧૯ | ૧૬૭૦૮ | ૪.૧૪ |
| | ૪. | ગણદેવી | ૧૯૮૨૭ | ૪૨૫૯ | ૨૪૦૮૬ | ૬.૨૦ |
| | ૫. | નવસારી | ૫૦૧૬૯ | ૫૮૯૬ | ૫૫૯૬૫ | ૧૪.૪૦ |
| | ૬. | ચીખલી | ૧૬૦૭૯ | ૪૯૨ | ૧૬૫૭૧ | ૪.૨૬ |
| | ૭. | વાંસદા | ૯૬૮ | ૪૧૬ | ૧૦૮૧ | ૦.૨૮ |
| | | કુલ | ૧૩૧૭૮૨ | ૨૧૬૯૭ | ૧૫૩૪૭૯ | ૩૯.૫૦ |
| (૧૧) | ૧. | વડોદરા | ૨૬૪૯ | ૪૭ | ૨૬૯૪ | ૦.૬૯ |
| | ૨. | કરજણ | ૨૩૬૮ | ૬૪૦ | ૩૦૦૮ | ૦.૭૭ |
| | ૩. | પાદરા | ૭૨૮ | - | ૭૨૮ | ૦.૧૮ |
| | ૪. | સાવલી | ૧૧૧૪ | - | ૧૧૧૪ | ૦.૨૯ |
| | ૫. | વાઘોડીયા | ૨૯૮૭ | ૧૯ | ૩૦૦૬ | ૦.૭૭ |
| | ૬. | ડભોઈ | ૩૩૬૩ | ૧૭૧ | ૩૫૩૪ | ૦.૯૧ |
| | ૭. | સંખેડા | - | ૧ | ૧ | - |
| | ૮. | શિનોર | ૪૭ | - | ૪૭ | ૦.૦૧ |
| | | કુલ | ૧૩૨૫૪ | ૮૭૮ | ૧૪૧૩૨ | ૩.૬૪ |
| (૧૨) | | કુલ | ૩૩૯૩૭૫ | ૪૯૨૧૪ | ૩૮૮૫૮૯ | ૧૦૦.૦૦ |

હળપતિ-તલાવિયા જાતિની વસતિના ૧૯૭૧ ની વસતિ પ્રમાણે ગ્રામ્ય - શહેરી આંકડાઓ તાલુકા પ્રમાણે રાજ્યમાં તેમની કુલ વસતિ પ્રમાણે ટકામાં જોઈએ તો જિલ્લામાં તેમની ૪૬.૦૯ ટકાની વસતિ વસવાટ કરે છે. તેમાં ચોર્યાસી તાલુકામાં સૌથી વધુ ૧૧.૮૫ ટકાની વસતિ તેમની જોવા મળે છે. એ પછી બારડોલી તાલુકામાં ૧૦.૧૫ ટકા વસતિ જોવા મળે છે. એ સિવાય કામરેજ, ઓલપાડ અને પલસાણા તાલુકાઓમાં પણ તેમની વસતિ ૧૦ હજારથી ઉપરની સંખ્યામાં વસેલી જોવા મળે છે.

વલસાડ જિલ્લામાં પણ તેમની વસતિ સંખ્યા સારી જોવા મળે છે. જિલ્લામાં ૩૯.૫૦ ટકા વસતિ રાજ્યમાં તેમની કુલ વસતિનાં પ્રમાણમાં જોવા મળે છે. તેમની સૌથી વધુ વસતિ જિલ્લાના નવસારી તાલુકામાં ૧૪.૪૦ ટકા સાથે ૧૯૭૧ ની ગણતરી પ્રમાણે છે. એ સિવાય ગણદેવી તાલુકામાં ૬.૨૦ ટકા વસતિ તેમની જાતિની જોવા મળે છે, એ સિવાય ચીખલી, વલસાડ, પારડી, ઉંમરગામ તાલુકાઓમાં તેમની વસતિ ૧૦ હજારની વસતિ સંખ્યા કરતાં વધુ જોવા મળે છે.

હળપતિ-તલાવિયા જાતિની વસતિ આ ઉપરાંત ભરૂચ જિલ્લાના તાલુકાઓના પશ્ચિમ વિસ્તારના તાલુકાઓમાં મહદ્અંશે વસેલી છે. જેમાં જંબુસર, વાગરા, આમોદ, ભરૂચ, હાંસોટ વગેરે તાલુકાઓમાં મળીને લગભગ સમગ્ર જિલ્લામાં ૧૦.૪૭ ટકા જેટલી વસતિ તેમની વસેલી જોવા મળે છે.

આ જાતિની વસતિ એ સિવાય કોઠામાં દર્શાવેલા બીજા જિલ્લાના વિસ્તારોમાં ખૂબ જ ઓછા પ્રમાણમાં વસેલી જોવા મળે છે. જે માત્ર નાની નોકરીઓ કે સ્થળાંતરી મજૂરી અર્થે ગયેલાઓની વસતિ ત્યાં મોટે ભાગે જોવા મળે છે.

**કોઠા નં.૩.૧૨**

**જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ, આદિવાસી વસતિ, હળપતિ વસતિ - ૧૯૬૧ - ૧૯૭૧**

| ક્રમ | તાલુકાઓ | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ | ક્રમ | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ |
| ૧. | ઓલપાડ | ૭૯૪૪૪ | ૧૭૧૧૪ | ૧૫૦૮૧ | ૧. | ૯૮૪૦૭ | ૨૨૭૯૪ | ૧૯૭૦૭ |
| ૨. | માગરોળ | ૯૫૩૫૭ | ૬૩૦૨૪ | ૩૪૬૫ | ૨. | ૧૨૮૯૦૪ | ૮૫૧૨૨ | ૩૮૬૮ |
| ૩. | કામરેજ | ૬૫૮૨૨ | ૨૨૭૭૭ | ૧૭૪૨૭ | ૩. | ૮૧૭૭૭ | ૩૨૩૬૯ | ૨૩૦૩૨ |
| ૪. | ચોર્યાસી | ૪૫૫૩૦૩ | ૬૧૪૭૭ | ૨૯૧૧૦ | ૪. | ૬૪૫૮૨૭ | ૭૨૭૯૧ | ૪૬૦૩૧ |
| ૫. | પલસાણા | ૪૧૮૦૭ | ૧૭૭૭૮ | ૧૬૦૨૨ | ૫. | ૫૩૧૭૦ | ૨૪૬૯૦ | ૨૦૯૮૪ |
| ૬. | માંડવી | ૯૩૮૦૫ | ૭૧૫૦૯ | ૫૪૭૭ | ૬. | ૧૧૯૧૬૮ | ૯૦૯૪૪ | ૨૦૯૮૪ |
| ૭. | સોનગઢ | ૭૬૮૭૦ | ૭૧૩૯૪ | ૧૮૬ | ૭. | ૧૩૫૦૯૫ | ૯૮૪૨૯ | ૩૩૪ |
| ૮. | વ્યારા | ૧૧૯૧૦૦ | ૧૦૪૦૪૧ | ૮૮૯ | ૮. | ૧૫૩૫૩૬ | ૧૩૬૨૯૭ | ૧૭૯૯ |
| ૯. | બારડોલી | ૯૦૬૦૮ | ૪૫૩૧૪ | ૨૮૦૨૧ | ૯. | ૧૨૦૧૨૦ | ૬૨૫૭૩ | ૩૯૪૩૦ |
| ૧૦. | વાલોડ | ૪૨૮૨૮ | ૩૦૩૬૦ | ૭૦૮૫ | ૧૦. | ૫૧૯૯૯ | ૩૭૯૩૩ | ૮૫૧૬ |
| ૧૧. | મહુવા | ૬૫૫૩૩ | ૫૦૯૯૩ | ૫૯૪૩ | ૧૧. | ૮૨૦૪૯ | ૬૫૯૮૦ | ૭૭૮૯ |
| ૧૨. | ઉચ્છલ | ૩૧૫૩૫ | ૩૦૩૨૯ | ૧૩૭ | ૧૨. | ૪૪૯૪૦ | ૪૩૩૪૪ | ૧૧૩ |
| ૧૩. | નિઝર | ૫૮૮૦૧ | ૪૨૦૩૪ | - | ૧૩. | ૭૧૯૩૨ | ૫૪૪૧૬ | ૪ |
| | કુલ | ૧૩૧૩૮૨૩ | ૬૨૮૧૪૪ | ૧૨૮૮૪૩ | | ૧૭૮૬૯૨૪ | ૮૨૭૬૮૨ | ૧૭૯૧૧૨ |

## જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ, આદિવાસી વસતિ, હળપતિ વસતિ - ૧૯૬૧ - ૧૯૭૧

| ક્રમ | તાલુકાઓ | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ |
| ૧. | નવસારી | ૨૨૫૭૨૦ | ૬૦૭૩૮ | ૩૮૫૯૬ | ૨૭૬૪૨૫ | ૭૭૧૪૫ | ૫૫૯૬૫ |
| ૨. | ગણદેવી | ૧૩૦૩૦૪ | ૩૪૪૫૦ | ૧૫૫૮૯ | ૧૫૯૪૮૩ | ૪૪૭૨૭ | ૨૪૦૮૬ |
| ૩. | વાંસદા | ૯૨૩૫૨ | ૮૧૯૦૯ | ૯૧૯ | ૧૨૦૬૧૯ | ૧૦૮૫૪૮ | ૧૦૩૬ |
| ૪. | વલસાડ | ૧૬૯૮૯૯ | ૬૪૬૨૬ | ૧૦૬૪૨ | ૨૨૩૦૮૪ | ૮૭૯૯૭ | ૧૮૮૪૪ |
| ૫. | ચીખલી | ૧૩૯૯૮૬ | ૯૨૨૬૭ | ૧૨૫૯૯ | ૧૭૬૦૮૯ | ૧૧૯૬૯૬ | ૧૬૫૭૧ |
| ૬. | ધરમપુર | ૧૫૨૬૬૯ | ૧૩૬૫૫૩૪ | ૫૬૭ | ૧૯૩૭૧૧ | ૧૭૯૧૮૧ | ૧૦૮૧ |
| ૭. | પારડી | ૧૩૦૮૯૮ | ૭૫૧૩૮ | ૧૩૨૧૬ | ૧૬૨૪૬૫ | ૯૫૦૫૯ | ૧૯૦૮૮ |
| ૮. | ઉંમરગામ | ૯૫૯૭૩ | ૫૧૧૫૩ | ૧૨૮૫૧ | ૧૧૭૮૬૬ | ૬૩૮૮૪ | ૧૬૬૦૮ |
| | કુલ | ૧૧૩૭૮૦૧ | ૫૯૬૮૧૫ | ૧૦૪૯૭૯ | ૧૪૨૮૭૪૨ | ૭૭૭૨૩૩ | ૧૫૩૨૭૯ |

## જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ, આદિવાસી વસતિ, હળપતિ વસતિ - ૧૯૬૧ - ૧૯૭૧

| ક્રમ | તાલુકાઓ | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ |
| ૧. | ભરૂચ | ૧૮૦૭૫૦ | ૩૨૭૫૫ | ૩૭૫૨ | ૨૨૩૫૩૭ | ૪૫૩૯૬ | ૪૩૫૦ |
| ૨. | વાગરા | ૫૩૧૦૮ | ૧૩૬૧૦ | ૭૭૯૩ | ૬૫૦૩૭ | ૧૬૯૧૯ | ૯૪૬૪ |
| ૩. | જંબુસર | ૧૧૪૮૨૭ | ૯૭૫૨ | ૮૨૫૫ | ૧૪૦૩૫૫ | ૧૩૦૪૭ | ૧૧૦૭૨ |
| ૪. | આમોદ | ૫૬૬૬૦ | ૧૨૩૮૬ | ૪૭૦૪ | ૬૮૬૬૪ | ૧૭૪૦૫ | ૬૬૫૧ |
| ૫. | અંકલેશ્વર | ૭૭૮૦૮ | ૨૯૪૫૭ | ૨૭૭૦ | ૯૭૨૯૭ | ૩૫૯૩૦ | ૩૨૨૦ |
| ૬. | હાંસોટ | ૩૮૬૮૮ | ૧૦૦૧૩ | ૪૭૯૯ | ૪૫૨૩૧ | ૧૨૮૧૪ | ૫૪૫૫ |
| ૭. | ઝઘડિયા | ૯૭૯૨૮ | ૫૯૦૮૭ | ૨૭ | ૧૨૦૦૦૦ | ૭૩૬૩૬ | - |
| ૮. | નાંદોદ | ૧૨૧૩૯૭ | ૭૭૮૯૩ | ૬ | ૧૪૮૨૯૪ | ૯૮૩૭૯ | ૩૯ |
| ૯. | વાલિરા | ૬૪૩૫૭ | ૪૬૬૧૦ | ૫૦૭ | ૮૦૯૨૭ | ૬૧૯૦૩ | ૩૯૧ |
| ૧૦. | ડેડિયાપાડા | ૪૪૮૭૪ | ૪૨૪૭૪ | ૩૭ | ૬૭૬૮૩ | ૬૩૭૪૮ | ૨૫ |
| ૧૧. | સાગબારા | ૪૧૫૩૨ | ૩૭૦૪૪ | ૨ | ૫૨૫૭૬ | ૪૭૭૨૪ | ૧૩ |
| | | ૮૯૧૯૨૯ | ૩૭૦૯૭૧ | ૩૨૬૫૨ | ૧૧૦૯૬૦૧ | ૪૮૬૯૦૧ | ૪૦૬૮૦ |

## જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ, આદિવાસી વસતિ, હળપતિ વસતિ - ૧૯૬૧ - ૧૯૭૧

| ક્રમ | તાલુકાઓ | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ |
| ૧. | વડોદરા | ૪૬૧૦૨૦ | ૧૫૯૧૩ | ૪૨૩૨ | ૬૬૫૩૦૬ | ૨૧૫૭૧ | ૨૬૯૪ |
| ૨. | સાવલી | ૧૩૧૪૦૬ | ૯૧૭૫ | ૨૧૨૧ | ૧૬૧૦૨૨ | ૧૨૭૪૧ | ૧૧૧૪ |
| ૩. | વાઘોડિયા | ૭૫૬૭૫ | ૨૧૧૦૫ | ૫૬૯૯ | ૮૯૨૬૯ | ૨૩૫૫૦ | ૩૦૦૬ |
| ૪. | પાદરા | ૧૩૯૧૬૪ | ૪૧૧૫ | ૧૫૪૬ | ૧૭૧૩૦૮ | ૫૭૧૯ | ૭૨૮ |
| ૫. | કરજણ | ૮૭૮૫૨૨ | ૧૭૪૧૯ | ૨૭૪૯ | ૧૧૪૭૮૨ | ૨૬૪૧૫ | ૩૦૦૮ |
| ૬. | શિનોર | ૪૭૦૫૩ | ૧૦૩૮૩ | ૨૫૫ | ૫૬૬૫૬ | ૧૪૧૬૧ | ૪૭ |
| ૭. | ડભોઈ | ૧૧૯૭૮૭ | ૨૩૪૧૧ | ૩૫૩૮ | ૧૪૫૧૬૦ | ૩૪૩૪૩ | ૩૫૩૪ |
| ૮. | સંખેડા | ૧૧૫૫૩૯ | ૩૬૬૪૨ | ૧ | ૧૩૩૬૭૬ | ૫૧૩૪૭ | ૧ |
| ૯. | તિલકવાડા | ૩૭૧૮૨ | ૧૭૯૮૭ | - | ૪૩૫૪૨ | ૨૦૯૨૬ | - |
| ૧૦. | નવસાડી | ૫૬૯૫૨ | ૩૮૯૯૨ | - | ૭૨૬૬૧ | ૫૮૨૫૯ | - |
| ૧૧. | છોટાઉદેપુર | ૧૪૫૧૪૩ | ૮૩૨૪૭ | - | ૧૮૮૯૨૭ | ૧૫૩૧૯૦ | - |
| ૧૨. | નવુંગામ | ૧૧૦૮૯૧ | ૪૬૫૪૩ | - | ૧૩૭૭૫૬ | ૪૬૮૮૪ | - |
| | કુલ | ૧૫૨૭૩૨૬ | ૩૨૭૯૯૨ | ૨૦૧૪૪ | ૧૯૮૦૦૬૫ | ૪૭૩૧૧૭ | ૧૪૧૩૨ |

## જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ, આદિવાસી વસતિ, હળપતિ વસતિ - ૧૯૬૧ - ૧૯૭૧

| ક્રમ | તાલુકાઓ | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ |
| ૧. | અમદાવાદ (સીટી) | ૧૨૬૦૯૪૪ | ૮૯૬૪ | - | ૧૮૦૩૦૮૫ | ૧૬૩૪૫ | ૪૫ |
| ૨. | દસક્રોઈ | ૧૭૯૨૦૪ | ૪૨૮ | ૫૭ | ૧૯૭૬૨૨ | ૯૭૧ | ૫૫ |
| ૩. | ધોળકા | ૧૭૫૩૨૭ | ૧૦૬૭ | ૩૦ | ૨૨૬૫૭૭ | ૧૫૬૦ | ૬ |
| ૪. | વિરમગામ | ૧૯૨૫૧૧ | ૬૩૫ | ૫ | ૨૩૭૮૩૨ | ૭૭૭ | - |
| ૫. | દહેગામ | ૧૬૦૯૬૪ | ૪૯ | - | ૧૫૦૭૩૮ | ૩૬ | - |
| ૬. | આણંદ | ૮૭૪૪૦ | ૭૮૭ | - | ૧૧૩૨૮૭ | ૯૯૬ | - |
| ૭. | ધંધૂકા | ૧૫૪૮૦૯ | - | - | ૧૮૧૧૬૬ | ૩૧૩ | - |
| | કુલ | ૨૨૧૧૧૯૯ | ૧૨૨૧૫ | ૯૨ | ૨૯૧૦૩૦૭ | ૨૦૯૯૮ | ૧૦૬ |

## જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ, આદિવાસી વસતિ, હળપતિ વસતિ - ૧૯૬૧ - ૧૯૭૧

| ક્રમ | તાલુકાઓ | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ |
| ૧. | નડિયાદ | ૩૦૦૬૫૭ | ૧૦૮૯ | ૬૭ | ૩૭૬૬૨૭ | ૨૭૪૪ | ૧૫ |
| ૨. | કપડવંજ | ૨૧૮૬૮૧ | ૨૫૦૦ | ૬૮ | ૨૬૯૭૬૪ | ૨૦૨૪ | ૨૭ |
| ૩. | મહેમદાવાદ | ૧૩૭૭૫૬ | ૨૩૭૭ | ૩૦ | ૧૭૩૧૫૨ | ૩૧૭૪ | ૪૮ |
| ૪. | માતર | ૧૦૧૩૧૯ | ૧૫૦૮ | ૨૮ | ૧૩૨૦૮૪ | ૩૧૨૯ | ૧૦ |
| ૫. | આણંદ | ૩૧૧૨૯૭ | ૨૫૪૮ | ૨ | ૩૯૯૦૭૬ | ૪૫૩૯ | - |
| ૬. | ઠાસરા | ૧૫૩૫૮૩ | ૪૭૦૯ | ૪૩૨ | ૧૯૦૨૮૫ | ૫૩૧૯ | ૨૪૫ |
| ૭. | બાલાસિનોર | ૧૦૩૨૩૭ | ૧૬૭૦ | - | ૧૩૧૫૧૩ | ૨૦૭૬ | ૮ |
| ૮. | પેટલાદ | ૨૨૨૧૧૬ | ૨૪૫ | ૩ | ૨૫૬૬૯૩ | ૧૧૮૨ | - |
| ૯. | ખંભાત | ૧૭૨૦૧૩ | ૬૪૮ | ૭૭ | ૨૨૧૧૩૯ | ૫૮૩ | ૩૦ |
| ૧૦. | બોરસદ | ૨૫૬૮૮૧ | ૧૭૭ | - | ૩૦૧૦૫૪ | ૫૧૩ | - |
| | | ૧૯૭૭ | ૧૭૪૮૦ | ૭૦૭ | ૨૪૫૧૩૮૭ | ૨૫૨૭૮ | ૩૮૩ |

## જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ, આદિવાસી વસતિ, હળપતિ વસતિ - ૧૯૬૧ - ૧૯૭૧

| ક્રમ | તાલુકાઓ | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ |
| ૧. | ગોધરા | ૨૧૫૪૨૭ | ૨૫૮૬૪ | | ૨૬૯૩૫૭ | ૪૨૮૨૫ | ૧ |
| ૨. | કાલોલ | ૯૯૭૭૫ | ૩૧૪૦ | ૧૦ | ૧૧૮૨૭૩ | ૭૫૪૭ | ૨ |
| ૩. | હાલોલ | ૧૦૦૧૭૩ | ૧૨૮૪૦ | ૩૧૧ | ૧૧૫૬૭૪ | ૩૭૪૭૪ | ૧૯૮ |
| ૪. | ભલુધોડા | ૧૬૬૨૯ | ૧૭૪૪ | - | ૨૧૫૧૩ | ૬૮૩૩ | - |
| ૫. | શહેરા | ૮૯૯૮ | ૩૧૩૧ | - | ૧૧૩૨૫૯ | ૮૧૯૦ | - |
| ૬. | લુણાવાડા | ૧૪૭૦૯૭ | ૪૪૭૬ | - | ૧૮૬૨૫૧ | ૫૪૧૩ | - |
| ૭. | સંતરામપુર | ૧૮૮૭૩૪ | ૧૧૦૦૩૮ | - | ૨૪૭૩૦૦ | ૧૪૫૬૭૬ | - |
| ૮. | ઝીલોદ | ૧૨૦૯૯૬ | ૧૦૨૧૩૧ | - | ૧૫૮૮૯૦ | ૧૩૫૦૩૮ | - |
| ૯. | દાહોદ | ૧૮૮૬૨૫ | ૧૩૦૯૭૬ | - | ૨૩૫૯૨૮ | ૧૬૭૪૧૩ | - |
| ૧૦. | લીમખેડા | ૧૨૬૮૦૨ | ૭૩૧૮૫ | - | ૧૬૩૦૧૬ | ૯૫૮૯૪ | - |
| ૧૧. | દેવગઢબારિયા | ૧૭૪૭૦૬ | ૩૫૬૮૨ | - | ૨૧૯૩૭૩ | ૬૦૪૦૮ | - |
| | કુલ | ૧૪૬૮૯૪૬ | ૫૦૩૨૧૪ | ૩૪૧ | ૧૮૪૮૮૦૪ | ૭૧૨૭૧૩ | ૨૦૧ |

## જિલ્લાની તાલુકાવાર કુલ વસતિ, આદિવાસી વસતિ, હળપતિ વસતિ - ૧૯૬૧ - ૧૯૭૧

| ક્રમ | તાલુકાઓ | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ | કુલ વસતિ | આદિવાસી વસતિ | હળપતિ વસતિ |
| ૧. | ઈડર | ૧૫૩૪૨૬ | ૩૫૬૬ | ૧૨ | ૧૯૪૩૬૪ | ૪૭૧૯ | ૧૦૬ |
| ૨. | ખેડબ્રહ્મા | ૭૪૪૭૫ | ૩૯૮૯૧ | ૨૮ | ૯૮૫૫૯ | ૫૫૩૫૪ | ૫ |
| ૩. | વિજયનગર | ૩૦૧૧૧ | ૨૧૪૮૩ | - | ૪૩૩૭૮ | ૩૧૪૮૬ | - |
| ૪. | ભિલોડા | ૯૦૭૬૬ | ૪૨૯૭૫ | - | ૧૧૪૧૯૦ | ૫૬૬૬૧ | - |
| ૫. | હિંમતનગર | ૧૧૦૭૦૮ | ૨૬૧ | - | ૧૪૩૬૪૯ | ૫૮૬ | - |
| ૬. | પ્રાંતિજ | ૧૪૪૪૭૫ | ૧૧૪ | - | ૧૮૨૪૪૯ | ૬૪૪ | - |
| ૭. | મોડાસા | ૧૧૮૪૩૪ | ૨૦૧૩ | ૨૧ | ૧૫૩૪૦૯ | ૩૬૪૧ | ૨૪ |
| ૮. | મેઘરજ | ૫૦૨૯૧ | ૧૫૨૪૬ | - | ૬૯૦૯૫ | ૨૨૯૭૭ | - |
| ૯. | માલપુર | ૩૮૨૧૪ | ૧૨૦૦ | - | ૫૦૫૨૭ | ૧૫૫૦ | - |
| ૧૦. | બાયડ | ૧૦૭૬૮૭ | ૧૩૩૬ | ૧૯૩ | ૧૩૭૫૧૭ | ૧૨૦૪ | ૧૮૧ |
| | કુલ | ૯૧૮૫૮૭ | ૧૨૮૦૮૫ | ૨૫૪ | ૧૧૮૭૬૩૭ | ૧૭૮૮૨૨ | ૩૨૦ |
| ૧. | દિયોદર | ૯૭૨૯૩ | ૭૭૨ | ૨ | ૧૦૭૧૭૯ | ૧૦૯૯ | - |
| | કુલ | ૨૮૮૧૪૬ | | | ૩૮૮૫૮૯ | | |

ગુજરાત રાજ્યમાં હળપતિ-તલવિયા જાતિની વસતિ દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વધુ પ્રમાણમાં વસે છે. તેમાંય સુરત, વલસાડ, ભરૂચ અને થોડી વડોદરા જિલ્લામાં જોવા મળે છે. એ સિવાયના જિલ્લાઓમાં આછી પાતળી સંખ્યામાં તેમની વસતિ જોવા મળે છે. તેમની વસતિ તાલુકાની કુલ વસતિ, તાલુકાની કુલ આદિવાસી વસતિની સામે તાલુકામાં કેટલી સંખ્યામાં તાલુકાવાર, જિલ્લાવાર કુલ કેટલી છે, તે ૧૯૬૧ ની વસતિ ગણતરીએ અને ૧૯૭૧ ની વસતિ ગણતરીએ જાણવા મળી હતી. તે કોઠા ૩.૧૨ માં દર્શાવ્યા પ્રમાણે જિલ્લાવાર, તાલુકા પ્રમાણે સમગ્ર ગુજરાતમાં જે, જે જિલ્લાઓમાં અને તાલુકાઓમાં જોવા, જાણવા મળી હતી તે આપી છે. જે વિસ્તાર પ્રમાણે વિગતે જોવાથી ખ્યાલ આવશે.

## કોઠા નં.૩.૧૩

### હળપતિ (તલાવિયા) વસવાટના વિસ્તારની જાતિઓની વસતિ - ૧૯૬૧ (ટકામાં)

| ક્રમ | જિલ્લો | તાલુકો | હળપતિ - (તલાવિયા) | ધોડિયા | ચોધરી | ભીલ | નાયક /નાયકડા | ગામિત |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | સુરત | ૧. ચોર્યાશી | ૭૨.૨૬ | ૧૨.૨૪ | ૩.૪૫ | ૧.૫૭ | ૫.૮૯ | ૧.૫૧ |
| | | ૨. કામરેજ | ૮૦.૮૧ | ૨.૭૭ | ૧.૩૯ | ૯.૮૫ | ૨.૮૮ | ૧.૭૯ |
| | | ૩. પલસાણા | ૯૦.૧૬ | ૧.૫૨ | ૪.૦૬ | ૦.૦૪૦ | ૩.૨૭ | ૦.૫૩ |
| | | ૪. ઓલપાડ | ૮૮.૧૨ | ૦.૮૧ | ૧.૪૪ | ૫.૭૨ | ૧.૧૪ | ૨.૬૬ |
| | | ૫. બારડોલી | ૬૭.૦૩ | ૦.૯૩ | ૨૭.૦૫ | ૦.૧૪ | ૨.૨૮ | ૧.૬૯ |
| | | ૬. વાલોડ | ૨૩.૩૪ | ૬.૧૮ | ૪૨.૯૫ | ૦.૧૬ | ૨.૬૯ | ૧૭.૧૪ |
| (૨) | વલસાડ | ૭. નવસારી | ૭૯.૧૬ | ૫.૯૦ | ૦.૫૮ | ૦.૦૩ | ૧૨.૭૧ | ૦.૦૮ |
| | | ૮. ગણદેવી | ૫૬.૫૭ | ૨૦.૯૬ | ૦.૧૪ | ૦.૧૧ | ૧૯.૨૭ | ૦.૦૫ |
| | | ૯. ચીખલી | ૨૦.૨૩ | ૯૬.૮૯ | ૦.૦૩ | - | ૯.૫૫ | - |
| | | ૧૦. વલસાડ | ૧૯.૮૭ | ૫૯.૯૦ | ૦.૦૫ | ૦.૦૧ | ૧૭.૩૯ | - |
| | | ૧૧. પારડી | ૧૯.૮૧ | ૬૪.૧૩ | ૦.૦૨ | ૦.૦૧ | ૧૪.૫૦ | |
| | | ૧૨. ઉંમરગામ | ૨૫.૯૩ | ૨૨.૨૦ | ૦.૧૨ | - | ૦.૦૪ | - |

**તાલુકાની કુલ આદિવાસી વસતિ પ્રમાણે જાતિવાર ટકાવારી**

હળપતિ-તલાવિયા જાતિની વસતિ સંખ્યા જે જિલ્લાઓના,તાલુકા વિસ્તારોમાં વસે છે, તેવા સુરત જિલ્લાના ચોર્યાસી, કામરેજ, પલસાણા, ઓલપાડ, બારડોલી, વાલોડ અને વલસાડ જિલ્લાના નવસારી, ગણદેવી, ચીખલી, વલસાડ, પારડી અને ઉંમરગામ તાલુકાઓને ગણાવી શકાય. જ્યાં તેમની સૌથી વધુ વસ્તી વસવાટ કરે છે. હળપતિ-તલાવિયાઓની વસતિની તુલનામાં બીજી મુખ્ય ગણાવી શકાય તેવી ધોડિયા, ચોધરી, ભીલ, નાયક-નાયકડા, ગામિત તેમની સાથે આ વિસ્તારોમાં વસવાટ કરે છે. જેમની સાથે હળપતિ-તલાવિયા જાતિને સાથે રહેવાના કારણે નજીકના સંપર્કો અને સંબંધો પણ જોવા મળે છે. હળપતિ-તલાવિયા ઓ મહદ્અંશે મેદાની વિસ્તારોમાં સવર્ણો સાથેના વિસ્તારના સંબંધોથી (મહદ્અંશે આર્થિક સંબંધોથી) અને ક્યાંક ક્યાંક આગળ જણાવેલી ધોડિયા, ચોધરી, ભીલ, નાયકા અને ગામિત જાતિઓ સાથે વસે છે. કોઠા ૩.૧૩ માં દર્શાવ્યા પ્રમાણે તેમની સાથે સુરત જિલ્લાના તાલુકા વિસ્તારોમાં વસેલી આદિવાસી જાતિઓની ટકાવારી પરથી ખ્યાલ આવે કે તેવાં મેદાની વિસ્તારોમાં સવર્ણો ગણાતી જાતિઓના સાથે વધુ પ્રમાણમાં વસે છે. જે ઉપરોક્ત ટકાવારી પરથી આદિવાસી જાતિઓ સાથે ઓછો વસવાટનો ખ્યાલ આવે છે. માત્ર બારડોલી, વાલોડ વગેરેમાં બે-ત્રણ જાતિઓની સાથે વસે છે.

વલસાડ જિલ્લાના તાલુકાઓના વિસ્તારોમાં ઘોડિયા, નાયકા સાથે તેમની મોટી વસતિ સંખ્યા ટકાવારી જોતાં વસેલી માલૂમ પડે છે. બીજી ચોધરી, ભીલ, ગામિત જાતિઓની વસતિ તેઓ જયાં વસે છે ત્યાં ઓછી જોઈ શકાય છે. તેમની સાથે વસેલી ઘોડિયા, ચોધરી, ભીલ, નાયક-નાયકડા અને ગામિત જેવી જાતિઓના તેમનની વસતિ સવિશેષ છે, તેવા બંને જિલ્લાના બાર તાલુકાઓમાં તેમની વસતિ સામે બીજી વસવાટી જાતિની ટકાવારી ૧૯૬૧ ની વસતિ ગણતરી મુજબ આપી છે. તાલુકાની કુલ આદિવાસી વસતિની સામે બીજી જાતિઓની અને હળપતિ-તલાવિયા જાતિની વસતિની ટકાવારીની રીતે સંખ્યા કેટલી છે તે કોઠો જોતાં વિગતે ખ્યાલ આવશે.

# પ્રકરણ - ૪
# ઉત્પતિ ઈતિહાસ, મૂળ તેમનું સ્થાન અને ભૌતિક

ગુજરાતની આદિવાસી જાતિઓમાં દક્ષિણ ગુજરાતમાં વસતિ હળપતિ - તલાવિયા જાતિની વસતિ બધે એકસરખી નથી. સુરત, વલસાડ, નવસારી જિલ્લાના તમામ તાલુકાઓમાં તેમની વસતિ છે. તે ઉપરાંત ભરૂચ અને મહારાષ્ટ્રના થાણાં જિલ્લાઓના કેટલાક તાલુકાઓમાં તેમની વસતિ છે. આ પ્રદેશોમાં અન્ય આદિવાસીઓ તેમજ બિન આદિવાસીઓ સાથે તેઓ વસે છે. ખાસ વાત એ છે કે માત્ર હળપતિ-તલાવિયા વસતા હોય એવો એકેય પ્રદેશ નથી કે જેથી તેને તેમનું મૂળ વતન કહી શકાય. એક સ્વાયત્ત જાતિ તરીકે સ્વતંત્ર રીતે જીવવાની એમનામાં શક્તિ કે વૃત્તિ હોય તેમ જણાતું નથી. સામાન્ય રીતે તેઓ ભૂમિહીન ખેતમજૂરો તરીકે કામ કરે છે. અત્યારે ગામડાઓમાં હળપતિઓ અલગ ફળિયામાં રહે છે. જેથી મોભો કે પ્રતિષ્ઠા મળે એવી જમીન કે મકાનો બહુ થોડાં હળપતિઓ પાસે છે. દક્ષિણ ગુજરાતની આદિવાસી જાતિઓમાં હળપતિ-તલાવિયાઓ આર્થિક - સામાજિક પછાત રહી જવા પામ્યા છે. તેઓનો બિન આદિવાસી જ્ઞાતિઓ સાથે વસવાટ હોવા છતાં તેમનામાં શિક્ષણનો પ્રસાર ઓછામાં ઓછો છે.

ગુજરાતની આદિવાસી જાતિઓમં દક્ષિણ ગુજરાતમાં મહદ્અંશે વસતી હળપતિ-તલાવિયા જાતિ આર્થિક, સામાજિક રીતે પછાતપણાનો નિમ્ન દરજ્જો ધરાવે છે. વસતિ સંખ્યાની દૃષ્ટિએ હળપતિ તલાવિયા જાતિ ગુજરાતની આદિવાસી જાતિઓમાં બીજું સ્થાન ધરાવે છે. શિક્ષણ અને વિકાસની દૃષ્ટિએ દક્ષિણ ગુજરાતની નિમ્નકક્ષાનું જીવન વ્યતીત કરતી અને આર્થિક, સામાજિક રીતે પછાતપણું ભોગવતી જાતિઓમાં હળપતિ-તલાવિયા જાતિનો સમાવેશ થાય છે. આ હળપતિ-તલાવિયા જાતિની ઉત્પત્તિ, સ્થળાંતર કે મૂળ જાતિ શબ્દના નામાભિધાન વિશેના કોઈ ચોક્કસ દસ્તાવેજી પુરાવાઓ મળતાં નથી. છતાં કેટલાક છુટાછવાયાં સરકારી અહેવાલો, કેટલાક અભ્યાસો અને કેટલીક કિવદંતીઓ જે જાણવા મળી છે અને ઉપલબ્ધ છે તે આ મુજબ છે.

ગુજરાતના આદિવાસી પ્રજાતીય જૂથોની ઉત્પત્તિ અંગે વિવિધ સમાજ માનવશાસ્ત્રીઓ, વિવિધ અભ્યાસીઓના, વિદ્વાનોના વિવિધ મતો પ્રવર્તે છે. કેટલીક લોક માન્યતાઓ અને ઐતિહાસિક માહિતીના આધારો પણ છે. પરંતુ તે પુરાવા માત્ર માન્યતા આધારિત હોય તેવું જોવા મળે છે. તેમાં આગળ કે પાછળ કોઈ સંદર્ભ ગણતા નથી. આવી લોકમાન્યતાઓ અને ઐતિહાસિક માહિતી મોટા ભાગની આદિવાસી જાતિઓ માટે પ્રચલિત છે. તે રીતે હળપતિ-તલાવિયા જાતિ અંગે પણ જાણવા મળે છે.

**હળપતિ-તલાવિયા :**

હળપતિ શબ્દ એ આઝાદી મળી એ સમયની આસપાસ સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપણા હેઠળ બારડોલીમાં ખેડૂતો - હળપતિઓની સંયુક્ત સભામાં ઠરાવો પ્રસાર કરીને હાળી - ધણિયામાંની પ્રથા દફનાવી હળપતિઓની સ્વતંત્રતા જાહેર કરી હતી, ત્યારે પૂજ્ય મહાત્મા ગાંધીએ હળપતિ શબ્દને

માટે આશીર્વચન આપેલા, ત્યારથી હળપતિ શબ્દ પ્રયોજવા આવી રહ્યો છે. હળપતિ શબ્દને વ્યાપક રીતે વપરાય એ અંગે શ્રી જુગતરામ દવે ખાસ ધ્યાન આપતાં, ૧૯૩૯ ની સાલમાં પૂ. મહાત્મા ગાંધીજીએ હળપતિ શબ્દ પ્રયોજી આશીર્વચન આપ્યા હતાં.

તલાવિયા શબ્દ સંદર્ભે પી.જી. શાહ પોતાના પુસ્તક "ગુજરાતના દુબળાઓ" ૧૯૬૬ માં આ જાતિના મૂળ વિશે આપેલી કેટલીક દંતકથાઓમાં પાના નં. ૯ ઉપર ત્રીજી (૩) કિવદંતીમાં કેટલાક દૂબળાઓ, તલાવિયા રાઠોડ તરીકે કેમ ઓળખાય છે તે દર્શાવી જણાવે છે કે પરશુરામે પૃથ્વી નક્ષત્ર કરવા માંડી ત્યારે રાઠોડ ક્ષત્રિયોની બનેલી આ જાતિએ એનાથી બચવા એક યુક્તિ અજમાવી. એક દિવસ રાઠોડ લોકો એમના નાયક સાથે તળાવને કાંઠે બેઠા હતા. એવામાં પરશુરામ એમની ફરસી હાથમાં લઈ ત્યાં આવી પહોંચ્યાં. એમને લાગ્યું કે હવે આપણું આવી બન્યું. પરશુરામે જ્યારે પૂછયું કે તમે કોણ છો ? ત્યારે તેમના નાયકે જવાબ આપ્યો કે અમે રાઠોડ નથી તલાવિયા છીએ, અને આ તળાવને કાંઠે રહીયે છીએ. ત્યારથી તેઓ તલાવિયા ઉર્ફે તલાવી રાઠોડ કહેવાયા. આ વાર્તા બે હેતુ સાધે છે. એક તો તે દૂબળાઓને રજપૂત ઠરાવે છે અને બીજું તલાવિયા દૂબળા તેમની જાતિમાં સૌથી ઊંચા છે એમ દર્શાવે છે.

હળપતિ-તલાવિયા જાતિનું આઝાદી પહેલાંનું અને સરકારી નોંધ મુજબનું મૂળ નામ "દૂબળાં", તો અત્યારે આજાતિની લાગણી અને માગણીને ધ્યાનમાં લઈ દૂબળા શબ્દ રદ કરીને પરિપત્ર કરી તેને સ્થાને સરકારશ્રીએ હળપતિ-તલાવિયા કર્યું છે. જે અમારી આ જાતિની મુલાકાત અને સંશોધનને આધારે પણ યથા યોગ્ય લાગે છે. કારણ કે દૂબળા જેવો તુચ્છકાર વાચક શબ્દ હતો. પરંતુ આ હળપતિ તલાવિયા જાતિના મૂળ અંગે હળપતિ-તલાવિયા શબ્દ આવ્યો. તે પહેલાં શ્રી પી.જી. શાહએ તેમના પુસ્તક "ગુજરાતનાં દૂબળાઓ" માં દૂબળા જાતિનું મૂળ (એટલે કે આજની હળપતિ-તલાવિયા જાતિનું મૂળ) તેમાં દૂબળાઓ પોતાનામાં રાજપૂત લોહી હોવાનો દાવો કરે છે અને તેમને પ્રાચીન રાઠોડો સાથે સંબંધ છે, એમ પણ કહે છે. તેમને આ લોકો દૂબળા કેમ કહેવાયા હતા. એ દર્શાવતી કેટલીક દંતકથાઓ આપી છે.

(૧) જુના વખતમાં એમના દુશ્મને એમને રણમેદાનમાં લડવાનો પડકાર ફેંક્યો. હારવાની બીક લાગવાથી એમના નાયકે લડવાની ના પાડી. ઉપરથી સામાવાળાએ કહ્યું, "તમે દૂબળાં રહ્યાં એટલે અમારી સામે કેવી રીતે લડી શકો ?" ત્યારથી તેઓ દૂબળા તરીકે ઓળખાવા લાગ્યા.

(૨) દૂબળાના મૂળ વતનમાં એક વખત વરસાદની અછતને લીધે દુકાળ પડ્યો. આ દુકાળમાંથી બચવા તેમના પૂર્વજોએ આ પ્રદેશ તરફ હિજરત કરી આવ્યા. હિજરતે નીકળેલા આ દૂબળાઓનું એક ટોળું એક દિવસ એક ગામમાં આવી પહોંચ્યું. એમને ઘણા વખતથી અન્ન-જળ મળ્યું નહોતું. તેથી તેઓ ઘણા સુકાઈ ગયાં હતાં અને નબળાં દેખાતા હતા. ગામ લોકોએ પૂછપરછ કરી કે આ લોકો કોણ છે ? એટલે કોઈકે કહ્યું કે, "કેટલાંક દૂબળાઓ દુકાળીયા પ્રદેશમાંથી આવેલાં છે." તે દિવસથી તેઓ આ પ્રદેશમાં રહે છે. અને દૂબળા કહેવાય છે. એમ આજની હળપતિ-તલાવિયા

જાતિ માટે ઘણાં વખત પહેલા 'દૂબળાં' શબ્દ આવ્યાનું બતાવાયું છે.

એ જ રીતે તેમના આ પુસ્તકમાં હળપતિ-તલાવિયા ને તેમના જુના દૂબળા નામે દૂબળા શબ્દનો અર્થ બતાવ્યો છે. જેમાં દૂબળા શબ્દનો અર્થ દુર્બળ થાય છે. સંસ્કૃતમાં 'દુર્બળ' શબ્દનો અર્થ નબળો કે માયકાંગલો થાય છે. આ ઉપરાંત નાનો કે ઠીંગણો પણ થાય છે. પરંતુ તેમની તાકાત પોષણના અભાવે હોય છે. પરંતુ વાસ્તવમાં તેમની ઊંચાઈ અને બાંધો આ પ્રદેશના લોકોની સરખામણીમાં નબળો કે ઠીંગણો નથી. ડૉ. રાધાકૃષ્ણ રાવના કહેવા પ્રમાણે દૂબળાઓ આ પ્રદેશના લોકો કરતાં નબળા નથી એ વાત ચોક્કસ છે.

આ જાતિના બીજા એક-બે અભિપ્રાય છે કે તે આળસુ હોવા છતાં ભરોસાપાત્ર હોય છે. તેની નબળાઈ છે કે કાર્યશક્તિની ઉપણ, એમાં તે કાયમી ગુલામીમાં સડે, તેથી તેની કાર્યશક્તિ ઘટી જાય છે. બીજો અર્થ મુનિશ્રી પુણ્યવિજયજીના કહેવા પ્રમાણે દુર્બલ એટલે વળે નહીં એવો થાય છે. જે જલ્દી માની નહિ જાય, જક્કી, મજબૂત મનનો એવો થાય. આ અર્થ લઈ જે દૂબળા લોકોના ગુણોને બંધ બેસે છે, તેમ તેઓ કહે છે.

આ હળપતિ-તલાવિયા જાતિમાં સ્વભાવનું જક્કીપણું સર્વવ્યાપી જોવા મળે છે. પુરૂષ-સ્ત્રી કે બાળક કોઈ અમુક દિવસે કામ નહીં કરવાનું નક્કી કરે, તો તેમનો વિચાર બદલવો મુશ્કેલ હોય છે. ખેતરમાં કલાકો સુધી કામ કરે છે; પણ જો રિસાઈ જાય તો ગુસ્સામાં કામ ઘટાડી નાંખે.

### હળપતિ-તલાવિયા ક્યાંથી આવ્યાં ?

આ હળપતિ-તલાવિયા દરિયા માર્ગે આવ્યા હોવા જોઈએ. એમને એવો પ્રદેશ વસવાનું પસંદ કર્યું કે જ્યાં જમીન ફળદ્રુપ હોય, વરસાદ સારો હોય અને અનાજ સારું પાકતું હોય. એમનામાં ખેતમજૂરી કરવાની શક્તિ અને આવડત હોઈ ધોડિયા, ગામિત, નાયક કે ભીલની જેમ ડુંગરોમાં નાસી જવું પડ્યું નથી. આ જાતિ ખરેખર ક્યાંથી આવી તે કહેવું મુશ્કેલ છે. પરંતુ દરિયા પારથી આવ્યા હોવા અંગેના કેટલાક અનુમાની મુદ્દાઓ છે.

(૧) દિવાસાના તહેવારને દિવસે તેઓ જે રીતરિવાજ પાળે છે અને માન્યતાઓ ધરાવે છે, તે બતાવે છે કે તેમને દરિયાપારના દેશ સાથે સંબંધ હોવો જોઈએ. તે દિવસે કપડાંની નાની ઢીંગલીઓને વિધિસર પરણાવવામાં આવે છે અને તેને નદીમાં તણાતી મૂકી દરિયાપાર આવેલ સાસરે વળાવવામાં આવે છે.

(૨) અસલના વખતમાં તેમની પાસે જમીનો હશે. તેઓ 'કાપો અને બાળો' પ્રકારની જેને તેઓ 'દાઝિયું' કહે છે તે પધ્ધતિ એ થોડા વર્ષ ઉપર ખેતી કરતાં હતાં. પરંતુ આજે તેમનામાં બહુ થોડા પાસે જમીનો છે.

(૩) એમના રક્ત પરીક્ષણ ઉપરથી લાગે છે કે તેમનું લોહી નિગ્રોના લોહી સાથે સંબંધ ધરાવે છે.

**રાઠોડ, રાઠોડીયા, તલાવિયા, હળપતિ :**

દક્ષિણ ગુજરાતમાં આ જાતિની વસતિ ઘણી મોટી સંખ્યામાં વસે છે. આ જાતિના શ્રી નારણભાઈ રાઠોડે તેમના હાલમાં લખાયેલા 'નરવીર, નરબંકા ક્ષત્રિયવીર રાઠોડ' પુસ્તકમાં દર્શાવેલા શબ્દો સંદર્ભે કેટલોક આછતરો ઉલ્લેખ કર્યો છે. સાથે સાથે તેમના સમગ્ર ગુજરાત તલાવિયા રાઠોડ સમાજના પ્રમુખ શ્રી જગુભાઈ રાઠોડે પણ તે સંદર્ભે પ્રકાશ પાડ્યો હતો. તેઓ જણાવે છે કે રાઠોડ શબ્દમાંથી મહદ્અંશે મધ્ય ગુજરાતના ભરૂચ, વડોદરા, ખેડા, આણંદ, અમદાવાદ, પંચમહાલમાં આ લોકોને પ્રાદેશિક હુલામણા નામે 'રાઠોડીયા' તરીકે ઓળખવામાં આવે છે. આ લોકોને 'રાઠોડ' તરીકે બોલાવવામાં કે લખવામાં ન આવતાં ગામઠી ભાષામાં 'રાઠોડીયા' તરીકે વર્ણવે છે. તેઓ મોટે ભાગે ભૂમિહીન દશામાં જીવે છે અને ખેતમજૂરી કે અન્ય વ્યવસાય કરી જીવન જીવે છે.

તેઓ તલાવિયા કઈ રીતે શબ્દ સંબોધાયો તે અંગે કહે છે કે ઈ.સ. ૧૫૭૬ પછી રાજસ્થાનમાંથી ગુર્જર પ્રદેશમાં સ્થળાંતર થયાં ત્યારે રાઠોડો પાસે સ્વરક્ષણ માટે માત્ર તલવાર જ હતી. ઘર ગામના ઠેકાણા નહોતા. ગુર્જર પ્રદેશના સ્થાનિક લોકોએ રાઠોડો પાસે તલવાર જોઈને તલવારધારી જાતિ તરીકે 'તલવારિયા' તરીકેનું સંબોધન કરતા હતા. પરંતુ સમયાન્તરે 'તલવારિયા'નું અપભ્રંશ થઈને 'તલાવિયા' રહી ગયું. ગુજરાતના સ્થાનિક લોકોએ ગામ નજીક તળાવ કિનારે રહેવાનો આશરો આપ્યો, તેથી પણ તેઓ તલાવિયા કહેવાયા. આમ તલવાર અનેતલાવ બંનેને કારણે રાઠોડો 'તલાવિયા' ઉપનામ પામેલાં. તલાવિયા સંદર્ભે તેઓ પ્રાચીન શાસ્ત્ર કથા ઉપરાંત દંત કથા મુજબ જણાવે છે કે પ્રાચીન શાસ્ત્ર કથાનુસાર જ્યારે પરશુરામજી ક્ષત્રિયોનો નાશ કરવા નીકળ્યા ત્યારે રાઠોડો તલાવની પાળ ઉપર બેઠા હતા. ત્યારે રાઠોડોના અસલ કૂળદેવી 'નાગણેજી' માતાએ તુળજા ભવાની સ્વરૂપે તળાવમાં ઉતારીને રાઠોડોને જીવનદાન બક્ષ્યું હતું. ત્યારથી પણ તલાવિયા થયા હોવાનું માનવામાં આવે છે. દંતકથાનુસાર કોઈક ભીલારાણી નામની રાણીના રાજ્યમાં એક નવયુવાન રાઠોડ તેણી સાથે લગ્ન કરવનો ઈન્કાર કર્યો હતો. પરિણામે ઉગ્ર તપશ્ચર્યા કરી શંકર ભગવાનને પ્રસન્ન કરી રાઠોડ કૂળના નાશનું વરદાન માગ્યું હતું. પરંતુ રાઠોડોના સમર્થ કૂળદેવી તુલજા ભવાનીએ તળાવ કિનારે ઘેરિયા રાસના વસ્ત્રોમાં સજ્જ થઈ રક્ષણ બક્ષ્યું હતું. તેથી પણ તલાવિયા થયાંનું માનવામાં આવે છે.

હળપતિ શબ્દ સંદર્ભે તેઓ જણાવે છે કે મહારાણા પ્રતાપના સમયના કૃષિકારો, જમીનદારો જે ખેતી કરતા હતા, તેમને મુસ્લિમ શાસનમાં તેમના પાકોમાં ભેલાણ થતું. તેથી લૂંટનારને અન્ન ન મળે એ હેતુથી આ કૃષિકારો, જમીનદારોને નિવેદનમાં રાણાએ સૌ પ્રથમ 'હળપતિ' શબ્દ પ્રયોજ્યો હતો. ત્યારબાદ તેઓ માટે છેક આઝાદી ટાણે હળપતિ શબ્દ પ્રયોજાયેલો. વચ્ચેના ગાળામાં સ્થળાંતરના કારણે ભૂલાઈ ગયેલો તેમ તેઓ જણાવે છે.

**હળપતિ / હાળીઓનો ઈતિહાસ :**

દક્ષિણ ગુજરાતનો ઈતિહાસ સુરત શહેરના ઈતિહાસ સાથે જ મુખ્યતઃ જોડાયેલો છે. ઇ.સ.

૧૫૭૩ માં અકબરે સુરત જીત્યું તે વખતથી પોર્ટુગીઝ, ડચ, અંગ્રેજ અને ફ્રેન્ચ કોઠીઓ અહીં સ્થપાવા માંડી હતી. સુરતના અંદરના ગામડામાં સુરતના હાકેમોની સત્તા પહોચતી ન હતી. જમીન મહેસૂલ ઉઘરાવવા માટે સ્થાનિક વગદાર લોકોની નિમણૂંક કરવામાં આવતી. આ લોકો દેસાઈ કહેવાતા. (તેઓ ઘણે ભાગે અનાવિલ જ્ઞાતિના હતાં) સુરતમાં જમીન મહેસુલનો ઠરાવેલો ભાગ પહોંચાડવા પૂરતા જ આ લોકો તે કેન્દ્ર સત્તાને માનતા. બાકી એ લોકો સ્વતંત્ર જ હતા. એમની પાસે પોતાની માલિકીની જમીન પણ ઘણી થઈ ગઈ હતી. એ લોકો ઘણાં હાળીઓ રાખતા એવા અભિલેખિય પૂરાવા મળે છે.

આગળ યાન બ્રેમન પોતાના પુસ્તક 'પેટ્રોનેજ એન્ડ એક્સપ્લોઈટેશન' સમાશ્રય અને શોષણ ૧૯૭૪ માં સુરતની આસપાસ હાકેમો, દેસાઈઓ ઘણાં હાળીઓ રાખતા.એવા અભિલેખીય પૂરાવા છે. એમ બતાવી આગળ હળપતિઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ માટે તેમને ઈ.સ. ૧૮૬૪ માં મુંબઈથી સુરતની રેલ્વે ચાલુ થઈ ત્યારે દૂબળાઓ પણ કલ્યાણના ઈટવાડામાં, કે વસઈ તરફ મીઠાનાઅગરોમાં જતા થયા. ખેતીના મુખ્ય પાકો શેરડી, કપાસના'વેપારો સ્થાનિક વેપારીઓના હાથમાં રહ્યાં. લોકોની આર્થિક સ્થિતિ બીજા વિશ્વયુદ્ધ સુધી નબળી રહી. ત્યાર પછી જ વેપાર ઉદ્યોગ અને ખેતીમાં વિકાસ થયો. સુરત, નવસારી, બિલીમોરા, વલસાડ જેવા શહેરોમાં નાના-મોટા ઉદ્યોગો સ્થપાયાં. દૂબળાઓને ત્યાં કામ મળવા લાગ્યું. આમ તે વખતે હળપતિઓનો ભૌગોલિક, ઐતિહાસિક ઈતિહાસ દૂબળા શબ્દ સંદર્ભે તેમને બતાવ્યો છે. ૧૬ મી - ૧૭ મી સદીમાં આખોય વખતની અસ્થિરતાને કારણે ખેડૂત પાયમાલ થયો. એક રાજકીય અસ્થિરતા અને એકબીજાની પક્ષાપક્ષીને લઈને ખેડૂત વધુને વધુ ગરીબ અને સાધનહીન થતો ગયો. ખેડૂતો ભૂમિહીન મજૂર બન્યાં. જમીનદારોને વધુને વધુ તાબે થયો અને તેની ધીરધાર અને મદદથી તે વધુને વધુ આશ્રિત બનતો ગયો. તેજ રીતે હળપતિઓ પણ તે અરસમાં જમીનદાર વર્ગનાં વધુને વધુ આશ્રિત થઈ સામાજિક અને આર્થિક એ બંને રીતે આધિન બન્યાં. ઘર, ખેતર, કપડાં, લગ્ન જે હોય તે બધા જ માટે તેઓ જમીનદારની મરજી ઉપર આધાર રાખતા થયા એ રીતે હળપતિઓ એના ધણિયા, એનું ખેતર અને એની ઝુંપડી સાથે બંધાઈ ગયો. સ્વભાવે આળસુ, દારૂની લતથી તેની આળસમાં વધારો થતો, બધુમાં તે અભણ, આ બધા જ કારણોએ ગુલામ બની ગયો. તેને માથે દેવું હોય ત્યાં સુધી તે ગુલામ, હા તે દેવા સાથે બીજા ધણિયાને ત્યાં મોકલાતો કે વેચાતો. મરતા સુધી દેવું ભરાતું નહિ તેથી તે આર્થિક રીતે સદાને માટે પરાધીન, ગરીબ બની રહ્યો.

**હાથી પ્રથાને મૂળ :**

સુરત જિલ્લાના આર્થિક ઈતિહાસ ઉપરથી હાથી પ્રથાનો ઝાંખો ખ્યાલ આવે છે. સુરત અને ભરૂચ જિલ્લના મુંબઈ સરકારના ગેઝેટિયરમાં ૧૮૭૭ માં જણાવ્યું હતું કે સુરતની આદિવાસી પ્રજા કુલ વસતિના ૩૩ ટકા હતી. એમાં થોડાંક (૧) નાનાજમીનદારો હતા. (૨) થોડાંક સ્વતંત્ર મજૂરો હતા અને (૩) થોડાંક હાળીઓ હતા. આ ત્રણે જૂથોની હાલત અત્યંત કંગાળ હતી.

અનેક રાજકીય ઉથલપાથલો બાદ ૧૮૧૭માં સુરત અંગ્રેજોના તાબામાં ગયું. ત્યાં એમને કોઠીઓ

નાખી અને આ પ્રદેશની અસ્થિરતાને કારણે તેમને મહેસુલ ઉઘરાવવાની પધ્ધતિ દાખલ કરી. આ મહેસુલ દેસાઈઓ ઉઘરાવતા એટલે એમનું વર્ચસ્વ વધ્યું. દેસાઈઓ વિવિધ જાતિઓના હતા. અનાવિલ, પાટીદાર, વાણિયા, પારસી. આ દેસાઈઓને મહેસુલ રોકડમાં આપવું પડતું એટલે ખેડૂત પાસે ન હોય એટલે દેસાઈ પાસે લેતો અને તેના કરજદાર બનતો. આમ આ રોકડ મહેસુલ પધ્ધતિને કારણે ખેડૂતો દેસાઈઓના વધુને વધુ તાબેદાર બનતા ગયા. તેમની સ્વતંત્રતા સાથે જમીનો પણ ચાલી ગઈ. જો કે આ ખેડૂતો મહેસુલ પ્રથા ઉપરાંત તેમના વ્યસનો દારૂ, તાડી વગેરેને કારણે આળસુ બની ગયા હતા. એ ઉપરાંત લગ્ન જેવા સામાજિક પ્રસંગે કે બીજા એવાખેતીના કે બીજા પ્રસંગોએ તેઓ કરજ લેતા અને દેવાદાર બનતા. આ બધાંને કારણે પણ તેઓની જમીન ચાલી ગઈ. આ બધામાંથી આખરે એમને હળપતિઓને સામાજિક અને આર્થિક બંને રીતે જમીનદાર વર્ગોના આશ્રિત બની જવું પડ્યું.

**હાથી પ્રથા :**

હળપતિઓ ખાસ કરીને સુરત, વલસાડ અને ભરૂચ જિલ્લામાં વધુ વસવાટ કરતાં જોવા મળે છે. હળપતિઓ દરિયાપારથી આવીને વસેલી પ્રજા છે. જૂના અંગ્રેજ શાસન બખતે મહેસુલ ઉઘરાવવા જે લોકોને સોંપવામાં આવ્યું હતું એવા દેસાઈ કે પારસી લોકોએ આ હળપતિ જમીનદાર લોકોનું અંગ્રેજી નીતિ અનુસાર પહેલેથી જ ખૂબ શોષણ કરવાનું ચાલુ રાખ્યું હતું. હળપતિઓને દારૂ, તાડી પીવાની પહેલેથી જ ટેવ જોવા મળે છે. તેઓ ખૂબ જ આળસુ પ્રકૃતિના પણ છે. આ બધાનો લાભ આજુબાજુ વસતા દેસાઈ કે પારસી પઠવાવાળાઓએ લીધો. હળપતિઓને પ્રસંગોપાત પૈસા આપીને તેને ધીમે ધીમે અર્ધ ગુલામ જેવી દશામાં લાવી મૂક્યો. આથી આર્થિક રીતે સાવ ઘસાઈ ગયેલા હળપતિઓ કાયમી ગુલામી જેવી હાળી પ્રથાની જંજીરોમાં જકડાઈ ગયા. આ હાળી પ્રથાની જંજીરોમાં આખું જ હળપતિ કુટુંબ હોમાઈ જતું. હળપતિ એક વખત લગ્ન જેવા સામાજિક પ્રસંગે પૈસા લેતો અગર તો વારે, તહેવારે અન્ય પ્રસંગોએ કે અકસ્માતના સમયે પૈસા લેતો અને ધણિયામાનો જિંદગીનો ગુલામ બની જતો. હાળી જન્મથી જ ગરીબ હોય છે. તેની પાસે પૈસા હોતાં નથી. જરૂરી સગવડ હોતી નથી અને તેના પરિણામે દેવાની ઊંડી ખાઈમાં, પારકાની દયા અને સ્વાર્થીરૂપી સરિતામાં હંમેશાને માટે સરકી જવું પડે છે. તેથી આર્થિક અને સામાજિક પરિસ્થિતિ વિશે ભવિષ્યનો વિચાર કરવાનું તેના માનસપટમાં આવતું નથી. તેથી હળપતિ સમાજ નાની ચીજવસ્તુઓના પ્રલોભનોમાં ધણિયાઓનો ગુલામ બની જાય છે. પોતાની પત્ની પણ ઘરનાં અન્ય કાર્યો જેવા કે છાણ, વાસીદું કરવું, પાણી ભરવું, વાસણ સાફ કરવા વગેરે કાર્યોમાં રોકાઈ જાય છે. જયાં માતાપિતા ગુલામ બનતા હોય, ત્યાં બાળક મુક્ત કેવી રીતે રહી શકે ? બાળક સાત, આઠ વર્ષનો થાય એટલે ગોવાળિયા તરીકે ધણિયાઓ રાખી લે છે. આમ હાળી પ્રથામાં સમગ્ર હાળી કુટુંબ ધણિયામાને ત્યાં અર્ધગુલામભર્યું જીવન ગુજારે છે.

હળપતિઓને પરણવા માટે વધુ મૂલ્ય ચૂકવવું પડે છે. વળી લગ્નમાં બીજો પણ ખર્ચ થાય. આ પૈસા એ ધણિયામા પાસેથી કાઢે છે અને હાળી તરીકે ત્યાં રહી જાય છે. તેમને મજૂરી ખાસ મળતી નથી. વળી કામ ન હોય તે દિવસો માટે એ ધણિયામા પાસેથી અનાજ ઉછીનું લે છે. મૂળનું દેવું અને આ

લીધેલી ખાવરી પાછા વાળવાની એની શક્તિ હોતી નથી. એટલે એ ધણિયામાને ત્યાં કામ કર્યા કરે છે. એ દેવું જીંદગીભર વળતું નથી. એટલે એનો દીકરો એ વાળવા હાળી બને છે. હાળીને દેવું વાળવાની કંઈ ઉતાવળ નથી હોતી. કારણ કે હાળી તરીકે એને નિશ્ચિત રીતે રોટલો મળ્યા કરે છે. તે રીતે ધણિયામાને પણ દેવું પાછું મળી જાય એની ઉતાવળ કે તમા હોતી નથી. એટલે બંને એકબીજાને છોડવા તૈયાર નથી. એવી ભૂમિકા જોવા મળે છે.

**હળપતિઓ હાળી તરીકે રહેવાનું શા માટે પસંદ કરે છે ?**

(૧) હળપતિઓ માટે બીજા ધંધા રોજગાર ઓછા છે. તેને આ પરંપરાગત વ્યવસાય હોવાથી કોઠે પડી ગયું છે. ઉપરાંત હાળી પ્રથાથી રોજગારી નિશ્ચિત થઈ જતી હોવાથી રોજી-રોટી માટે તેને બીજે પ્રયત્ન કરવો પડતો નથી.

(૨) ખેતમજૂરીમાં એને કેટલો વખત કામ મળે અને ન પણ મળે, એટલે બેરોજગાર રહેવું પડે છે. જ્યારે હાળીપ્રથામાં તેને કામ હોય કે ન હોય તેનો રોટલો તો મળી જ રહે છે.

(૩) હાળીના ઘરના બધાં જ સભ્યોને ધણિયામાને ત્યાં કામ મળી રહે છે. એટલે કામ વગર અને રોટલા વગર રહેવું પડતું નથી.

(૪) હાળી ઘરડો થાય ત્યારે પણ ધણિયાઓ તેને મદદ કરતો રહે છે.

(૫) હાળીને રોજી-રોટી ઉપરાંત બીજું ઘણું બધું વગર પૈસે (કપડાં, બીડી, તમાકુ કે ઘર ઠામણી) મળે છે. એ છૂટો હોય તો એ બધું પૈસા આપીને લેવું પડે છે. જે એને માટે મુશ્કેલ હોય છે.

(૬) એને લગ્ન માટે પૈસા મળી રહે છે. એટલે ધણિયામા સાથે ઘણો અનૌપચારિક ઘરના માણસ જેવો ગાઢ સંબંધ હોય છે. છૂટક મજૂરનો જમીન માલિક સાથે આવો સંબંધ હોતો નથી, એટલે કે હળપતિને મજૂરીની સાથે આશ્રય પણ મળે છે. તેને આ સંબંધ તોડવો ગમતો નથી.

**ધણિયામો હાળી શા માટે રાખે છે ?**

(૧) જ્યારે ખેતીવાડીમાં મજૂરો જોઈતા હોય ત્યારે ન મળવાનો પણ ભય હોય છે. એટલે હાળી રાખવાથી આ ભય તેમને ઓછો રહે છે.

(૨) અનાવિલો ખાસ કરીને દેસાઈઓ પોતાને બાદશાહ કહેવાતા. તેઓ જાતે કામ કરવામાં નાનમ માનતા, એટલે બંધાયેલા મજૂરો હોય તો તેમને કામ ન કરવું પડે.

(૩) અનાવિલોના સામાજિક દરજ્જાને નિર્ણત કરનાર પરિબળોમાં એમની પાસે કેટલા હાળીઓ છે. તે પરથી નક્કી થતું. જેથી જેમ વધુ હાળી તેમ દેસાઈ મોટો.

(૪) દેસાઈઓના રીતરિવાજો નિભાવવામાં હળપતિઓનો મોટો ફાળો રહેતો. લગ્નમાં હળપતિ વગર ચાલે જ નહીં.

(૫) બાદશાહ બીજાને આશ્રય આપે એ ભાવના સાથે દેસાઈ હળપતિને પોષે છે.

(૬) હળપતિ નાસતો નહીં, નાસી જાય તો બીજે. ગામે પણ અનાવિલ હોય તો તેને કામે રાખે નહીં. એટલે ધણિયામાને હળપતિને વશમાં રાખવામાં ખાસ તકલીફ લેવી પડતી નહીં. ખરેખર તો હળપતિ એના ધણિયામાને વફાદાર જ રહેતો.

**પરિવર્તન :**

આજે વર્ષો બાદ તેમનામાં પરિવર્તન જોવા મળે છે. છેલ્લાં ૫૦ વર્ષથી દૂબળાને 'હળપતિ' તરીકે ઓળખવામાં આવે છે. દૂબળા એટલે નબળા નહિ પરંતુ સબળા છતાં આર્થિક રીતે ખૂબ જ નબળા, એટલા બધા કે ઘણાં વર્ષો સુધી આગળ જોયું તેમ જમીનદારોના તાબેદાર રહ્યાં. જમીનદારોની સેવા આકરી કરી. તેમની જમીનમાં ખેતી કરે અને ત્યાં જ ખેતરને શેઢે ઝુંપડાં બાંધી રહે. જમીનદાર હળપતિઓને ઝુંપડી માટે જમીન આપે અને જમવાનું પણ આપે. બીડી, માચીસ અને પગરખાં પણ આપે. તેના બદલામાં તેઓએ જિંદગીભર જમીનદારોની સેવા ચાકરી કરવી. આ જમીનદારોને તેઓ ધણિયામા કહે છે. આ ધણિયામા પહેલાંના સમયમાં હળપતિઓના માલિક જેવા હતા. આ એક પ્રકારની ગુલામી પ્રથા હતી. પરંતુ ભારત સરકાર અને રાજ્ય સરકારના પ્રયત્નોથી તેઓ ધીમે ધીમે મુક્ત થવા લાગ્યા છે અને સ્વતંત્ર રીતે ખેતી તેમજ બીજા વ્યવસાયો કરવા લાગ્યા છે. જો કે તેઓમાંના મોટા ભાગના હજુ ખેતમજૂરો તરીકે જ કામ કરે છે. માત્ર ૧૦ થી ૧૨ ટકા હળપતિઓ જ બીજું કામ કરતાં હશે.

**હાળી પ્રથામાં આવેલું પરિવર્તન તેનાં કારણો :**

સમાશ્રય અને શોષણના લેખમાં ડૉ. ટી.બી. નાયક જણાવે છે તે મુજબ,

(૧) બીજા વિશ્વયુદ્ધ સુધીમાં અનાવિલ ખેડૂતોની સ્થિતિ એટલી બધી નબળી થઈ ગઈ કે એમને જમીન વેચી દેવી પડી. શહેરોમાં નોકરી લેવી પડી. આમ હાળી રાખવા પાલવ્યા નહીં. જે શહેરોમાં જઈ રહ્યાં તેમને એમની જરૂર જ ન રહી.

(૨) આ સમયમાં દક્ષિણ ગુજરાતમાં જમીનમાંથી લેવાતા પાકોની તરાહ જ બદલાઈ ગઈ. જુવાર, કપાસને બદલે હવે લોકો બાગાયતી ખેતી તરફ વળ્યા. તેમાંય કેરી અને ચીકુની ખેતી ઘણી પ્રસરી. આમાં મજૂરો ઓછા જોઈએ. થોડો વખત જ જોઈએ. તે છૂટક મજૂરીથી પણ ચાલી શકે આને લીધે હાળી રાખવાની જરૂર જ ન રહી.

(૩) હળપતિઓ મુંબઈ ઇંટ પાડવા કે મીઠું પકવતા જતા હતા. જેમ જેમ આ વિસ્તારમાં ઔદ્યોગિકરણ વધવા લાગ્યું તેમ તેમ હળપતિઓ ઔદ્યોગિક મજૂર તરીકે જોડાઈ ગયા. આ મજૂરીમાંથી જે થોડાં પૈસા બચતા, તેમાંથી લગ્ન વગેરેનો ખર્ચ પણ થઈ શકવાથી એમને અનાવિલો પાસેથી પૈસા ઉધાર લેવાની જરૂરિયાત ન રહી.એટલે હળપતિઓએ હાળી પ્રથાનાં બંધનો છોડવા માંડ્યાં.

(૪) એમનામાં શિક્ષણ વધવાથી કેટલાક શિક્ષિત હળપતિઓ પ્રથાની વિરૂધ્ધ થઈ ગયાં.

(૫) કેટલાક રાજકીય પરિબળોએ હાળી પ્રથાને તોડવામાં ઘણો ફાળો આપ્યો. પહેલાં તો અધિકારીઓ નાસી જતા. હળપતિ (હાળીને) શોધવામાં મદદ કરતા એમ નોંધાયું છે. પરંતુ આ પરિબળ જ વિરૂધ્ધ થતાં પ્રથાને ટકાવી રાખનાર મોટું બળ ઓસરી ગયું.

(૬) મહાત્મા ગાંધીએ આ પ્રથાને તોડવામાં ઘણો ફાળો આપ્યો. ઘર આંગણે ગુલામી અને અંગ્રેજો પાસે દેશની આઝાદી માગવાની વાત કેવી રીતે થાય. એટલે એમને હાળીમુક્તિ એ આઝાદીની લડાઈનો એક ભાગ ગણ્યો હતો. આથી હાળી મુક્તિ ચળવળને ઘણું બળ મળ્યું હતું.

(૭) સરકારે પણ હાળી મુક્તિ તથા લઘુત્તમ મજૂરીના કાયદા કર્યા. આનાથી હાળી પ્રથા ઉપર ફટકો પડ્યો.

આ હળપતિઓ ખૂબ દેવાદારની સ્થિતિમાં રહેલા, પરંતુ તેમનામાં હાલમાં જબ્બર પરિવર્તન આવેલું જોવા મળે છે. દરેક કુટુંબ પોતાની રીતે ઝૂંપડા બાંધી શકે તેવી સ્થિતિ થવા લાગી છે. તેમની રહેણી કરણીમાં પણ ખૂબ પરિવર્તન થવા લાગ્યું છે. પહેલાં જેવી આ જાતિની દશા આજે નથી, તેમાં સુધારો થવા લાગ્યો છે. એમાં શિક્ષણને મહત્વનો ભાગ ભજવ્યો છે. જો કે હળપતિ સેવા સંઘ જેવી સંસ્થાએ પણ તેમને આ સ્થિતિ સુધારવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

તેઓની આર્થિક સ્થિતિ જેમ જેમ સુધરતી જાય છે. તેમ તેમ તેઓના જીવનમાં નવી ચેતનાની હવા ફેલાતી જાય છે. સાથે સાથે નવા જીવનની આશા બંધાતી જાય છે. હવે દૂબળા સબળા બનવા લાગ્યા છે. દૂબળાને 'હળપતિ' તરીકે ઓળખવાનું છેલ્લાં ૫૦ વર્ષથી અમલમાં આવ્યું છે. આ હળપતિ એ ગાંધીયુગનો માનવાચક શબ્દ છે. આ હળપતિઓને આગળ લાવવા સામાજિક સંસ્થાઓ,શિક્ષણની સંસ્થાઓનો ઘણો મોટો ફાળો છે. 'દૂબળા' એ નામ ભુંસાતું જાય છે. તેને બદલે હળપતિ તરીકે તેઓ ઓળખાવા લાગ્યા છે. આ હળપતિના શિક્ષણ માટે ગુજરાતમાં કેન્દ્રો, બાલવાડીઓ, છાત્રાલયો, આશ્રમશાળાઓ વગેરે અનેકવિધ પ્રકારનું શિક્ષણકાર્ય ચલાવી રહ્યાં છે.

આમ ઉપર જોયું તેમ હળપતિ સબળા થતાં જાય છે. પરંતુ દૂધ દેખાય છે તેટલું ઉજળું નથી. એ કહેવત પ્રમાણે હાળી પ્રથા કંઈ સાવ નિર્મૂળ થઈ ગઈ નથી. આજે પણ ઘણાં હળપતિઓ ખેતમજૂરો, હાળીઓ તરીકે કામ કરે છે. હળપતિઓની આર્થિક પરિસ્થિતિ પહેલેથી જ સારી નથી. તેમનામાંના થોડાં જ જમીન ધરાવે છે. બાકીના ખેતમજૂરી અને હાળી તરીકે રહીને જ પોતાનો જીવન નિર્વાહ ગોઠવે છે. આ જમીન વિહોણાપણું હાળી પ્રથા તરફ તેમને દોરી જાય છે. તેને કારણે તેમના જીવનમાં અનેક સમસ્યાઓ ઊભી થયેલી છે.

**ભૌતિક સંસ્કૃતિ અને સાધનો :**

હળપતિ-તલાવિયા જાતિમાં તેમની વિધિઓ, પ્રથાઓ, આચારો વગેરેમાં પરિવર્તનના ધીમી

પણ સતત ચાલતી પ્રક્રિયા છે. તેમના સામાજિક રચનાતંત્રમાં આજે કોઈ સીધું પરિવર્તન આવેલું દેખાતું નથી. હળપતિ-તલાવિયા જાતિમાં અનેકવિધ આંતર-બાહ્ય પરિબળો દ્વારા પરિવર્તનની અસરો થતી જોવા મળે છે. તેમનામાં આંતરિક ફરતાં બાહ્ય પરિબળો દ્વારા પરિવર્તનની પ્રક્રિયા વિશેષ થતી જોવા મળે છે. શિક્ષણની વધતી જતી સુવિધાઓ, જુદા જુદા ધર્મોની પ્રવૃત્તિઓ, પંચાયત રાજની પ્રવૃત્તિઓ, શહેરીકરણની સાથે સાથે નવા નવા ઉદ્યોગોની ઔદ્યોગિકરણની અસરો, નવીનતમ ટેકનોલોજી અસરો, રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ તેમના વિકાસ કાર્યક્રમો, સિંચાઈ યોજનાઓ, જુદા જુદા જાતિ સમુદાયોની અસરોએ તેમનામાં પરિવર્તન લાવવા માટેનો મહત્વનો ભાગ ભજવ્યો છે. આ ધીમા છતાં મક્કમ ગતિના પરિબળોએ જે પરિવર્તન આણ્યું છે, જેને તેમનામાં ચેતના અને જાગૃતિ લાવવાનું ખૂબ જ મહત્વનું કામ કર્યું છે. આ નવીન પરિબળો દ્વારા પરિવર્તનની સાથે સાથે કેટલીક સમસ્યાઓ પણ ઊભી થઈ છે. સવર્ણ સમુદાયો સાથે મહદ્અંશે વસતી હોવા છતાં અને ૫૦ વર્ષથી આદિવાસી જાતિઓ માટે તેમના વિકાસ માટે વિકાસ યોજનાઓ ખાસ કરીને હોવા છતાં હળપતિ-તલાવિયા જાતિ આર્થિક, શૈક્ષણિક રીતે હજી ઘણી જગ્યાએ પાછળ જોવા મળે છે.

આગળ જોયું તેમ હળપતિ - તલાવિયા જાતિમાં અનેકવિધ જુદા જુદા પરિબળો દ્વારા ક્યાંક ધીમી મંદગતિએ પરિવર્તનની પ્રક્રિયા સતત જોઈ શકાય છે. તેમાં ધ્યાન ખેંચે તેવું પરિવર્તન તો શિક્ષણની પ્રક્રિયાએ, તો શહેરી વસવાટ કે ક્યાંક શહેરીકરણની ઔદ્યોગિક અસરોએ, ક્યાંક રાજ્ય સરકારની ગૃહ નિર્માણની કે પશુપાલનની યોજનાઓએ, તો ક્યાંક સવર્ણ સમુદાયોની અસરોથી થયેલુ છે. હળપતિ-તલાવિયાઓમાં પરિવર્તનની પ્રક્રિયા એકસરખી નથી. જેવો વિકસીત સમાજથી નજીક છે. તેમનામાં અને દૂર છે, તેમનામાં વધારે કે ઓછું પરિવર્તન છે. જેવો શિક્ષિત છે તેમનામાં અને સિંચાઈવાળા વિસ્તારોમાં ભૌતિક સાધનો તેઓમાં વિશેષપણે જોવા મળે છે. એટલે તેમનામાં સામાજિક-આર્થિક પરિસ્થિતિમાં પણ અંતર છે.

હળપતિ-તલાવિયા જાતિના આ અભ્યાસમાં આવરી લીધેલા ગામોમાંથી ભૌતિક સંપદા જાણવા મળી હતી, તે નીચે મુજબ છે.

**ઘર-રહેઠાણ :**

કોઈપણ જાતિ સમુદાયમાં પરિવર્તન આવે છે, ત્યારે તે અભૌતિક બાબતો કરતાં ભૌતિક બાબતોમાં વિશેષ ઝડપથી આવે છે. હળપતિ-તલાવિયાઓના ઘર સામાન્ય રીતે કાચા અને એક માળના ઝૂંપડા હોય છે. માટીની દિવાલોવાળા, ઘાસના છાજવાળા કે નળિયા-પતરાની છાજવાળા હોય છે. તેમાં પરિવર્તન આવતાં કંઈક અંશે શિક્ષણને કારણે કે એ સિવાય નાની નોકરીમાં જોડાયા છે, તેઓના અને રાજ્ય સરકાર દ્વારા આયોજિત વસાહતી ઘરો ધરાવે છે, તેવાના ઘરો વ્યવસ્થિત, સ્વચ્છ, દેશી-વિલાયતી નળિયાવાળા કે સિમેન્ટના પતરાવાળા, ઇંટોની દિવાલવાળા એકાદ-બે બારી કે બારણાંવાળા, કંઈક અંશે હવા-ઉજાસવાળા અને કવચિત વધુ સારી આર્થિક સ્થિત કોઈ કોઈ કિસ્સાઓમાં હોય તો

રાચરચીલાથી સજ્જ પાકા મકાનો પણ છે. તેમ છતાં સમગ્ર રીતે જોઈએ તો તેઓના ઘરો મહદ્અંશે માટીની દિવાલોવાળા, ઘાસ કે નળિયાથી છાજેલા તદ્દન કાચા સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ઘરો છૂટાં છવાયાં ઝુમખાંમાં, ક્યાંક હરોળમાં, તો ક્યાંક ઉંચનીંચી જગ્યાએ વાંકાચૂંકા બાંધેલા, ગામની બહાર ખરાબામાં વસેલા જોવા મળે છે. ઘર માટેની જગ્યા પણ બહુ પહોળી કે લાંબી પણ ભાગ્યે જોવા મળે છે. મોટા ભાગના ઘરોમાં જગ્યાના અભાવે સંકડાશ અનુભવાતી જોવા મળે છે. ઝંપડામાં બે ખંડ પાડી દે છે.જેમાં અંદરના ભાગે મા-બાપ અને બહારના ભાગે છોકરાં - સૂવે - જો એમની પાસે મરઘાં કે ઢોર-ઢાંખર હોય તો તેને સમાવેશ પણ ઝૂંપડાંને એક ખૂણે કે બહાર કરે છે. સંકળાશને લીધે કોઈ મહેમાન આવી પડે તો સમાવવાનું ઘણું મુશ્કેલ બને છે.

હળપતિ-તલાવિયાના ઘરોને કેટલાંકને માત્ર એક જ બારણું જોવા મળે છે. કેટલાયને જગ્યા હોય તો આગળ-પાછળ બારી-બારણાં જોવા પણ મળે છે. નવી વસાહતોમાં આગળ પાછળ બારણા અને જગ્યા હોય તો આગળ ઓસરી અને બાજુમાં ઢોર-ઢાંખર બાંધી રાખે છે. આગળ જગ્યા હોય તો માટીનો ઓટલો બંધાવી દે છે. ઘરનાં ખૂણાવાળી જગ્યાએ નાના ખેતીના સાધનો મૂકી રાખે છે. સાથે સાથે ઘરવખરીના સાધનો (ટોપલાં-ટોપલી, ઘંટી, કપડાંની પેટી, ચીમની-ફાણસ કે અન્ય) પણ ખૂણે મૂકી રાખે છે.

હળપતિ-તળાવિયાઓના રહેઠાણ - ઘર જે જોવાં મળે છે તેમાં (૧) ઝૂંપડા - માટી અને ઘાસના છાજવાળા (૨) કાચી ભીંતોના દેશી - વિલાયતી નળિયાવાળા (૨) પાકા મકાન જેમાં પતરા સિમેન્ટના, વિલાયતી નળિયા કે ધાબું ધરાવતા હોય. અભ્યાસ હેઠળના ઘરોની સ્થિતિ જોવા મળી હતી, તે આ મુજબ હતી.

ભાષા-બોલી :

હળપતિ-તલાવિયાઓની કોઈ આગવી બોલી નથી. તેમજ લિપીબદ્ધ કરેલ ન હોઈ લેખિત સ્વરૂપે પણ તેમાં કોઈ પ્રકાશ પાડ્યો નથી. કોઈએ તેમનામાં જે કંઈ બોલી બોલાય છે. તેના ઉપર માહિતી એકત્રિત કરી લેખિત મૂકવું જોઈએ.જેથી તેમની તોછડી બોલી કે ભાષા વિશે કોઈ ઝાઝું લેખિત સાહિત્ય નથી, તેમાં તેથી કંઈ તો પ્રકાશ પડશે.

હળપતિ-તલાવિયાઓની બોલીમાં સ્થાનિક તેમની સાથે વસતાં વિવિધ જાતિ સમુદાયો (દેસાઈઓ, પટેલો, કોળીઓ, મુસલમાનો, પારસીઓ અને આદિવાસી જાતિઓ) ની મહદ્અંશે દક્ષિણ ગુજરાતની તોછડી, ગાળ મિશ્રિત મીઠી બોલીની અસરો વર્તાય છે.

**હળપતિ-તલાવિયા જાતિના જાણવા મળેલાં કેટલાંક શબ્દો :**

| ક્રમ | ગુજરાતી | હળપતિ-તલાવિયા |
|---|---|---|
| ૧. | મા | માઈ |
| ૨. | પિતા | નાનો |
| ૩. | દાદા | બાપા |
| ૪. | દાદી | બાયી |
| ૫. | બહેન | જીજી |
| ૬. | સાસુ | મા |
| ૭. | સસરા | બાપુજી |
| ૮. | પત્ની | કેહલી |
| ૯. | બનેવી | પટેલ |
| ૧૦. | સ્ત્રી | બૈરી |
| ૧૧. | પુરૂષ | માતેડો |
| ૧૨. | છોકરો | પોયરો |
| ૧૩. | છોકરી | પોરી |
| ૧૪. | વિધવા | આજી |
| ૧૫. | વિધુર | આજા |
| ૧૬. | વાળ | લટીયા |

**પહેરવેશ :**

હળપતિ-તલાવિયા જાતિમાં પરંપરાગત રીતે પુરૂષો ખમીસ કે અડધી બાંયનો ઝભ્ભો, ધોતિયું, માથે ફાળિયું કે રૂમાલ બાંધે છે. તેઓમાંના ઘણા ઉઘાડા પગે હોય અથવા દેશી બનાવટના ચંપલ પહેરે છે. અભણ યુવાનો પેન્ટ કે લેંઘો, ખમીશ કે બુશર્ટ કે અર્ધી બાંયની ટીશર્ટ પહેરે છે. શિક્ષિત યુવાનો પેન્ટ કે જીન્સના સારા કપડાં પહેરે છે. ઘણા લુંગી સાંજે પહેરે છે. સ્ત્રીઓ લાલ, પીળા, વાદળી, લુગડાં કે સાળી પહેરે છે. કામ વેળા કરછો મારી માથે લુગડું બાંધે છે. આજે રંગબેરંગી સાડીઓ પહેરવાનું પસંદ કરે છે.નાના બાળકો અર્ધ નગ્ન ફરતા જોવા મળે છે. નિશાળ કે ઢોર ચરાવવા અથવા ખેતી કામે જાય ત્યારે ચડ્ડી, ખમીશ, ટી-શર્ટ પહેરે છે. નાની છોકરીઓ, ફ્રોક ચડ્ડી ને બદલે અત્યારે ડ્રેસ પહેરતી જોવા મળે છે. જ્યાં શિક્ષણ પામેલાં જોવા મળે છે, ત્યાં પેન્ટ, બુશર્ટ,જર્સી બુટ મોજાં, ચંપલ પહેરે છે.

**ઘરેણાં :**

તેમનામાં પુરુષ-સ્ત્રી બંનેને ઘરેણાં પહેરવાનો શોખ છે. પુરૂષો ગળામાં કંઠી હાથમાં કડુ, આંગળીએ વીંટી પહેરે છે. સ્ત્રીઓ કાને એરીંગ, કલ્લા, ગળામાં હાર, કંઠી, દોર માદળીયું, દર્શનિયું

નાકે જડ, હાથે આંગળે વીંટી, કલ્લાં, કેડે કંદોરો, પગમાં કડા, હાથે પ્લાસ્ટિક કાચની બંગડીઓ જેવા ઘરેણા પાહેરે છે. ઘરેણાં ચાંદી, સોનાના પહેરતા શક્તિ પ્રમાણે જોવા મળે છે. કેટલાક કાળી દોરી ગળે પહેરતા જોવા મળે છે. તેઓમાં છૂંદણાં છૂંદાવાનો રિવાજ નથી. જેઓ શિક્ષણ પામ્યાં છે કે આર્થિક રીતે સધ્ધર છે. તેઓમાં સોના, ચાંદીના ઘરેણાં વધુ પહેરતાં થયા છે.

ખોરાક - ખાનપાન : હળપતિ-તલાવિયાઓ પોતાના ખોરાકમાં જુવારનો રોટલા અથવા ભડકુ ખાય છે. સાથે દાળ અને ભાત પણ તેમનો મુખ્ય ખોરાક છે. તેમનામાંના ઘણા ખરાંને આર્થિક સ્થિતિને કારણે જુવારનો રોટલો અથવા ભડકા સિવાય બીજું સારું ખાવાનું મળતું નથી. પોષણની રીતે જોઈએ તો તેમનો ખોરાક હલકો, ખામીવાળો છે. સાધન હોય તો કઠોળ, ચોખા, કંદમૂળ, ફળ અને માંસાહારમાં માંસ અને ઇંડાખાઈ શકે છે. જો કે તેવો માંના, ઘણા આવા સારા ખોરાકથી વંચિત રહે છે. તેઓમાં માંસાહારમાં બકરા, સસલાનું માંસ ઉપરાંત મરઘી, ચકલી વગેરે પક્ષીઓનો પણ ઉપયોગ ખાવામાં કરે છે. આજે તેઓમાંના કેટલાક ગુજરાતનીઘણી વાનગીઓ અને ખવાતો ખોરાક બનાવતાં થયાં છે.

હળપતિઓમાં દારૂ-તાડી પીવાનું વ્યસન ઘર કરી ગયેલું જોવામળે છે. ઘણાં પાછલાં કેટલાંક વર્ષોમાં દારૂ પીવાની ટેવ ઘણી ઓછી થઈ છે. જેઓ શિક્ષિત થયા છે કે કેટલીક સંસ્થાઓ કે કેન્દ્રોએ તેમને આ કુટુંવમાંથી છોડાવ્યા છે. છતાં દરિયા કિનારે કે પ્રસંગોપાત દારૂ પીવાની તેમની ટેવ સદંતર છોડી શક્યાન હોય તેમ જોવા મળે છે. આર્થિક સ્થિતિએ તેમાં ઓટ આણી છે કે અને છાટકા થવાની ટેવમાં સુધારો થયો છે. દારૂની ટેવ, ઉપરાંત ચા કે ઉકાળો, કાવો તેમના પીણાં છે. બીડી, તમાકુનું વ્યસન તેમનામાં ખૂબ જ જોવા મળે છે.

## પ્રકરણ-૫

## તપાસના ગામોના આવરી લીધેલા કુટુંબોનો પરિચય (સામાજિક, આર્થિક, શૈક્ષણિક જીવન માળખું)

આદિવાસી વિસ્તારો અણવિકસીત અને ઉંડાણમાં છે. આવા વિસ્તારો સંકલિત આદિજાતિ વિકાસ પરિયોજનાના માળખામાં હોવા છતાં અમૂક વિસ્તારમાં બધી રીતે વિકાસ થયો નથી. એકબીજા કારણોસર ઘડાયેલી વિકાસની અનેક યોજનાઓના લાભો સામાન્ય રીતે જાગૃત માનવ સમાજને જ પ્રાપ્ત થયા. બાકીની પ્રજાની પ્રગતિ નહીંવત થઈ શકી. તેની પાછળ તેમની આર્થિક સ્થિતિ, વસતિ વધારો, નિરક્ષરતા, ટૂંકી બિન ફળદ્રુપ સિંચાઈ વિહોણી જમીન વગેરે જેવા અનેક કારણોસર આદિવાસી પ્રજાનો જોઈએ તેઓ વિકાસ થઈ શક્યો નથી. અહીયાં આદિવાસી વિસ્તારોથી દૂર પશ્ચિમના સપાટ ફળદ્રુપ વિસ્તારોમાં મહ્દઅંશે બિન આદિવાસી સવર્ણ જાતિઓ સાથે વસેલી હળપતિ જાતિનો પણ આવા જ કેટલાક કારણોસર વિકાસ થવા પામ્યો નથી. તેમની આર્થિક સ્થિતિ, વસતિ વધારો, જમીન વિહોણાપણું અને એથી વિશેષ તો તેમનામાં જોવા મળતી નિરક્ષતા તેમના વિકાસમાં બાધક છે. આ હળપતિ જાતિની બીજી કરુણતા એ છે કે તેમનેમાંના ઘણાને રહેવા માટે સારું ઝૂંપડુ નથી, તેથી તેઓના ઘણા જેને ત્યાં ખેતમજૂરી કરે છે. તેના ખેતરના શેઢે રહે છે અને જુદી જુદી જાતની શરતોથી બંધાઈને ખેતમજૂરી વંઢેરે છે. સંકલિત આદિજાતિ વિસ્તારથી દૂર હોઈ તેમને આદિવાસી તરીકે લાભો જવલ્લેજ પ્રાપ્ત છે. જંગલ વિસ્તારોથી દૂર હોઈ જંગલથી થતા લાભોથી પણ વંચિત છે. તેમની સૌથી મોટી કરુણ સમસ્યા ઘર, ઝૂંપડાની કેટલાકને પરંપરાથી છે. તેમાંથી બહાર કાઢવા માટે પણ પ્રયત્ન થઈ રહ્યા છે. હળપતિ આવાસ યોજના તેમના માટે ચાલતા હળપતિ ગૃહનિર્માણ બોર્ડ દ્વારા ખાસ કાળજી લઈને **૧૯૮૪થી** શરૂ કરાઈ હતી. ઉપરાંત તેઓમાં પરંપરાથી ચાલી આવતી હાળીપ્રથા જેને તેમની બેહાલી કરીને કાયમી ગુલામીની જંજીરોમાં જકડી રાખીને કચડ્યા છે. તેને માટે ખાસ નક્કર પગલાં લઈને, તે માટે ખાસ પ્રયત્ન આદરવા જોઈએ.

## કોઠા નં. ૫.૧
## પસંદ કરેલ ગામોના લાભાર્થી કુટુંબો અને પુરૂષ-સ્ત્રી સભ્ય સંખ્યા

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | સભ્ય સંખ્યા પુરૂષ | સભ્ય સંખ્યા સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરત | ૧. | માંડવી | એરઠ | ૫ | ૬ | ૯ | ૧૫ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | ૨૭ | ૨૪ | ૫૧ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | ૨૪ | ૧૯ | ૪૩ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | ૧૨ | ૧૨ | ૨૪ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | ૧૯ | ૧૯ | ૩૮ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૨૦ | ૨૮ | ૪૮ |
| | | | કુલ | | ૫૦ | ૧૦૮ (૪૯.૩૨) | ૧૧૧ (૫૦.૬૮) | ૨૧૯ (૧૦૦.૦૦) |
| ૨. | ભરૂચ | ૭ | વાગરા | વછનાદ | ૪ | ૭ | ૭ | ૧૪ |
| | | ૮ | આમોદ | સરભાણ | ૨ | ૮ | ૩ | ૧૧ |
| | | ૯ | જંબુસર | મગણાદ | ૪ | ૧૦ | ૭ | ૧૭ |
| | | ૧૦ | ભરૂચ | ત્રાલસી | ૪ | ૧૧ | ૮ | ૧૯ |
| | | ૧૧ | અંકલેશ્વર | સજોદ | ૨ | ૫ | ૫ | ૧૦ |
| | | ૧૨ | હાંસોટ | શેરા | ૪ | ૧૦ | ૬ | ૧૬ |
| | | | કુલ | | ૨૦ | ૫૧ (૫૮.૬૨) | ૩૬ (૪૧.૩૮) | ૮૭ (૧૦૦.૦૦) |
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૨૦ | ૨૫ | ૪૫ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | ૧૦ | ૧૨ | ૨૨ |
| | | ૧૫ | ધરમપુર | સેંગવા | ૪ | ૧૦ | ૯ | ૧૯ |
| | | | કુલ | | ૨૦ | ૪૦ (૪૬.૫૧) | ૪૬ (૫૩.૪૯) | ૮૬ (૧૦૦.૦૦) |
| ૪. | નવસારી | ૧૬ | ચીખલી | ધેજ | ૧૦ | ૨૪ | ૧૩ | ૩૭ |
| | | ૧૭ | જલાલપોર | મરોલી | ૧૦ | ૨૪ | ૧૬ | ૪૦ |
| | | | કુલ | | ૨૦ | ૪૮ (૬૨.૩૪) | ૨૯ (૩૭.૬૬) | ૭૭ (૧૦૦.૦૦) |
| ૫. | કુલ | | બધાનું કુલ | | ૧૧૦ | ૨૪૭ (૫૨.૬૭) | ૨૨૨ (૪૭.૩૩) | ૪૬૯ (૧૦૦.૦૦) |

આ તપાસ અભ્યાસમાં ચાર જિલ્લાના હેઠળ લીધેલા ગામો પૈકીના કુલ ૧૭ જેટલા ગામોમાંથી ૧૧૦ જેટલા કુટુંબોની રૂબરૂ મુલાકાત લઈ માહિતી મેળવવામાં આવી હતી. સુરત જિલ્લામાંથી છ તાલુકાના કુલ છ જેટલા ગામોના ૫૦ જેટલા કુટુંબો, ભરૂચ જિલ્લામાંથી પણ છ તાલુકાના કુલ છ જેટલા ગામોના ૨૦ જેટલા કુટુંબો અને નવસારી જિલ્લામાંથી બે તાલુકાના બે ગામોના ૨૦ જેટલા કુટુંબો આવરી લઈને દરેક ગામમાં રૂબરૂ જઈને તેમના સંબંધી સઘળી વિગતો મૂકવાનો પ્રયાસ કર્યો છે. હળપતિઓની જે જિલ્લાઓમાં વધુ વસતિ છે, તેવા વિસ્તારના તાલુકાઓમાંથી અભ્યાસ હેઠળ વધુ કુટુંબો સમાવાયા છે. જયાં ઓછી વસતિ સંખ્યા છે, તેવા જિલ્લાઓમાંથી ઓછા કુટુંબોને સમાવીને માહિતી મેળવી હતી.

અભ્યાસના ગામોના પસંદ કરાયેલા કુટુંબોમાંથી જે તે કુટુંબોની જાતિવાર સભ્ય સંખ્યા જાણવા મળી હતી. જે દરેક જિલ્લાના સમાવેલા ગામોના સમગ્ર કુટુંબોમાંથી જાતિવાર પુરૂષ-સ્ત્રી વાર સભ્ય સંખ્યા જાણવા મળી હતી. તેની વિગતો કોઠા ૫.૧માં જોવાથી ખ્યાલ આવશે.

તપાસ અભ્યાસમાં પસંદ કરાયેલા કુટુંબોની કેટલીક સામાન્ય માહિતી (મકાન, કુટુંબના સભ્યોની વયજૂથની વિગતો, વૈવાહિક દરજ્જો, શિક્ષણ, સ્થાવર મિલકત, વ્યવસાય, પશુધન, આવક, ખર્ચ, દેવું) જાણવા મળી હતી. તે નીચે પ્રમાણે છે.

**મકાનનો પ્રકાર અને વિજળી :**

અભ્યાસના આવરેલા સમગ્ર કુટુંબોના મકાનો પાકા એક રૂમ રસોડાના, ઈંટ, સીમેન્ટ, રેતીની પાકી દીવાલોના બનાવેલા હતા. નળિયાવાળા અને સીમેન્ટના પતરાવાળા હતા. ૨૪ (૨૧.૮૨ ટકા) કુટુંબો પોતાના ઘર પાસે પશુ છાપરી ધરાવતા હતા. બાકીના ૮૬ (૭૮.૧૮ ટકા) કુટુંબો પશુછાપરા વિનાના જણાયા હતા. વિજળી સુવિધાવાળા ૯૧ (૮૨.૭૩ ટકા) કુટુંબો અને ૧૯ (૧૭.૨૭ ટકા) કુટુંબો વિજળી સુવિધાથી હજુ વંચિત જાણવા મળ્યા હતા.

આમ મકાન, પશુછાપરી અને વિજળી, નાવણિયુ, જાજરૂ, પાણી સુવિધા અંગેની વિસ્તારવાર (ગામ) કુટુંબ સંખ્યા પ્રમાણેની વિગતો ઉંડાણથી કોઠો ૫.૨માં દર્શાવ્યા પ્રમાણે જાણવા મળી હતી.

અભ્યાસ તપાસના આવરેલ કુટુંબોના સભ્યોનું પુરૂષ-સ્ત્રી અને વયજૂથ મુજબના વર્ગીકરણના આંકડા જોઈએ તો કુલ કુટુંબોની સભ્ય સંખ્યા ૪૬૯ની હતી. જેમાં ૨૪૭ પુરૂષો અને ૨૨૨ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. સ્ત્રીઓ કરતાં પુરૂષોની સભ્ય સંખ્યા ઓછી નોંધાયેલી જોઈ શકાય છે. પુરૂષ-સ્ત્રીની સભ્ય સંખ્યામાંથી સૌથી વધુ સભ્ય સંખ્યા ૨૬ થી ૩૫ની વયજૂથમાં ૧૮.૨૨ ટકા પુરૂષો અને ૨૦.૭૨ ટકા સ્ત્રીઓની નોંધાયેલી જોવા મળી હતી. જે મહદ્અંશે યુવાન પરણેલાઓની હતી. જયારે સૌથી ઓછી સભ્ય સંખયા ૬૦થી ઉપરના સ્ત્રી-પુરૂષોમાં અને ૦ થી ૫ના બાળકોના વયજૂથમાં નોંધાયેલી જાણવા મળી હતી. જે અનુક્રમે ૩.૨૪ ટકા પુરૂષો અને ૨.૭૦ ટકા સ્ત્રીઓ અને ૧૨.૫૫ ટકા પુરૂષ, બાળકો અને ૧૨.૬૧ ટકા સ્ત્રી, બાળકોની હતી. ૪૬થી ઉપરની વયજૂથમાં પણ જોઈએ તો માત્ર ૧૩.૩૬ ટકા પુરૂષો અને ૧૫.૩૨ ટકા સ્ત્રીઓની સભ્ય સંખ્યા હતી. એટલે મોટી ઉંમરના અને કમાનારની સંખ્યા હતી. જેની ઉપર નાની વયજૂથની પોષણની જવાબદારી હતી.

આમ વયજૂથ પ્રમાણેના વર્ગીકરણમાં ૦ થી ૫ અને ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકોની સભ્ય સંખ્યા સરવાળે વિશેષ જોવા મળી હતી.

આમ જાતિ અને વયજૂથ પ્રમાણે વિસ્તાર ગામ પ્રમાણે કુટુંબ પ્રમાણેનું વર્ગીકરણ કોઠા નં.૫.૩માં દર્શાવ્યા પ્રમાણે ઉંડાણથી વિગતે જોવાથી ખ્યાલ આવશે.

## મકાનનો પ્રકાર અને સામાન્ય સુવિધાઓ.

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | મકાનમાલિકી જમીનમાં | | હા તો કોની | ના તો કોની | મકાન પ્રકાર | ઓરડા | છાજ શેનું | | પશુ છાપરી | | વિજળી છે | | નાવણિયું છે | | જાજરૂ છે | | પાણીની સુવિધા છે. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | હા | ના | પોતાની | પંચાયતી | પાકું | | વિલાયતી નળિયા | પતરા | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | - | ૫ | - | ૫ | ૫ | ૫ | - | - | - | ૫ | ૫ | - | ૫ | - | - | ૫ | - | ૫ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | ૧૦ | - | - | ૩ | ૭ | ૮ | ૨ | ૧૦ | - | - | ૧૦ | - | ૧૦ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | ૧૦ | - | - | - | ૧૦ | ૯ | ૧ | ૨ | ૮ | - | ૧૦ | - | ૧૦ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | - | ૫ | - | ૫ | ૫ | ૫ | - | - | - | ૫ | ૫ | - | ૫ | - | - | ૫ | - | ૫ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | ૩ | ૭ | ૩ | ૭ | ૧૦ | ૧૦ | - | - | - | ૧૦ | ૧૦ | - | ૯ | ૧ | - | ૧૦ | - | ૧૦ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | ૧૦ | - | - | ૪ | ૬ | ૫ | ૫ | ૧૦ | - | - | ૧૦ | - | ૧૦ |
| | | | કુલ | - | ૫૦ | ૩ | ૪૭ | ૩ | ૪૭ | ૫૦ | ૫૦ | - | - | ૭ | ૪૩ | ૪૨ | ૮ | ૪૧ | ૯ | - | ૫૦ | - | ૫૦ |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | - | ૪ | - | ૪ | ૪ | ૪ | - | - | ૧ | ૩ | ૩ | ૧ | ૧ | ૩ | - | ૪ | - | ૪ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | - | ૨ | - | ૨ | ૨ | ૨ | - | - | - | ૨ | ૨ | - | ૨ | - | - | ૨ | - | ૨ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | - | ૪ | - | ૪ | ૪ | ૪ | - | - | - | ૪ | - | ૪ | - | ૪ | ૪ | - | - | ૪ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | - | ૪ | - | ૪ | ૪ | ૪ | - | - | - | ૫ | ૫ | - | ૫ | - | ૧ | ૪ | - | ૫ |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | ૨ | - | ૨ | - | ૨ | ૨ | - | - | - | ૨ | ૨ | - | ૨ | - | ૨ | - | - | ૨ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | ૪ | - | ૪ | - | ૪ | ૪ | - | - | - | ૪ | ૪ | - | ૪ | - | ૪ | - | - | ૪ |
| | | | કુલ | - | ૨૦ | ૬ | ૧૪ | ૬ | ૧૪ | ૨૦ | ૨૦ | - | - | ૧ | ૧૯ | ૧૫ | ૫ | ૧૩ | ૭ | ૧૧ | - | - | - |

કોઠા નં. ૫.૨ (ચાલુ)

## મકાનનો પ્રકાર અને સામાન્ય સુવિધાઓ

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | મકાનમાલિકી જમીનમાં | | હા તો કોની | ના તો કોની | મકાન પ્રકાર | ઓરડા | છાજ શેનું | | પશુ છાપરી | | વિજળી છે | | નાવણિયું છે | | જાજરૂ છે | | પાણીની સુવિધા છે. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | હા | ના | પોતાની | પંચાયતી | પાકું | | વિલાયતી નળિયા | પતરા | હા | ના | હા | ના | હા | ના | હા | ના | હા | ના |
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૧ | ૯ | ૧ | ૯ | ૧૦ | ૧૦ | - | - | ૫ | ૫ | ૧૦ | - | ૮ | ૨ | ૧ | ૯ | - | ૧૦ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | ૬ | - | ૬ | - | ૬ | ૬ | - | - | ૬ | - | ૬ | - | ૬ | - | - | ૬ | - | ૬ |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | - | ૪ | - | ૪ | ૪ | ૪ | - | - | - | ૪ | ૪ | - | ૪ | - | - | ૪ | - | ૪ |
| | | | કુલ | - | ૨૦ | ૭ | ૧૩ | ૭ | ૧૩ | ૨૦ | ૨૦ | - | - | ૧૧ | ૯ | ૨૦ | - | ૧૮ | ૨ | ૧ | ૧૯ | - | ૨૦ |
| ૪. | નવસારી | ૧૬. | ચીખલી | ઘેજ | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | ૧૦ | - | - | ૧ | ૯ | ૬ | ૪ | ૮ | ૨ | - | ૧૦ | - | ૧૦ |
| | | ૧૭. | જલાલપોર | મરોલી | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | ૧૦ | ૧૦ | - | - | ૪ | ૬ | ૮ | ૨ | ૭ | ૩ | - | ૧૦ | - | ૧૦ |
| | | | કુલ | | ૨૦ | - | ૨૦ | - | ૨૦ | ૨૦ | ૨૦ | - | - | ૫ | ૧૫ | ૧૪ | ૬ | ૧૫ | ૫ | - | ૨૦ | - | ૨૦ |
| ૫. | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૧૬ | ૯૪ | ૧૬ | ૯૪ | ૧૧૦ | ૧૧૦ | - | - | ૨૪ | ૮૬ | ૯૧ | ૧૯ | ૮૭ | ૨૩ | ૧૨ | ૯૮ | - | ૧૧૦ |
| | | | ટકા | | (૧૦૦.૦૦) | (૧૪.૫૫) | (૮૫.૪૫) | (૧૪.૫૫) | (૮૫.૪૫) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) | - | - | (૨૧.૮૨) | (૭૮.૧૮) | (૮૨.૭૩) | (૧૭.૨૭) | (૭૯.૦૯) | (૨૦.૯૧) | (૧૦.૯૧) | (૮૯.૦૯) | - | (૧૦૦.૦૦) |

કોઠા નં. ૫.૩

જાતિ અને વયજૂથ પ્રમાણે વર્ગીકરણં

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | વયજૂથ વર્ગીકરણ | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૦ થી ૫ | | ૬ થી ૧૪ | | ૧૫ થી ૨૫ | | ૨૬ થી-૩૫ | | ૩૬ થી ૪૫ | | ૪૬ થી ૬૦ | | ૬૦થી ઉપર | | કુલ | |
| | | | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | ૧ | ૨ | ૨ | ૧ | - | ૧ | ૨ | ૩ | ૧ | - | - | ૨ | - | - | ૬ | ૯ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | ૩ | ૩ | ૩ | ૨ | ૮ | ૬ | ૩ | ૪ | ૭ | ૫ | ૩ | ૩ | - | ૧ | ૨૭ | ૨૪ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | ૪ | ૩ | ૨ | ૨ | ૪ | ૩ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૧ | - | ૨૪ | ૨૯ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | ૧ | ૧ | ૨ | ૧ | ૪ | ૫ | ૧ | - | ૧ | ૨ | ૨ | ૩ | ૧ | - | ૧૨ | ૧૨ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | ૧ | ૧ | ૨ | ૬ | ૪ | ૩ | ૩ | ૧ | ૫ | ૫ | ૩ | ૫ | - | - | ૧૯ | ૧૯ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૩ | ૬ | ૩ | ૪ | ૪ | ૫ | ૫ | ૫ | ૩ | ૩ | ૨ | ૫ | - | - | ૨૦ | ૨૮ |
| | | | કુલ | - | ૫૦ | ૧૩ | ૧૬ | ૧૪ | ૧૬ | ૨૪ | ૨૩ | ૧૮ | ૧૭ | ૨૧ | ૧૯ | ૧૬ | ૧૯ | ૨ | ૧ | ૧૦૮ | ૧૧૧ |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૨ | ૨ | ૨ | ૨ | - | - | - | - | ૭ | ૭ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | ૨ | - | ૨ | - | - | - | ૨ | ૨ | - | - | - | ૧ | ૨ | - | ૮ | ૩ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | ૨ | - | ૧ | - | ૨ | ૩ | ૨ | ૧ | - | ૨ | ૨ | ૧ | ૧ | - | ૧૦ | ૭ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | - | ૧ | ૨ | ૧ | ૧ | - | ૪ | ૨ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૧૧ | ૮ |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | - | - | ૨ | ૨ | - | - | ૧ | ૨ | ૧ | - | ૧ | ૧ | - | - | ૫ | ૫ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | ૩ | - | ૨ | ૨ | ૧ | - | ૨ | ૩ | ૨ | ૧ | - | - | - | - | ૧૦ | ૬ |
| | | | કુલ | - | ૨૦ | ૯ | ૨ | ૧૦ | ૬ | ૪ | ૪ | ૧૩ | ૧૨ | ૬ | ૬ | ૫ | ૪ | ૪ | ૨ | ૫૧ | ૩૬ |

કોઠા નં. ૫.૩ (ચાલુ)

જાતિ અને વયજૂથ પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | વયજૂથ વર્ગીકરણ | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૦ થી ૫ | | ૬ થી ૧૪ | | ૧૫ થી ૨૫ | | ૨૬ થી ૩૫ | | ૩૬ થી ૪૫ | | ૪૬ થી ૬૦ | | ૬૦થી ઉપર | | કુલ | |
| | | | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૫ | ૬ | - | ૪ | ૪ | ૪ | ૬ | ૫ | - | - | ૪ | ૪ | ૧ | ૨ | ૨૦ | ૨૫ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | - | ૧ | ૪ | ૨ | ૧ | ૪ | ૧ | ૨ | ૧ | - | ૩ | ૩ | - | - | ૧૦ | ૧૨ |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | - | - | ૩ | ૨ | ૩ | ૩ | - | - | ૩ | ૪ | ૧ | - | - | - | ૧૦ | ૯ |
| | | | કુલ | - | ૨૦ | ૫ | ૭ | ૭ | ૮ | ૮ | ૧૧ | ૭ | ૭ | ૪ | ૪ | ૮ | ૭ | ૧ | ૨ | ૪૦ | ૪૬ |
| ૪. | નવસારી | ૧૬. | ચીખલી | ઘેજ | ૧૦ | ૧ | - | ૫ | ૧ | ૭ | ૧ | ૧ | ૬ | ૮ | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૪ | ૧૩ |
| | | ૧૭. | જલાલપોર | મરોલી | ૧૦ | ૩ | ૩ | ૬ | ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૨ | ૨ | ૩ | ૩ | - | - | ૨૪ | ૧૬ |
| | | | કુલ | | ૨૦ | ૪ | ૩ | ૧૧ | ૨ | ૧૧ | ૪ | ૭ | ૧૦ | ૧૦ | ૫ | ૪ | ૪ | ૧ | ૧ | ૪૮ | ૨૯ |
| ૫. | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૩૧ | ૨૮ | ૪૨ | ૩૨ | ૪૭ | ૪૨ | ૪૫ | ૪૬ | ૪૧ | ૩૪ | ૩૩ | ૩૪ | ૮ | ૬ | ૨૪૭ | ૨૨૨ |
| | | | ટકા | | | (૧૨.૫૫) | (૧૨.૬૧) | (૧૭.૦૦) | (૧૪.૪૧) | (૧૯.૦૩) | (૧૮.૯૨) | (૧૮.૨૨) | (૨૦.૭૨) | (૧૬.૬૦) | (૧૫.૩૨) | (૧૩.૩૬) | (૧૫.૩૨) | (૩.૨૪) | (૨.૭૦) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |

## કોઠા નં. ૫.૪
## કુટુંબની સભ્ય સંખ્યા અને પ્રકાર

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ૧ થી ૨ સભ્ય સંખ્યા | ૩ થી ૫ સભ્ય સંખ્યા | ૬ થી વધારે સભ્ય સંખ્યા | કેન્દ્રીય | સંયુક્ત | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | ૨ | ૩ | - | ૫ | - | ૫ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | - | ૬ | ૪ | ૬ | ૪ | ૧૦ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | ૨ | ૬ | ૨ | ૫ | ૫ | ૧૦ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | ૧ | ૨ | ૨ | ૪ | ૧ | ૫ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | ૨ | ૭ | ૧ | ૭ | ૩ | ૧૦ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | - | ૮ | ૨ | ૧ | ૯ | ૧૦ |
| | | | કુલ | | ૫૦ | ૭ | ૩૨ | ૧૧ | ૨૮ | ૨૨ | ૫૦ |
| | | | ટકા | | | (૧૪) | (૬૪) | (૨૨) | (૫૬) | (૪૪) | (૧૦૦) |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | ૧ | ૩ | - | ૪ | - | ૪ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | - | ૧ | ૧ | - | ૨ | ૨ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | ૧ | ૨ | ૧ | ૧ | ૩ | ૪ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | ૧ | ૨ | ૧ | ૩ | ૧ | ૪ |
| | | ૧૧. | અંકલેશ્વર | સભેદ | ૨ | - | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | - | ૪ | - | ૪ | - | ૪ |
| | | | કુલ | | ૨૦ | ૩ | ૧૩ | ૪ | ૧૩ | ૭ | ૨૦ |
| | | | ટકા | | | (૧૫) | (૬૫) | (૨૦) | (૬૫) | (૩૫) | (૧૦૦) |
| ૩. | વલસાડ | ૧૩. | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૨ | ૬ | ૨ | ૭ | ૩ | ૧૦ |
| | | ૧૪. | ધરમપુર* | ધરમપુર | ૬ | ૨ | ૩ | ૧ | ૪ | ૨ | ૬ |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | - | ૪ | - | ૪ | - | ૪ |
| | | | કુલ | | ૨૦ | ૪ | ૧૩ | ૩ | ૧૫ | ૫ | ૨૦ |
| | | | ટકા | | | (૨૦) | (૬૫) | (૧૫) | (૭૫) | (૨૫) | (૧૦૦) |
| ૪. | નવસારી | ૧૬. | ચીખલી | ધેજ | ૧૦ | ૧ | ૮ | ૧ | ૯ | ૧ | ૧૦ |
| | | ૧૭ | જલાલપોર | મરોલી | ૧૦ | ૧ | ૮ | ૧ | ૮ | ૨ | ૧૦ |
| | | | કુલ | | ૨૦ | ૨ | ૧૬ | ૨ | ૧૭ | ૩ | ૨૦ |
| | | | ટકા | | | (૧૦) | (૮૦) | (૧૦) | (૮૫) | (૧૫) | (૧૦૦) |
| | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૧૬ | ૭૪ | ૨૦ | ૭૩ | ૩૭ | ૧૧૦ |
| | | | ટકા | | | (૧૪.૫૪) | (૬૭.૨૮) | (૧૮.૧૮) | (૬૬.૩૬) | ૩૩.૬૪ | (૧૦૦) |

અભ્યાસમાં આગળ લાભાર્થી કુટુંબ સંખ્યા અને કુટુંબના સભ્યોની જાતિવાર સભ્ય સંખ્યા જોઈ, તદ્‌ઉપરાંત લાભાર્થી કુટુંબોમાંથી જાણવા મળેલુ પુરૂષ-સ્ત્રીઓનું વયજૂથનું પ્રમાણ તેની સંખ્યા જે જાણવા મળી હતી, તે દર્શાવી છે. આ બધાની સાથે સાથે આવરેલા કુટુંબોમાંથી કુટુંબ કદ પ્રમાણે જે કુટુંબો જાણવા મળ્યા હતા તે અને કુટુંબનો જે પ્રકાર જાણવા મળ્યો હતો. તે જોઈએ તો ૧ થી ૨ની સભ્ય સંખ્યાવાળા ૧૬ (૧૪.૫૪ ટકા) કુટુંબો, ૩ થી ૫ની સભ્ય સંખ્યા ધરાવનારા ૭૪ (૬૭.૨૮ ટકા) કુટુંબો જ્યારે ૬ અને ૬થી વધારે સભ્ય સંખ્યા ધરાવનારા ૨૦ (૧૮.૧૮ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. આમ ૩ થી ૫ની સભ્ય સંખ્યા ધરાવતા કુટુંબો સવિશેષ જાણવા મળ્યા હતા. એટલે હળપતિઓના કુટુંબનું કદ સભ્ય સંખ્યાની સાથે જોઈએ તો મોટું કહી શકાય તેવું જાણવા મળ્યું હતું.

એ રીતે હળપતિ જાતિના આવરેલા ૧૧૦ જેટલા કુટુંબોમાંથી તેનો કુટુંબ પ્રકા જાણવાનો પ્રયાસ કર્યો હતો. તેમાં પણ ૭૩ (૬૬.૩૬ ટકા) કુટુંબો કેન્દ્રીય એટલે કે લગ્ન કર્યા પછી મહદ્‌અંશે નાના કુટુંબમાં રહેવાનું પસંદ કરતા કુટુંબોની સંખ્યા વિશેષ જાણવા મળી હતી. જ્યારે ૩૭ (૩૩.૬૪ ટકા) કુટુંબો સંયુક્ત જાણવા મળ્યા હતા. જેમાં માતા-પિતા સહતિ બીજા સભ્યો ધરાવતા કુટુંબો જોવા, જાણવા મળ્યા હતા.

આમ કુટુંબ કદ પ્રમાણેનું વર્ગીકરણ ગામ, વિસ્તાર મુજબ જે કુટુંબોની સંખ્યા જાણવા મળી હતી તે, અને કુટુંબના પ્રકાર મુજબનું વર્ગીકરણ ગામ, વિસ્તાર મુજબની જે કુટુંબ સંખ્યા જાણવા મળી હતી. તે ઉંડાણથી કોઠા ૫.૪માં દર્શાવવામાં આવી છે. જોતાં વિગતે ખ્યાલ આવશે.

**વૈવાહિક દરજ્જો :**

અભ્યાસના કુટુંબોમાંથી પુરૂષ-સ્ત્રીની કુલ સભ્ય સંખ્યામાંથી ૪૬.૧૫ ટકા પુરૂષો અને ૩૬.૪૯ ટકા સ્ત્રીઓની, અપરણિતોની સભ્ય સંખ્યા જ્યારે ૫૧.૮૩ ટકા પુરૂષ અને ૫૭.૬૬ ટકા સ્ત્રીઓની પરણિતોની સભ્ય સંખ્યા અને ૨.૦૨ ટકા વિધુરો અને ૫.૮૫ ટકા વિધવા સ્ત્રીઓની સભ્ય સંખ્યા જાણવા મળી હતી.

આમ વિસ્તાર અને તેના ગામો પ્રમાણે જોઈએ તો દરેક વિસ્તારના, દરેક ગામોમાં અપરણિતોની સભ્ય સંખ્યા કરતાં પરણિતોની સભ્ય સંખ્યા વિશેષ જાણવા મળી હતી. જેમાં વીસ વર્ષ પહેલાં નાની ઉંમરમાં થતા લગ્નને કારણે તેઓમાં અપરણિતોની સભ્ય સંખ્યા કદાચ ઓછી હશે. એ સિવાય વિધુર-વિધવાનું પ્રમાણે ઓછું જણાવ્યું હતું. તેમાંય વિધુર કરતાં વિધવાઓનું પ્રમાણ વધુ જણાવ્યું હતું.

આમ વૈવાહિક દરજ્જાની સ્થિતિ કોઠા ૫.૬માં દર્શાવ્યા પ્રમાણે વિસ્તારવાર ગામ પ્રમાણે કુટુંબની સંખ્યા, તેમજ સભ્ય સંખ્યા મુજબ પરણિત, અપરણિત, વિધુર-વિધવાની જે સભ્ય સંખ્યા જાણવા મળી હતી, તે વર્ગીકરણમાં ઉંડાણથી દર્શાવ્યું છે તે જોતાં સ્પષ્ટ થશે.

હળપતિ જાતિના અભ્યાસના કુટુંબોમાંથી ક્ષેત્રકાર્ય દરમ્યાન તેમની વૈવાહિક પરિસ્થિતિની સાથે સાથે કુટુંબના સભ્યોની માહિતીમાં પરણિતોની લગ્નવય જાણવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં ૧૩૩ પુરૂષો અને ૧૪૧ સ્ત્રીઓની લગ્ન સમયની ઉંમર જાણવા મળી હતી. હયાત પરણિત પુરૂષોમાં વિધુર અને સ્ત્રીઓમાં વિધવાઓની પણ ઉંમર જાણવા મળી હતી. તે રીતે જોતાં ૧૫ થી ૨૦ વર્ષની વયમાં ૩૬.૦૯ ટકા પુરૂષો અને ૭૮.૦૧ ટકા સ્ત્રીઓના લગ્ન થયેલા જાણવા મળ્યા હતા. જ્યારે ૨૧ થી ૨૫ વર્ષની વયમાં ૬૩.૯૧ ટકા પુરૂષો અને ૨૧.૯૯ ટકા સ્ત્રીઓના લગ્ન થયેલા જાણવા મળ્યા હતા. એટલે તે ઉપરથી જોઈ શકાય છે કે પુરૂષ કરતાં સ્ત્રીઓના લગ્નો નાની ઉંમરે થાય છે અને પુરૂષોના લગ્ન મોટી ઉંમરે એટલે કે ૨૧ થી ૨૫ વર્ષની વયમાં વિશેષ થતા જોવા મળ્યા હતા.

બધા જ વિસ્તારના ગામો કુટુંબોમાંથી જાણવા મળેલી વિગતો ઉપરથી જોઈ શકાય છે. જેની વિગતો કોઠા ૫.૬માં દર્શાવ્યા પ્રમાણે વિસ્તાર, ગામ પ્રમાણે જે લગ્નવય જાણવા મળી હતી. તે ઉંડાણથી જોઈ શકાશે.

**શિક્ષણ :**

ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિઓના કેટલાક વિસ્તારોમાં સાક્ષરતા દર નીચો નોંધાયેલો છે. આ નીચો નોંધાયેલો સાક્ષરતા દર ગુજરાત રાજ્યની કુલ વસતિમાં નોંધાયેલા સાક્ષરતા દર કરતાં ગુજરાતની કુલ આદિવાસી વસતિમાં નોંધાયેલો સાક્ષરતા દર ખૂબ નીચો વસતિ ગણતરીના ૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧ અને ૧૯૯૧ની ટકાવારી જોતાં માલુમ પડે છે. એ જ રીતે સુરત, ભરૂચ, વલસાડ, વડોદરા જિલ્લાની દરેક કુલ વસતિમાં નોંધાયેલો અલગ અલગ સાક્ષરતા દર કરતાં જે તે જિલ્લાની કુલ આદિવાસીમાં વસતિ ગણતરીના ૧૯૬૧, ૧૯૭૧, ૧૯૮૧ અને ૧૯૯૧ની સાક્ષરતાની ટકાવારી પુરૂષ, સ્ત્રી અને કુલ જોઈએ તો ઘણી જ નીચી જોવા મળે છે. એ જ રીતે દરેક વસતિ ગણતરીના વર્ષો દરમ્યાન અભ્યાસની હળપતિ જાતિમાં પણ પુરૂષ, સ્ત્રી અને કુલ વસતિમાં સાક્ષરતાની માત્રા ખૂબ નીચી નોંધાયેલી જોઈ શકાય છે. જેની ઉંડાણથી વિગતો સાક્ષરતા વર્ષ અને ટકા દર્શાવતા કોઠા નં.૫.૭માં જોવાથી વિગતે ખ્યાલ આવશે.

કોઠા નં. ૫.૫

## કુટુંબની લગ્ન વય દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ૧૫ થી ૨૦ ઉંમર | | ૨૧ થી ૨૫ ઉંમર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | ૧ | ૪ | ૨ | ૧ | ૩ | ૫ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | ૮ | ૧૦ | ૬ | ૫ | ૧૪ | ૧૫ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | ૪ | ૧૧ | ૧૧ | ૪ | ૧૫ | ૧૫ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | ૨ | ૫ | ૫ | ૨ | ૭ | ૭ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | ૬ | ૧૦ | ૫ | ૨ | ૧૧ | ૧૧ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૫ | ૧૪ | ૮ | ૩ | ૧૩ | ૧૭ |
| | | | કુલ | - | ૫૦ | ૨૬ | ૫૪ | ૩૭ | ૧૭ | ૬૩ | ૭૧ |
| | | | ટકા | | | (૪૧.૨૭) | (૭૬.૦૬) | (૫૮.૭૩) | (૨૩.૯૪) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | ૧ | ૨ | ૩ | ૨ | ૪ | ૪ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | ૧ | ૨ | ૩ | ૧ | ૪ | ૩ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | ૧ | ૬ | ૬ | ૧ | ૭ | ૭ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | ૧ | ૨ | ૩ | ૨ | ૪ | ૪ |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૩ | ૩ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | ૧ | ૩ | ૩ | ૧ | ૪ | ૪ |
| | | | કુલ | - | ૨૦ | ૭ | ૧૭ | ૧૯ | ૮ | ૨૬ | ૨૫ |
| | | | ટકા | | | (૨૬.૯૨) | (૬૮.૦૦) | (૭૩.૦૮) | (૩૨.૦૦) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |

કોઠા નં. ૫.પચાલુ)

## કુટુંબની લગ્ન વય દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ૧૫ થી ૨૦ ઉંમર | | ૨૧ થી ૨૫ ઉંમર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૨ | ૧૦ | ૧૧ | ૪ | ૧૩ | ૧૪ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | - | ૫ | ૫ | - | ૫ | ૫ |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | ૨ | ૪ | ૨ | - | ૪ | ૪ |
| | | | કુલ | - | ૨૦ | ૧૪ | ૧૯ | ૧૮ | ૪ | ૨૨ | ૨૩ |
| | | | ટકા | | | (૧૮.૧૮) | (૮૨.૬૧) | (૮૧.૮૨) | (૧૭.૩૭) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૪. | નવસારી | ૧૬. | ચીખલી | ઘેજ | ૧૦ | ૬ | ૯ | ૫ | ૨ | ૧૧ | ૧૧ |
| | | ૧૭. | જલાલપોર | મરોલી | ૧૦ | ૫ | ૧૧ | ૬ | - | ૧૧ | ૧૧ |
| | | | કુલ | | ૨૦ | ૧૧ | ૨૦ | ૧૧ | ૨ | ૨૨ | ૨૨ |
| | | | ટકા | | | (૫૦.૦૦) | (૯૦.૯૧) | (૫૦.૦૦) | (૯.૦૯) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૫. | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૪૮ | ૧૧૦ | ૮૫ | ૩૧ | ૧૩૩ | ૧૪૧ |
| | | | ટકા | | | (૩૬.૦૯) | (૭૮.૦૧) | (૬૩.૯૧) | (૨૧.૯૯) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |

કોઠા નં. ૫.૬

## વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | પરિણત | | અપરણિત | | | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | વિધુર | વિધવા | પુરૂષ | સ્ત્રી |
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | ૩ | ૩ | ૩ | ૩ | - | ૧ | ૬ | ૯ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | ૧૪ | ૧૪ | ૧૩ | ૯ | - | ૧ | ૨૭ | ૨૪ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | ૧૩ | ૧૩ | ૮ | ૬ | ૨ | ૧ | ૨૪ | ૧૯ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | ૬ | ૬ | ૬ | ૫ | - | ૧ | ૧૨ | ૧૨ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | ૧૦ | ૧૦ | ૮ | ૭ | ૧ | ૨ | ૧૯ | ૧૯ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૧૨ | ૧૨ | ૭ | ૧૧ | ૧ | ૫ | ૨૦ | ૨૮ |
| | | | કુલ | - | ૫૦ | ૫૮ | ૫૮ | ૪૫ | ૪૨ | ૪ | ૧૧ | ૧૦૮ | ૧૧૧ |
| | | | ટકા | | | (૫૩.૭૧) | (૫૨.૨૫) | (૪૨.૫૯) | (૩૭.૮૪) | (૩.૭૦ | (૯.૯૧) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછંનાદ | ૪ | ૪ | ૪ | ૩ | ૩ | - | - | ૭ | ૭ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | ૩ | ૩ | ૪ | - | ૧ | - | ૮ | ૩ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | ૭ | ૭ | ૩ | - | - | - | ૧૦ | ૩ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | ૫ | ૫ | ૬ | ૨ | - | ૧ | ૧૧ | ૮ |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | ૩ | ૩ | ૨ | ૨ | - | - | ૫ | ૫ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | ૪ | ૪ | ૬ | ૨ | - | - | ૧૦ | ૬ |
| | | | કુલ | - | ૨૦ | ૨૬ | ૨૬ | ૨૪ | ૯ | ૧ | ૧ | ૫૧ | ૩૬ |
| | | | ટકા | | | (૫૦.૯૪) | (૭૨.૨૨) | (૪૭.૦૬) | (૨૫.૦૦) | (૧.૯૬) | (૨.૭૮) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |

કોઠા નં. ૫.૬ (ચાલુ)

## વૈવાહિક દરજ્જો દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | પરિણીત | | અપરણિત | | | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | વિધુર | વિધવા | પુરૂષ | સ્ત્રી |
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૧૩ | ૧૩ | ૭ | ૧૧ | - | ૧ | ૨૦ | ૨૫ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | ૫ | ૫ | ૫ | ૭ | - | - | ૧૦ | ૧૨ |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | ૪ | ૪ | ૬ | ૫ | - | - | ૧૦ | ૯ |
| | | | કુલ | - | ૨૦ | ૨૨ | ૨૨ | ૧૮ | ૨૩ | - | ૨ | ૪૦ | ૪૬ |
| | | | ટકા | | | (૫૫.૦૦) | (૪૭.૮૭) | (૪૫.૦૦) | (૫૦.૦૦) | - | (૨.૧૭) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૪. | નવસારી | ૧૬. | ચીખલી | ઘેજ | ૧૦ | ૧૧ | ૧૧ | ૧૩ | ૨ | - | - | ૨૪ | ૧૩ |
| | | ૧૭. | જલાલપોર | મરોલી | ૧૦ | ૧૧ | ૧૧ | ૧૩ | ૬ | - | - | ૨૪ | ૧૬ |
| | | | કુલ | | ૨૦ | ૨૨ | ૨૨ | ૨૬ | ૭ | - | - | ૪૮ | ૨૯ |
| | | | ટકા | | | (૪૫.૮૩) | (૭૫.૮૬) | (૫૪.૧૭) | (૨૪.૧૩) | | | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |
| ૫. | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૧૨૮ | ૧૨૮ | ૧૧૪ | ૮૧ | ૫ | ૧૩ | ૨૪૭ | ૨૨૨ |
| | | | ટકા | | | (૫૧.૮૩) | (૫૭.૬૬) | (૪૬.૧૫) | (૩૬.૪૯) | (૨.૦૨) | (૫.૮૫) | (૧૦૦.૦૦) | (૧૦૦.૦૦) |

કોઠા નં. ૫.૭

**સાક્ષરતા વર્ષ અને ટકા**

| ક્રમ | વિગત સાક્ષરતા | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | | ૧૯૮૧ | | | ૧૯૯૧ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ |
| ૧. | ગુજરાતની કુલ વસતિમાં સાક્ષરતા | ૪૧.૧૩ | ૧૯.૧૦ | ૩૦.૪૫ | ૪૬.૧૧ | ૨૪.૭૫ | ૩૫.૭૯ | ૫૪.૫૩ | ૩૨.૩૧ | ૪૩.૭૫ | ૭૩.૧૩ | ૪૮.૬૪ | ૬૧.૨૯ |
| ૨. | ગુજરાતની કુલ આદિવાસી વસતિમાં સાક્ષરતા | ૧૯.૦૬ | ૪.૦૯ | ૧૧.૬૯ | ૨૧.૮૩ | ૬.૧૫ | ૧૪.૧૨ | ૩૦.૪૧ | ૧૧.૬૪ | ૨૧.૧૫ | ૩૯.૩૭ | ,૧૯.૬૫ | ૨૯.૧૯ |
| ૩. | સુરત જિલ્લાની કુલ વસતિમાં સાક્ષરતા | ૪૪.૩૬ | ૨૪.૨૬ | ૩૪.૩૫ | ૪૭.૯૯ | ૩૦.૩૧ | ૩૯.૩૯ | ૫૫.૦૪ | ૩૭.૬૫ | ૪૬.૬૮ | ૭૨.૬૧ | ૫૫.૧૩ | ૬૪.૩૬ |
| ૪. | સુરત જિલ્લાની કુલ આદિવાસી વસતિમાં સાક્ષરતા | ૨૨.૪૧ | ૫.૭૧ | ૧૪.૧૨ | ૨૫.૧૫ | ૮.૮૭ | ૧૭.૧૦ | ૨૩.૩૫ | ૧૫.૪૦ | ૨૩.૯૪ | ૪૮.૦૫ | ૨૭.૬૬ | ૩૮.૪૨ |
| ૫. | ભરૂચ જિલ્લાની કુલ વસતિમાં સાક્ષરતા | ૪૬.૩૯ | ૨૧.,૪ | ૩૪.૨૬ | ૪૬.૪૧ | ૨૪.૪૯ | ૩૫.૭૩ | ૫૫.૪૩ | ૩૩.૦૬ | ૪૪.૫૭ | ૭૩.૨૧ | ૪૯.૭૧ | ૬૧.૯૨ |
| ૬. | ભરૂચ જિલ્લાની કુલ આદિવાસી વસતિમાં સાક્ષરતા | ૨૨.૯૮ | ૫.૭૧ | ૧૩.૮૫ | ૨૨.૬૪ | ૪.૭૬ | ૧૩.૮૩ | ૩૩.૮૭ | ૧૧.૯૮ | ૨૩.૧૩ | ૫૨.૧૯ | ૨૫.૦૨ | ૩૮.૯૯ |
| ૭. | વડોદરા જિલ્લાની કુલ વસતિમાં સાક્ષરતા | ૪૫.૮૯ | ૨૩.૪૩ | ૩૫.૨૧ | ૫૦.૫૬ | ૨૯.૬૯ | ૪૦.૬૭ | ૫૮.૪૬ | ૩૬.૯૪ | ૪૮.૧૭ | ૭૪.૧૪ | ૫૨.૦૨ | ૬૩.૬૧ |
| ૮. | વડોદરા જિલ્લાની કુલ આદિવાસી વસતિમાં સાક્ષરતા | ૧૮.૫૮ | ૪.૧૩ | ૧૧.૫૫ | ૧૭.૯૦ | ૪.૨૮ | ૧૧.૩૨ | ૨૬.૯૪ | ૬.૯૯ | ૧૭.૨૩ | ૪૨.૪૪ | ૧૬.૧૪ | ૨૯.૭૩ |
| ૯. | વલસાડ જિલ્લાની કુલ વસતિમાં સાક્ષરતા | ૪૧.૨૫ | ૨૩.૦૯ | ૩૦.૦૮ | ૪૬.૪૪ | ૩૭.૫૦ | ૨૮.૬૮ | ૫૫.૮૧ | ૩૮.૧૭ | ૪૦.૦૭ | ૭૩.૪૮ | ૫૪.૭૯ | ૬૪.૩૫ |
| ૧૦. | વલસાડ જિલ્લાની કુલ આદિવાસી વસતિમાં સાક્ષરતા | - | - | ૧૧.૫૫ | ૨૭.૧૧ | ૯.૯૩ | ૧૮.૫૫ | ૩૭.૫૧ | ૧૮.૭૮ | ૨૮.૧૫ | ૫૬.૬૧ | ૩૪.૯૭ | ૪૫.૮૮ |
| ૧૧. | હળપતિ જાતિની કુલ વસતિમાં સાક્ષરતા | ૧૯.૧૩ | ૪.૦૦ | ૧૧.૬૧ | ૨૦.૯૬ | ૬.૩૨ | ૧૩.૭૪ | ૨૫.૮૭ | ૯.૭૩ | ૧૭.૯૨ | ૩૪.૭૯ | ૧૮.૮૯ | ૨૬.૯૯ |

ક્ષેત્રકાર્ય દરમ્યાન અભ્યાસના ગામોમાંથી કેટલાક કુટુંબોમાંથી શિક્ષણ મેળવવાપાત્ર બાળકોને શાળાએ મોકલતા નથી. તેમને બાળકો સાચવવા, બકરા ચરાવવા, ખેતમજૂરી કરવા મોકલે છે. તેમ છતાં આગળની પેઢી કરતાં આજે શાળાએ જતા બાળકોની સંખ્યામાં અને જેણે પુરું શિક્ષણ કરેલું છે, તે સંખ્યા જોતાં સાક્ષરતામાં વધારો થયેલો હોય તેમ અભ્યાસના કુટુંબોની શિક્ષણની ટકાવારી જોઈએ, તેના પરથી ખ્યાલ આવે છે. અભ્યાસના ગામોમાં બાલવાડીઓ, પ્રાથમિક શાળાઓ અને કેટલાકમાં માધ્યમિક કે ઉચ્ચ શૈક્ષણિક સુવિધાઓ છે. એ સિવાય ગણવેશ, પાઠ્ય-પુસ્તકો, મધ્યાહન ભોજન વગેરે સુવિધાઓ પ્રાપ્ય છે. તેમ છતાં આ ગામોમાં હળપતિઓમાં નિરક્ષરતાનું પ્રમાણ ઉંચુ છે. જે અભ્યાસના ગામોના આવરેલા કુટુંબોમાંથી પણ જોઈ શકાશે.

અભ્યાસ હેઠળના કુલ ૧૧૦ કુટુંબોમાંથી કુલ ૪૬૯ની કુલ સંખ્યામંથી ૪૪.૧૩ ટકા પુરૂષો અને ૨૮.૮૩ ટકા સ્ત્રીઓ શિક્ષિત જાણવા મળ્યા હતા. ૫૫.૮૭ ટકા પુરૂષ અને ૭૧.૧૭ ટકા સ્ત્રીઓ અશિક્ષિત જાણવા મળ્યા હતા. એટલે શિક્ષિતો કરતાં અશિક્ષિતોની ટકાવારી ઘણી મોટી હતી. તેમાંય સ્ત્રીઓની નિરક્ષરતાની ટકાવારી ઘણી ઉંચી જણાઈ હતી. જે કોઠો ૫.૮ જોવાથી વિગતે ખ્યાલ આવશે.

અભ્યાસ હેઠળના કુટુંબોમાંથી પુરુ કરેલા શિક્ષણવાળા અને ચાલુ શિક્ષણ હોય એવા પુરૂષ સ્ત્રી સંખ્યા જાણવા મળી હતી. તેમાં જેમણે શિક્ષણ પુરુ કરીને છોડી દીધેલ છે, તેવા ૩૧.૧૮ ટકા પુરૂષો અને ૨૦.૨૬ ટકા સ્ત્રીઓ જાણવા મળી હતી. જ્યારે શાળાએ જતા બાળકોની સંખ્યા જે જાણવા મળી હતી. તે ઘણી ઓછી જણાઈ હતી. ૧૨.૫૫ ટકા પુરૂષો અને માત્ર ૯ ટકા બાળકોની સંખ્યા તેમાં જાણવા મળી હતી. પુરુ થયેલા શિક્ષણમાં પુરૂષ-સ્ત્રી વાર ધો.૧ થી ધો.૧૨ સુધીમાં જે સંખ્યા જાણવા મળી હતી, તે અને ચાલુ શિક્ષણમાં ધો.૧ થી ૧૨ સુધીની જે પુરૂષ-સ્ત્રીઓની સંખ્યા જાણવા મળી હતી. તે શૈક્ષણિક સ્થિતિ દર્શાવતો કોઠા નં.૫.૮ જોતાં વિગતથી ખ્યાલ આવશે કે ચિત્ર કેવું છે. વિસ્તારવાર, કુટુંબ સંખ્યા પ્રમાણે ધોરણવાર પુરુ થયેલુ શિક્ષણ, ચાલુ શિક્ષણ અને અશિક્ષિતોની સંખ્યા જાણવા મળી હતી. તે વિગતે દર્શાવી છે. જોતાં વધુ સ્પષ્ટ થશે.

કોઠા નં. ૫.૮

## શૈક્ષણિક સ્થિતિ

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | પુરું શિક્ષણ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ થી ૨ | | ૩ થી ૫ | | ૬ થી ૭ | | ૮ થી ૧૦ | | ૧૧ થી ૧૨ | |
| | | | | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | - | - | - | ૧ | ૧ | - | ૧ | - | - | - |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | ૧ | - | ૧ | - | ૩ | - | ૫ | ૨ | - | - |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | - | - | ૩ | ૭ | ૧ | - | ૨ | - | - | - |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | - | - | - | - |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | - | ૧ | ૩ | ૨ | ૧ | - | - | - | - | - |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૩ | - | - | ૩ | - | ૨ | - | - | - | - |
| | | | કુલ | - | ૫૦ | ૬ | ૩ | ૮ | ૧૪ | ૭ | ૩ | ૮ | ૨ | - | - |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | ૨ | ૧ | ૧ | - | - | - | - | - | - | - |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | - | - | - | - | - | - | - | - | - | - |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | ૧ | - | - | - | ૧ | ૧ | - | - | - | - |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | - | - | - | - | ૧ | - | ૧ | ૧ | - | - |
| | | | કુલ | - | ૨૦ | ૩ | ૧ | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | - | - |

કોઠા નં. ૫.૮ (ચાલુ)

શૈક્ષણિક સ્થિતિ

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | પુરું શિક્ષણ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ થી ૨ | | ૩ થી ૫ | | ૬ થી ૭ | | ૮ થી ૧૦ | | ૧૧ થી ૧૨ | |
| | | | | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | - | ૩ | ૩ | ૨ | ૧ | - | ૩ | ૨ | - | ૧ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | - | - | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ | - | - |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | - | - | ૫ | - | ૨ | ૩ | - | - | - | - |
| | | | કુલ | - | ૨૦ | - | ૩ | ૧૧ | ૩ | ૪ | ૪ | ૪ | ૫ | - | ૧ |
| ૪. | નવસારી | ૧૬. | ચીખલી | ઘેજ | ૧૦ | ૫ | - | ૧ | - | ૬ | - | - | - | - | - |
| | | ૧૭. | જલાલપોર | મરોલી | ૧૦ | ૨ | - | ૧ | - | ૧ | ૧ | ૬ | ૩ | - | - |
| | | | કુલ | | ૨૦ | ૭ | - | ૨ | - | ૭ | ૧ | ૬ | ૩ | - | - |
| ૫. | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૧૬ | ૭ | ૨૨ | ૧૮ | ૨૦ | ૯ | ૧૯ | ૧૧ | - | ૧ |
| | | | ટકા | | | ૬.૪૮ | ૩.૧૫ | ૮.૯૧ | ૮.૧૧ | ૮.૧૦ | ૪.૦૫ | ૭.૬૯ | ૪.૯૫ | - | ૦.૪૫ |

કોઠા નં. ૫.૮ (ચાલુ)

## શૈક્ષણિક સ્થિતિ

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ચાલુ શિક્ષણ | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ થી ૨ | | ૩ થી ૫ | | ૬ થી ૭ | | ૮ થી ૧૦ | | ૧૧થી ઉપર | | અશિક્ષિત | | કુલ | |
| | | | | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | - | - | ૧ | - | - | - | - | - | - | - | ૩ | ૮ | ૬ | ૯ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | ૧ | ૨ | ૧ | - | ૧ | - | - | - | - | ૧ | ૧૪ | ૧૯ | ૨૭ | ૨૪ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | ૧૭ | ૧૪ | ૨૪ | ૧૯ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | - | - | - | - | - | - | ૧ | ૧ | - | - | ૮ | ૫ | ૧૨ | ૧૨ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | - | - | - | - | - | - | - | - | - | - | ૧૪ | ૧૬ | ૧૯ | ૧૯ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૧ | ૩ | ૩ | - | - | - | - | - | - | - | ૧૪ | ૧૯ | ૨૦ | ૨૮ |
| | | | કુલ | - | ૫૦ | ૩ | ૫ | ૫ | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૬૯ | ૮૧ | ૧૦૮ | ૧૧૧ |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૪ | ૫ | ૭ | ૭ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | ૮ | ૩ | ૮ | ૩ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | - | - | - | - | - | - | - | - | - | - | ૯ | ૭ | ૧૦ | ૭ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | ૯ | ૮ | ૧૧ | ૮ |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | - | - | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | ૧ | ૩ | ૫ | ૫ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | ૨ | - | - | ૧ | - | - | ૨ | ૨ | - | - | ૪ | ૨ | ૧૦ | ૬ |
| | | | કુલ | - | ૨૦ | ૩ | - | ૨ | ૩ | ૧ | - | ૨ | ૨ | - | - | ૩૫ | ૨૭ | ૫૧ | ૩૬ |

કોઠા નં. ૫.૮ (ચાલુ)

**શૈક્ષણિક સ્થિતિ**

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | પુરું શિક્ષણ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ થી ૨ | | ૩ થી ૫ | | ૬ થી ૭ | | ૮ થી ૧૦ | | ૧૧ થી ૧૨ | |
| | | | | | | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી |
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | - | ૩ | ૩ | ૨ | ૧ | - | ૩ | ૨ | - | ૧ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | - | - | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૩ | - | - |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | - | - | ૫ | - | ૨ | ૩ | - | - | - | - |
| | | | કુલ | - | ૨૦ | - | ૩ | ૧૧ | ૩ | ૪ | ૪ | ૪ | ૫ | - | ૧ |
| ૪. | નવસારી | ૧૬. | ચીખલી | ઘેજ | ૧૦ | ૫ | - | ૧ | - | ૬ | - | - | - | - | - |
| | | ૧૭. | જલાલપોર | મરોલી | ૧૦ | ૨ | - | ૧ | - | ૧ | ૧ | ૬ | ૩ | - | - |
| | | | કુલ | | ૨૦ | ૭ | - | ૨ | - | ૭ | ૧ | ૬ | ૩ | - | - |
| ૫. | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૧૬ | ૭ | ૨૨ | ૧૮ | ૨૦ | ૯ | ૧૯ | ૧૧ | - | ૧ |
| | | | ટકા | | | ૬.૪૮ | ૩.૧૫ | ૮.૯૧ | ૮.૧૧ | ૮.૧૦ | ૪.૦૫ | ૭.૬૯ | ૪.૯૫ | - | ૦.૪૫ |

**વ્યવસાયિક સ્થિતિ :**

અભ્યાસમાં આવરેલા સમગ્ર કુટુંબોમાંથી લગભગ બધા જ કુટુંબો ખેતમજૂરી (બંધવા મજૂર-ચાકર તરીકે છ માસ કે વર્ષ દરંમ્યાનના, નીંદવા, કાપવા, જૂડવા ખોદવા વગેરે) કરતા માલૂમ પડ્યા હતા. પોતાની જમીન ધરાવતા બધા મળીને ૧૩ (૧૧.૮૨ ટકા) કુટુંબો ખેતીના વ્યવસાય કરતા જાણવા મળ્યા હતા. જે માત્ર નામની ખેત પેદાશો પોતે ટૂકડાઓમાંથી પકવે છે, તેમ જણાવતા જાણવા મળ્યા હતા. પશુપાલનનો વ્યવસાય બધા મળીને કુલ ૨૭ (૨૪.૫૫ ટકા) કુટુંબો કરતા જણાયા હતા. તે પણ બકરા, મરઘા અને ખૂબ ઓછી સંખ્યામાં ગાય કે ભેંસની સંખ્યા ધરાવતા જણાયા હતા. જે બધા મળીને ૨૭ કુટુંબોમાંથી ૯૫ જેટલા નાના-મોટા પશુઓ રાખતા જાણવા મળ્યા હતા. ૮૩ જેટલા કુટુંબો પાસે બિલકુલ પશુઓ નહોતા. છૂટક મજૂરી કરતા ૬૧ (૫૫.૪૫ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. જેઓ ખેતમજૂરી કરતાં, કરતાં નજીકના શહેર કે નાના કસબાઓમાં છૂટક મજૂરી (બાંધકામ, કારખાના કે અન્ય) કરતા જાણવા મળ્યા હતા. નોકરી અને અન્ય કામ (વાસણ-કપડાના કામ, કડીયાકામ, દરજીકામ) વગેરેમાં અનુક્રમે નોકરી માત્ર ૩(૨.૭૩ ટકા) અને અન્યકામ ૬ (૫.૪૬ ટકા) કુટુંબો જ જોતરાયેલા જણાયા હતા.

આમ તેમનું વ્યવસાયિક માળખું જોઈએ તો ખેતમજૂરી સિવાય ભાગ્યે તેઓ બીજા કામમાં જોડાયેલા જણાય છે. તેઓ અનેક વિધ વ્યવસાય કરતાં ખેતીવાડીના વ્યવસાયમાં ખાસ કરીને આગળ બતાવ્યું તેમ ખેતમજૂરીના જુદા જુદા કામો કરીને જ રોજગારી પ્રાપ્ત કરવામાં તેઓ સંકળાયેલા જોવા મળે છે. બીજો વ્યવસાય કે કામ તેઓને ભાગ્યે અનુકુળ આવે છે. આ વ્યવસાયિક સ્થિતિને કારણે તેઓની આર્થિક સ્થિતિ વધુને વધુ કંગાળ હાલતમાં જોવા મળે છે. તેમ માનીએ તો ખોટું નથી.

અભ્યાસમાં તેમની વ્યવસાયિક પરિસ્થિતિની સાથે સાથે તેમના કુટુંબના સભ્યોમાંથી જે શ્રમ વિભાજનનું માળખું જાણવા મળ્યુ હતું. જેમાં કમાનાર અને તેને મદદ કરનાર કુટુંબના સભ્યોની સભ્ય સંખ્યા જોઈએ તો કમાનાર ૧૩૩ (૨૮.૩૬ ટકા), તેને મદદ કરનાર ૧૪૯ (૩૧.૭૭ ટકા) એટલે બન્ને મળીને લગભગ ૬૦ ટકા જેટલા સભ્યોની કમાણી ઉપર લગભગ ૧૮૯ (૪૦.૩૭ ટકા) જેટલા સભ્યો નભતા જાણવા મળ્યા હતા. એટલે તેઓ તેમની ઉપર સંપૂર્ણ પણે નિર્ભર હતા. એ સભ્યોમાં નાના બાળકો અને વૃદ્ધોની સંખ્યા મહદ્અંશે સામેલ થયેલી જાણવા મળી હતી.

ઉપર પ્રમાણે અભ્યાસના કુટુંબોની વ્યવસાયિક સ્થિતિ અને એ કુટુંબોનું શ્રમવિભાજનનું કુલ ચિત્ર જાણવા મળ્યું હતું. પરંતુ વિસ્તાર, ગામ અને કુટુંબ સંખ્યા પ્રમાણે અને કુટુંબના સભ્યોની સભ્ય સંખ્યા પ્રમાણેની સ્થિતિનું કોઠા નં.૫.૯ માં દર્શાવ્યા પ્રમાણે વિસ્તારથી વિગતે જોતાં ચિત્ર સ્પષ્ટ થશે.

કોઠા નં. ૫.૯

## વ્યવસાયિક સ્થિતિ અને કુટુંબનું શ્રમ માળખું

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ખેતી | ખેત-મજૂરી | પશુપાલન | છૂટક-મજૂરી | નોકરી | અન્ય કામ | કમાનાર | મદદ કરનાર | બિન કમાનાર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | - | ૫ | - | - | - | ૩ | ૫ | ૩ | ૭ | ૧૫ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | - | ૧૦ | ૫ | ૧૦ | - | ૧ | ૧૩ | ૧૮ | ૨૦ | ૫૧ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | - | - | ૧૬ | ૧૨ | ૧૫ | ૪૩ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | - | ૫ | ૧ | ૫ | - | ૨ | ૬ | ૧૧ | ૭ | ૨૪ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | - | - | ૧૧ | ૧૨ | ૧૫ | ૩૮ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૨ | ૧૦ | - | ૧૦ | - | - | ૧૦ | ૧૫ | ૨૩ | ૪૮ |
| | | | કુલ | - | ૫૦ | ૨ | ૫૦ | ૬ | ૧૫ | - | ૬ | ૬૧ | ૭૧ | ૮૭ | ૨૧૯ |
| | | | ટકા | | | ૧૫.૩૯ | ૪૫.૪૫ | ૨૨.૨૨ | ૨૪.૫૯ | - | - | ૨૭.૮૫ | ૩૨.૪૨ | ૩૯.૭૩ | ૧૦૦ |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | ૧ | ૪ | ૪ | - | - | - | ૫ | ૪ | ૫ | ૧૪ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | - | ૨ | - | - | - | - | ૩ | ૩ | ૫ | ૧૧ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | - | ૪ | ૨ | - | - | - | ૭ | ૭ | ૩ | ૧૭ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | - | ૫ | ૧ | ૫ | - | - | ૭ | ૫ | ૭ | ૧૯ |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | - | ૨ | - | ૨ | - | - | ૩ | ૩ | ૪ | ૧૦ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | - | ૪ | - | ૪ | - | - | ૪ | ૪ | ૮ | ૧૬ |
| | | | કુલ | - | ૨૦ | ૧ | ૨૦ | ૭ | ૧૧ | - | - | ૨૯ | ૨૬ | ૩૨ | ૮૭ |
| | | | ટકા | | | ૭.૬૯ | ૧૮.૧૮ | ૨૫.૯૩ | ૧૮.૦૩ | - | - | ૩૩.૩૩ | ૨૯.૮૯ | ૩૬.૭૮ | ૧૦૦ |

કોઠા નં. ૫.૯ (ચાલુ)

વ્યવસાયિક સ્થિતિ અને કુટુંબનું શ્રમ માળખું

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ખેતી | ખેત-મજૂરી | પશુપાલન | છૂટક-મજૂરી | નોકરી | અન્ય કામ | કમાનાર | મદદ કરનાર | બિન કમાનાર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૪ | ૧૦ | ૬ | ૧૦ | - | - | ૧૨ | ૧૪ | ૧૯ | ૪૫ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | ૫ | ૬ | ૫ | - | - | - | ૬ | ૭ | ૯ | ૨૨ |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | ૧ | ૪ | ૧ | ૫ | - | - | ૪ | ૫ | ૧૦ | ૧૯ |
| | | | કુલ | | ૨૦ | ૧૦ | ૨૦ | ૧૨ | ૧૫ | - | - | ૨૨ | ૨૬ | ૪૦ | ૮૬ |
| | | | ટકા | | | ૭૬.૯૨ | ૧૮.૧૮ | ૪૪.૪૪ | ૨૪.૫૯ | - | - | ૨૫.૫૮ | ૩૦.૨૩ | ૪૬.૫૧ | ૧૦૦ |
| ૪. | નવસારી | ૧૬ | ચીખલી | ઘેજ | ૧૦ | - | ૧૦ | - | ૧૦ | ૧ | - | ૧૧ | ૧૨ | ૧૪ | ૩૭ |
| | | ૧૭ | જલાલપોર | મરોલી | ૧૦ | - | ૧૦ | ૨ | ૧૦ | ૨ | - | ૧૦ | ૧૪ | ૧૬ | ૪૦ |
| | | | કુલ | | ૨૦ | - | ૨૦ | ૨ | ૨૦ | ૩ | - | ૨૧ | ૨૬ | ૩૦ | ૭૭ |
| | | | ટકા | | | | ૧૮.૧૮ | ૭.૪૧ | ૩૨.૭૯ | - | - | ૨૭.૨૭ | ૩૩.૭૭ | ૩૮.૯૬ | ૧૦૦ |
| | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૧૩ | ૧૧૦ | ૨૭ | ૬૧ | ૩ | ૬ | ૧૩૩ | ૧૪૯ | ૧૮૯ | ૪૬૯ |
| | | | ટકા | | | ૧૧.૮૨ | ૧૦૦ | ૨૪.૫૫ | ૫૫.૪૫ | ૨.૭૩ | ૫.૪૬ | ૨૮.૩૬ | ૩૧.૭૭ | ૪૦.૩૦ | ૧૦૦ |

અભ્યાસમાં જોયું તેમ ખેતમજૂરી, છૂટક મજૂરી, ખેતી, પશુપાલન અને નોકરી વગેરે જુદા જુદા વ્યવસાયો કરતા કુટુંબો માલૂમ પડ્યા હતા. જેમાં જમીનવાળા કે જમીન વિહોણા કુટુંબો ખેતમજૂરી, છૂટક મજૂરી કરીને ખાસ કરીને પોતાનો જીવનિર્વાહ ગોઠવતા હતા. પશુપાલન કે નોકરી જેવા વ્યવસાયો કરતા કુટુંબો નામ માત્રના કહી શકાય તેટલા જાણવા મળ્યા હતા. અભ્યાસના ગામોના સમગ્ર કુટુંબોનું વ્યવસાયિક જીવન માળખું ગોઠવાયેલું કોઠા નં.૫.૯ જોતાં સ્પષ્ટ થશે. વિસ્તાર, ગામ, કુટુંબ પ્રમાણે તેમના વ્યવસાયિક સ્ત્રોતો પ્રમાણેની આવક પ્રાપ્તિ જે થતી હતી; જેના દ્વારા આ કુટુંબો વર્ષ દરમ્યાનનો પોતાનો જીવનનિર્વાહ ગોઠવતા જાણવા મળ્યા હતા. આવક પ્રાપ્તિ જુદા જુદા આવક પ્રાપ્તિના સ્ત્રોતો પ્રમાણે જોઈએ, તો સૌથી વધુ આવક પ્રાપ્તિનો સ્ત્રોત ખેતમજૂરી અને છૂટક મજૂરીના જાણવા મળ્યા હતા. જેમાં સમગ્ર ચારેય જિલ્લાના વિસ્તારોની કુલ આ બન્ને આવક પ્રાપ્તિના મહત્વના સ્ત્રોતોની જોઈએ, તો ખેતમજૂરીમાંથી કુલ ૧૧૦ કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ ૫,૮૭૭ રૂપિયાની, જ્યારે ૮૯ છૂટક મજૂરીની આવકો મેળવતા કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ ૨૦૬૪ રૂપિયાની થતી જાણવા મળી હતી. એ સિવાય ખેતીની ૧૩ જેટલા કુટુંબોની ૫૨૩૦ રૂપિયાની, પશુપાલન કરતા ૨૯ જેટલા કુટંબોની ૧૧૫૮ રૂપિયાની અને નોકરીની એક માત્ર કુટુંબની ૪૮૦૦ રૂપિયાની કુટુંબદીઠ સરેરાશ આવક જાણવા મળી હતી. આમ ૬૦.૦૩ ટકા જેટલા કુટુંબો ખેતમજૂરી સૌથી મહત્વની મોટી આવક પ્રાપ્તિ સાથે સંકળાયેલા જણાયા હતા. બાકીના કુટુંબો સામાન્ય. કહી શકાય તેવી પૂરક આવકો ખેતી, પશુપાલન, છૂટકમજૂરી કરીને મેળવતા જાણવા મળ્યા હતા.

અભ્યાસના કુટુંબોની વિસ્તાર, ગામવાર, કુટુંબદીઠ વ્યવસાય પ્રમાણેની ટકાવારી પ્રમાણેની આવક પ્રાપ્તિ તેમજ તે કુટુંબોની કુલ કુટુંબદીઠ સરેરાશ સમગ્ર વ્યવસાયોની જે જાણવા મળી હતી. તે કોઠા ૫.૧૦માં દર્શાવ્યા પ્રમાણે જોતાં ખ્યાલ આવશે.

સમગ્ર બધા જ કુટુંબોની, બધા જ વ્યવસાયોની, કુલ કુટુંબદીઠ સરેરાશ આવક ૮૫૧૪ રૂપિયાની જાણવા મળી હતી. જે મળે તે દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન કુટુંબને આટલી આવક પ્રાપ્તિથી પોતાનો જીવનનિર્વાહ ગોઠવવો પડે છે. તે ખૂબ જ ગરીબી રેખા હેઠળ જીવતા કુટંબો કરતાં સહેજ સારું જીવન નથી. તે પણ બધા જ કુટુંબોની સરેરાશ આવક દર્શાવી છે. તેટલી પણ કેટલાય કિસ્સાઓમાં આવક તેઓ મેળવી શકતા નહોતા.

કોઠા નં. ૫.૧૦

## વ્યવસાયોની આવક દર્શાવકો કોઠો

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ખેતી | | ખેતી | | ખેતમજૂરી આવક | નોકરી ઘરકામ | છૂટક મજૂરી આવક | કુલ આવક | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | કુટુંબ સંખ્યા | આવક | કુટુંબ સંખ્યા | આવક | | | | | |
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | - | - | - | - | ૧૯૫૦૦ | ૪૮૦૦ | - | ૨૪૩૦૦ | ૪૮૬૦ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | - | - | ૫ | ૧૭૦૦ | ૫૬૦૦૦ | - | ૩૦૦૦૦ | ૮૭૭૦૦ | ૮૭૭૦ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | - | - | - | અ | ૭૨૦૦૦ | - | ૧૯૦૦૦ | ૯૧૦૦૦ | ૯૧૦૦ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | - | - | ૧ | ૫૦૦ | ૩૦૦૦૦ | - | ૧૩૦૦૦ | ૪૩૫૦૦ | ૮૭૦૦ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | - | - | - | - | ૭૩૦૦૦ | - | ૨૧૦૦૦ | ૯૪૦૦૦ | ૯૪૦૦ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૨ | ૧૫૦૦૦ | - | - | ૬૭૦૦૦ | - | ૨૭૦૦૦ | ૧૦૯૦૦૦ | ૧૦૯૦૦ |
| | | | કુલ | - | ૫૦ | ૨ | ૧૫૦૦૦ | ૬ | ૨૨૦૦ | ૩૧૭૫૦૦ | ૪૮૦૦ | ૧૧૦૦૦૦ | ૪૪૯૫૦૦ | ૮૯૯૦ |
| | | | ટકા | | | | ૨૨.૦૬ | | ૬.૫૫ | ૪૯.૧૧ | | ૫૯.૮૮ | ૪૭.૯૯ | |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | ૧ | ૨૦૦૦ | ૪ | ૩૪૦૦ | ૨૫૦૦૦ | - | - | ૩૦૪૦૦ | ૭૬૦૦ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | ૨ | - | - | - | ૧૭૦૦૦ | - | - | ૧૭૦૦૦ | ૮૫૦૦ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | - | - | ૨ | ૪૦૦ | ૩૫૫૦૦ | - | - | ૩૫૯૦૦ | ૮૯૭૫ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | - | - | ૧ | ૨૦૦ | ૨૨૫૦૦ | - | ૭૦૦૦ | ૨૯૭૦૦ | ૭૪૨૫ |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | - | - | - | - | ૧૪૦૦૦ | - | ૧૫૦૦ | ૧૫૫૦૦ | ૭૭૫૦ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | - | - | ૨ | ૧૩૦૦ | ૨૧૦૦૦ | - | ૪૦૦૦ | ૨૬૩૦૦ | ૬૫૭૫ |
| | | | કુલ | - | ૨૦ | ૧ | ૨૦૦૦ | ૯ | ૫૩૦૦ | ૧૩૫૦૦૦ | - | ૧૨૫૦૦ | ૧૫૪૮૦૦ | ૭૭૪૦ |
| | | | ટકા | | | | ૨.૯૪ | | ૧૫.૭૭ | ૨૦.૮૮ | | ૬.૮૦ | ૧૬.૫૩ | |

કોઠા નં. ૫.૧૦ (ચાલુ)

વ્યવસાયોની આવક દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગ્રામ | કુટુંબ સંખ્યા | ખેતી | | ખેતી | | ખેતમજૂરી આવક | નોકરી ઘરકામ | છૂટક મજૂરી આવક | કુલ આવક | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | કુટુંબ સંખ્યા | આવક | કુટુંબ સંખ્યા | આવક | | | | | |
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૪ | ૨૧૦૦૦ | ૬ | ૧૧૧૦૦ | ૨૭૦૦૦ | - | ૧૪૦૦૦ | ૭૩૧૦૦ | ૭૩૧૦ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | ૫ | ૨૫૦૦૦ | ૫ | ૭૦૦૦ | ૨૪૦૦૦ | - | - | ૫૬૦૦૦ | ૯૩૩૩ |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | ૧ | ૫૦૦૦ | ૧ | ૩૦૦૦ | ૧૬૦૦૦ | - | ૧૦૦૦૦ | ૩૪૦૦૦ | ૮૫૦૦ |
| | | | કુલ | | ૨૦ | ૧૦ | ૫૧૦૦૦ | ૧૧ | ૨૧૧૦૦ | ૬૭૦૦૦ | - | ૨૪૦૦૦ | ૧૬૩૧૦૦ | ૮૧૫૫ |
| | | | ટકા | | | | ૭૫.૦૦ | | ૬૨.૮૦ | ૧૦.૩૬ | | ૧૩.૦૬ | ૧૭.૪૧ | |
| ૪. | નવસારી | ૧૬ | ચીખલી | ઘેજ | ૧૦ | - | - | - | - | ૬૪૦૦૦ | - | ૪૨૦૦ | ૬૮૨૦૦ | ૬૮૨૦ |
| | | ૧૭ | જલાલપોર | મરોલી | ૧૦ | - | - | ૨ | ૫૦૦૦ | ૬૩૦૦૦ | - | ૩૩૦૦૦ | ૧૦૧૦૦૦ | ૧૦૧૦૦ |
| | | | કુલ | | ૨૦ | - | - | ૨ | ૫૦૦૦ | ૧૨૭૦૦૦ | - | ૩૭૨૦૦ | ૧૬૯૨૦૦ | ૮૪૬૦ |
| | | | ટકા | | | | | | ૧૪.૮૮ | ૧૯.૬૪ | | | ૧૮.૦૭ | |
| | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૧૩ | ૬૮૦૦૦ | ૨૯ | ૩૩૬૦૦ | ૬૪૬૫૦૦ | ૪૮૦૦ | ૧૮૩૭૦૦ | ૯૩૬૬૦૦ | ૮૫૧૪ |
| | | | ટકા | | | | ૭.૨૬ | | ૩.૫૯ | ૬૯.૦૩ | ૦.૫૧ | ૧૯.૬૧ | ૧૦૦.૦૦ | |
| | | | કુટુંબદીઠ | | | | ૫૨૩૦ | | ૧૧૫૮ | ૫૮૭૭ | ૪૮૦૦ | ૨૦૬૪ | ૮૫૧૪ | |

હળપતિ જાતિના અભ્યાસના આવરેલા કુટુંબોમાંથી વર્ષ દરમ્યાન રોજબરોજના નાના-મોટા થતા ખર્ચાઓ જાણવા મળ્યા હતા. જેમાં હળપતિઓ જુદા જુદા સ્થાનિક રોજગારીના તેમના ક્ષેત્રોમાંથી મેળવેલી આવક પ્રાપ્તિમાંથી, તો ઘણા દેવા સ્વરૂપે અગાઉથી મેળવીને તેમાંથી જરૂરી એવા ખર્ચાઓ કરતા જાણવા મળ્યા હતા. ભાગ્યે જ કોઈ કિસ્સામાં તેમની પાસે નિશ્ચિત આવક હોય અને તેમના રોજબરોજના ખર્ચાઓ કરતા માલૂમ પડ્યા હોય. પ્રતિદિન ખેતમજૂરી, છૂટકમજૂરી કે પશુપાલનમાંથી જે મળે તેમાંથી મહદ્અંશે ખર્ચાઓ થતા વિશેષ જણાયા હતા. તેમના આવક પ્રાપ્તિના સ્ત્રોતો મર્યાદિત હોઈ, ઘણા ખર્ચાઓમાં તેઓ કાપ મૂકીને ચલાવતા હોય તેમ જણાવા મળ્યું હતું. તેમનામાંથી ખર્ચાઓની જે વિગતો જાણવા મળી હતી, જેમાં સૌથી વધુ ખર્ચ પોતાની ખાધા-ખોરાકીની (અનાજ, મસાલા, શાકભાજી, તેલ, ખાંડ-ગોળ, શાકભાજી, ઈંડા, મરઘાં) ચીજવસ્તુઓ પાછળ કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ ૪,૬૨૭ રૂપિયાનો ૪૯.૪૨ ટકા જેટલો અને સૌથી ઓછો ખર્ચ શિક્ષણ પાછળ કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક ૨૧૯ રૂપિયાનો માત્ર ૨.૩૪ ટકા અને ધાર્મિક વિધિઓ પાછળ કુટુંબદીઠ વાર્ષિક સરેરાશ ૨૨૯ રૂપિયાનો ૨.૪૫ ટકાનો અભ્યાસ હેઠળ આવરેલા સમગ્ર ૧૧૦ જેટલા કુટુંબોનો નોંધાયેલો જુદા જુદા વિસ્તારોના ગામોના કુટુંબોનો જાણવા મળ્યો હતો. ઉપરાંત આવરેલા સમગ્ર ૧૧૦ કુટુંબોમાંથી થયેલા રોજબરોજના વાર્ષિક કુટુંબદીઠ જાણવા મળેલા ખર્ચાઓમાં કપડાં-પગરખાં પાછળ વાર્ષિક કુટુંબદીઠ સરેરાશ ૧,૬૩૮ રૂપિયાનો ૧૭.૫૦ ટકાનો, સામાજિક ખર્ચાઓ પાછળ કુટુંબદીઠ વાર્ષિક ૮૬૫ રૂપિયાનો ૯.૨૪ ટકાનો, મુસાફરી પાછળ કુટુંબદીઠ સરેરાશ ૬૯૫ રૂપિયાનો ૭.૪૩ ટકાનો, બીડી-તમાકુ જેવા વ્યસનો પાછળ કુટુંબદીઠ સરેરાશ ૪૧૨ રૂપિયાનો ૪.૪૦ ટકાનો, દારૂ-તાડી જેવા, તેમની હાલત ખરાબ કરનારા વ્યસનો પાછળ કુટુંબદીઠ સરેરાશ ૩૬૪ રૂપિયાનો ૩.૮૯ ટકાનો, દવા-આરોગ્ય સારવાર પાછળ કુટુંબદીઠ સરેરાશ ૩૧૧ રૂપિયાનો ૩.૧૧ ટકાનો જુદા જુદા વિસ્તારના કુટુંબોમાંથી થતા જાણવા મળ્યા હતા.

રોજબરોજનો થતો ખર્ચ જે ખાધાખોરાકી, કપડાં, સામાજિક, ધાર્મિક, શિક્ષણ, દવા-આરોગ્ય, દારૂ-તાડી, બીડી-તમાકુ વગેરે બધા મળીને થયેલા કુટુંબદીઠ વાર્ષિક ૯,૩૬૨ રૂપિયા સરેરાશ જાણવા મળ્યો હતો. આ રોજબરોજના આવા જુદા જુદા ખર્ચાઓ વિસ્તાર, ગામ પ્રમાણે કુલ અને કુટુંબદીઠ અને ટકાવારીમાં વિગતો પ્રમાણે કોઠા નં.૫.૧૧માં દર્શાવ્યા પ્રમાણે જોવાથી વિગતથી, ઊંડાણથી જાણવા મળશે.

કોઠા નં. ૫.૧૧

## રોજબરોજનો ખર્ચ

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ખાદ્ય ખોરાકી | કપડાં-પગરખાં | સામાજિક ખર્ચાઓ | ધાર્મિક વિધિઓ | મુસાફરી | શિક્ષણ | દવા-આરોગ્ય | દારૂતાડી | બીડી-તમાકુ | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | ૧૪૫૦૦ | ૪૦૦૦ | ૨૫૦૦ | ૫૦૦ | ૧૫૦૦ | ૭૦૦ | ૧૨૦૦ | ૧૫૦૦ | ૧૦૦૦ | ૨૭૪૦૦ | ૫૪૮૦ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | ૫૦૦૦૦ | ૧૫૦૦ | ૭૦૦૦ | ૨૦૦૦ | ૬૦૦૦ | ૧૫૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૪૦૦૦ | ૯૦૫૦૦ | ૯૦૫૦ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | ૫૨૦૦૦૦ | ૧૬૫૦૦ | ૧૨૦૦૦ | ૨૨૦૦ | ૭૦૦૦ | ૧૨૦૦ | ૩૨૦૦ | ૩૦૦૦ | ૪૦૦૦ | ૧૦૧૧૦૦ | ૧૦૧૧૦ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | ૨૪૦૦૦ | ૮૫૦૦ | ૩૫૦૦ | ૧૦૫૦ | ૩૬૦૦ | ૫૫૦ | ૧૩૫૦ | ૧૨૦૦ | ૧૫૦૦ | ૪૫૨૫૦ | ૯૦૫૦ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | ૫૨૦૦૦ | ૧૮૦૦૦ | ૮૦૦૦ | ૨૧૫૦ | ૭૫૦૦ | ૧૨૦૦ | ૨૭૦૦ | ૩૦૦૦ | ૩૨૦૦ | ૯૭૭૫૦ | ૯૭૭૫ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૪૯૦૦૦ | ૧૫૦૦૦ | ૮૧૦૦ | ૨૫૦૦ | ૭૦૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ | ૪૦૦૦ | ૪૫૦૦ | ૯૪૬૦૦ | ૯૪૬૦ |
| | | | કુલ | - | ૫૦ | ૨૪૧૫૦૦ | ૭૭૦૦૦ | ૪૧૧૦૦ | ૧૦૪૦૦ | ૩૨૬૦૦ | ૬૬૫૦ | ૧૩૯૫૦ | ૧૫૨૦૦ | ૧૮૨૦૦ | ૪૫૬૬૦૦ | ૯૧૩૨ |
| | | | ટકા | | | (૫૩.૫૦) | (૧૭.૫૦) | (૯.૦૦) | (૨.૦૦) | (૭.૦૦) | (૧.૦૦) | (૩.૦૦) | (૩.૦૦) | (૪.૦૦) | (૧૦૦.૦૦) | |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | ૧૨૦૦૦ | ૬૦૦૦ | ૪૦૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ | ૧૫૦૦ | ૨૦૦૦ | ૧૨૦૦ | ૨૦૦૦ | ૩૩૨૦૦ | ૮૩૦૦ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | ૬૦૦૦ | ૩૦૦૦ | ૨૧૦૦ | ૧૦૦૦ | ૨૨૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૨૦૦ | ૧૮૫૦૦ | ૯૨૫૦ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | ૧૪૦૦૦ | ૫૦૦૦ | ૪૦૦૦ | ૧૦૦૦ | ૩૦૦૦ | ૧૦૦૦ | ૧૫૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૩૩૫૦૦ | ૮૩૭૫ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | ૧૫૦૦૦ | ૬૦૦૦ | ૩૦૦૦ | ૮૦૦ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૮૦૦ | ૧૨૦૦ | ૧૫૦૦ | ૩૩૩૦૦ | ૮૩૨૫ |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | ૭૦૦૦ | ૩૨૦૦ | ૧૫૦૦ | ૫૦૦ | ૨૦૦૦ | ૭૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ | ૧૨૦૦ | ૧૯૧૦૦ | ૯૫૫૦ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | ૧૬૦૦૦ | ૬૦૦૦ | ૩૦૦૦ | ૮૦૦ | ૨૦૦૦ | ૮૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ | ૨૫૦૦ | ૩૫૬૦૦ | ૮૯૦૦ |
| | | | કુલ | - | ૨૦ | ૭૦૦૦૦ | ૨૯૨૦૦ | ૧૭૬૦૦ | ૫૬૦૦ | ૧૪૭૦૦ | ૭૫૦૦ | ૭૮૦૦ | ૧૦૪૦૦ | ૧૦૪૦૦ | ૧૭૩૨૦૦ | ૮૬૬૦ |
| | | | ટકા | | | (૪૦.૪૩) | (૧૬.૮૬) | (૧૦.૧૬) | (૩.૨૩) | (૮.૪૯) | (૪.૩૩) | (૪.૫૦) | (૬.૦૦) | (૬.૦૦) | (૧૦૦.૦૦) | |

કોઠા નં. ૫.૧૧ (ચાલુ)

## રોજબરોજનો ખર્ચ

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ખાદ્ય ખોરાકી | કપડાં-પગરખાં | સામાજિક ખર્ચાઓ | ધાર્મિક વિધિઓ | મુસાફરી | શિક્ષણ | દવા-આરોગ્ય | દારૂતાડી | બીડી-તમાકુ | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૪૦૦૦૦ | ૧૬૦૦૦ | ૬૦૦૦ | ૨૦૦૦ | ૭૨૦૦ | ૨૦૦૦ | ૨૫૦૦૦ | ૨૫૦૦ | ૩૦૦૦ | ૮૧૨૦૦ | ૮૧૨૦ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | ૨૬૫૦૦ | ૮૫૦૦ | ૬૦૦૦ | ૧૫૦૦ | ૫૦૦૦ | ૨૫૦૦ | ૨૦૦૦ | ૨૫૦૦ | ૩૦૦૦ | ૫૭૫૦૦ | ૯૫૮૩ |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | ૨૦૦૦૦ | ૭૫૦૦ | ૫૦૦૦ | ૧૨૦૦ | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૫૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૪૩૨૦૦ | ૧૦૮૦૦ |
| | | | કુલ | | ૨૦ | ૮૬૫૦૦ | ૩૨૦૦૦ | ૧૭૦૦૦ | ૪૭૦૦ | ૧૬૨૦૦ | ૬૫૦૦ | ૬૦૦૦ | ૬૦૦૦ | ૭૦૦૦ | ૧૮૧૯૦૦ | ૯૦૯૫ |
| | | | ટકા | | | (૪૭.૫૫) | (૧૭.૫૯) | (૯.૩૫) | (૨.૫૮) | (૮.૯૧) | (૩.૫૭) | (૩.૩૦) | (૩.૩૦) | (૩.૮૫) | (૧૦૦.૦૦) | |
| ૪. | નવસારી | ૧૬ | ચીખલી | ઘેજ | ૧૦ | ૫૬૦૦૦ | ૨૦૦૦૦ | ૧૦૫૦૦ | ૨૫૦૦ | ૬૦૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ | ૪૦૦૦ | ૫૦૦૦ | ૧૦૮૫૦૦ | ૧૦૮૫૦ |
| | | ૧૭ | જલાલપોર | મરોલી | ૧૦ | ૫૫૦૦૦ | ૨૨૦૦૦ | ૯૦૦૦ | ૨૦૦૦ | ૭૦૦૦ | ૨૦૦૦ | ૩૫૦૦ | ૪૫૦૦ | ૪૭૦૦ | ૧૦૯૭૦૦ | ૧૦૯૭૦ |
| | | | કુલ | | ૨૦ | ૧૧૧૦૦૦ | ૪૨૦૦૦ | ૧૯૫૦૦ | ૪૫૦૦ | ૧૩૦૦૦ | ૩૫૦૦ | ૬૫૦૦ | ૮૫૦૦ | ૯૭૦૦ | ૨૧૮૨૦૦ | ૧૦૯૧૦ |
| | | | ટકા | | | (૫૦.૮૭) | (૧૯.૨૫) | (૮.૯૪) | (૨.૦૬) | (૫.૯૬) | (૧.૬૦) | (૨.૯૮) | (૩.૯૦) | (૪.૪૫) | (૧૦૦.૦૦) | |
| | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૫૦૯૦૦૦ | ૧૮૦૨૦૦ | ૯૫૨૦૦ | ૨૫૨૦૦ | ૭૬૫૦૦ | ૨૪૧૫૦ | ૩૪૨૫૦ | ૪૦૧૦૦ | ૪૫૩૦૦ | ૧૦૨૯૯૦૦ | ૯૩૬૨ |
| | | | ટકા | | | ૪૯.૪૨ | ૧૭.૫૦ | ૯.૨૪ | ૨.૪૫ | ૭.૪૩ | ૨.૩૪ | ૩.૩૩ | ૩.૮૯ | ૪.૪૦ | ૧૦૦.૦૦ | |
| | | | કુટુંબદીઠ | | | ૪૬૨૭ | ૧૬૩૮ | ૮૬૫ | ૨૨૯ | ૬૯૫ | ૨૧૯ | ૩૧૧ | ૩૬૪ | ૪૧૧ | ૯૩૬૨ | |

## કોઠા નં.૫.૧૨

## દેવા વિષયક સ્થિતિ

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | દેવું હા | દેવું ના | દેવું (ટકા) | દેવું કોણું દુકાન | ખેડૂત | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | ૫ | - | ૮૫૦ | ☑ | | |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | ૧૦ | - | ૩૭૦૦ | ☑ | | |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | ૧૦ | - | ૨૨૦૦ | ☑ | | |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | ૫ | - | ૧૩૫૦ | ☑ | | |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | ૧૦ | - | ૩૨૫૦ | ☑ | | |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | ૧૦ | - | ૧૩૭૦ | ☑ | | |
| | | | કુલ<br>ટકા | | ૫૦ | ૫૦ | - | ૧૨૭૨૦<br>૬૦.૭૪ | ☑ | | |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | ૪ | - | ૪૫૦ | ☑ | | |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | ૨ | - | ૩૫૦ | ☑ | | |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | ૪ | - | ૧૧૦૦ | ☑ | | |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | ૪ | - | ૬૦૦ | ☑ | | |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | ૨ | - | ૧૫૦ | ☑ | | |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | ૪ | - | ૮૦૦ | ☑ | | |
| | | | કુલ<br>ટકા | | ૨૦ | ૨૦ | - | ૩૪૫૦<br>૧૬.૪૮ | ☑ | | |
| ૩. | વલસાડ | ૧૩. | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૧૦ | - | ૧૮૦૦ | ☑ | | |
| | | ૧૪. | ધરમપુર | ધરમપુર | ૬ | ૬ | - | ૬૦૦ | ☑ | | |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | ૪ | - | ૪૦૦ | ☑ | | |
| | | | કુલ<br>ટકા | | ૨૦ | ૨૦ | - | ૨૮૦૦<br>૧૩.૩૭ | ☑ | | |
| ૪. | નવસારી | ૧૬. | ચીખલી | ધેજ | ૧૦ | ૧૦ | - | ૧૦૫૦ | ☑ | | |
| | | ૧૭ | જલાલપોર | મરોલી | ૧૦ | ૧૦ | - | ૯૨૦ | ☑ | | |
| | | | કુલ<br>ટકા | | ૨૦ | ૨૦ | - | ૧૯૭૦<br>૯.૪૧ | ☑ | | |
| | | | કુલ ટોટલ<br>ટકા | | ૧૧૦<br>- | ૧૧૦<br>- | -<br>- | ૨૦૯૪૦<br>૧૦૦.૦૦ | ☑ | | |
| | | | કુટુંબદીઠ | | - | - | - | ૧૯૦ | | | |

કેટલાય કિસ્સાઓમાં અભ્યાસના કુટુંબો આગળ દર્શાવ્યું તેમ વાર્ષિક થતી ચોખ્ખી આવકમાંથી રોજબરોજનું ખર્ચ કરે છે. જે કુટુંબદીઠ સરેરાશ આવક કરતાં ખર્ચ મોટાભાગના કુટુંબોનું વધી જતું જાણવા મળે છે. એટલે આવક કરતાં ખર્ચ વધુ કરે છે. જેણે કારણે લગભગ બધા કુટુંબોને રોજબરોજના ખર્ચ માટે દેવું કરવાની ફરજ પડે છે. તેઓને આ માટે નજીકમાંથી કે ગામમાંથી આ દેવું કરવું પડે એ રીતે ગામના દુકાનદાર, નજીકના રોજબરોજના વ્યવહારના (ખેડૂત) સ્થળેથી એ લાવે છે. દેવાની સ્થિતિમાં દેવું ઘણું વધારે જણાયું જાણવા મળ્યું નથી. કારણકે તેઓ દુકાનનું સામાન્ય દેવું જ થોડુ બતાવે, પણ ખેડૂત પાસેથી લીધેલ પૈસા મજૂરીમાં વારવાના હોઈ કે અનાજના રૂપમાં લીધેલું હોય તે બતાવતા નથી. માટે સામાન્ય દેવું જાણવા મળ્યું હતું. તેમણે અન્ય અશ્કયામત ન હોઈ બેંક કે બીજુ શાહુકારનું દેવું મળતું જાણવા મળ્યું નહોતું. એટલે કે તેમને એ રીતે ધિરાણ કરી કોઈ દેવું આપવા તૈયાર થતું નથી. અભ્યાસના લગભગ બધા જ કુટુંબોને નાનુ સરખુ દુકાનવાળાનું દેવુ જણાયું હતું. જે કુટુંબદીઠ સરેરાશ ૧૯૦ રૂપિયાનું બધા જ કુટુંબોનું જાણવા મળ્યું હતું. સુરત વિસ્તારના ગામોના કુટુંબોનું એ રીતે જોઈએ તો ૬૦.૬૪ ટકા, ભરૂચ વિસ્તારના ગામોના કુટુંબોનું ૧૬.૪૮ ટકા, વલસાડ વિસ્તારના ગામોના કુટુંબોનું ૧૩.૩૭ ટકા અને નવસારી વિસ્તારના ગામોના કુટુંબોનું ૯.૪૧ ટકાનું દેવું જાણવા મળ્યું હતું.

અભ્યાસના કુટુંબોની દેવા વિષયક સ્થિતિ વિસ્તાર, ગામ અને કુટુંબની સંખ્યા પ્રમાણે કોઠા નં.૫.૧૨માં જોતાં વિગતે ખ્યાલ આવશે. કોઠા ઉપરથી જોઈ શકાય કે તેમને દેવુ આપનાર સ્ત્રોતો મર્યાદિત છે. તેમને ખેડૂત ઉપરાંત, સામાન્ય દેવુ દુકાનદાર આપે તે સિવાય કોઈ આપતું નથી.

અભ્યાસમાં આવરેલા ગામોના તપાસ હેઠળના કુટુંબોમાંથી મકાન, જમીન, પશુઓ, ખેતીના સાધનોની મિલકતની વિગતો જાણવા મળી હતી. જેમાં સૌથી વધુ મિલકત મકાનની ૮૧.૩૦ ટકાની ૧૭૪૫૪ રૂા. ની કુટુંબદીઠ સરેરાશ, જમીનની ૧૨.૦૭ ટકા - ૨૩૭૫૦ રૂા.ની કુટુંબદીઠ સરેરાશ જાણવા મળી હતી. એ સિવાયની સ્થાવર મિલકતોમાં પશુઓની ૬.૦૯ ટકાની - ૩૭૮૬ રૂા.ની કુટુંબદીઠ અને ખેતી-ઓજારોની ૦.૫૪ ટકાની ૨૮ રૂા.ની કુટુંબદીઠ સરેરાશની જાણવા મળી હતી. અભ્યાસ હેઠળના કુલ કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ ૨૧૪૭૦ રૂપિયાની કુલ સ્થાવર મિલકતો જાણવા મળી હતી. સ્થાવર મિલકતોની વિગતો વિસ્તૃત રીતે વિસ્તાર, ગામવાર, કુટુંબ સંખ્યા પ્રમાણેની જુદી જુદી મિલકતોની વિગતો પ્રમાણે ટકાવારી તેમજ, કુટુંબદીઠ કેટલી થાય છે. એ વિગતો કોઠા નં.૫.૧૩માં દર્શાવી છે. એ જોતાં ખ્યાલ આવશે.

આ સ્થાવર મિલકતો યોજના અભ્યાસના બધા કુટુંબોમાંથી બધા જ કુટુંબો પાસે ઉપલબ્ધ નહોતી. યોજનાના લીધે આવરેલા બધા જ કુટુંબો પાસે પાકા મકાનની સ્થાવર મિલકત હતી. એ સિવાય બાકીના કુટુંબો પાસે જોઈએ તો જમીનની મિલકત માત્ર ૧૨ કુટુંબો પાસેથી જાણવા મળી હતી. એ જ રીતે પશુઓની જાણવા મળેલી મિલકતમાં કેટલાય કુટુંબો માત્ર મરઘા તો કેટલાક કુટુંબો અન્ય બીજા પશુઓ (બકરા) ધરાવતા જાણવા મળ્યા હતા. અને તે પણ ખૂબ જ ઓછા પ્રમાણમાં માલૂમ પડ્યા હતા. ગાય-ભેંસ ખૂબ જ જૂજ કુટુંબો પાસે જાણવા મળેલા પશુઓ હતા. ખેતીના સાધનો ધરાવતા કુટુંબોમાં પણ ઘણા કુટુંબો પૂરતા ખેતીના સાધનો ધરાવતા નહોતા. ઘણા બધા પાસે તો દાતરડા, ખૂરપી, કુહાળી, કોદાળી જેવા જ સાધનો હતા. જેઓપાસે નહોતા, તે જેની ખેતી કરે છે, તેના સાધનો વાપરતા હતા. ઘણા બધા બીજાના સાધનોથી ચલાવી લેતા હતા. જમીન, પશુઓ અને ખેતીના મોટા સાધનો જેવી સ્થાવર મિલકત ખૂબ જ અલ્પ કુટુંબો પાસે જાણવા મળી હતી.

કોઠા નં. ૫.૧૩

## સ્થાવર મિલ્કત દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ખેતી | | | મકાન | પશુ | | | ઓજારો | | કુલ ટકા | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | કુટુંબ ટકા | એકર-ગુંઠા | કિંમત ટકા | કિંમત ટકા | કુટુંબ ટકા | પશુ સંખ્યા | કિંમત ટકા | સંખ્યા ટકા | કિંમત ટકા | | |
| ૧. | સુરત | ૧. | માંડવી | અરેઠ | ૫ | - | - | - | ૭૫૦૦૦ | - | - | - | ૧ | ૫ | ૭૫૦૨૫ | ૧૫૦૦૫ |
| | | ૨. | બારડોલી | વાંકાનેર | ૧૦ | - | - | - | ૧૫૦૦૦૦ | ૮ | ૧૫ | ૪૦૦૦૦ | ૧૮ | ૯૦૦ | ૧૯૦૯૦૦ | ૧૯૦૯૦ |
| | | ૩. | વાલોડ | વાલોડ | ૧૦ | - | - | - | ૧૦૦૦૦૦ | - | - | - | ૧૭ | ૬૮૦ | ૧૦૦૬૮૦ | ૧૦૦૬૮ |
| | | ૪. | ઓલપાડ | સાયણ | ૫ | - | - | - | ૧૦૦૦૦૦ | ૧ | ૧ | ૩૦૦ | ૧૧ | ૪૦૦ | ૧૦૦૭૦૦ | ૨૦૧૪૦ |
| | | ૫. | ચોર્યાસી | કોસાડ | ૧૦ | - | - | - | ૧૦૦૦૦૦ | ૨ | ૩ | ૭૦૦ | ૧૭ | ૮૫૦ | ૧૦૧૫૫૦ | ૧૦૧૫૫ |
| | | ૬. | કામરેજ | ઉભેળ | ૧૦ | - | - | - | ૧૦૦૦૦૦ | ૧ | ૧ | ૨૦૦ | ૧૬ | ૯૫૦ | ૧૧૧૧૫૦ | ૧૧૧૧૫ |
| | | | કુલ | - | ૫૦ | ૨ | ૧૦.૦૦ | ૧૦૦૦૦ | ૬૨૫૦૦૦ | ૧૨ | ૨૦ | ૪૧૨૦૦ | ૭૦ | ૩૮૦૫ | ૬૮૦૦૦૫ | ૧૩૬૦૦ |
| | | | ટકા | | | ૧૬.૦૦ | | ૩.૫૧ | ૩૨.૫૬ | ૩૧.૫૮ | ૨૧.૦૫ | - | ૩૫.૦૦ | ૨૯.૬૨ | ૨૮.૭૯ | |
| ૨. | ભરૂચ | ૭. | વાગરા | વછનાદ | ૪ | ૧ | ૧૦.૦૦ | ૧૫૦૦૦ | ૬૮૦૦૦ | ૪ | ૯ | ૯૭૦૦ | ૪ | ૫૫૦ | ૯૩૨૫૦ | ૨૩૩૧૨ |
| | | ૮. | આમોદ | સરભાણ | ૨ | - | - | - | ૪૦૦૦૦ | - | - | - | ૨ | ૨૦૦ | ૪૦૨૦૦ | ૨૦૧૦૦ |
| | | ૯. | જંબુસર | મગણાદ | ૪ | - | - | - | ૮૦૦૦૦ | ૩ | ૯ | ૧૪૦૦ | ૧ | ૧૫ | ૮૧૪૧૫ | ૨૦૩૫૩ |
| | | ૧૦. | ભરૂચ | ત્રાલસી | ૪ | - | - | - | ૧૧૦૦૦૦ | ૨ | ૩ | ૬૩૦૦ | ૬ | ૧૫૦ | ૧૧૬૪૫૦ | ૨૯૧૧૨ |
| | | ૧૧. | અંકલેશ્વર | સજોદ | ૨ | - | - | - | ૪૪૦૦૦ | - | - | - | ૪ | ૭૫ | ૪૪૦૭૫ | ૨૨૦૩૭ |
| | | ૧૨. | હાંસોટ | શેરા | ૪ | - | - | - | ૬૩૦૦૦ | ૩ | ૧૦ | ૨૫૫૦૦ | ૭ | ૨૫૦ | ૮૮૭૫૦ | ૨૨૧૮૭ |
| | | | કુલ | - | ૨૦ | ૧ | ૧૦.૦૦ | ૧૫૦૦૦ | ૪૦૫૦૦૦ | ૧૨ | ૩૧ | ૪૨૯૦૦ | ૨૪ | ૧૨૪૦ | ૪૬૪૧૪૦ | ૨૩૨૦૭ |
| | | | ટકા | | | ૮.૩૩ | | ૫.૨૬ | ૨૧.૦૯ | ૩૧.૫૮ | ૩૨.૬૩ | | ૧૨.૦૦ | ૯.૬૩ | ૧૯.૬૪ | |

## કોઠા નં. ૫.૧૩ (ચાલુ)

## સ્થાવર મિલ્કત દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લો | ક્રમ | તાલુકો | ગામ | કુટુંબ સંખ્યા | ખેતી | | | મકાન | પશુ | | | ઓજારો | | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | કુટુંબ ટકા | એકર-ગુંઠા | કિંમત ટકા | કિંમત ટકા | કુટુંબ ટકા | પશુ સંખ્યા | કિંમત ટકા | સંખ્યા ટકા | કિંમત ટકા | ટકા | |
| ૩. | વલસાડ | ૧૩ | વલસાડ | ફણસવાડા | ૧૦ | ૩ | ૧૧.૦૦ | ૧૫૦૦૦૦ | ૧૫૦૦૦૦ | ૭ | ૨૨ | ૩૦૦૦૦ | ૩૫ | ૨૩૫૦ | ૩૩૨૩૫૦ | ૩૩૨૩૫ |
| | | ૧૪ | ધરમપુર | ધરમપુર | ૬ | ૫ | ૧૦.૦૦ | ૧૦૦૦૦૦ | ૧૪૦૦૦૦ | ૪ | ૧૧ | ૧૫૦૦ | ૧૮ | ૧૩૦૦ | ૨૪૨૮૦૦ | ૪૦૪૬૬ |
| | | ૧૫. | ધરમપુર | સેંગવા | ૪ | ૧ | ૨.૦૦ | ૧૦૦૦૦ | ૮૫૦૦૦ | ૧ | ૯ | ૨૦૦૦૦ | ૧૨ | ૧૦૫૦ | ૧૧૬૦૫૦ | ૨૯૦૧૨ |
| | | | કુલ | | ૨૦ | ૯ | ૨૩.૦૦ | ૨૬૦૦૦૦ | ૩૭૫૦૦૦ | ૧૨ | ૪૨ | ૫૧૫૦૦ | ૬૫ | ૪૭૦૦ | ૬૯૧૨૦૦ | ૩૪૫૬૦૯ |
| | | | ટકા | | | ૭૫.૦૦ | | ૯૧.૨૨ | ૧૯.૫૩ | ૩૧.૫૦ | ૪૪.૨૭ | | ૩૨.૫૦ | ૩૬.૫૯ | ૨૯.૨૮ | |
| ૪. | નવસારી | ૧૬ | ચીખલી | ઘેજ | ૧૦ | - | - | - | ૨૪૫૦૦૦ | - | - | - | ૧;૮ | ૧૬૦૦ | ૨૪૬૭૦૦ | ૨૭૯૭૦ |
| | | ૧૭ | જલાલપોર | મરોલી | ૧૦ | - | - | - | ૨૭૦૦૦૦ | ૨ | ૨ | ૮૩૦૦ | ૨૩ | ૧૪૦૦ | ૨૭૯૭૦૦ | ૨૭૯૭૦ |
| | | | કુલ | | ૨૦ | - | - | - | ૫૧૫૦૦૦ | ૨ | ૨ | ૮૩૦૦ | ૪૧ | ૩૧૦૦ | ૫૨૬૪૦૦ | ૨૬૩૨૦ |
| | | | ટકા | | | | | | ૨૬:૮૨ | ૫.૨૬ | ૨.૧૧ | | ૨૦.૦૦ | ૨૪.૧૩ | ૨૨.૦૯ | |
| | | | કુલ ટોટલ | | ૧૧૦ | ૧૨ | ૩૪.૦૦ | ૨૮૫૦૦૦ | ૧૯૨૦૦૦૦ | ૩૮ | ૯૫૧ | ૪૩૯૦૦ | ૨૦૦ | ૧૨૮૪૫૨ | ૩૬૧૩૪૫ | ૨૧૪૭૦ |
| | | | ટકા | | | ૧૦૦ | | ૧૨.૦૭ | ૮૧.૩૦ | ૧૦૦ | ૧૦૦ | ૬.૦૯ | ૦.૦૭ | ૦.૫૪ | ૧૦૦ | |

## પ્રકરણ-૬

# સામાજિક સંરચના, રીતરિવાજો અને ધાર્મિક જીવન

હળપતિ - તલાવિયા જાતિનો જયાં વસવાટ છે, તે સુરત, વલસાડ, નવસારી અને ભરૂચ જિલ્લાઓમાં વસતિ અને વસવાટની દૃષ્ટિએ જોઈએ તો બિન આદિવાસઓ અને કેટલીક આદિવાસી જાતિઓ એમ બંને વસતી સમૂદાયો વસે છે. બિન આદિવાસી સમૂદાયોમાંથી અનાવિલ બ્રાહ્મણ, કોળી પટેલ, કણબી પાટીદાર, પારસીઓ, મુસલમાનો અને કેટલાક ઠેકાણે અનુજાતિની વસતી છે. આદિવાસી જાતિઓમાં ચૌધરી, ધોડિયા, ગામિત નાયકડા, વસાવા, કોટવાડિયા વગેરેની વસતિ છે. અભ્યાસની હળપતિ-તલાવિયા જાતિ સામાજિક અને આર્થિક રીતે આ બધા બિન આદિવાસી તેમજ આદિવાસી સમૂદાયો સાથે વર્ષોથી સંપર્કમાં હાઈ તેની ઉપર વત્તી-ઓછી અસરો થઈ છે. જેમાં સૌથી ભારે અસર અનાવિલ બ્રાહ્મણોની છે. આ બધી અસરો હેઠળ હળપતિ-તલાવિયા જાતિનું સામાજિક સ્થાન અને સાથે સાથે તેમની પોતાની જાતિના જૂથો અને તેમની વચ્ચેના વંશ વ્યવસ્થા, કુટુંબ વ્યવસ્થા, વારસા પ્રથા, મિલકત તથા સ્ત્રીઓના સ્થાન માટે અભ્યાસ પહેલાં કેટલાક સાહિત્ય સંદર્ભને આધારે અને તે પછીના અભ્યાસના નિરીક્ષણોને આધારે કંઈક અંશે મૂકવાનો પ્રયત્ન કર્યો છે.

### હળપતિ-તલાવિયાઓ, બીજી આદિવાસી જાતિઓ અને બિન આદિવાસીઓ :

સુરત, નવસારી, વલસાડ, ભરૂચ જિલ્લાઓમાં બિન આદિવાસીઓની વસતી મહદ્અંશે જિલ્લાના પશ્ચિમ ભાગમાં વસેલી જોવા મળે છે. જયારે આદિવાસી જાતિઓની મોટા ભાગની વસતી સૌથી વધુ પૂર્વના પહાડી જંગલ વિસ્તારોમાં અને કેટલીક મધ્ય ભાગમાં વસેલી જોવા મળે છે. પૂર્વમાં બિન આદિવાસીઓનું પ્રમાણ તદ્દન ઓછું, જયારે મધ્ય ભાગમાં કસબાઓમાં કંઈક બિન આદિવાસીઓ વસતાં જોવા મળે છે. હળપતિ-તલાવિયા જાતિ બધા જ જિલ્લાઓમાં સપાટ ફળદ્રુપ વિસ્તારમાં વસેલી છે. સુરત જિલ્લામાં પૂર્વમાં ચૌધરી, ગામિત અને વસાવા ભીલોની સાથે જે કંઈ તેમની થોડી વસતિ વસે છે. વલસાડ, નવસારી જિલ્લાઓમાં ઢોડિયા, નાયકડા જાતિ સાથે પૂર્વના વિસ્તારમાં વસે છે. ભરૂચ જિલ્લામાં વસાવા ભીલો અને રજપૂત સાથે વસવાટ છે. પશ્ચિમમાં સુરતમાં અનાવિલ બ્રાહ્મણ, કોળી પટેલ, પારસી અને મુસલમાન સાથે વસે છે. ભરૂચમાં પશ્ચિમમાં મુસલમાન, વસાવા ભીલ અને પટેલો સાથે વસે છે. જયારે નવસારી - વલસાડ જિલ્લાઓમાં અનાવિલ બ્રાહ્મણ, પારસીઓ, મુસલમાનો અને ઢોડિયા પટેલોની વસતિ સાથે તેમનો વસવાટ જોવા મળે છે.

### અન્ય આદિવાસી જાતિઓમાં હળપતિ-તલાવિયાનું સ્થાન :

દક્ષિણ ગુજરાતની આદિવાસી જાતિઓમાં હળપતિ-તલાવિયાનું સ્થાન વિસ્તાર મુજબ ભિન્ન ભિન્ન હોય છે. કેટલાક હળપતિ-તલાવિયાઓ નાયકડા અને ચોધરી કરતાં પોતાને ઉંચા ગણે છે.

ઘોડિયાઓ તેમની પોતાની આર્થિક સ્થિતિ સારી હોવાથી પોતાને સૌથી ઉંચા ગણાવે છે. હળપતિ-તલાવિયા ઘણી બાબતોમાં બીજી આદિવાસીઓ જેવા જ હોવા છતાં તેઓ મુસલમાનો અને પારસીઓનું અન્નજળ લેતાં હોવાથી આદિવાસી જાતિઓમાં હલકાં ગણાય છે.

**હળપતિ-તલાવિયાઓનું હિંદુસમાજમાં સ્થાન :**

હળપતિ-તલાવિયાઓ તેમના પોતાનાં દેવ-દેવીઓને પૂજે છે. એમને એમના પોતાના ગોર અને ભૂવા હોય છે. અને તેમનું પોતાનું આગવું પંચ હોય છે. તેઓ ઘોડિયા, ચૌધરી, ગામિત, નાયકડા જાતિઓની માફક પોતાને હિંદુ માને છે. હાલમાં તેઓ હિંદુઓની પૂજા વિધિઓ કરાવે છે. ઈંડા કે માંસાહારનો ત્યાગ કરી હિંદુ મંદિરોમાં પણ જતાં થયા છે. હળપતિ જમીનવાળો હોય તો પણ હિંદુ જમીનવાળો (કોળી પટેલ, અનાવિલ, બ્રાહ્મણો, પટેલો) સાથે સમાનતાનો દાવો નથી કરતો. તે સોની, લુહાર, સુથાર, કુંભાર, ઘાંચી વગેરે સાથે પણ તેઓ સમકક્ષ છે તેવો દાવો કરતા નથી. હા મોચીઓ અને બીજી હરિજન જાતિઓને હળપતિ-તલાવિયા તેમને પોતાનાથી અછૂત અને હલકાં ગણે છે. હળપતિઓ શુદ્ર જાતિઓનું અન્ન કે જળ લેતાં નથી. તેમના કૂવે પાણી ભરતાં કે તેમને ત્યાં કામે જતા નથી. બીજી શુદ્ધ જાતિઓનું અન્નજળ લે છે. હળપતિ-તલાવિયાઓને બીજી જ્ઞાતિઓ (અનાવિલ, પાટીદાર, વાણિયા, ઘાંચી, કણબી અને કોળી જેવા ઉજળિયાત) હલકાં ગણે છે. હળપતિઓ પરાપૂર્વથી આ બધી ઉજળિયાત જ્ઞાતિઓને ત્યાં ઘરના બધાં જ કામો કરે છે. સાથે સાથે ઘણાં રીતરિવાજો અને ઉત્સવો પણ તેમના અપનાવ્યા છે અને તેમની દેવદેવીઓની પૂજાવિધિઓ પણ કરતાં થયા છે.

**હળપતિ-તલાવિયા જાતિના પેટા-વિભાગો :**

હળપતિ-તલાવિયા જાતિના વીસ પેટા વિભાગો પી.જી. શાઈ તેમના પુસ્તક ગુજરાતના દૂબળાઓ પાન નં. ૧૧ ઉપર ૧૯૨૦ માં એન્થોવને ગણાવ્યા હતા તે આપ્યા છે. જે પૈકી બે કે ત્રણ ને બાદ કરતાં બીજાઓ એકબીજા સાથે રોટી-બેટી વ્યવહાર રાખતાં નહિ. આ પેટા-વિભાગોના નામ આ પ્રમાણે છે. બાબા વલસાડિયા, બારનિયા, ચોરિયા, દમણી, હારવિયા, ઈસરિયા, ખારચા, ખોડિયા ઉર્ફે પાલિયા, માંડવિયા, નારડા, ઓલપાડિયા, રાઠોડિયા, સારવિયા ઉર્ફે સરાવિયા, સિથરિયા, તલાવિયા, ઉખરિયા, ઉમરિયા, વસાવા ઉર્ફે વસાવડા અને વહોરા ત્યારબાદ ડૉ. ડી.પી. ખાનાપુરકરે બીજા પાંચ નામો આપ્યા હતાં. ગાંગલિયા, કનહારિયા, ઠાકોરા, થાળી ગોરિયા, બટોળિયા એમના મત મુજબ આ પચીસ વિભાગો પૈકી માત્ર ત્રણ વિભાગો તલાવિયા દૂબળા, વહોરિયા દૂબળા અને ખારચા દૂબળા સૌથી વધુ મહત્વના છે. તેઓ આ સમાજના મુખ્ય વિભાગોના પ્રતિનિધિ છે.

અત્યારે હળપતિઓને પોતાને પોતાના મુખ્ય કે પેટા વિભાગોનો અને તેમના પરસ્પર સંબંધનો ચોક્કસ ખ્યાલ નથી. રાષ્ટ્રીય વસતિ પત્રકમાં પેટા વિભાગો આપ્યા નથી. બીજું બધાં પેટા વિભાગોમાં

સ્વાભિમાન છે. અને તેમનામાં ઘણા ખરા તેમના સૌથી ઉંચા નામથી તલાવિયાથી ઓળખાવાનું પસંદ કરે છે. તેઓમાંના ઘણા ખરાં પોતાનામાં રાજપૂત લોહી હોવાનો કરે છે. તે ઉપરાંત કહેવાય છે કે તેમણે કણબી, કોળી, ધોડિયા અને કાછિયા જ્ઞાતિઓના થોડાંક માણસોને પોતાનામાં સમાવી દીધાં છે એ બધામાંના મોટા ભાગના તલાવિયા રાઠોડ તરીકે કહેવડાવે છે.

તેમનામાં બીજો ભેદ ચોખલિયા અને વટોળિયા એવો જી. ચોખલિયા એટલે ચોખ્ખા. તેઓ હિંદુ ખેડૂતો સાથે રહે છે. અને વટોળિયા એટલે વટલાયેલા તેઓ પારસોઓ અને મુસલમાનો ઘેર હાળી (ગુલામ) તરીકે રહે છે.

**વહોરિયા :**

આ હળપતિઓનું જૂથ નાનું છે. તેઓ તેમના આશ્રયદાતાની દયા ઉપર જીવે છે. એમના રોજિંદા જીવન ઉપર એમના આશ્રયદાતાની અસર પડે છે. આ વહોરિયાના કેટલાંક કુટુંબોની વંશાવલીઓ જોતા માલૂમ પડે છે કે એમનું જાતિ બંધારણ બીજાના કરતાં ઓછું કડક છે. આ જૂથમાં નાયકડા, ચોધરા અને ધોડિયા સારી સંખ્યામાં છે. આ લોકોએ આંતરજાતિય લગ્નો કર્યા હોવાથી તેમના પોતાના સમાજમાં તેમણે પોતાનું સ્થાન ગુમાવેલું છે. વહોરિયા હળપતિઓમાં ચાર મુખ્ય વિભાગો હોય એમ જણાય છે. (૧) મૂળ ચોખલિયા, પરંતુ વહોરા અને મુસલમાનોનું ખાવાને લીધે વટલાયેલા. (૨) ધોડિયા - આ લોકો નાયકડા સ્ત્રીઓને પરણ્યા અને વહોરિયા હળપતિઓમાં ભળી ગયા, એટલે પોતાના સમાજમાં એમનું સથાન રહ્યું નહીં. (૩) નાયકડા તેઓ ધોડિયા સ્ત્રીઓને પરણી વહોરિયા હળપતિઓમાં ભળી ગયા, એટલે પોતાના સમાજમાં એમને સ્થાન રહ્યું નહીં. (૪) ચોધરી- તેઓ ચોખલિયા હળપતિ કે બીજી પોતાની જાતિ સિવાયને પરણ્યા છે. આમ હળપતિ-તલાવિયાઓમાં ઘણાં સ્થાનિક જૂથો જોવાં મળતા હતા. જેમાં કેટલાંય આવા જૂથો વિસ્તારને અનુસંધાને, કોઈ જાતિઓની સાથે વસવાટને કારણે ગામને જોડીને કે સ્થળને લઈને તેમના જાતિ જૂથોનો નામોલ્લેખ થતો જોઈ શકાય છે. મોટી ઉંમરના વ્યક્તિઓ તેમના જાતિ જૂથો વિશે ઉપર દર્શાવ્યું તે મુજબ હશે, એમ બતાવે છે. પરંતુ નવી પેઢી તેમનામાં તે વિશે કંઈ પ્રકાશ પાડી શકતી નથી. તેઓ માત્ર હળપતિ - તલાવિયા રાઠોડ અને કેટલીક જગ્યાએ દૂબળા તરીકે પોતાને ઓળખાવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન વિસ્તાર મુજબ જોઈએ તો મધ્ય ગુજરાતમાં વડોદરા, ભરૂચના વિસ્તારોમાં પોતાને રાઠોડ કે રાઠોડિયા તરીકે,સુરતમાં હળપતિ- તલાવિયા, રાઠોડ તરીકે અને છેક દક્ષિણમાં નવસારી-વલસાડના વિસ્તારોમાં પોતાને હજુ દૂબળા તરીકે ઓળખાવે છે. તેમ છતાં તેમાંના મોટા ભાગના પોતાને તલાવિયા-રાઠોડ તરીકે કહેવડાવીને પોતાને ઊંચા માની વર્ચસ્વી માને છે.

તેમનામાં બીજો એક ભેદ રખાતો જોવા મળે છે. ચોખલિયા વિટોળિયાઓને કન્યા આપતા નથી. બીજું અન્ય વિસ્તારોમાં, દૂરના વિસ્તારોમાં કન્યા આપતાં નથી. દા.ત. સુરત વિસ્તારના છેક

દૂરના ભરૂચના કે સુરત વિસ્તારના છેક વલસાડના વિસ્તારોમાં કન્યાની આપ-લે કરતાં જોવા મળતા નથી. તેમનામાં ઉંચ-નીચના ખ્યાલ બહુ પ્રવર્તતા જોવા મળતા નથી. માત્ર બેટી વ્યવહાર કરતી વખતે વિસ્તાર અને આર્થિક સ્થિતિનો ખ્યાલ જરૂર કરતા જોવા મળે છે. આર્થિક રીતે સધ્ધર ખેતી કે નોકરીમાં તેમની સમકક્ષ શોધે છે અને તેમની સાથે લગ્ન સંબંધ બાંધે છે. બાકી ખાણીપીણીના સંબંધમાં આ ભેદભાવ જોવા મળતો નથી.

હળપતિ-તલાવિયા જાતિમાં વિસ્તાર સ્થાન મુજબ કેટલાક સ્થાનિક જૂથો ઉલ્લેખાયેલાં જોવા મળે છે. પરંતુ જે તે વિસ્તારમાં, તે મુજબ આવા જૂથો બહુ જાણીતાં કે પ્રચલિત જોવા, જાણવા મળતા નથી. બહુ ઓછા જૂથોની જાણકારી મળે છે. બાકી હળપતિ, તલાવિયા, રાઠોડ વગેરેથી જ તેઓ ઓળખ આપતાં જણાય છે. આ સ્થાનિક જૂથો સાથે સાથે તેમનામાં કેટલાક વ્યવસાયિક કહી શકાય તેવા જૂથોનું વર્ગીકરણ જોવા-જાણવા મળે છે. જેમકે તેમનામાં ઘણા હળપતિ-તલાવિયાઓ (૧) જમીન માલિકો (૨) ગણોતિયા (૩) હાળી પધ્ધતિના મજૂરો (૪) છૂટક ખેતમજૂરો (૫) બિન ખેડૂત મજૂરો (૬) કારીગરો (૭) કારખાના મજૂરો વગેરે છે. જાતિ જૂથોના વર્ગીકરણ કરતાં તેમનામાં પ્રચલિત એવા આ વ્યવસાયિક જૂથો વધુ પ્રમાણિત રીતે તેમનામાં જોઈ શકાય છે. વ્યાવસાયિક જૂથો તેમની પોતાની જાતિમાં આર્થિક સધ્ધરતાને આધારે સામાજિક મોભો કે માન પ્રતિષ્ઠા બાંધતા જોઈ શકાય છે.

**કુટુંબ વ્યવસ્થા :**

હળપતિ-તલાવિયા જાતિમાં પિતૃસત્તાક, પિતૃવંશીય, અને પિતૃસ્થાની કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. કુટુંબનો વડીલ પુરૂષ ઘરનો કારભાર સંભળાતો હોય છે. તેની સત્તા પ્રાથમિક કુટુંબમાં અંતિમ હોય છે. કુટુંબની આવક-મિલકત-દેવું સહિયારું હોય છે. ઘરમાં કમાણી કરતા સભ્યો વડીલ પિતાને કમાણીના પૈસા આપે છે. ઘરના મહત્ત્વના બધાં જ નિર્ણયો વડીલ પુરૂષ કરે છે. કુટુંબના બધા સભ્યો વડીલ પુરુષની આજ્ઞામાં રહીને કુટુંબમાં રહે છે. કુટુંબના આર્થિક વ્યવહારો, ધાર્મિક ક્રિયાઓ, વહીવટ, પિતૃપૂજા, ન્યાય જેવી બધી જ બાબતમાં વડીલ પુરૂષનું વર્ચસ્વ જોવા મળે છે. યુવાન સ્ત્રીઓ, છોકરીઓ પર વડીલ ઘરની સ્ત્રીઓની સત્તા હોય છે. ઘરની યુવાન સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ મદદ કરે છે. કુટુંબના મહત્વના નિર્ણયો પુરુષ લે છે. છતાં સ્ત્રીનું સમાજજીવન અને કુટુંબજીવનમાં મહત્વનું સ્થાન જોવા મળે છે. તેમનામાં કન્યા વિક્રયની પ્રથાને કારણે ખંધડિયા તરીકે કોઈ યુવાનને પસંદ કરાતો હતો. આજે ઘણે ઠેકાણે છોકરીનું દહેજ ન લેતાં માત્ર વરપક્ષ દ્વારા સંબંધ બાંધવા પૂરતા ૧૦૧/- રૂપિયા જેટલી રકમ સંબંધોની સચોટતા દર્શાવવા માટે અપાય છે. સમાજના લોકો પ્રસંગોપાત કોઈ કિંમતી ચીજવસ્તુ આપે તે વધારાની વસ્તુ છે. પણ વર પક્ષ તરફથી માગણીરૂપે નહીં. તેમનમાં સ્ત્રી આર્થિક ઉપાર્જનમાં સતત મદદરૂપ થતી હોય, ભારરૂપ પણ ગણાતી નથી. તેમનામાં પણ છોકરી ન હોય અને જમીન કે ધંધારૂપે સારી આર્થિક સ્થિતિ હોય તો ઘરજમાઈ લાવવાની પ્રથા છે. એ રીતે છોકરીને મિલકતમાં

ભાગીદાર બનાવે છે. તેમની કુટુંબ વ્યવસ્થા ઉપર અનેકવિધ પરિબળોએ અસરો તો કરી જ છે. જેમાં શિક્ષણ અને આર્થિક વિકાસનો પ્રભાવ, શહેરી અસરો, સ્ત્રી શિક્ષણ વધવાથી, ઉપરાંત તેમની સાથે જેમણે ત્યાં, તેઓ જયાં હજુ આ હાળી પ્રથા ચાલુ છે, ત્યાં રહે છે. તેઓનો પ્રભાવ તેમની સંયુક્ત કુટુંબ પ્રણાલી બદલવામાં હાળીઓને મળતી ખેતરને શેઢે નાનું ઝુંપડું (ઘર) ની સુવિધા પ્રાથમિક કુટુંબ તરફ દોરી જાય છે. તેમનામાં થોડું શિક્ષણ વધવાથી લગ્ન સંબંધો બાંધવામાં પાત્ર પસંદગીમાં છૂટછાટ, છુટાછેડા જેવી બાબતોમાં થોડી થોડી સ્વતંત્રતાની અસરો પણ કંઈક અંશે વરતાતી લાગે છે. તેમનામાં થોડે ઘણે અંશે પુત્રી કરતાં પુત્રને પ્રાધાન્ય આપે છે. એટલે જ તો વંશ વેલો ચલાવવા માટે પુત્ર ન હોય તો ખંધાડ લાવવાની પ્રથા છે. ક્યાં માતૃ પક્ષનો વંશ ચાલુ રહેશે, એવું જોવા મળતું નથી. તેમનામાં કુટુંબ વ્યવસ્થાની રીતે જોઈએ તો મહદ્અંશે પ્રાથમિક કુટુંબ એટલે કે કેન્દ્રિય કુટુંબ પ્રથા વિશેષ રીતે જોવા મળે છે. સંયુક્ત કુટુંબ વ્યવસ્થા તેમ છતાં કેટલેક ઠેકાણે જોઈ શકાય છે.

હળપતિ - તલાવિયા જાતિની વસતી સંખ્યા કેટલી મોટી છે ૫,૪૬,૫૬૭ ની ૧૯૯૧ ની વસતિ ગણતરી તરીકે નોંધાયેલી છે. અને તે ઘણાં જ મોટાં વિસ્તારમાં (વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા) હિન્દુઓ અને અન્ય આદિવાસી સમુદાયો સામે રહે છે. એમની જીવન વ્યવસ્થાની પરિસ્થિતિ વિશાળ વિસ્તારના તેમના વસવાટને કારણે ભિન્ન ભિન્ન છે, આની અસર તેમની આર્થિક પરિસ્થિતિ ઉપર જોવા મળે છે. પરંતુ તેમની સમાજ વ્યવસ્થાનું માળખું વધારે ઓછે અંશે સામાન્ય જોવા મળે છે. પરંતુ બહુમતિ અને વર્ચસ્વ હિન્દુઓ અને તેમની સાથે વસતિ અન્ય આદિવાસી જાતિઓનાં સંસર્ગને કારણે તેમના સામાજીક જીવન માળખા ઉપર તેમનો ઘણો માત્ર પ્રભાવ રહેવા પામેલો જોવા મળે છે.

આ સિવાય હાળી પ્રથાએ હળપતિ, તલાવિયાઓની આખીયે સમાજ વ્યવસ્થા ઉપર, તેની જીવન પ્રણાલિઓ ઉપર અને તેમના સંસ્કારો ઉપર ભારે ગંભીર અસરો કરી છે. છતાં એ સિવાય જોવા મળે છે તેમ બધાં જ હાળીઓ હળપતિ - તલાવિયા જાતિના હોતાં નથી, તેમ બધાં જ હળપતિ - તલાવિયાઓ હાળી જોવા મળતાં નથી. આ હાળી પ્રથા તેમના વસવાટના આપેલા મોટા વિસ્તારનાં બીજી ધોડિયા, ગામિત, નાયકા, ચોધરી જેવી આદિવાસી જાતિઓમાં પણ આ પ્રથા પ્રવર્તમાન છે. હલપતિઓની કુટુંબવ્યવસ્થા જે જોવા મળે છે. તે આ મુજબ છે.

**હળપતિ-તલાવિયાઓમાં કુટુંબ :**

હળપતિ-તલાવિયાઓ સંયુક્ત કુટુંબને મહત્વ આપતા નથી. તેમનામા કુટુંબનો પ્રકાર 'પ્રાથમિક કુટુંબ'નો હોય છે. તેમાં તે પોતે તેની પત્ની અને બાળકોનો સમાવેશ હોય છે. છોકરો લગ્ન થાય એટલે મા-બાપથી જુદો રહે છે. લગ્ન બાદ સ્વતંત્ર હોય છે. ભલે એક ઝુંપડે રહેતા હોય પણ જુદુ રાંધીને ખાય છે. તેની કમાણી, દેવું અને ચૂલો અલગ હોય છે. તેમનામાં સંયુક્ત કુટુંબ પ્રથા ન હોવાને કારણો છે.

એક તો જુવાન છોકરો લગ્ન પછી સંયુક્ત કુટુંબમાં રહે તેવું ઘર કે જમીન તેમની પાસે હોતી નથી. લગ્ન વખતે ખર્ચ થાય, તેમાં મા-બાપ મદદ કરે છે, પરંતુ દેવું તો દીકરાએ જ આપવું પડે છે. તેના માટે છોકરાએ ખૂબ મહેનત કરવી પડે છે. કોઈની પાસેથી પૈસો લીધા હોય ત્યાં છોકરાએ હજુ જ્યાં હાળી પ્રથા ચાલુ છે, તે બધે જ છોકરાએ હાળી તરીકે બંધાવું પડે છે. છોકરો લગ્ન પછી જુદો રહે છે. પરંતુ પોતાનું દેવું પુરૂ કરીને જુદુ ઝુપડું ન બાંધે ત્યાં સુધી બાપની જોડે જ રહે છે. માત્ર દેવું અને ચુલો અલગ રાખે છે. એટલે તેમનામાં 'સંયુક્ત કુટુંબ' પ્રથાને બદલેને 'પ્રાથમિક કુટુંબ' હોય છે.જ્યાં અસહાય સભ્યો વિધવા-વિધુર મા-બાપ કે બહેન હોય છે. ત્યાં સંયુક્ત કુટુંબ પ્રથા પણ જોઈ શકાય છે જેમાં ઉપર જણાવેલ સભ્યો ઉપરાંત થતા હળપતિ-તલાવિયા પરિવારમાં અનેક સગાં વહાલાઓ રહેલાં જોવામાં આવે છે. તે મુજબ પરિવારની સંરચના પરિવર્તિત પણ થાય. કેટલીકવાર કુટુંબનો વડીલ, પુરૂષ, તેની પત્ની અથવા તે એકલો વિધૂર હોય તો કે પત્ની એકલી-વિધવા હોય તો અને એની સાથે તેની દીકરા/દીકરાઓ, દીકરીનો વર કે દીકરાઓની વહુ અને તેમનાં છોકરાં રહેતાં હોય કે બહેન-બહેનો તેમના વર અને છોકરા સાથે રહેતાં હોય આવા કુટુંબમાં જે પુરૂષો - સ્ત્રીઓ રહેતા હોય, તેઓ ભેગા મળી ઘરનો ખર્ચ ભાર ઉઠાવે છે. તેમનાં ઘરજમાઈ (ખંધાડ) પણ કુટુંબના સભ્ય તરીકે જોવામાં આવે છે.

પ્રાથમિક કુટુંબ જેમાં પતિ-પત્ની અને તેમના બાળકોનો સમાવેશ થાય છે. જેમાં નિઃસંતાન કુટુંબો, ખંડિત કુટુંબો, છૂટાછેડા હોય અને એક વ્યક્તિના કુટુબનો સમાવેશ થાય છે.

સંયુક્ત કુટુંબ પ્રથા જેમાં એક કરતાં વધુ કેન્દ્રિય કુટુંબોનું જોડાણ જેમ કે લગ્ન કરેલી વ્યક્તિ ઉમેરાય, ઉપરાંત બે કે ત્રણ પેઢીના પરણિતો, અપરણિતો વિધુર-વિધવા, ત્યક્તા કે છૂટાછેડાવાળા વગેરે કુટુંબીઓ, લગ્ન સગાઓ, નિકટના સગાઓ તેમાં હોય છે. તેમાં ખંધાડ કુટુંબો પણ સાથે જોવા મળે છે.

અભ્યાસ હેઠળના ગામોમાંથી ગામવાર, કુટુંબ પ્રથા જોવા મળી હતી. જે નીચે મુજબ છે .

હળપતિ-તલાવિયા જાતિની સામાજિક સંરચનામાં, જાતિમાં જોવા મળતા વિવિધ પેટા-વિભાગો, જુદા વસવાટી વિસ્તારો ભાગ ભજવે છે. એ રીતે તેમનામાં જોવા મળતી કુટુંબ પ્રથા પણ અગત્યનો ભાગ ભજવે છે. તેમનામાં જોવા મળતી 'પ્રાથમિક કુટુંબ' અને સંયુક્ત કુટુંબની પ્રથા કે જેમાં અનેક સગા-સબંધીઓ સાથ રહે છે અને તેથી તે વધુ મહત્વની બની રહેલી જોવા મળે છે એને કારણે હળપતિ-તલાવિયાઓમાં બે પ્રકારના સગાઈસબંધોનું માળખુ રચાયેલું જોવા મળે છે. (૧) જન્મના બનેલા લોહી આધારિત અને (૨) લગ્નથી ઉભા થયેલા સગાઈ સંબંધીઓ, હળપતિ-તલાવિયાઓમાં સગાઈ સંબંધોને આધારિત અનેક સગાઈ સંબંધોને અનુસંધાને સંબોધનો રચાતા જોવા મળે છે. જેમાં લોહીના સગાઓને તુંકારાથી કે એક વચનથી બોલાવે છે. વડીલ વ્યક્તિને માનાર્થે બોલાવે છે. તેમાં વિસ્તારને કારણે તૂંકારથી બોલાવવાની પધ્ધતિ પ્રચલિત હોઈ વ્યક્તિ ગમે તે વયની, લિંગની કે પેઢીની કેમ ન હોય તેઓ તૂંકારથી સંબોધે છે. લગ્નોના સગાઓને માનાર્થે કે બહુવચનથી બોલાવે પણ તૂંકારથી તું કહી વિસ્તાર

મુજબ મોકળાશ અનુભવે છે. લોહીના સગાઓમાં વધુ મોકળાશ, જ્યારે લગ્ન આધારિત સગાઓમાં નિષેધ હોય મર્યાદા રખાય છે. તેમના લોહી આધારિત, તેમજ લગ્ન આધારિત સંબંધથી, જે કુટુંબ વ્યવસ્થામાં હોય છે. તેવા સગાઈ સંબંધીઓઃ

- પતિ-પત્ની
- પતિ-પત્ની, અવિવાહિત સંતાનો
- પતિ-પત્ની, પુત્ર, પુત્રવધુ તેમના બાળકો.
- પિતા (વિધૂર) અવિવાહિત પુત્ર-પુત્રીઓ
- માતા(વિધવા) અવિવાહિત પુત્ર-પુત્રીઓ
- પતિ-પત્ની, પતિના ભાઈ-બહેન
- પતિ-પત્ની, પુત્રી, ઘરજમાઈ અને તેમના બાળકો
- પતિ-પત્ની, અવિવાહિત બાળકો, વિધૂર પિતા
- પતિ-પત્ની, અવિવાહિત બાળકો, વિધવા માતા
- પતિ-પત્ની, અપરણિત પુત્રીઓ, પુત્રી અને ઘરજમાઈ
- પતિ-પત્ની, બીજી પત્ની, બંનેના સંતાનો
- વિધવા

સગાઈ-સંબંધો-સંબોધનમાં બનેવી અને નાની સાળી સાથે મુક્ત, કોઈકવાર જાતીય વ્યવહાર સુધીના સંબંધો વિકસતા જોવા મળે છે. જેઠ-સાળી સાથે ઘણા મર્યાદાના સંબંધો રખાય છે. તે રીતે નાના ભાઈની પત્ની(ભાભી) સાથે પણ મર્યાદાના સંબંધો રખાય છે. સાસુ અને જમાઈ વચ્ચે કડક મર્યાદા વ્યવહાર થતો હોય છે. સાસુ-જમાઈનું નામ કે તેને સ્પર્શતી ચીજવસ્તુનું નામ લેતી નથી. તે રીતે સસરા-પુત્રવધુના સંબંધો અત્યંત મર્યાદાવાળા રખાય છે.

હળપતિ-તલાવિયાઓમાં ખંધાડ પ્રથાને લઈને જે સ્ત્રી ખંધાડ લાવે છે. તેને માત્ર પિતૃપક્ષીય સગાઓ સાથે જ માત્ર સંબંધ રહેતો જોવા મળે છે. તેમાં સાસરીપક્ષના સગાઓનો લોપ થાય છે. તેથી લગ્નથી જે ફરજો અને જે દરજ્જો મળે છે, તેનાથી વંચિત રહે છે.તેથી ખંધાડના સંતાનોને માતા આશ્રિત હોઈ પિતૃપક્ષીય સગાંસંબંધીઓથી વંચિત રહેવું પડે છે. એકપક્ષીય સંબંધોનો લાભ તેમને મળે છે. ખંધાડનો દરજ્જો સાસરીમાં નીચો અંકાય છે, તેથી તેના સંતાનોને પણ માનપાન મળતાં નથી. એથી વિશેષ પોતાની માને મિલકત ઓછી મળે, તો તેનો ગેરલાભ પણ તેમને થાય છે. આમ સામાજિક અને આર્થિક રીતે થયેલા નુકશાનને લઈને તેમને પણ શોષાવવું પડે છે. ખંધાડ આવનારને સસરાનું અને તેની

પત્નીનું વર્ચસ્વપણું વેઠવું પડે છે. પતિ તરીકે ખાસ મહત્વ જોવા મળતું નથી. કેટલીકવાર માંત્ર શ્રમ કરવા રાખેલ મજૂર જેવી સ્થિતિ પેદા થાય છે.

આમ આ જાતિમાં લોહી આધારિત અને લગ્ન અને આધારિત સંબંધોને કારણે અનેકવિધ એવા સામાજિક સંબંધોનું ગૂંફણ રચાય છે, અને કુટુંબની કુટુંબ વ્યવસ્થામાં અનેક પ્રકારના સામાજિક સંબંધોવાળા વ્યક્તિઓ રહેવાને કારણે એકબીજા વચ્ચે અંદરોઅંદર સંબંધોના તાણાવાણાથી સાસુ-વહુ, નણંદ-ભાભી, જેઠાણી-દેરાણી, સાળી-બનેવી કે જમાઈ-સસરા વચ્ચે ઝઘડાઓ થતાં હોય છે. તેમાંથી કેટલાંક અલગ રહેવા જાય કે કેટલાક ઝઘડાઓ વડીલો દ્વારા ઉકેલાતાં હોય છે. તેમનામાં પતિ-પત્ની વચ્ચે થતાં ઝઘડાઓને કારણે છૂટાછેડા સુધી પહોંચી જાય છે. હળપતિઓમાં પતિ કે પત્ની બંનેમાંથી કોઈ પણને છૂટાછેડાં આપવાનો અધિકાર જોવા મળે છે પણ સ્ત્રીને તેમના પંચમાં સામેલ કરાતી નથી. તેમનામાં પુનઃ લગ્નનો પણ કરાય છે. પંચની બાબતમાં સ્ત્રીનો દરજ્જો નીચો ગણવામાં આવે છે. તેમાં તેમને સભ્ય તરીકે સ્થાન આપવામાં આવતું નથી. ધાર્મિક ક્ષેત્રમાં પણ તેનું સ્થાન નીચલા દરજ્જે જોવા મળે છે. પિતૃના ખતરા મૂકવામાં તેમને હાજર રાખવામાં આવતા નથી. તેમજ તેમને તેમના કેટલાંક દેવ-દેવીઓના (હનુમાન, ભાથીજી) વગેરે સ્થાનકોમાં જવાનો નિષેધ જોવા મળે છે.

**જાતિ પંચ :**

ગુજરાતના બીજા આદિવાસી સમૂદાયોની જેમ સમાજ સુવ્યવસ્થિત રીતે રીત રિવાજો પ્રમાણે નિયમનમાં ચાલે તે માટે હળપતિ-તલાવિયા જાતિ સમૂદાયમાં પણ તેમની એક અગત્યની સામાજિક સંસ્થા પંચ ચાલે છે. તેમનામાં પંચ ત્રણ પ્રકારે રચાયેલું છે. પંચ તેના બંધારણ પ્રમાણે તેની ફરજો અને કર્તવ્યો બજાવે છે. હળપતિ - તલાવિયાઓમાં પંચ ગામ માટે કે એક ફળિયા માટે હોય છે. તે તેમના રોજ બરોજના જીવનનું નિયમન કરે છે. બીજું પંચ આખા જિલ્લાનું હોય છે. તેમાં સમગ્ર જિલ્લાના હળપતિ-તલાવિયાઓનું પ્રતિનિધિત્વ હોય છે. તે સમગ્ર જિલ્લાની તેમની જાતિનું નિયમન કરે છે. તેમનું ગ્રામ પંચ તેમના અંદરોઅંદરના પ્રશ્નો, ઝઘડાઓ વગેરેનો નિકાલ કરે છે. આ પંચ ગામ-ફળિયાના વડીલોનું બનેલું હોય છે. તેમનામાં જતાં ઝઘડાના નિકાલ માટે બંને પક્ષોની વાતો સાંભળે છે. ગુનેગારને દંડ કરાય છે અને સાચા ફરિયાદીને નુકશાની અપાવે છે. સાથે સાથે પંચ ઉજાણી માટે જે મળે તેનાથી ઉજાણી કરે છે. કેટલાક આવા પંચો શ્રાવણમાં હવન કરાવે છે. જિલ્લા પંચ વ્યક્તિગત તેમજ સામૂહિક અને આચરાતા નિયમભંગો, ગૂનાઓ માટે સજા કરી નિયંત્રણનું કામ કરે છે. કાયદાથી રચાયેલી પંચાયત - ગ્રામ પંચાયતમાં હળપતિ - તલાવિયાઓને સ્થાન મળ્યું છે, ખરું પણ હજુ કેટલાક અભણ હોવાથી ઝાઝો રસ લેતા નથી કે લે તો કેટલીકવાર સવર્ણ લોકો તેમને દબાવી દે છે. જ્યાં શિક્ષિત છે ત્યાં સક્રિય છે. તેમનામાં જ્યાં શિક્ષિત અને શહેરી વિસ્તારમાં વસવાટી છે, ત્યાં પંચના નિયમોમાં ઢીલાશ વર્તાય છે.

**પટેલ :**

હળપતિ- તલાવિયાનો મુખી પટેલ કહેવાય છે. આ મુખી પટેલની પસંદગી માટે ઉંમર, અનુભવ, લાગવગ અને વ્યક્તિનો દરજ્જો જોવામાં આવે છે. તેને ઘણું જ મહત્વ આપવામાં આવે છે. લગ્નની બાબતો નક્કી કરવા તેની સલાહ સૂચનો પ્રમાણે કરાય છે, તે કૌટુંબિક ઝઘડાઓમાં પણ તે કહે તેમ માનવામાં આવે છે.

પંચ પાસે પરજાતિ સ્ત્રીગમન, મારામારી, ફારગતિ વગેરે જેવા અનેક પ્રશ્નો આવે છે. આવા સમયે અવલદાર, મુખી પટેલે નક્કી કરેલો સંબંધિત લાગતા વળગતાને બોલાવી પંચ આગળ હાજર કરે છે. જે નિર્ણયો થાય, તેની લેખિત નોંધ કરાય છે. છૂટાછેડા માટે દસ્તાવેજ લખાવાય છે. જેને ફારગતિનામું કહે છે. આ ફારગતિનામું પંચ પટેલ સાચવી રાખે છે.

હળપતિઓ પોતાની શૈક્ષણિક, સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવા અને પોતાના રોજબરોજના રીતરિવાજો સંગઠિત બની રહે, તે માટે ગામનું પંચ રચે છે. તેને બાર ગામનો ચોરો કહે છે. તાલુકા કે જિલ્લા મંડળો તેમના આ બાર ગામના ચોરાનું સુધારેલું રૂપ છે. હળપતિ-તલાવિયાઓ આજે આધુનિકતા અપનાવી રહ્યાં છે. તેમનામાં શિક્ષણનો વ્યાપ, શહેરી અસરો અને આર્થિક પરિસ્થિતિ સુધરતા તેમને પણ આજે તેમના સમાજના રીતરિવાજોમાં ઘણા સુધારા દાખલ કર્યા છે.

**હળપતિ - તલાવિયા પંચનું બંધારણ અને કામગીરી :**

(૧) પંચ બેસે ત્યારે બધાંને બોલાવી લાવવાનું કામ અવલદાર કરે છે. જો બોલાવવાનું રહી જાય કે કોઈ ભૂલ થાય તો પંચ ઠપકો આપે છે.

(૨) પંચનં કામ કરવા બદલ અવલદારને મહેનતાણું આપવામાં આવે છે. સભામાં કામકાજની લેખિત નોંધ અવલદાર કરે છે. જેમાં ભૂતકાળના નિર્ણયો જાણી શકાય.

(૩) જો કોઈ વ્યક્તિ ઉપર અસ્પૃશ્ય સાથે ભોજનનો આરોપ હોય તો પંચ સમક્ષ લવાતો અને પંચ શિક્ષા કરતું. હવે કાયદાને લીધે શિક્ષા બંધ થઈ છે.

(૪) જો કોઈ વ્યક્તિ બીજી જાતિના પુરુષ-સ્ત્રી સાથે વ્યભિચાર કરે અને માલૂમ પડે તો પંચ દંડ કરે છે. વ્યક્તિ દંડ ન ભરે તો જાતિ બહાર મૂકાતો.

(૫) તેમનામાં કોઈ વ્યક્તિ કે પક્ષોમાં ઝઘડો હોય અને પંચ સમક્ષ આવે તો સમાધાન માટે મથે છે. ગૂનેગારને ઠપકો આપી તેની નિંદા કરે છે.

(૬) પતિ-પત્નીના ઝઘડામાં પંચ સમાધાન કરી અંતે ઉજાણી કરે છે.

(૭) પતિ-પત્ની ઝઘડામાં સમાધાન ન થાય અને છૂટાછેડા માટે, વ્યાજબી કારણ હોય તો કરાવાય છે. સ્ત્રીને પહેલાં ૧૨ થી ૧૦૧ સુધીનો આજે વધુ નુકશાની આપવી પડે છે. પુરૂષને ૫૧ થી ૧૨૫ જે પણ આજે વધુ નુકશાની આપવી પડે છે. પંચ તેમાંથી સ્ત્રી પાસે લાગો લેતું નથી. પુરૂષ પાસેથી ૧૨ લેવાતા હવે વધુ લેવાય છે.

(૮) મા-બાપે છૂટાછેડા લીધાં હોય, તેવા સંજોગોમાં બાળકો હોય તો મા પાસે મહદ્અંશે રહે છે. સ્ત્રી પિયર જાય તો મામા સાચવે અને ફરી લગ્ન કરે તો સાથે લઈ જાય છે અને ઓરમાન બાપ સાથે રહે છે. છૂટાછેડામાં પુરૂષને વધુ ખોટ જાય છે. કારણે કન્યાને ત્યાં દહેજ આપેલું હોય છે આ બધાં ઉપર પંચ બધી બાબતોમાં ધ્યાન આપે છે.

આજે તેમનામાં પંચનું બંધારણ અને કામગીરી કરવામાં શિક્ષણ, શહેરીકરણ અને આર્થિક રીતે સધ્ધરતાએ ઘણાં બદલાવની પરિસ્થિતિ આણી દીધી છે. એ રીતે તેમના સમાજે પણ ઘણાં રીતરિવાજોમાં સુધારા દાખલ કર્યા છે.

## સામાજિક રીતરિવાજોં

### રજસ્વલા અને સીમંતનો વિધિ :

હળપતિ-તલાવિયા જાતિમાં કન્યા પહેલીવાર રજસ્વલા થાય, ત્યારે કોઈ વિધિ કરાતી નથી. પરંતુ તેમનામાં આભડછેટ પળાય છે. ચોથા દિવસે ન્હાય છે, જેને માથું ચોળવું કહે છે. સગર્ભા થાય એટલે માથું ચોળવાનું બંધ થાય છે. ગર્ભ રહે ત્યારથી દિવસ ગણી સીમંત માટે સમય નક્કી કરે છે. તેમનામાં પાંચમે કે સાતમે મહિને સ્ત્રીનો તેના સાસરે જ ખોળો ભરવામાં આવે છે. સગર્ભા સ્ત્રીના ખોળામાં દોઢ શેર ઘઉં, સાત સોપારી, એક નાળિયેર વગેરે ભેટો ભરવામાં આવે છે. તેને નવી સાડી પહેરાવી કંકુનો ચાંલ્લો કરી, ચોખાથી વધાવી આશીર્વાદ સાસરી તેમજ પિયર બંને પક્ષ તરફથી અપાય છે. મા-બાપ તરફથી છોકરીને આશીર્વાદ અને વ્યવહારના કપડાં અપાય છે.

### સગર્ભાવસ્થા અને પ્રસુતિ :

હળપતિઓ માને છે કે ગર્ભ રહેવો એ ભગવાનની મરજી ઉપર છે. તેઓ છોકરાઓ ન થાય તો બહુ અફસોસ કરતાં નથી. તેઓ બીજાઓની જેમ પુત્ર જ હોવો જોઈએ, એવું પણ માનતા નથી. સગર્ભાવસ્થામાં શક્ય તેટલો સારો ખોરાક આપવામાં માને છે. જે તેમનામાં ઘણે ભાગે શક્ય બનતું નથી. હા વધારે સારસંભાળ કે આરામ આપે છે.

પ્રસુતિ માટે દાયણને બોલાવવી જરૂરી ગણે છે. હળપતિ સ્ત્રીઓ પણ દાયણનું કામ કરે છે. પ્રસવ વખતે વધુ પીડા થાય, ત્યારે પેટ ફોડી માતાની બાધા રાખવામાં આવે છે. જે બાળકની નાળ જુવારના રાડા વડે કાપી ઝૂંપડાની પાછળ દાટવામાં આવે છે. તે સ્થળે સુવાવડી સ્ત્રી રોજ સ્નાન કરે છે.

સુવાવડી સ્ત્રી બારમે દિવસે સ્નાન કરે છે. છઠ્ઠીના દિવસે વિધાતાની પૂજા થાય છે. આડત્રીસ દિવસ સુધી સૂતક પાળી પછી સૂતક સ્નાન કરે છે. ત્યારબાદ તે રસોઈ કામ કે ઘરના કામ કરે છે. સુવાવડી સ્ત્રી આ દિવસો દરમ્યાન ખાટલી, દાતરડું રાખી મૂકે છે. બહાર જાય ત્યારે સાથે લેતી જાય છે. તેઓ માને છ કે દાતરડાંથી સુવાવડી સ્ત્રી અને બાળકનું ભૂતો સામે રક્ષણ થાય છે.

**નામકરણ - મૂંડન, બાબરી :**

હળપતિઓ બીજાઓની માફક જન્માક્ષર કઢાવી બ્રાહ્મણ પાસે નામ પડાવતા નથી. કુટુંબના માણસો જ ખાસ કરીને નામ પસંદ કરી પાડી દેતા હોય છે. એમાં પણ ફોઈને મહત્વ આપી નામ રખાય છે. તેમનામાં જે વારે બાળક જન્મે તે પરથી નામ પાડી દેવાનું વલણ જોવા મળે છે. જેમકે સોમવારે જન્મે તો સોમલો કે સોમલી, બુધવારે જન્મે તો બુધિયો કે બુધલી, શનિવારે શનિયો કે શનલી વગેરે. તેઓમાં બાળકો જીવતા ન હોય, તે બુરી અસર નિવારવા ધૃણાજનક નામ પડાય છે, જેમકે ભીખલી, ઉકડિયો વગેરે. આજે તેઓમાં ઉચ્ચ ગણાતી વર્ણના લોકો કે પાડોશીના બાળકોના નામો પરની નામો પાડી દેવામાં પાડવામાં આવે છે. આજે તેઓમાં આધુનિક નવા નવા નામો પડાતા હોય છે જેમાં ખાસ કરીને રાજેશ, અશોક, લીલાવતી, માધુરી વગેરે.

તેઓમાં બાળક ત્રણ-ચાર વર્ષનું થાય એટલે બાળકના વાળ મૂંડન કરાવી, બાબરી લેવડાવવામાં આવે છે. તેઓ માને છે કે પ્રથમ બાળક એ દેવ-દેવીએ આપેલી ભેટ છે. તેથી તે માતાને અર્પણ કરવી જોઈએ. માતાનો હક્ક આપવા બાધા તેઓ રાખે છે. અને મૂંડનવિધિના વાળની લટ અને નાળિયેર માતાને અર્પણ કરે છે. આમ બાળકને માતા પાસેથી સ્વીકારે છે. બાદમાં બાળકો મોટા થતાં સારી એવી સ્વતંત્રતાથી ઉછેરે છે. છોકરો ૧૭-૧૮ વર્ષનો અને છોકરી ૧૫-૧૬ વર્ષની થાય, ત્યારે તેઓ લગ્નલાયક ગણે છે.

**લગ્ન :**

સામાન્ય રીતે હળપતિ- તલાવિયાઓમાં છોકરાની ઉંમર ૧૮ અને છોકરીની ઉંમર ૧૫ વર્ષની થાય, એટલે લગ્ન લાયક ગણાય છે અને તેને માટે કન્યા શોધવાનું કામ 'વસ્તારિયા' (મધ્યસ્થી) અથવા વસ્તાલિયા મારફતે થાય છે. છોકરાનો બનેવી, મામો કન્યા શોધવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. તેમનામાં છોકરા-છોકરી પોતાની મેળે પ્રેમ કરી લગ્ન કરી લે, તેવું બનતું નથી. કોઈ કિસ્સામાં છોકરા-છોકરી આંપસમાં નક્કી કરી પરણવા નાસી જાય છે. પાછળથી મા-બાપ સંમતિ આપી લગ્ન કરે છે. તેઓમાં લગ્ન માટે કેટલાંક નિયંત્રણો છે. તે પછી જ મહદ્અંશે લગ્નો થતાં જોવા મળે છે. આમાં ત્રણ મુખ્ય છે. (૧) લગ્ન ગોઠવવા માટે મધ્યસ્થી હોય છે. તે વસ્તારિયો (અથવા વસ્તાલિયો) કહેવાય છે. ધરમપુર બાજુના હળપતિઓમાં બંને કહેવાય છે. (૨) દહેજ એટલે કન્યાને આપવી પડતી કિંમતનો

રિવાજ છે. (૩) વીરો એટલે કે ગોળ કે એકડાનો રિવાજ છે. તેઓમાં આ ત્રણે રિવાજો સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ મહત્વના છે.

વીરો એટલે વર્તુળ કે કુંડાળું. જેમાં નક્કી કરેલા વર્તુલ કે કુંડાળામાંથી કન્યા પસંદ કરી શકાય. અમુક ચોક્કસ વિસ્તારમાં હળપતિઓના તેમના નક્કી કરેલા જૂથો જ અંદર અંદર લગ્ન સંબંધ બાંધી શકે. તેને વીરો કહે છે. તેમાં નક્કી કરેલા ગામોનો સમૂહ, જૂથ હોય છે. તલાવિયા અને બિન તલાવિયા હળપતિઓ વીરો બનાવે અને અંદરો અંદર લગ્ન માટે કન્યાની આપ-લે કરે, જેથી સારા માઠાં પ્રસંગોએ લાંબા અંતરે જવાની ઝંઝટ મટે છે. લગ્ન ક્ષેત્ર નિશ્ચિત હોય, રીત રિવાજો મજબૂત થાય છે. વીરો બાંધવાનો રિવાજ આર્થિક સ્થિતિને લીધે પડ્યો હશે, છતાં તેનું સામાજિક મહત્વ વધુ છે. જો કે આજે વીરોમાંથી બહાર નીકળીને તેઓમાં લગ્ન સંબંધો જેઓ શિક્ષણ પામ્યા છે અને આર્થિક રીતે સારી સ્થિતિ ધરાવે છે, તેમાં થાય છે. છોકરા માટે કન્યા શોધવાનું કામ વસ્તારિયા મામા, બનેવી દ્વારા થયા પછી, જો કંઈક નક્કી જેવું થાય, તો કન્યાવાળા છોકરાનું કુટુંબ જુએ, ઘણિયામા જુએ, તે કામ કરે છે કે નહીં તે જુએ, તેનો સ્વભાવ જુએ, કન્યામાં એ રીતે છોકરાવાળા કામઢાપણું જુએ. છોકરાના મા-બાપ પણ કન્યા જોવા તેને ઘેર જાય છે. તે રીતે થોડાં દિવસ પછી છોકરો પણ જોવા જાય છે. છોકરીવાળા છોકરીની મા એટલે કે સાસુની વિગતો, લગ્ન સંબંધ બાંધતા પહેલાં બંને પક્ષ એકબીજાની ખાતરી કરી લે છે. આ બધું મધ્યસ્થી વસ્તારિયા દ્વારા બંને પક્ષો કહેવડાવે છે. જો એકબીજાને મળેલી માહિતીથી સંતોષ થાય, તો બંને પક્ષનાં મા-બાપ લગ્ન સંબંધ માટે બાંધવા માટે સંમતિ આપે છે. તેઓમાં કન્યાની પસંદગીમાં છોકરાની મરજીની માબાપ ઉપેક્ષા કરતા નથી. છોકરો ના પાડે તો તેને માન્ય રાખવામાં આવે છે.

તેઓમાં વરપક્ષ દ્વારા કન્યાપક્ષને ૧૦૧/- રૂા. અને ચીજવસ્તુઓ કન્યા શૂલ્ક તરીકે આપવાનો રિવાજ તેઓમાં જોવા મળે છે. અર્ધી રકમ નાની તાડીને દિવસે આપી દેવાય છે. કપડાં, લત્તા કે ઘરેણાં મોટી તાડીને દિવસે અપાય છે. દહેજ પંચ દ્વારા નક્કી કરાય છે. પછી કન્યાને પરણાવવાનું નક્કી થાય છે. તેઓમાંના થોડા શિક્ષણ કે સુધારાને લઈ દહેજ લેતાં નથી. માત્ર સચોટતા દર્શકતા માટે થોડી રકમ કે યથાશક્તિ ચીજવસ્તુઓ આપે છે. પરંતુ તેમનામાં વરપક્ષથી કન્યા પક્ષને વધુ મૂલ્ય આપ્યા વિના લગ્ન સંબંધ બંધાતો નથી.

લગ્નનો દિવસ બંને પક્ષના મા-બાપ બધી બાબતો સંમતિથી નક્કી કરી લે, તે પછી નક્કી કરવા કન્યાને ઘરે થોડાં સગાંઓ સાથે જાય છે. વિવાહના નક્કી કરવાના પ્રસંગને નાની તાડીનો દિવસ તેઓમાં કહેવાય છે. આ દિવસે નક્કી કરેલી દહેજની અર્ધી રકમ આપી દેવાય છે. આ દિવસે પહેલાં તાડી પિવાતી, હવે ચા પીવાય છે. કેટલીક વાર ચા સાથે નાસ્તો આપવામાં આવે છે. લગ્નના બીજા

તબક્કામાં નાની તાડી પછી છ મહિને કન્યાને કપડાં તથા ઘરેણાં આપવાનો પ્રસંગ મોટી તાડી અથવા પહેરામણીનો આવે છે. એનાથી બંને કુટુંબના સંબંધો વધુ ગાઢ બને છે. તેની ખુશાલીમાં તાડીની મોટી મિજબાની કરવામાં આવતી, સાથે ચા-નાસ્તો લે છે.

લગ્નતિથી નક્કી કરવા બ્રાહ્મણ (જોષી કે ગોર) બોલાવે છે. જે મુર્હુત જોઈને લગ્નતિથિ નક્કી કરી આપે છે. લગ્ન કરાવવા તેઓ બ્રાહ્મણને બોલાવતા નથી. હળપતિ-તલાવિયાઓમાં ઘાણ ભરવાનો રિવાજ છે, જે તેમની વિશેષતા છે. તેઓ માને છે કે અગાઉ નાની તાડી અને મોટી તાડી વખતે કરેલા વિવાહમાં કોઈનું મન ડગ્યું હોય, તો તેને પાકું કરવા આ ત્રીજો વિધિ ઘાણનો કરવામાં આવે છે. જેમાં વરપક્ષ તરફથી કન્યા પક્ષને એક ગુણ ચોખા મોકલવામાં આવે છે. તે ઉપરાંત દહેજની અર્ધી રકમ આપી લગ્ન વિધિ નક્કી કરી નાંખવામાં આવે છે. ઘાણનો રિવાજ નવસારી બાજુ મહત્વનો નથી, કેમ કે બાજુ હળપતિઓ વચન ભંગ કરતાં નથી. બીજે કેટલેક ઘાણના ચોખા કન્યાની પીઠી ચોળાય ત્યારે જ સ્વીકાય છે. તેઓમાં ચોખાને બદલે રોકડ રકમ પણ ઘણા આપે છે. ઘાણનો વિધિ થાય ત્યાં સુધીમાં કન્યાપક્ષ પોતાનો વિચાર બદલી શકે, પછી નહીં, પછી લગ્ન વિધિ નક્કી કરી દેવાય છે.

હળપતિ-તલાવિયાઓને ઘરે લગ્નની પૂર્વ તૈયારીરૂપે ઘર લીપીને સાફ કરે, ધોળે પરંતુ ઘરને શણગારતા નથી. પણ લગ્ન મંડપ બાંધવાનો હોય તો વિધિ કરે છે. લગ્નનો મંડપ કન્યાને ઘરે પાંચ દિવસ અગાઉ અને છોકરાને ઘેર ત્રણ દિવસ અગાઉ મંડપ થાંભલી રોપી અધિષ્ઠાત્રી દેવીને સોપારી, થોડા ચોખા, ફૂલ, પૈસાનો અર્ધ્ય આપી બાંધે છે. મંડપ આઠ થાંભલાનો વાંસ વડે ઢાંકી ઘાસ છાજે છે. માંડવા વચ્ચે ચોરી માટીની બનાવે છે. ધરમપુર બાજુ ચોરીને બદલે થાંભલી રોપી દે છે. તેને મૂરત બેરિયું કહે છે. જે હળપતિ ચોરીએ (વર-કન્યા) ફેરા ફરે તેને ચોરીવાડા અને જે મૂરત બેરિયુ વાપરે તે માંડવિયા કહેવાય છે. મંડપ બંધાય એટલે છોકરા-છોકરીને પીઠી ચોળવામાં આવે છે. છોકરીને ત્રણ દિવસ અને છોકરીને પાંચ દિવસ પીઠી ચોળાય છે. તેમના ચોખા મૂકીને લગ્નમાં પધારવા નિમંત્રણ અપાય અને તે પણ જાતે બહેનો, ભાભીઓ, ફોંઈઓ ગામ કે ફળિયામાં જાય છે. બીજે દિવસે સગાઓને ઘરે ઉંમરે ચોખા, મૂકી નક્કી દિવસે લગ્નમાં આપવા આમંત્રે છે. જેને તેઓ નોતરું મુકવું કહે છે. આજ કાલ તેઓમાં હિંદુઓની જેમ કંકોત્રી આપી નિમંત્રણ આપતા થયા છે.

જાન છોકરાની જાય છે. જાન લઈને કન્યાને ગામ જતાં પહેલાં છોકરાનો બાપ સગાંને જમાડે છે. તેઓમાં વરઘોડા કઢાય છે. વર મામા એ કે ફોઈએ આપેલાં નવા કપડાં,ધોતીયું, ખમીસ, કોટ, ટોપી-ફેંટો અને હાર પહેરે છે. હાથમાં ફૂલ કલગી અને નાળિયેર હોય છે. એને હાથે બે મીંથળ બાંધવામાં આવે છે. આમાંથી લગ્નવિધિ પહેલાં એ કન્યાને બાંધી દેવાય છે. તેમનામાં ચાંલ્લો કરવાનો રિવાજ છે. તેમાં સગપણ અને સંબંધ પ્રમાણે ઓછો કે વધારે ચાંલ્લો કરાય છે. હળપતિઓ હંમેશાં નાણાંભીડ ભોગવતા હોય છે. લગ્નને દિવસે ખર્ચ કરવા નાણાંની બહુ જરૂર હોય છે.

એટલે આજુબાજુ વાળા, કુટુંબીઓ, સગાંઓ વહેવારની રકમ બરાબર યાદ રાખીને પ્રસંગ આવે પાછી વાળે છે. આની માટે બીજો શબ્દ શેષ મુકવી એવો વપરાય છે. હળપતિઓમાં લગ્ન એ પરસ્પર મદદ કરવાનો અને શુભેચ્છા આપવાનો પ્રસંગ છે.

લગ્ન માટે જાય ત્યારે તૂર અને વાજાં વાગે, ગીત અને નાચ સાથે જાન જાય છે. લગ્નને દિવસે કન્યાને ઘેર સાંતેક થાય છે. ઉપરની જ્ઞાતીઓમાં ગ્રહશાંતિ થાય છે. તેવી આ વિધિ છે. પછી કન્યાને સ્નાન કરાવીને, એના મામાએ આપેલા કપડાં પહેરાવે છે. વર-કન્યાને બારણે એના (વરિયાનો) બનેવીના ખભે બેસીને આવે છે. જયાં કન્યાની માતા, વરની સાસુ એને વિધિપૂર્વક પોંખીને સ્વાગત કરે છે. આ વિધિને 'અરઘવું' કે પોંખવું કહે છે. સાસુ જુવારનું રાડું અને રવૈયો વરના માથે ફેરવે છે.

હળપતિ-તલાવિયાઓમાં લગ્નવિધિ એમનો ગોર કરાવે છે, જેને 'ચોરીવાળો' કહેવામાં આવે છે. વર-કન્યાને ચોરીની કે થાંભલા પાસે સામ સામે પાટલે બેસાડવામાં આવે છે. બન્ને વચ્ચે અંતર હોય છે. ચોરીવાળો વરે બાંધેલું એક મીંઢળ કન્યાને બાંધે છે. પછી તે ગંગા, ગોદાવરી, જમના વગેરે પવિત્ર નદીઓ અને હિંદુઓના દેવ-દેવીઓ અને મહાકાવ્યોના નાયકોના નામો વારંવાર બોલે છે. ચોરીમાં અગ્નિ પેટાવે છે. ચોરીવાળો - ગોર, વરના ધોતીયાનો છેડો અને કન્યાની સાડીનો છેડો લઈ ગાંઠ વાળે છે. પછી પોંખતા જે સૂતરની માળા હોય તે વર-કન્યાને પહેરાવે છે. ચોરીમાં અગ્નિ સાક્ષીએ કન્યાને આગળ અને વરને પાછળ રાખી તે દક્ષિણાના સાત ફેરા ફેરવે છે. જે હિંદુઓના સપ્તપદીના રિવાજ મુજબ તેઓમાં પણ જોવા મળે છે. ભગત મંત્ર બોલે છે. ઢોલીઓ, ઢોલ વગાડે છે અને સાથે સાથે લગ્ન પૂરાં કરાય છે. પછી બધા જમે છે. હળપતિઓમાં સામાવાળાને ભાગ્યે જ ખર્ચ થાય છે. મહદઅંશે છોકરા પક્ષવાળાને લગ્નનો ખર્ચનો બોજ વધારે આવે છે. ઘણીવાર તેઓમાં ભોજનખર્ચ કરતા, દારૂ ખર્ચ વધારે થઈ જતું. તેઓમાં કન્યાદાનનો રિવાજ છે. કન્યાને તેનો બાપ ભેટો આપે છે. કન્યાનો મામો નાના-મોટા વાસણો મામેરામાં કન્યાને આપે છે. તેઓમાં રાત્રિ સમયે લગ્નવિધિ મહદઅંશે થતી હોય છે. જેમાં દારૂ પણ પીવાય અને નૃત્ય કરીને કે ગપ્પા મારીને રાત્રી પસાર કરે છે. જેમાં ખર્ચ વરપક્ષનો જ હોય છે.

લગ્નવિધિ પૂરી થયા બાદ જમ્યા પછી સગાંવહાલાઓ ભેટ આપે છે. પછી કન્યા વિદાય-વળાવવાનો વિધિ વખતે પણ ચાંદલાના રૂપિયા એના સગાવહાલાંઓ આપે. સાસરે જાય છે, ત્યારે એનાં મા-બાપ એને શિખામણ આપે છે. સંપીને રહેવાનું, બધાને રાજી રાખવા અને આજ્ઞા પાળવાનું કહે છે. વરના મા-બાપને પણ પોતાની દીકરાની જેમ રાખવા જણાવે છે. ધરમપુર તરફ તો પંચ સમક્ષ વરકન્યાને એકબીજાને વફાદાર રહેવાનું અને તેના શપથ પણ લેવડાવે છે. તેઓમાં કેટલાકમાં રામવ્યવહાર કરવાનો રિવાજ છે.

છે. નજીકના ગામોમાં રહેલા સગાઓને બોલાવવામાં આવે છે. તેઓ આવે નહીં ત્યાં સુધી મૃતદેહને ખસેડતા નથી. જો કે બીજા દિવસ સુધી મડદુ રાખીં મૂકવાનો રિવાજ નથી. મુડદાને નવડાવી, હળદર, ચોખા, પાઠા ચોળવામાં આવે છે. તેઓમાં મૃત વ્યક્તિ પુરૂષ હોય તો સફેદ અને સ્ત્રી હોય તો લાલ કપડું ઓઢાડાય છે.

મૃતદેહને ઠાઠડી ઉપર મૂકીને લઈ જવામાં આવે છે. મુખ્ય ડાઘુ મરનારનો સૌથી નાનો દિકરો તેના હાથમાં હાંલ્લી લઈને બને છે. જેના દેવતાથી મૃતદેહની ચિતા સળગાવાય છે. તેઓમાં મડદાનું માથું દક્ષિણ તરફ રાખીને સ્મશાનયાત્રા નીકળે છે. અડધે રસ્તે વિસામો આવે, એટલે ત્યાં પાણી ભરેલો ઘડો ફોડાય છે. સ્ત્રીઓ સ્મશાનયાત્રામાં માત્ર વિસામા સુધી જ આવે છે. બાકીની સ્મશાનયાત્રામાં ભાગ લેતી નથી. સ્ત્રીનો પતિ મરી જાય તો સ્મશાનયાત્રામાંથી પાછા ફર્યા બાદ, તેનાં સૌભાગ્યના ચિહ્નો ઉતારી લેવામાં આવે છે. હળપતિઓમાં મૃતદેહને બાળવાની તેમજ કેટલાક દાટવાની વિધિ કરે છે. દાટે તો પુરૂષનું નાનકડું પ્રતિક જેવું પુતળું બનાવી, તેને મરણોત્તર અગિયારમે દિવસે બાળવામાં આવે છે. તેઓ ગોરનું કામ કરી જાતે જ તેઓ હિન્દુઓની જેમ અંતિમ ક્રિયા પતાવે છે. સૂતક પાળે છે. હજામત કરાતી નથી કે આભડછેટ પળાતો નથી. મરણ પછી પાંચમે કે સાતમે દિવસે પુરૂષો માથું મૂંડાવે છે. એટલે સૂતક પૂરૂ થયું ગણાય છે. મરણના શોકની પણ અવધિ અહીં ગણાય છે.

હળપતિ-તલાવિયાઓ તેઓ પોતાના દેવદેવીઓ-બળિયાકાકા, શીતળાદેવી, કંસારી દેવી, ખોખલીદેવી, ભરમદેવ વગેરે જેવા અને ભૂત પલિત, ડાકણ વગેરેને તો માને છે. ઉપરાંત મરનારનો ભય તેમને સતત સતાવતો હોય છે. એટલે તેને શાંત કરવા, મનાવવા, પૂર્વજના પૂતળાઓ અસંતૃપ્ત મૃતાત્માને માટે બનાવે છે. જેને 'ખતરી' કહે છે. ખતરી એટલે લાકડાનું નાનું પૂતળું. પૂતળું પુરૂષનું હોય તો સફેદ અને સ્ત્રીનું હોય તો લાલ કપડું પહેરાવે છે. ખતરીની કુટુંબના ભગતને પૂછયા વિના સ્થાપના થતી નથી. અપરિણિત યુવાન હોય તો બીજી ખતરી કે સમીવૃક્ષ સાથે લગ્ન કરાવવા માં આવે છે. ખતરીના લગ્નમાં પણ વિધિપૂર્વક કરી, તૂર-થાળી વગાડી અને સંગીત-નૃત્ય કરાય છે. દરેક ગામમાં આ ખતરીની વિધિ વૈશાખ સુદ-૩ થાય છે. જેમાં બકરાનું બલીદાન આપી ઉજવણી કરાય છે. મરેલા જીવોની વાસના ન સંતોષાય તો હેરાન કરે છે અને સામાજિક, આર્થિક જીવન ઉપર અસર થાય, એવા ભય સાથે હળપતિઓ છોકરા-છોકરીને પહેલા પરણાવી દેવામાં ડહાપણ માને છે, ખતરી બેસાડી ઘાટ-ઘુમ્મટ ચઢાવવામાં પણ આવે છે.

તેઓમાં પરજણ અથવા મોટો દહાડો પૂર્વજોની સમૂહ પૂજા કરાવવાનો પણ વિશિષ્ટ પ્રસંગ છે. જેમાં એક નહિ અનેક પિતરાઈ કુટુંબોના પૂર્વજોની પૂજા કરવામાં આવે છે. આનુ સામાજિક મહત્ત્વ ઘણું જોવા મળે છે. કારણ કે તેમાં એકાદ કુટુંબનો પ્રસંગ ન રહેતાં ઘણા બધાં કુટુંબોના સગાંઓ ચાર-પાંચ વર્ષે

એકઠાં થવાનો પ્રસંગ હોય સમૂહગત વિધિ કરાય છે. દૂર દૂરના સગાઓ ભેગા થાય છે. એ બતાવે છે કે તેઓમાં હજુ સમાજજીવન જીવંત છે.

આ પ્રસંગ લગ્ન કે વિવાહ જેવા શુભ દિવસોએ રખાતો નથી. શુક્લપક્ષમાં ફેબ્રુઆરી માસમાં કરાય છે. પરજણ માટે સગાઓને બોલાવતાં પહેલાં કુળના મોટાઓને છેલ્લાં પરજણ પછી કુળમાં મરણ પામેલાંની આખી ગણત કરાય છે. પછી પરજણનો દિવસ નક્કી થવાની ખબર અપાય છે. પરજણ માટે ભગતને બોલાવાતો હોય છે. જેટલા મૃતાત્માઓ હોય, તેટલી ચોખાની ઢગલીઓ કરી, તેના ઉપર પૈસો અને સોપારી મૂકાય છે અને તેમની ઉપર નાળચાવાળા માટીના વાસણમાં થોડું થોડું પાણી ટપકતું રખાય છે. ભગત વાજાંવાળાને અને ગાગલી નામના વાજિંત્ર વગાડનારને ગીત વાદનમાં ઉદ્યત કરે છે. ભગતને પછી માતા આવે છે અને એ દરેક મૃતાત્માનું નામ લઈ ધૂણે છે. સારકો થોડી થોડી વારે ઝૂડે છે. બધાં જ મૃતજનોનાં નામ આવી જાય, ત્યાં સુધી સવાર લગી, આ કામ ચાલે છે. વરિષ્ઠ માતાને પ્રસન્ન થતાં નમ્ર પ્રાર્થના મરનારાના સગા કરે છે. કે મારા મૃત સગાંઓને સંભાળજો, તેમની વાસનાઓની તૃપ્તિ કરજો. આમ પરજણમાં કુટુંબનો સામાજિક મેળો ભરાય છે. પછી સવારે વિધિથી બધાં સંતોષ લઈ સવારે રસોઈ બનાવી, જમ્યા પછી બપોર સમયે વિખરાય છે. તેમનામાં ઘણા ખરાં આ પ્રસંગોને મોટા દહાડા તરીકે, તો થોડાંક લોકો એને પરજણ પણ કહે છે.

**હળપતિઓનો ધર્મ, ધાર્મિક માન્યતાઓ અને દેવદેવીઓ :**

હળપતિઓતેમની રહેણીકરણી અને રીતરિવાજો પ્રમાણે ભિન્ન અને વિલક્ષણ હિંદુઓ અને બીજી ધાર્મિક પ્રજા કરતાં હોય છે. તેઓનો ધર્મ, ધાર્મિક માન્યતાઓ અને સંસ્કૃતિ સુંદર અને વિલક્ષણ છે. તેઓ અનેકવિધ માન્યતાઓ, દેવો, માતાઓ, દેવીઓની તેમના જીવનના અનેકવિધ પ્રસંગોએ માનતાઓ માનીને વિધિઓ કરતા હોય છે.

હળપત-તલાવિયાઓ પૃથ્વીની અનેક પ્રકારની સક્રિય-નિષ્ક્રીય અલૌકિક શક્તિઓમાં માનીને તેની આધિ દૈવિક શક્તિઓથી રોગો પેદા થાય છે, એમ માનીને દવાઓ-ટૂચકાઓ અજમાવે છે. ન મટે તો ભગત પાસે જાય છે. તેઓ દરેક રોગના દેવ હોય છે, તેમ માને છે. કેટલાક દર્દ ભૂતો કે ડાકણ દ્વારા થાય છે, તેવુ પણ માને છે. જે દેવ કે દેવીએ રોગ પેદા કર્યો હોય તેને આરાધવામાં આવે છે. દેવીઓ બે પ્રકારની શુધ્ધ અને મેલી હોય છે. તે બન્નેની આરાધના ભિન્ન રીતે કરાય છે. હળપતિઓના દેવ પ્રાણીઓના બલિ સ્વીકારે છે. જ્યારે હિંદુ દેવોને તેઓ માને છે, તેને પશુ બલિ આપતા નથી. તેઓ બળિયાકાકા જે બળિયા, ઓરી અને એવા પ્રકારના ફોલ્લાવાળા દરદોના દેવ છે. એ શુધ્ધ દેવ હોઈ અને પશુ બલિ ચઢતો નથી. તેને ભૂરા કોળાનું બલિદાન આપવામાં આવે છે. તેઓમાંના ઘણા શ્રદ્ધાળુઓ મરઘીનું બચ્ચું, મરઘી અને બકરો ચઢાવે છે, પણ તેને મારતા નથી. જીવતુ ચઢાવી પાછુ લઈ લે છે. બળિયાદેવને જુવારની

ઘુઘરી પણ ચઢાવે છે. શીતળાદેવી પણ બળિયાની માતા ગણાય છે. તેને પણ પશુબલિને બદલે શુદ્ધ કોળાનું બલિ ચઢાવે છે.

હળપતિ-તલાવિયાઓનો સૌથી અગત્યનો દેવ ભરમદેવ છે. બધા હળપતિ એને માન આપે છે. રોગચાળો ફાટી નીકળે ત્યારે એનું આહવાન કરવામાં આવે છે. એની સ્થાપના કરી મરઘાં/બકરાંઓનો ભોગ અપાય છે. ભરમદેવની મૂર્તિ માટીની બનાવવામાં આવે છે. તે આશરે બે ફૂટ ઉંચી, નળાકાર અને ચપટી હોય છે. મથાળુ બંધ હોય છે. મધ્યમાં ચાર કાણાં હોય છે. એક નાનકડી ખાસ બનાવેલી ઝૂંપડીમાં એને મૂકવામાં આવે છે. હળપતિઓ ભરમદેવ ક્રોધી દેવ હોઈ ખુશ કરવો મુશ્કેલ હોય છે, તેવું માની આખો બકરો ચઢાવે છે.

**આકાશી માતા :** હિંદુઓ અને કેટલાક પારસીઓ પણ આ મંદિરે જાય છે. હળપતિ-તલાવિયા પણ આ માતાને માને છે. આકાશીમાતા આકાશમાં બધે ફરતી રહે છે. ઘર બહાર રમતાં બાળકોને એની ઝપટ લાગી જાય તો તે માંદા પડે છે. માંદગીમાં આ માતાની બાધા રાખીને દેવીને સાડી, ઘાટઘુમ્મટ વગેરે ચઢાવે છે. કેટલાક ફૂલનો હાર અને પાણીવાળુ નાળિયેર ચઢાવે છે. સાડીને બદલે રંગીન કાગળ પણ મૂકે છે.

**પેટફોડી માતા :** કષ્ટકારક પ્રસૂતિમાંથી ઉગારે છે. માતાને બાળક અર્પણ કરવાનું હોય છે. તેઓ અર્પણ કરીને પાછુ લઈ લે છે. હિંદુઓની અસરને કારણે ચાંદીની બાળકની મૂર્તિ મૂકવામાં આવે છે.

**ખોખલી માતા :** ઉધરસ ઉત્પન્ન કરનાર, અટકાવનાર અને મટાડનાર દેવી છે. દેવીને તેઓ નાળિયેર, ઘીનોદીવો અને ફૂલ ચઢાવે છે. મરે ત્યારે શ્રદ્ધથી બાધા કરે છે.

**અધિષ્ઠાત્રી દેવી :** મરકી માતા, મરીમાતા કે મરીદેવી કોલેરા જેવા ચેપી રોગની દેવી છે. ગામમાં મરકીની દહેશત ફેલાય ત્યારે, ગામ લોકો ભેગા થઈને દેવીને બકરો કે મરઘો ચઢાવવાની બાધા રાખે છે. દેવીનું પૂતળું બનાવી એક ગામથી બીજે ગામ ફેરવી, દરેક ગામથી માન અપાવી છેલ્લે બાળી મૂકાય છે.

**વેરાઈ માતા :** બધા દુઃખો હરે છે. સામાન્ય રીતે મેલડી અને ભવાની સાથે વેરાઈ માતાની ઘેરિયા (ઘેરમાં નાચનારા) પૂજા કરે છે અને ઘીનો દીવો કરી આર્શિવાદ માગે છે.

**દેવલી માડીમાં** : વાલોડ અને વ્યારા તાલુકાના હળપતિઓ અને અન્ય આદિવાસીઓ ખૂબ જ શ્રદ્ધા રાખે છે. મુશ્કેલીમાં કે લગ્ન જેવા પ્રસંગે આ માતાની બાધા રાખે છે. તેને બકરો કે મરઘાં વધેરવામાં આવે છે.

**કંસારી દેવી :** ધરમપુર વિસ્તારના હળપતિઓ અનાજની દેવી તરીકે ખેતરમાં પથરા તરીકે સ્થાપીને લણણીની મોસમ પહેલાં પૂજા કરે છે. મૂઠી અનાજ માતાને મૂકી, મરઘીનું બચ્ચું ઘણીવાર વધેરવામાં આવે છે. તેથી અનાજ પુષ્કળ પાકે તેમ તેઓ માને છે.

હળપતિ-તળાવિયાઓ ભૂત, ચૂડેલ અથવા વંતરી અને ડાકરણમાં માને છે. એમનાથી થયેલાં

દર્દોથી બચવા, મટાડવા તેઓ ભગતને બોલાવે છે. ભગત દરદીને માથે ઉતારેલા ઘણા જુએ છે. પછી શું કરવું તે નક્કી કરે છે. સામાન્ય રીતે થોડાક દાણા મંતરી આપે છે. જે દરદીને કમરે બાંધવાંના કહે છે. જેનો કોપ હોય તેને અનુરૂપ ચઢાવો કરવા પણ એ સૂચના આપે છે. એ વનસ્પતિની દવા પણ આપે છે. કેટલાક ભગતો સાપ, વીંછી પણ ઉતારે છે. એટલે ભગત કંઈ જુએ કે વિધિ કરે ત્યારે હળપતિ કંઈને કંઈક આપે છે, ન આપે તો ફરી બિમાર પાડશે કે કંઈક કરશે એવો ભય તેનો હોય છે. ભગત, ભુવો અને ડૉક્ટર બન્નેની ભૂમિકા છે અને તેથી હળપતિના જીવનમાં અનિવાર્ય જેવો હોય છે.

હળપતિઓ નજરમાં પણ માને છે. છોકરું ઓચિંતું માંદુ પડે, ફિક્કુ પડી જાય કે સુકાઈ જાય તો તેને નજર લાગી છે, એમ માને છે. નજર માણસની અથવા ભૂત, ડાકરણ કે ચૂડેલની પણ લાગે એમ માને છે. નજર ઉતારવા વિવિધ ટૂચકા કરે છે. જેમકે કાનની બૂટ પર, ગાલ પર, કપાળે મેશ લાગડે. નજર બાંધવામાં પણ આવે છે. ક્યારેક જેને નજર લાગી હોય તેના માથા ઉપરથી મરચાં ઉતારી દેવતામાં નાખી આવે છે. તેઓ શાકભાજી, પાંક વગેરે ઉપરાંત બકરી, ગાય કે ભેંસને પણ નજર લાગે છે, તેમ પણ માની ઉપાય ન જડે તો ભગત કે ભૂવાને બોલાવી લાવે છે.

**હળપતિ-તલાવિયાઓના તહેવારો, નૃત્યો :**

હળપતિ-તલાવિયાઓના તહેવારો મુખ્યત્વે ખેતીની સીઝન પ્રમાણે ગોઠવાયેલા, પરંતુ હવે તેઓ હિંદુઓની અસરને કારણ તેમના તહેવારો મુજબ કરતા થયા હોય તેમ જોવા મળે છે. આ જાતિનો સૌથી મોટો તહેવાર જે મુખ્યત્વે ચોમાસાની વચ્ચે આવે છે. તે દિવાસો તેમનો દિવસ ગણાય છે. વાવણી, રોપણી અને નીંદવાનું શરૂ થાય તે પહેલાં આ પર્વ દિવાસાનું આવે છે. (અષાઢ વદ અમાસે) તેઓ ઢીંગલા-ઢીંગલીના લગ્ન કરાવે છે. જેમાં કુંવારી કન્યાઓ જ માત્ર ભાગ લે છે. ગામના બધા જ હળપતિ કુટુંબો ઉત્સવમાં પુરૂષ-સ્ત્રી સહિત ભાગ લઈ ઉજવે છે. સૌથી મોટી ઢગલી બનાવી હોય, તે ઘરે ઢીંગલીઓના લગ્ન ઉજવે છે. તેમાં સાચા લગ્ન જેવું જ, બધુ કરવામાં આવે છે. લગ્ન પત્યા પછી રાત્રે છોકરીઓ વાળુ કરી ગીતો ગાય છે. બધી ઢીંગલીઓને પણ એક તૂમડીમાં મૂકી નદીમાં પધરાવવામાં આવે છે. મોટા ઢીંગલાને ઢીંગદેવ કહે છે. તેની પાંચ વર્ષ બરાબર સેવા કરાય તો, સેવિકાને સારો વર મળે એમ મનાય છે.

હળપતિઓ મેહુલા ગીતો ચોમાસામાં વરસાદ આવતાં વાર લાગે ત્યારે વરસાદને રીઝવવા ગાય છે. પુરૂષ-સ્ત્રીઓ ઘેર ઘેર ફરી પ્રાર્થના કરતા ગીતો ગાઈને, એક ગામથી બીજા ગામે પણ જઈ પૈસા ઉઘરાવી મેહુલાની બાધા કરે છે. ને એમ ઈન્દ્રદેવને રીઝવે છે. શીતળા સાતમ પણ તેઓ હિંદુઓની માફક જ શીતળા સાતમ પાળે છે. પણ હિંદુઓ કરતાં તેઓની તિથિ શ્રાવણ વદ ૭ છે. ઓરીની માતા તરીકે માનીને અર્ધા ઉપવાસ કરે છે. તે કોપે નહીં માટે, સ્ત્રીઓ વ્રત કરી ઠંડા પાણીએ નહાય અને મંદિરે જઈને અનાજ, ઘી અને ગોળનું નૈવેધ ધરાવે છે. ઘરમાં ચૂલો સળગાવતા નથી. સાંજે સ્ત્રીઓ ગરબા ગાય છે. હિંદુ સ્ત્રીઓ ગરબા ગાતી નથી. **નવરાત્રી :** હિંદુઓની માફક ઉજવે છે, પરંતુ હિંદુઓ દશેરા પાળે છે

જયારે હળપતિઓ પાળતા નથી. નોરતામાં હિંદુઓ કાળી, અંબિકા અને સરસ્વતી માતાઓને પૂજે છે; પણ હળપતિઓ મેલડી અને વેરાઈ માતાઓની પૂજા કરે છે. હળપતિઓ માતાની પૂજા કરવા નવરાત્રીમાં 'ઘેર' બાંધે છે. જેમાં યુવાનો નાચે છે અને સુંદર ગીતો ગાય છે. ઘેરિયા મંડળીઓ નૃત્યો કરી આનંદ મેળવી એક બીજી ઘેરિયા મંડળીઓને અભિવાદન આપે છે. **દિવાળી :** હળપતિ-તલાવિયાનો તહેવાર નથી પણ હિંદુઓ પાસેથી અપનાવેલો છે. દિવાળીમાં જયાં કામ કરતો હોય ત્યાં ધણિયાને ત્યાંથી સારું ખાવાનું મળતું. હવે મુક્ત થયો, પછી ફટાકડા ફોડી દીવા સળગાવે છે. જયાં જાત્રા ભરાતી હોય ત્યાં જઈને આનંદ માણે છે. **હોળી :** હિંદુઓનો તહેવાર છે, પણ હળપતિ-તલાવિયાઓ જયાં ગામ ભેગા થઈ હોળી સળગાવી હોય ત્યાં જોવા, પગે લાગવા જાય છે. તેઓ જુદી હોળી સળગાવતા નથી. તેમનો તહેવાર નથી, પણ હિંદુઓને અનુસરી તેમાં જોડાય છે. સ્ત્રીઓ તેમની બીજે દિવસે નૃત્ય કરી ધણિયાને ત્યાંથી બક્ષિસ મેળવતી તેને (હોળીનો ફગવો) કહે છે. પણ હાળી પ્રથા નાબૂદ થવાથી બક્ષિસના પ્રસંગો ઓછા થતા જાય છે. દિવાળી અને હોળીના તહેવારો હળપતિઓ માટે બહુ મહત્વના ન હોય ખૂબ ભારે ઉત્સાહથી ઉજવતા નથી. છતાં આ બધા જ ઉત્સવ પ્રસંગોએ નૃત્ય કરી ચકચૂર બને છે. ઉનાળામાં ખાસ કરીને ખેતરમાં કામ ન હોય ત્યારે લગ્નગાળો હોય તે વખતે તેઓ ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. હળપતિઓ આખુ વર્ષ નાચગાનમાં રહી ખૂબ આનંદ કરે છે.

**નૃત્યો :**

હળપતિ-તલાવિયાઓની મોટી સંખ્યા ગ્રામ્ય વિસ્તારોમાં વસે છે. તે નૃત્ય, સંગીત અને ગીતોની ભારે શોખીન છે. તે તૂર અને થાળીના તાલે નૃત્ય કરી મનોરંજન મેળવી કામનો થાક ઉતારે છે. તે મનોરંજનની સાથે સાથે પોતાની ધાર્મિક ભાવનાઓને પણ સંતોષે છે. તેઓમાં સ્વયંભૂ મનોરંજનના નૃત્યો જે અજવાળી રાતે આનંદ કે મનોરંજનના પ્રસંગે તેઓ કરે છે. એ સિવાય તેઓમાં સીમંત, જન્મ, લગ્ન જેવા સામાજિક પ્રસંગોએ અને ખતરી જેવા ધાર્મિક તેમજ મરણ જેવા શોકના પ્રસંગોએ નૃત્યો થતા હોય છે. નોરતા, દિવાસો, હોળી જેવા ઉત્સવ પ્રસંગોએ, ખેતી ટાણે થતા નૃત્ય પણ તેઓમાં મનોરંજન પૂરું પાડી રંગ લાવે છે. તેમના લોકગીતોમાં બિન આદિવાસી સાથેના વસવાટને લઈને અસર થઈ હોય તેમ લાગે છે. હળપતઓના ગીતોમાં મૂળ વતનનો નિર્દેશ મળે છે. જે તેમના લગ્ન ગીતોમાં, ગરબા અને ઘેરિયા ગીતોમાં તેમજ મેહૂલા ગીતોમાંથી જોઈ શકાય છે.

હળપતિ-તલાવિયાઓના વિવિધ નૃત્યો 'ચાળા' શબ્દથી ઓળખાય છે. ચાળો એટલે અનુકરણ, તેમના આ નૃત્યોમાં વિવિધ અનુકરણવાળા ચાળા નૃત્યો કરાય છે. જેમકે મરઘી ચાળો જેમાં મરઘાનું અનુકરણ કરાય ને નૃત્ય યોજવામાં આવે છે. ખિચકોલી ચાળો, ઘો ચાળો, શેરડી ચાળો, માંડવા ચાળો આ સાદા નૃત્યો અનુકરણ કરીને કરાય છે. તેનાં ઉપરથી વધારે વિસ્તૃત અને જટિલ નૃત્યો તેઓમાં યોજવામાં આવે છે.

તેઓમાં બેલડી નૃત્ય કરાય છે. જેમાં ત્રણ જેટલા પ્રકાર જોવા મળે છે. બેઠી બેલડી, પંજેટિયો

ચાળો અને લાંબી ફાલ. આ નૃત્યમાં એકથી વધારે ભેગા મળીને નૃત્ય જુદી જુદી પધ્ધતિથી કરાતુ હોય બેલડી નૃત્ય તરીકે ઓળખાય છે. સમૂહ નૃત્ય તેમાં પણ ચાર જેટલા પ્રકાર જોવા મળે છે. નાની અલક, મોટી અલક, કાછિયો-પીછિયો ગોધન અને થાબડા ચાળો આમાં પણ એકથી વધારે માણસોનો સમૂહ નૃત્યના જુદા જુદા ચાળામાં ભાગ લઈ વિવિધ પ્રકારે જુદી જુદી ચાલોથી નૃત્ય અભિનય થતો હોય છે. તેઓમાં ઉત્સવ પ્રસંગોએ કે અર્ધ ધાર્મિક મનાતા તેઓના પ્રસંગોએ પણ નૃત્યો કરતા હોય છે. જેમ કે નોરતા વખતે ઘેરિયા નૃત્યો જેમાં ઘણા બધા ચાળા સાથેના વેશભૂષા સાક્ષેના નૃત્યો તેઓ કરે છે. હોળી નૃત્ય જે નૃત્ય ફાગ ઉગરવા માટે અહદ્અંશે કરાય છે. જેમાં હવે ઓટ આવી હોય તેવું જોઈ શકાય છે.

હળપતિઓ વિવિધ પ્રકારના નૃત્ય કરી રોજીંદા મનોરંજન સાથે આનંદ મેળવી થાક ઉતારે છે. તેઓ જીવનના દુઃખો ભૂલી નવી તાજગી નૃત્યના મનોરંજનથી મેળવે છે. આ મનોરંજનના તેમના મુખ્ય સાધનમાં આધુનિકરણથી અણગમો થવા લાગ્યો છે. શિક્ષિતો તેઓમાં છે, તેઓ પણ તેને જૂનવાણી જંગલી માની લઘુતાગ્રંથી સાથે વિરોધ કરે છે. તેથી તેમના જીવનના આ મનોરંજનના કાર્યક્રમને ઠેસ પહોંચી છે. તે તેમને માનસિક રીતે હતપ્રત કરનારી છે.

# પ્રકરણ-૭

## તારણો, સમસ્યાઓ અને વિકાસલક્ષી સૂચનો

**તારણો :**

હળપતિ-તલાવિયા જાતિના અભ્યાસમાં ક્ષેત્રકાર્ય દરમ્યાન કેટલાક અનુભવી વૃધ્ધો, વડિલો, શિક્ષિતો પાસેથી મેળવેલી માહિતી દ્વારા અને આવાસ યોજનાના અમલીકરણ કર્મચારીઓ-અધિકારીઓ દ્વારા યોજના અંગે અને બીજી હળપતિ જાતિની કેટલીક વિગતોની જાણકારી મળી હતી. ઉપરાંત ક્ષેત્રકાર્યના મારા નિરીક્ષણ આધારે અને ચર્ચાના આધારે જાણવા મળેલી, તેમની સામાન્ય સ્થિતિ, તેમની જીવનનિર્વાહની પરિસ્થિતિ, તેમના મંદ વિકાસની સ્થિતિ, ઘર-મકાનની દશા, વ્યવસાયિક, શૈક્ષણિક, ખોરાક-પાણી, સંસ્કૃતિ અને સ્વાસ્થ્ય વગેરે, બતાવેલા પાસાંઓના તારણો - તેઓની વિભિન્ન પરિસ્થિતિથી ઉભા થયેલા જોવા-જાણવા મળ્યા તે મૂક્યા છે.

(૧) હળપતિ-તલાવિયા જાતિ, બીજા આદિવાસી સમૂદાયો કરતાં મહદ્અંશે પૂર્વના ડુંગરાળ-ખડકાળ જંગલ વિસ્તારને છોડીને પશ્ચિમના સપાટ રસાળ અને સમૃધ્ધ વિસ્તારમાં વસે છે. વળી સવર્ણ ગણાતી એવી અનાવિલ, કોળી પટેલ, પાટીદારો, પારસીઓ, મુસલમાનો વગેરે જેવી જ્ઞાતિઓ-જાતિઓ સાથે અને કેટલાક ઠેકાણે ઢોડિયા, ચોધરી, ગામીત, વસાવા જેવી આદિવાસી જાતિઓ સાથે વસે છે. તેઓ આગવી ઢબની (હજુ કેટલેક ઠેકાણે ઘરથાળની જગ્યાના અભાવે સરકારી ખરાબાની જમીનમાં અને અનાવિલ કે જેને ઘેર હાળી તરીકે રહે છે. તેના ખેતરના શેઢે ઝૂંપડું બાંધી વસે છે.) રહેણાંકની વિશિષ્ટતતા સાથે બીજા આદિમ સમૂદાયો કરતાં પાકૃતિક સામ્યતાથી અલગ તરી આવે છે.

(૨) તેઓ પશ્ચિમના સપાટ ફળદ્રુપ વિસ્તારમાં વિકસીત સમૂદાયો સાથે, શિક્ષણ સુવિધાઓ કે બીજા ધંધારોજગારી ધરાવતા સંસાધનોવાળા વિસ્તાર વચ્ચે વસેલા હોવા છતાં કલ્પી ન શકાય, એટલી હદે નિમ્નસ્તરે (હાળીપ્રથા- ચાકરપ્રથા)ની વ્યવસાયિક વિશિષ્ટતતા સાથે જીવન વ્યતિત કરી, જીવનનિર્વાહ કરતા જોવા મળે છે. તેમણી ગરીબાઈની આ અવસ્થાને કારણે હજુ પણ તેઓ પરંપરાગત રીતે બીજા આધારિત આશ્રિત થઈને દેવાદારની પરિસ્થિતિમાં દબાઈને સતત જીવતા જોવા મળે છે. ટૂંકમાં જમીન વિહોણા હોવાને કારણે અને બારેમાસ પૂરતા પ્રમાણમાં રોજગારી-મજૂરી મળી રહેતી ન હોવાને લઈને, સતત દેવાની સ્થિતિમાં રહીને શોષણનાભોગ થઈને રહેતા જોવા મળે છે.

(૩) રાજ્યના પૂર્વ વિસ્તારના અતિ ઊંડાણવાળા વિસ્તારો અને તેમાં વસતા લોકો જે ખાસ કરીને બાહ્ય જગતના સંપર્કથી મહદ્અંશે અલિપ્ત રહ્યા છે. તેમના વિકાસ માટે આદિજાતિ વિકાસ વિભાગે

ખાસ ભાર મૂકીને, છેલ્લા કેટલાક સમયથી સામૂહિક કે વ્યક્તિગત વિકાસ માટે સંખ્યાબંધ પ્રવૃત્તિઓ અને યોજનાઓ હાથ ધરીને તેને અગ્રિમતા આપી છે. પરંતુ અહીયાં જે હળપતિ જાતિ સમૂદાય છે. તે મહદ્અંશે પૂર્વના ઊંડાણવાળા આદિવાસી વિસ્તારો અને જાતિઓથી દૂર વસતા હોઈ,અમલી વિકાસની પ્રવૃત્તિઓ અને યોજનાઓના લાભોથી લગભગ વંચિત રહેલા માલૂમ પડે છે. જંગલથી દૂર હોઈ, તેના લાભોથી પણ વંચિત છે જ. (માત્ર હળપતિ આવાસનો લાભ સીમાગ્રિહ્ર તેમને માટે છે.)

(૪) હળપતિ-તલાવિયા જાતિમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ અલ્પ છે. સારા સમૃધ્ધ અને શિક્ષણથી સુવિધા ધરાવતા વિસ્તારોમાં અને શિક્ષિત સમૂદાયો વચ્ચે વસતા હોવા છતાં, શિક્ષણ પ્રત્યેની તેમની બેદરકારીને લઈને પ્રમાણમાં ખૂબ કથળેલી દશામાં શિક્ષણની બાબતમાં આ જાતિ છે. અત્યાર સુધીમાં આ ક્ષેત્રમાં ઘણા પ્રયત્નો થયા હોવા છતાં હળપતિઓમાં શિક્ષણનું પ્રમાણ ખાસ વધવા પામ્યું નથી. તેઓમાં અક્ષરજ્ઞાનની ટકાવારી પણ ખૂબ જ મર્યાદિત છે. હા તેમની આર્થિક સ્થિતિ, જાગ્રતતાનો અભાવ, દારૂની બદી વગેરે બાબતોને લઈને, તેમનામાં શિક્ષણની ટકાવારી સારી જોવા મળતી નથી.

(૫) હળપતિઓનો ખોરાક પોષક તત્વો તેમજ ગુણવત્તાની રીતે ઘણો જ ઉતરતી કક્ષાનો કહી શકાય તેવો છે. માત્ર ત્રણ ટકા માણસો તંદુરસ્ત કહી શકાય તેવા હશે, એવું વર્ષો પૂર્વેનો અભ્યાસ અને હાલની તેમની આર્થિક કંગાળિતતાને જોતાં સુધારો જોવા મળતો નથી. અભ્યાસના કુટુંબોમાંથી ખોરાક પાછળ ખર્ચ વધુ જોવા મળે, પણ તેમાં તત્વોનો અભાવવાળો કહી શકાય તેવો છે. આમ સમાજની સરખામણીમાં ખોરાક પાછળ સવિશેષ ખર્ચ તેવો કરી શકતા નથી. તેની પાછળ આર્થિક સ્થિતિ અને તેમની દેવા વિષયક પરિસ્થિતિ મોટોભાગ ભજવે છે.

તેઓ ખાવામાં કે પીવામાં જે પાણીનો વપરાશ કરે છે. તેમાં પણ તેમની વસવાટ વ્યવસ્થા, ભાગ ભજવે છે. તળાવ, વહેળા, નહેર વગેરેનું પાણી ઘણી જગ્યાએ તેઓમાંના ઘણા કુટુંબો ઉપયોગમાં લેતા જોવા મળે છે. કૂવા કે હેડપંપ દૂર હોય, કે બંધ હોય તેવુ ઘણી ઠેકાણે હોઈ પાણીની મુશ્કેલી તેઓની જોવા મળે છે. એટલે જ તો ગમે તેવું પાણી વાપરતા હોય છે.

(૬) આ જાતિની પરંપરાગત સંસ્કૃતિ ઉપર બાહ્ય-આંતરિક પરિબળોની અસરને કારણે પરિવર્તનો જોવા મળે છે. તેમના વાજિંત્રો અને તેના દ્વારા થતા નૃત્યો, ચાળા ખોવાતા જતા જોવા મળે છે. બાહ્ય સમાજોની અસરો, ઉપરાંત તેમના પોતાનામાં જે શિક્ષિતો છે તેઓ વાજિંત્રો-નૃત્યોનો વિરોધ કરતા માલૂમ પડે છે. સ્વાભાવિક-ઉભરાવાળા નૃત્યો તેમને તાજા બનાવતા હતા, તેમાં ઢીલાશ વર્તાય છે. તેમની સંસ્કૃતિની સારી અસર કે તેવો વિશ્વાસુ-ભરોસાપાત્ર છે. તેમાં આજે શહેરીકરણની અસરથી ગૂનાહિત પ્રવૃત્તિઓ ક્યાંક થતી જોવા મળે છે. તેમની આર્થિક પરિસ્થિતિથી પ્રવર્ત્તતી

ગુલામીને લઈને તેમનું માનસ તેમ કરવા પ્રેરે તેવું જોવા મળે છે. તેવું સ્પષ્ટપણે જણાય છે. લગ્ન વગેરેમાં ખર્ચાઓ કે બીજા સમૂદાયોનું આંધળું અનુકરણ, તેમને મુશ્કેલીઓ ઉભી કરી રહ્યું છે.

(૭) હળપતિ જાતિનું આરોગ્ય તેમને મળતા ખોરાક, પાણી અને રહેઠાણની તેમની સ્થિતિ ઉપરથી જોઈએ તો સારું નથી. પોષક તત્ત્વોના અભાવથી તેમની શારીરિક સ્થિતિ નબળી જોઈ શકાય છે. તેમનામાં એનિમિકા, રક્તપિતના રોગીઓ જણાયા હતા. સીકલ સેલ પણ તેમનામાં જણાયો હતો. હળપતિઓની આજની સ્થિતિ જોતાં ખોરાક, પાણી, રહેઠાણની સ્વચ્છતામાં ફેરફાર કે બદલાવ ઝાઝો જોવા મળતો નથી. માત્ર આવાસ મળ્યો તેની અને નોકરી કરે છે, તેની સ્થિતિ કંઈક ઠીક છે.

**સમસ્યાઓ અને વિકાસલક્ષી સૂચનો :**

**પ્રશ્નો :**

હળપતિ જાતિની સામાન્ય સ્થિતિ, સામાજિક સ્થિતિ આર્થિક, શૈક્ષણિક તેમજ ધાર્મિક સ્થિતિનો ખ્યાલ આપણે આગળ જોયો. એમના કલ્યાણ અંગેના કાર્યક્રમો થાય છે. તેમાંથી હળપતિઓએ શું શું મેળવ્યું છે અને વર્તમાન "સ્થિતિમાં શું ચાલી રહ્યું છે. તેમજ તેમની તત્કાલીન જરૂરિયાતો શું છે. તેમના માટે શું કરવું જોઈએ.તે બતાવવા પ્રયાસ કર્યો છે.

(૧) **મકાનો :** કોઈ પણ જાતિનું જીવનધોરણ સુધારવા માટેની ઘણીબધી પરિસ્થિતિઓમાં રહેવાના મકાનો ઘણો મોટો ભાગ ભજવી જાય છે. હળપતિ જાતિના ઘરો એટલી કંગાળ હાલતમાં છે. જે સ્થળ ઉપર જઈએ, તો જ ખ્યાલ આવે. તે માત્ર ઝૂંપડા-છાપરા ટાઈપ નાના અને ગંદા જોવા મળે છે. આ વાત જૂના વખતમાં મુંબઈ સરકારને સમજાઈ હતી અને તેની તેમણે ૧૯૪૯માં "હળપતિ ગૃહયોજના" નામની એક સુંદર યોજના ફક્ત પાંચ વર્ષના સમય માટે અમલમાં મૂકી હતી. એ યોજનામાં (૧) જમીન સસ્તા ભાવે મળતી (૨) વ્યાજ વિનાની લોન એક ઘર ઉપર ૪૦૦ રૂા. સુધી મળતી (૩) રૂા.૧૦૦ સુધીની મદદ સબસીડી તરીકે રોકડ રકમમાં મળતી અને કિંમતના ૫૦% રકમ મકાન બાંધવાના સાધનો જેવા કે લાકડાં, વાંસ વગેરેના રૂપમાં મદદ તરીકે મળતી. પરંતુ આ યોજના ૧૯૫૪માં બંધ કરી દેવામાં આવી.

બીજી પંચવર્ષિય યોજના દરમ્યાન ૩૦ લાખની જોગવાઈ કરાઈ હતી. મકાનની કિંમત ૧૦૦૦ રૂા. આશરે કરાઈ હતી. ૭૫૦ રોકડા બાકીનો શારીરિક શ્રમ દ્વારા મેળવાતી રકમ હોઈ. આ યોજનામાં ૩૦૦૦ માણસો ૭૦૦ મકાનો બનાવી લાભ લઈ શકે, તે માટે પાંચ વર્ષ થાય.

**ઉપાય :** જો કે ઘરોની સ્થિતિ જ્યાં સુધી તેમની આર્થિક સ્થિતિ ન સુધરે ત્યાં સુધી બદલવી મુશ્કેલ હતી અને આજે પણ છે. કારણકે તેમની સરેરાશ આવક ખૂબ ઓછી છે. તેથી તેઓ વ્યાજ વિનાની

લોનના હપ્તા પણ ભરપાઈ કરી શકે તેમ નથી. એટલે એ લોકોને વધારે કમાવા માટે, વધારે કામ કરવા માટે અને વધારે બચાવવા માટે મદદ કરવાની ખૂબ જ જરૂર છે. જેથી તેઓ હંમેશના દેવાદાર ન રહે.

એ સંદર્ભે ૧૯૮૪થી સમાજના એકદમ કચડાયેલ વર્ગમાંથી આવતા અનુસૂચિતજનજાતિના હળપતિ-તલાવિયા, નાયકા જાતિના લોકો માટે તે વખતના મુખ્યમંત્રીરી કેશુભાઈ પટેલે ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ રચીને હળપતિ આવાસ યોજના અમલી બનાવી હતી. તે આજ પર્યત ૨૦૦૪મા પણ કાર્યરત રહીને ૨૩ હજાર જેટલા આવાસો બનાવી, એક પ્રસંનીય કામગીરી કરી રહી છે. એ આગામી વખતમાં સુધારા વધારા સાથે દિનપ્રતિ દિન ચાલુ રહેવી જોઈએ. તે જ તેમની આ સમસ્યા હળવી બનશે. આજે પણ તેમનામાં ઘણા પાસે ઘર બાંધવા માટે પણ જમીન નથી. તે પોતે પોતાના ધણિયામાને ખેતરને શેઢે ઝૂંપડું બાંધીને રહે છે. જયારે ધણિયાઓ બદલાય છે, ત્યારે ઘણીવાર મુશ્કેલી ઉભી થાય છે. આમ આ માટે તેમને કાયમી ઘર મળે, એવી સરકારી ગૃહનિર્માણ બોર્ડની યોજનાનો લાભ જેની આવી પરિસ્થિતિ છે, તેને ખાસ આપવો જોઈએ. તે માટે બનતી સહાયો આપીને તેને પોતાના ઘરનો માલિક બનાવવો જોઈએ.

(૨) **આર્થિક સ્થિતિ :** હળપતિ જાતિને અનેકવિધ પ્રશ્નો જોવા-જાણવા મળેલા છે. તેમાંય તેમના સમગ્ર જીવનને સ્પર્શે એવો પ્રશ્ન છે, તેમની આર્થિક સ્થિતિનો. જેની સાથે તેના ભાવિ વિકાસનો આધાર છે. તેની આર્થિક સ્થિતિ ન સુધરે તો તેના જીવનના કોઈ પ્રશ્નોનો ઉકેલ શક્ય જ નથી. આપણે જાણીએ છીએ કે એમની જૂની અને દૂર કરાયેલી ખેતમજૂર તરીકેની (હાળીપ્રથા) ગુલામી પદ્ધતિનાં પરિણામરૂપ ઉભી થયેલી, એમની સામાજિક પરિસ્થિતિ પણ સંકળાયેલી છે. એટલે જ તો હળપતિઓને વધારે કમાવાની તક આપવામાં આવે. એમને સ્વાશ્રયી બનાવવામા આવે તો એમના બીજા પ્રશ્નો પણ સહેલાઈથી ઉકેલી શકાય.

હળપતિઓનો જમીન વિનાના ખેતમજૂર તરીકેનો પ્રશ્ન ખૂબ જ જટીલ છે. તેમને વર્ષના ઘણા બધા દિવસો સુધી ખેતમજૂરી વિના રહેવુ પડે છે. જેથી તેની આર્થિક સ્થિતિ ઉપર સીધી અસર પ્રવર્તે છે. વર્ષમાં તેમને ૧૯૦ દિવસ જેટલા સમય માટે તો ખેતમજૂરી મળતી નથી. બિનખેતી કામમાં પણ ઘણા દિવસો મજૂરી મળતી નથી. આ રીતે જોઈએ તો હાલની તપાસ મુજબ ૧૧૦ જેટલા કુટુંબોની વસતિ સંખ્યાએ કુટુંબદીઠ સરેરાશ ૮૫૧૪ રૂપિયાની સરેરાશ આવક જણાઈ હતી.જે જાણવા મળેલી વ્યક્તિ સંખ્યાએ માથાદીઠ વાર્ષિક ૧૯૯૭ રૂપિયા સરેરાશ અને ૧૬૬ રૂપિયાની માસિક માથાદીઠ સરેરાશ જણાઈ હતી. જે ખૂબ મોંઘવારીમાં ઓછી કહી શકાય તેવી છે.

**ઉપાય :** આમ તેમની આર્થિક સ્થિતિ જે જોવા-જાણવા મળે છે. તેમાં સુધારો નહીં થાય તો હળપતિ સામાજિક રીતે, તેમજ તેના રહેઠાણ સંબંધી કે તેના બીજા પાસાંઓમાં ક્યારેય માનથી કે સ્વમાનથી

જીવી નહીં શકે, એ વાત નિશ્ચિત છે. કારણ કે હળપતિઓની વ્યક્તિદીઠ વાર્ષિક સરેરાશ આવક ઉપર જોઈ તે મુજબ ખૂબ ઓછી મળે છે અને એને ભાગ્યે જ વર્ષમાં ૧૦૦ દિવસ મજૂરી મળતી હશે. એટલે એમને જો વ્યવસાય કે આવકમાં આગળ લાવવા હોય તો નક્કર પગલાં ભરવાં જરૂરી છે. એને માટે (૧) અમુક જાતની મજૂરી માટે ઓછામાં ઓછા પોષણક્ષમ ભાવ નક્કી કરવા (૨) ગ્રામ અને ગૃહઉદ્યોગો દ્વારા વ્યવસાયો ઉભા કરવા દા.ત. અંબર ચરખા (૩) અમૂક જગ્યાએ મજૂરો વધુ હોય તો તેવા વખતે એમને બીજા ક્ષેત્રમાં મજૂરી માટે એ જ વિસ્તાર કે બીજા વિસ્તારમાં વાળવા. (૪) ઓછામાં ઓછા ખરાબાની જમીન શક્ય હોય ત્યાં સુધારીને ખેતી માટે આપવી ઉપરાંત ભૂદાન કે ગ્રામદાન પ્રવૃત્તિઓ દ્વારા જે જમીનો મળે તે તેમને આપવી જોઈએ. જેથી તેમને પગભર થવામાં મદદ થાય. (૫) ત્રણ વર્ષ કે તેમાં જૂનું દેવું હોય તો માફ કરવું અને જમીન વિનાના માણસોને પૈસા ધીરવા યોગ્ય વ્યવસ્થા કરવી. આ કાર્ય ખૂબ જ મુશ્કેલ છે, પણ સમયબધ્ધ કરાય તો હળવાશ જરૂર થશે.

એમની આર્થિક સ્થિતિ સુધરે છતાં, એવુ માનવાની જરૂર નથી કે હળપતિઓ એમની બીજી અશક્તિઓને દૂર કરી શકશે. તે અત્યંત ગરીબાઈને લઈને પોતાને સ્વને ભૂલી નિરાશાની ગર્તામાં જીવે છે. તે સ્વાશ્રય બને તેમ ગોઠવી, તેમનામાં શ્રદ્ધા અને વિશ્વાસ જગાવવો જોઈએ, તો જ તેઓ ગુલામીના માનસમાંથી કંઈક હળવાશ અનુભવી જામેલી જડતાને હટાવશે. આજે પણ ઘણા હળપતિઓ ખેતમજૂરી કરીને જીવન જીવે છે. તેમને તેમના કામના બદલામાં પૂરેપૂરો રોજ સરકારી ધારા પ્રમાણે મળતો નથી. ખેતમજૂરોનો ધારો હોવા છતાં ધણિયામા અને હળપતિ ખેતમજૂર વચ્ચેના સંબંધોના નાતે અથવા હળપતિ ખેતમજૂરની મજબુરોના કારણે તેનું આ પ્રકારે શોષણ થાય છે.

હળપતિને ઘણીવાર પોતાની રોજી માટે જમીનદાર કે ધણિયામાને ત્યાં ઓછી મજૂરીના દરે પણ કામ કરવું પડતું હોય છે. મજૂરી ન કરે તો ભૂખ્યા રહેવું પડે છે. તો તેવા સંજોગોમાં જો તેની વૈકલ્પિક રોજગારી માટે નાના-નાના ગૃહઉદ્યોગ ખોલવામાં આવે તો તેને આજે ઓછા દર કે રોજગારી શોધવી પડે છે. તેમાંથી મુક્તિ મળે.

આ માટે જાહેર બાંધકામના સરકારના ઘણા કામો દર પંચવર્ષિય યોજનામાં હોય છે. રસ્તા બાંધકામ, પુલો, રેલવે, નહેરો અને જાહેર મકાનો વગેરે જેવા કામોમાં આ લોકોને જો સાંકળી લેવામાં આવે તો તેમને આ જાહેર બાંધકામની રોજી મળી રહે.

**(૩) શિક્ષણ:**

હળપતિ જાતિમાં જેઓ શિક્ષણ પામ્યા છે, તેવા જવલ્લે જ કિસ્સા છે. અક્ષરજ્ઞાનની માત્રા પણ ખૂબ જ અલ્પ પ્રમાણમાં તેઓમાં છે. તે પણ આંગળીના વેઢે ગણી શકાય. જેઓ

કારખાનાઓમાં ઉદ્યોગને કારણે નોકરી કરતા થયા છે. તેમની જ માત્ર આર્થિક સ્થિતિમાં થોડો સુધારો થયેલો છે. તેમના સામાજિક રીતરિવાજો, ઉત્સવો, લગ્ન, મરણના પ્રસંગોએ દેખાય છે અને જેઓ શહેરી વિસ્તારોમાં પટાવાળા જેવી નોકરી કરે છે. તેમાં આવું પરિવર્તન દેખાય છે.

અત્યાર સુધીમાં આ ક્ષેત્રમાં ઘણા પ્રયત્નો થયા હોવા છતાં હળપતિમાં શિક્ષણનું પ્રમાણ ખાસ વધ્યું નથી. ગામીત અને નાયકા જેવા બીજા આદિવાસીઓના પ્રમાણમાં હજી પણ હળપતિ બાળકો નિશાળમાં ખૂબ જ ઓછા જાય છે અને તેથી અક્ષરજ્ઞાનના ટકા પણ ખૂબ જ મર્યાદિત છે. દક્ષિણ ગુજરાતની આદિવાસી જાતિઓ જે મહદ્‌અંશે જંગલ વિસ્તારના ડુંગરાળ, ઊંડાણના વિસ્તારમાં વસેલી હોવાને કારણે સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક રીતે અત્યંત પછાત અવસ્થામાં છે. પરંતુ અહીંયાં સપાટ રસાળ વિસ્તારમાં, સવર્ણ જાતિઓ સાથે, સારી શૈક્ષણિક સુવિધાઓવાળા વિસ્તારમાં હળપતિ જાતિ વસેલી હોવા છતાં, તે તેની આર્થિક કંગાળિયત, આવાસ, દારૂ પીવાની કુટેવ અને માનસિક રીતે ભાંગી પડેલી દશાને લઈને સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક રીતે પછાત રહી જવા પામી છે.

**ઉપાય :** હળપતિ જાતિમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે કેટલાક જરૂરી પગલાં ક્રમબધ્ધ રીતે લેવા જરૂરી છે જેમ કે,

(૧) શાળામાં બાળકોની હાજરી તો જ વધી શકે જો ફરજિયાત મફત શિક્ષણના કાયદાની કલમો અમલી બનાવાય. સાથે સાથે તેમના મા-બાપને વ્યક્તિગત સમજાવવામાં આવે.

(૨) શાળાના સમયમાં ફેરફાર કરવામાં આવે તો બાળકો એમના કુટુંબને; મા-બાપને એમના કાર્યમાં મદદ કરી શકે. જેમ કે, પશુ ચારવા, નાના બાળકોની સંભાળ રાખવી, દુકાન કે બજારથી વસ્તુઓ લેવા જવી, કેટલીકવાર ખેતીમાં નીંદવા કે ઘાસ લેવા જવું. વગેરેના કારણે સમય ફેર કરાય તો પોતે પોતાના ભરણપોષણની જવાબદારી કંઈક અંશે ઉપાડી શકે.

(૩) શક્ય હોય તો મધ્યાન ભોજન યોજના હેઠળ આવરી શકાય, તો પણ તેઓના શિક્ષણમાં જરૂર સુધારો નોંધાશે. પ્રાથમિક શિક્ષણનો અભ્યાસ તેમના વ્યવસાય અને જીવનને લગતો હશે, તો પણ તેઓ નિયમિત રીતે રુચિને કારણે શાળામાં જવા માટે પ્રેરાશે.

(૪) આદિવાસી વિસ્તારોની જેમ તેમનામાં પણ નિવાસી આશ્રમશાળા તેઓ માટે તેઓની જ્યાં ગીચ વસતિ છે, તે સ્થળોએ કરાય તો ઘરથીથતી સમસ્યાઓ હળવી બનતાં શિક્ષણ માટેનું વાતાવરણ શક્ય બનશે.

(૫) તેઓમાં અપાતી શિષ્યવૃત્તિઓ અને બીજી શૈક્ષણિક સુવિધાઓ તો છે. તેમના માટે અનામત રાખવામાં આવતી જગ્યાઓ પણ છે. પરંતુ ઘણી વખત શિક્ષણને યોગ્ય વ્યવસાય કે નોકરી

ન મળતાં તેઓ નિરાશ થાય છે. આવા સંજોગોમાં શિક્ષણ અને વ્યવસાય વચ્ચે સંકલન રાખવું ખૂબ જરૂરી છે. તે ધ્યાનમાં રાખી વ્યવસ્થા ગોઠવાય તો તેમના સમાજને જે નિરાશા અનુભવવાની સ્થિતિ જોવાય છે, તેમાં રાહત થશે.

(૬) ઉપર બતાવેલી તેમની રહેઠાણ, મજૂરી, જમીન, વેતનદર વગેરેની સમસ્યાઓ માટે તેમને જાગૃત કરવા માટે તેમના બાળકોને શિક્ષણ આપવાની તાતી જરૂરિયાત છે. જેથી આવતી પેઢી તો તેમના પોતાના નાગરિક અધિકારોને સમજતી થાય. જે બાળકો ધણિયામાના ગોવાળિયા છે. માત્ર રખડે છે કે ઘરના છોકરાને સાચવે છે, તેઓ માટે શાળા, આશ્રમશાળા અને છાત્રાલય વગેરે જેવી સવલતો ઉભી કરી તેમને શિક્ષણ આપવું જોઈએ.

**(૪) ખોરાક,પાણી, પીણાં :**

હળપતિઓ પોતાને ખોરાક તેમની આર્થિક પરિસ્થિતિને લઈને ખૂબ ઓછો મેળવી શકે છે. તેમનો ખોરાક ગુણવત્તા રીતે તેમજ પોષક તત્વોની રીતે ઘણો જ ઉતરતી કક્ષાનો કહી શકાય તેવો છે. માત્ર ત્રણ ટકા માણસો તંદુરસ્ત કહી શકાય તેવા હશે. તેમના સામાન્ય કુટુંબોમાં જાણવા મળ્યા મુજબ જો કે ખોરાક પાછળ સવિશેષ ખર્ચાઓ થતા જોવા મળે છે. એ સાચુ પરંતુ ઉપર બતાવ્યું તેમ ગુણવત્ની કે પ્રોટીન અને હાઈપોલિટામિન્સ જેવા પોષક તત્વોની રીતે તેમાં તેમની જરૂરી તત્ત્વોનો અભાવ જોવા મળે છે. તેમના ખોરાક પાછળના ખર્ચાઓ તેમની ખૂબ જ સામાન્ય પ્રકારની આવક જોતાં, તેમના અન્ય પાસાઓના ખર્ચાઓને કરતા રોકે છે. આમ સમાજ કરતાં પણ ખોરાક પાછળ તેઓ વિશેષ ખર્ચાઓ કરી શકવાને સમર્થ નથી. સસ્તુ અનાજ મળે ત્યારે પણ સસ્તા ભાવે અનાજ તેઓ મોટા જથ્થામાં કે જરૂરી ખરીદ કરી શકતા નથી, કારણ તેમની ખરીદ કરવાની શક્તિ ન હોય, ઘણીવાર મોંઘા ભાવે અનાજ લાવવાની તેમને ફરજ પડે છે. ઘણા હળપતિઓને ત્યાં અનાજને માટેની કોઠીઓ હોય છે. આમ તેમને અનાજનું મહત્વ સમજાતું હોવા છતાં ખરાબ આર્થિક સંજોગોને લઈને તેઓ તેમ કરી શકતા નથી. તે તેમની કરુણતા છે.

**ઉપાય :** જો ગ્રામ વિસ્તારોમાં આખા વર્ષ માટે અનાજ સસ્તા-વ્યાજબી ભાવે આપી શકે તેવા ભંડારો ઉભા કરાય અને વ્યવસ્થા ગોઠવાય તો હળપતિઓને પડતી ખોરાક(અનાજ) સમસ્યા હળવી થશે, એમાં બેમત નથી.

હળપતિઓ ગામ, કસબાઓમાં એવી જગ્યાએ વસવાટ કરતા જોવા મળે છે કે ત્યાં ગામ કે કસબાઓની પાણીની સુવિધાઓ મહદ્અંશે પહોંચી ન હોય. તેઓ ગામ બહાર ખરાબાની જમીનોમાં ઝૂંપડા બાંધીને વસે છે. રોજબરોજના પાણીના વપરાશ માટે તળાવ, વહેળા, નળ કે કૂવા હોય ત્યાંથી પાણી ભરી લાવે છે. તેમાં પછી પોતાને પીવા કે ઢોરને પાવા પણ વાપરતા જોવા મળે

છે. હવે જો કે ઘણે ઠેકાણે હેડપંપથી પાણી મેળવે છે. તે પણ ઘણે ઠેકાણે બંધ હાલતમાં હોય કેટલાક પાણી માટે મુશ્કેલી અનુભવે છે. તેઓને ચોખ્ખા પાણી માટે ખૂબ જ મુશ્કેલી હોય તેમ જોવા મળે છે. પાણી પોતાને ઘરે ભરીને ઉપયોગ કરતા હોય તેવુ તો ભાગ્યે જ કોઈ જગ્યાએ જોવા મળે. સારા એવા વિકસીત વિસ્તારોમાં વસતા હોવા છતાં, પાણી માટે તેમને પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે.

પાણીની પડતી મુશ્કેલીઓ માટે તેઓ જયાં વસે છે, ત્યાં શક્ય હોય ત્યાં કૂવા, હેડપંપ સતત ચાલુ રહે, સચવાય તેમ ગોઠવવું જોઈએ. શક્ય હોય ત્યાં પાણીની ટાંકી બનાવી ઉપયોગ માટે વ્યવસ્થા ગોઠવી આપવી જોઈએ. જયાં નદી, નહેર હોય ત્યાંથી તેઓ માટે શક્ય મદદ કરી તે પાણી તેવો સુધી પહોંચે તેમ ગોઠવાય તો શક્ય છે કે તેમની પાણીની પડતી તંગી હળવી બનશે.

**(૫) સંસ્કૃતિ :**

કલ્યાણ રાજય તેમજ સમાજવાદી વિચારધારાને કારણે સામાજિક તેમજ સાંસ્કૃતિકરણના ફેરફારો રોક્યા રોકાઈ શકવાના નથી, તે સતત ચાલ્યા કરે છે. હળપતિઓમાં સાંસ્કૃતિકરણ અને આધુનિકરણની અસરો વર્તાતી જોવા મળે છે. તેમની પારંપારિક ઢબોમાં વિક્ષેપ પડેલો માલૂમ પડે છે. તેમનામાં પારંપારિક વાજિંત્રો, નૃત્યો સામેનો વિરોધ સુધરેલા હળપતિઓ દ્વારા કરાઈ રહ્યો છે. જે શહેરીકરણની અસર, શિક્ષણની અસર કે સુધરેલા લોકોના સંપર્કની અસરોને કારણે હોઈ એક કમનસીબ ઘટના છે. કારણકે તેમની સ્થિતિ જોતાં સ્વાભાવિક આવેગો, ઉભરા સાથે વાજિંત્રો નૃત્યો સાથે જે આનંદીત તેવો બને છે. તે તેમની પાસેથી ઝૂટવાઈ જશે. તેમનામાં આધુનિકરણનું થતું આંધળું અનુકરણ તેમને મુશ્કેલીઓ ઉભી કરી રહ્યું છે. હળપતિઓની સંસ્કૃતિની સારી બાજુઓ જેમ કે તે ભરોસાપાત્ર છે. તેની કાર્યશક્તિની ઉણપ છે. તે મુખ્યત્વે પોષણને અભાવે છે. તેમ છતાં તે આળસુ હોવા છતાં કામનો તો છે જ. એવું જેની સાથે કામ કરે છે, તેવો કહે છે. તેની આ નબળાઈ કે કાર્યશક્તિની ઉણપ એ તેમનામાં પ્રવર્તતી ગુલામીને કારણે તેનું માનસ તેમ કરવા પ્રેરાઈને વર્તે છે. તેથી તેની કાર્યશક્તિ ઘટી જાય છે. સાથે સાથે તેઓની આર્થિક સ્થિતિ મહદ્અંશે આ બધામાં ભાગ ભજવતી હોય તેવું સ્પષ્ટપણે જણાય છે. હળપતિઓમાં જોવા મળતો જક્કીપણાનો ગુણ એ પણ પરંપરાથી ચાલતી ગુલામીની દશા જવાબદાર છે.

**ઉપાય :** તેમનામાં જોવા મળતી ઝડપી સંસ્કૃતિકરણ અને આધુનિકરણનીઅસરોને કારણે થતી મુશ્કેલીઓ બને તેટલી ઝડપે દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. તેમના માટે સારો રસ્તો તો એ છે કે પ્રચાર પ્રસાર કરીને તેઓ આવી બાબતોમાં ન સપડાય, તે માટે ધીમે ધીમે ચાલીને તેમનામાં જાગૃતિ સાથે સર્તકતા આવે તેમ ગોઠવવું જોઈએ. સમયાન્તરે તપાસ કરીને તેમની સંસ્કૃતિને બાહ્ય આક્રમણથી નુકસાન નપહોંચે તે કરવું જોઈએ.

તેઓની કાર્યશક્તિની ઉણપ માટે જરૂરી પગલાં લઈ, તેમની આર્થિક સ્થિતિ સુદઢ બને, તેવા પ્રયાસો જારી રાખવા જોઈએ. જેથી તેમનામાં પ્રવર્તતી ગુલામીની માનસવાળી પરિસ્થિતિમાં બદલાવ જે જરૂરી છે, તે શક્ય બનશે.

(૬) **સ્વાસ્થ્ય-આરોગ્ય :**

હળપતિ જાતિનું આરોગ્ય તેમને મળતા ખોરાક-પાણી ઉપરથી અને તેમના ઘરોની હાલત અને એમની સ્વચ્છતા અંગેની સમજણ ઉપરથી આંકી શકાય તેમ છે. આગળ ઉપર ગુજરાત સંશોધન મંડળે તેમનામાં આરોગ્ય વિષયક તપાસમાં જણાવાયું છે, તેમ એમનો ખોરાક પોષક તત્વોની રીતે ખૂબ જ કંગાળ હતો. ખોરાકમાં પ્રોટિનની અને હાઈપો વિટામીન 'એ'ની મુખ્ય ખામી જણાઈ હતી. તેમાં ૩૦ માણસોએ માત્ર એક ની જ શારિરીક સ્થિતિ સારી જણાઈ હતી. તેમના લોહીની તપાસમાં પણ બીજી કક્ષાનો હળવો એનિમિયા જણાયો હતો. બીજી એક બારડોલી, પલસાણાની તપાસમાં તેઓમાં રક્તપિત્તના રોગીઓ જણાયા હતા.જેમાં ૨ ટકા લોકોને તેમનામાં આ રોગ હતો. તેમના આ રોગના ફેલાવા માટે ઉપર જણાવ્યું તેમ ઘરની હાલત અને તેમની સ્વચ્છતા મુખ્ય જવાબદાર હતા. એક ઘરમાં ૧૦થી પણ વધારે માણસો રહે, માટે આ રોગ ઝડપથી ફેલાય તેમ કહેવાયું હતું. દક્ષિણ ગુજરાતની જાતિઓમાં બીજી એક તપાસમાં રક્ત જૂથોમાં થતો રોગ "સીકલ સેલ" પણ હળપતિ જાતિમાં ૯ ટકાની આસપાસ જણાયો હતો.

હળપતિ જાતિમાં તેમની આજની પરિસ્થિતિ જોતાં પણ ઝાઝો ફેરફાર નોંધાયેલો જોવા મળતો નથી. તેમનો ખોરાક,પાણી અને તેમની રહેઠાણની તેમજ સ્વચ્છતાની રીતભાતોમાં બદલાવ આવેલો નથી. તેમનામાં જેમને આવાસ યોજનાના મકાન મળ્યા છે, તેવો અને જે થોડા નોકરી કરે છે તેઓ, આવાસો અને ખોરાકની રીતે કંઈક ઠીક સ્થિતિમાં જોવા મળે છે.

ઉપાય : આ માટે તેમના તેમના ખોરાક, પાણી અંગે ધ્યાન આપીને, તેમાં સુધારો લાવવા માટે બધા જ ઘટતા પગલાં લઈને, શક્ય તેટલા પ્રયત્ન કરવા જોઈએ. સાથે સાથે તેઓની વસવાટી હાલતમાં લીધેલા પગલાંની સારી અસરોને ધ્યાનમાં લઈને બીજાઓને, વંચિતો ને પણ વસવાટી ઘરોનો સારો લાભ આપીને, બને તેટલી ઝડપે પૂરા પાડવા જોઈએ. તેમની આરોગ્ય વિષયક તપાસ માટે ઊંડાણથી અભ્યાસ કરીને, તે સંદર્ભે જરૂરી પગલાં માટે બધા જ પ્રયત્નો કરવાં જોઈએ. એ સિવાય તેમના આરોગ્યને નુકસાન પહોંચાડી રહેલા વ્યસનો સંદર્ભે પણ જાગૃતિ બાબતે પ્રયત્નો આદરી શકાય.

## સંદર્ભ ગ્રંથો


| | | | |
|---|---|---|---|
| (૧) | ગુજરાતના દૂબળા | - પી.જી. શાહ | ૧૯૬૬ |
| (૨) | સમાશ્રય અને શોષણ લેખ | - ડૉ. ટી.બી. નાયક | |
| (૩) | અમદાવાદના હળપતિઓ ટૂંકો અહેવાલ | - ચંદ્રકાન્ત એસ. પટેલ | ૧૯૮૯ |
| (૪) | હળપતિઃ એક સાંસ્કૃતિક પરિચય-૧ (ભૌતિક સંસ્કૃતિ અને જન્મ,લગ્ન, મૃત્યુના રિવાજો) ગુજરાતના દૂબળાઓ પુસ્તક પર આધારિત | - ઠાકોરભાઈ નાયક | |
| (૫) | હળપતિ : એક સાંસ્કૃતિક પરિચય-૨ (સમાજ વ્યવસ્થા, ધાર્મિક માન્યતાઓ અને તહેવારો) ગુજરાતના દુબળાઓ પુસ્તક પર આધારિત - ૧૯૬૬) | - ઠાકોરભાઈ નાયક | |
| (૬) | ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર માહિતી પુસ્તિકા. | - ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર | ૧૯૮૩ થી ૨૦૦૩ |
| (૭) | હળપતિ ગૃહનિર્માણ હેઠળ બાંધેલ આવાસોની વિગતો | - ગુ.જ.વિ.મ. અને હ ગૃહનિર્માણ બોર્ડ ગાંધીનગર કાર્યપાલક ઈજનેર | ૧૯૮૩ થી ૨૦૦૩ |
| (૮) | જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા,શ્રેણી-૭ | - | ૧૯૯૧ |
| (૯) | જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા, શ્રેણી-૭ વલસાડ | - | ૧૯૯૧ |
| (૧૦) | જિલ્લા વસતિ ગણતરી પુસ્તિકા, શ્રેણી-૭ ભરૂચ | - | ૧૯૯૧ |
| (૧૧) | ગુજરાતના આદિવાસીઓ | વિમલ શાહ | ૧૯૬૮ |
| (૧૨) | ગુજરાતના આદિવાસીઓ | મુસ્તાઅલી મસવી | ૧૯૮૨ |
| (૧૩) | ગુજરાતના આદિવાસીઓ | મુસ્તાઅલી મસવી | ૧૯૮૮ |